# ૧.ગૌવંશનું મહત્વ અને ઉપયોગિતા

આપણાં પ્રાચીન ગ્રંથો ગૌ મહિમાથી ભરેલાં પડ્યા છે. જેમાં ગૌ મહિમાના મુક્ત કંઠે ગુણગાન ગાવામાં આવ્યા છે, જેના કેટલાક સંકેતો નીચેના શ્લોકમાં કરવામાં આવી રહ્યા છે.

★ગૈમાતા આપણી સર્વોપરી શ્રદ્ધાનું કેન્દ્ર છે અને ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે. તેના શરીરમાં તમામ દેવતાઓ સમાયેલા છે. અથર્વવેદમાં તેને રુદ્રોની માતા, વસુઓની પુત્રી, આદિત્યોની બહેન અને અમૃતની નાભિની ઉપમાથી અલંકૃત કરવામાં આવી છે.

**माता रुद्राणां दुहिता बसूनां।**
**स्वसाऽऽदित्यानाममृतस्ये नाभिः॥**

ભારતીય ધર્મગ્રંથો અનુસાર ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. તેની પીઠમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ, મુખમાં રુદ્ર વગેરે દેવતાનો વાસ છે. જેમ કે:-

**सर्वे देवाः स्थिता देहे सर्वदेवमयी हि गौः।**
**पृष्ठे ब्रह्मा गले विष्णु मुखे रुद्रः प्रतिष्ठितः।**

એ જ કારણ છે કે અગર સમગ્ર તેત્રીસ કોટિ દેવી-દેવતાઓનું જો ષોડશોપચાર અથવા પંચોપચારે પૂજન કરવું હોય તો માત્ર એક ગૈમાતાના પૂજનથી અને સેવા કરવાથી તમામ દેવ-દેવીઓની એકી સાથે પૂજા પૂરી થઈ જાય છે. અર્થાત પ્રાર્થના અને શ્રેય અથવા સમૃદ્ધિ અને કલ્યાણ, આ બન્નેની પ્રાપ્તિ માટે ''ગૌ સેવા'' થી વધીને કોઈ બીજું શ્રેષ્ઠ સાધન નથી.

મહાભારતની રચના કરનારે ગાયની સ્તુતિ કરતાં લખ્યું છે કે-

**गावः श्रेष्ठा पवित्राश्च पावना जगदुत्तमाः।**
**ऋते दधि घृताभ्यां च नेह यज्ञः प्रवर्तते॥**
**गावो लक्ष्म्याः सदा मूले गोषु पाप्मा न विद्यते।**
**मातरः सर्वभूतानां गावः सर्व सुख प्रदाः॥**

અર્થાત ગાય સર્વશ્રેષ્ઠ, પવિત્ર, પૂજનીય અને જગત ભરમાં શ્રેષ્ઠ પ્રાણી છે. તેના ઘી, દૂધ, દહીં અને ગવ્ય વગર જગતમાં યજ્ઞ પૂરો થતો નથી. ''ગાય'' ના શરીરમાં હંમેશા લક્ષ્મી વાસ કરે છે. ગાય જ્યાં રહે છે ત્યાં પાપ વાસ કરતું નથી, તે પ્રાણી માત્રને સુખ સમૃદ્ધિથી સંપન્ન બનાવે છે. ગાય સંપૂર્ણ પ્રાણીજગતની માતા તથા ''धनं च गोधनं धान्यं स्वर्णादयो वृथैव हि'' દર્શાવીને અર્થશાસ્ત્રનો મૂળ આધાર નક્કી કરવામાં આવ્યો છે.

★મહાભારતે પણ આજ કહ્યું છે કે **''गोधनं राष्ट्रवर्धनम्''**પ્રાચીન સમયમાં કોઈ પણ વ્યક્તિ પાસે જેટલી વધારે ગાયો હોય, તે વ્યક્તિ એટલી જ વધારે ધનવાન માનવામાં આવતી હતી. ગોપાલ ચંપુમાં ઉલ્લેખ છે, કે નંદબાબા પાસે નવલાખ ગાયો હતી. મત્સસ્યરાજ વિરાટ પાસે સાઠ હજાર ગાયો હતી.

★ગાય વિશ્વની માતા છે - ''गावो विश्वस्य मातरः'' સૂર્ય, વરુણ, વાયુ વગેરે દેવતાઓને યજ્ઞ, હવન ધ્વારા આપવામાં આવેલ આહુતિથી જે આહાર અને બળ મળે છે, તે ગાયના ઘી થી જ મળે છે. ગાયના ઘી ધ્વારા જ યજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે, જેના દ્વારા સૂર્યના કિરણો પુષ્ટ બને છે, કિરણો પુષ્ટ બનવાથી વર્ષા થાય છે અને વર્ષાથી તમામ પ્રકારનું અનાજ, વનસ્પતિ, ઘાસ વગેરે પેદા થાય છે, જેનાથી સંપૂર્ણ પ્રાણી જગતનું પોષણ થાય છે.

★આપણાં શાસ્ત્રોમાં મહિમામય અને હંમેશા બધી રીતે ઉપયોગી એવી ગૌમાતાને પ્રણામ કરવાનું વિધાન રહ્યું છે-

**त्वं माता सर्वदेवानां त्वं च यज्ञस्य कारणम्।**
**त्वं तीर्थ सर्वतीर्थानां नमस्तेऽस्तु सदानघे॥**

હે નિષ્પાપી ગૌમાતા! તૂં તમામ દેવતાઓની પણ માતા છે, યજ્ઞનો આધાર છે અને તૂં જ તમામ તીર્થોમાં તીર્થસ્વરૂપ છે, અર્થાત તને વારંવાર પ્રણામ.

પ્રાચીન સમયથી જ આપણાં દેશમાં ગાય, ગંગા, ગીતા, ગાયત્રી અને ગુરુ સંસ્કૃતિનું પ્રતિક રહ્યા છે. આ પાંચે ચીજો આપણાં તન-મનમાં વસેલી છે. ગાયનું દૂધ આપણાં તન-મનને તંદુરસ્ત બનાવે છે. ગંગા આપણાં તન-મનને નિર્મળ બનાવે છે, ગીતા આપણને શ્રેષ્ઠ ઉદ્દેશવાળું તથા સાર્થક જીવન જીવવાની કળા શીખડાવે છે, ગાયત્રી મંત્ર સૂર્યની ઉપાસનાનો મંત્ર છે, ભગવાન ભાસ્કર જ સમગ્ર પ્રાણીજગત અને વનસ્પતિઓના જીવનના સ્ત્રોત સમાન છે. ગુરુ ડગલેને પગલે જ્ઞાનનો પ્રકાશ આપે છે અને આંગળી પકડી રસ્તો ચીંધે છે.

આપણાં દેશની સંસ્કૃતિ સાથેના ગાય કેમ જોડાયેલી છે? એના પર વિચાર કરવાની આવશ્યકતા છે. આજે ભૌતિક સુખોની આંધળી દોડમાં દોડી રહેલા શિક્ષિત વર્ગને માત્ર શ્રદ્ધા-વિશ્વાસની વાતો સમજમાં આવતી નથી. તેમને ગાયની ઉપયોગિતા તાર્કિક રીતે બતાવવાથી જ સમજમાં આવશે. ગાયનું મહત્વ તાર્કિક રીતે સમજવા માટે આપણે એ જોવું તથા સમજવું પડશે કે ગૌવંશ ન માત્ર ધાર્મિક દ્રષ્ટિએ પૂજનીય છે, પરંતુ આર્થિક દ્રષ્ટિએ પણ સમૃદ્ધિનો આધાર છે. સરળતાની દ્રષ્ટિએ આપણાં જીવનમાં તેના યોગદાનને ત્રણભાગમાં વિભાજીત કરી શકાય.

**૧.** ગાય આપણાં ધર્મ અને મોક્ષનો આધાર છે.
**૨.** ગાય આપણાં આરોગ્યનો આધાર છે.
**૩.** ગાય આપણી આર્થિક સમૃદ્ધિનું મુખ્યસ્ત્રોત છે.

અહીં માત્ર આરોગ્ય અને સમૃદ્ધિ સંબંધી માહિતિ આપવામાં આવી રહી છે, કારણ કે એકતો એ, કે ધર્મ અને મોક્ષથી શાસ્ત્રો તથા ગ્રંથો ભરેલા પડ્યા છે, બીજું આજે એ માત્ર શ્રદ્ધાના આધારે વાત સમજમાં આવી પણ રહી નથી.

## ૨.ગાય આરોગ્યનો આધાર છેઃ-

**(૧)** ગાયનું દૂધ માતાના દૂધ પછી પૂરી રીતે સુપાચ્ય અને સંપૂર્ણ આહાર છે. ગાયના દૂધમાં ખનિજો તથા વિટામિન વગેરે પ્રચૂર માત્રામાં હોય છે, જે આહાર માટે જરૂરી માનવામાં આવે છે. કોઈ પણ વ્યક્તિ જો ઈચ્છે તો આખું જીવન ગાયના દૂધ પર નિર્ભર રહીને પોતાની જાતને તંદુરસ્ત રાખી શકે છે. ગાયના દૂધમાં ચિકાશ ઓછી હોય છે, તેથી તે સમતોલ આહાર છે, જેથી તે મનુષ્યના શરીરની અનુકૂળ અને પાચન ક્રિયામાં સહાયક નિવડે છે તથા શારીરિક અવયવો માટે ઉત્તમ સ્નિગ્ધતા (ચિકાશ) અને બળ પૂરું પાડે છે. ગાયનું દૂધ સુપાચ્ય હોવાના કારણે સગર્ભા સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધો માટે ઉપયોગી (એકમાત્ર યોગ્ય વિકલ્પ) છે. માતાના દૂધની જેમ તે બાળક માટે ગુણકારી હોવાના કારણે એના બદલામાં ઉપયોગ કરી શકાય. ગાયનાં દૂધમાં ક્ષારો તથા પાચક રસોનો પૂરતો સમાવેશ હોવાના કારણે બાળકના કોમળ પાચનતંત્ર દ્વારા સરળતાથી પચી જાય છે.

ગાયનું દૂધ જેટલું સાત્વિક હોય છે, એટલું અન્ય કોઈ બીજા પ્રાણીનું હોતું નથી. જેને પીવાથી બુદ્ધિ તીક્ષ્ણ અને સ્વભાવ શાંત સૌમ્ય બને છે. માનસિક રીતે તણાવગ્રસ્ત રહેતાં તથા અને હૃદયના રોગીઓ માટે પણ ગાયનું દૂધ તથા ઘી ખૂબ જ ઉપયોગી છે. ગાયનું દૂધ શારીરિક તંદુરસ્તીની સાથે-સાથે માનસિક અને આધ્યાત્મિક તંદુરસ્તીનું પણ સ્ત્રોત છે. ગાયનું દૂધ સંવેદનાનું પણ સ્ત્રોત છે. ભેંસનું દૂધ વધારે ઘી હોવાના કારણે તથા સાત્વિક ન હોવાના કારણે શરીરને તો જાડું બનાવે છે પરંતુ તેની સાથે સાથે બુદ્ધિને પણ જાડી કરે છે. બકરીનું દૂધ શરીરને નિરોગી બનાવી રાખનાર તથા પચવામાં હલકું હોય છે, પરંતુ તે ગાયના દૂધની જેમ બુદ્ધિવર્ધક અને સાત્વિક જ્ઞાનને સમજવા માટે બળ પ્રદાન કરતું નથી. આરોગ્યના દ્રષ્ટિકોણથી ગાયના અમૃતસમાન દૂધના ગુણોનું વિવેચન ''ગાયનું દૂધ જ શા માટે?'' **પરિશિષ્ટ - (૮)**માં આપવામાં આવ્યું છે.

ગાયનું દૂધ આરોગ્ય વર્ધક હોવાની સાથે સાથે અનેક રોગોનું શમન કરનાર છે તેને માટે વિસ્તૃત વર્ણન ''ગાયનું દૂધ પોષક તથા રોગોનું શમન

કરનાર'' **પરિશિષ્ટ (૨)** પર જૂઓ.

**(૨)** ગાયનું છાણ મળ નથી પરંતુ તે મળ દુર્ગંધનાશક છે. ગાયનું છાણ તથા મૂત્ર એટલું તો પવિત્ર હોય છે, કે છાણમાં લક્ષ્મીજી તથા ગૌમૂત્રમાં ગંગાજીનો વાસ માનવામાં આવ્યો છે. પ્રાણીઓમાં ગાય એક જ એવું પ્રાણી છે, કે જેના દ્વારા ઉત્સર્જિત મળ, એ મળ નથી પરંતુ તે દુર્ગંધનાશક દવા છે. જે ખેતરોમાં ગાયના છાણનો ઉપયોગ થાય છે, તેમાં ઉગેલા પાક પર વિનાશક જંતુઓ હુમલો કરતા નથી. અર્થાત જંતુનાશક દવાના છંટકાવની જરૂરિયાત ઉદ્ભવતી નથી.

★આપણાં દેશમાં હજારો વર્ષોથી યજ્ઞની વેદીને પવિત્ર બનાવવા તથા રહેણાક વાળા મકાનોને પ્રદૂષણથી મુક્ત રાખવા માટે ગાયના છાણથી લીંપવામાં આવે છે.

★ગાયના છાણનું લીંપણ ન માત્ર પ્રદૂષણથી, પરંતુ અણુશક્તિના વિકિરણોથી પણ રક્ષણ કરે છે.

★ઈંધણ રૂપે સળગી ગયા પછી જે રાખ વધે છે, તે પણ એક ઉચ્ચ પ્રકારનું દુર્ગંધનાશક તત્વ છે. મળની દુર્ગંધ દૂર કરવા માટે સંડાસ (શૌચાલયો) તથા કચરાના ઢગલાં પર તેનો છંટકાવ કરવામાં આવે છે. એ વાસણોને સ્વચ્છ બનાવવા માટે પ્રદૂષણ વગરનો ક્લીનિંગ પાવડર છે.

**(૩)** ગૌમૂત્રમાં જંતુઓનો નાશ કરવાની અદ્ભૂત શક્તિ છે. એ એક અદ્ભૂત ઔષધ (દવા) પણ છે. આયુર્વેદિક ગ્રંથોમાં તેનો અનેક પ્રકારના રોગો પર તેનો દવા રૂપે કરવામાં આવતાં ઉપયોગનું વર્ણન મળી આવે છે. લિવર, કમળો, લોહીનું દબાણ, મધુ પ્રમેહ વગેરેમાં તે ખાસ ઉપયોગી છે. કેટલાક લોકો તો ગૌમૂત્રની ગોળીઓ બનાવી અનેક રોગો પર તેનું સેવન કરવામાં આવે છે.

**(૪)** ગાયના દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્રના એક ચોક્કસ માત્રામાં કરવામાં આવેલ મિશ્રણને પંચગવ્ય કહેવામાં આવે છે. આયુર્વેદ ગ્રંથોમાં દર્શાવામાં આવ્યું છે, કે પંચગવ્યનું સેવન કરવાથી મનુષ્યની સમગ્ર વ્યાધિઓનો ક્ષય એવી રીતે થઈ જાય છે, કે જેવી રીતે સળગતી આગથી ઈંધણ સળગી જાય છે. એવો કોઈ રોગ નથી કે જેનો ઉપચાર પંચગવ્યથી ન થાય.

**(૫)** અનેક પ્રકારની વૈજ્ઞાનિક કસોટીઓ દ્વારા એ સાબિત થયું છે, કે વાઈરસ જન્ય અનેક ચેપીરોગો ગાયો દ્વારા સ્પર્શ કરવામાં આવેલ હવા લાગવાથી અનાયાસ જ દૂર થઈ જાય છે.

શાસ્ત્રોમાં ગૌમાતાના અનેક દિવ્યગુણોની ચર્ચા કરવામાં આવી છે. એ ગુણ વિદેશી ગાયો તથા એ ઓલાદની સાથે સંકર થયેલ ભારતીય ઓલાદની ગાયોમાં એટલા પ્રમાણમાં મળી આવતો નથી. આરોગ્ય સંબંધી વધુ માહિતિ માટે કૃપા કરી ''આરોગ્યની દ્રષ્ટિએ ગાયનું મહત્વ (કાવ થેરેપી)''**પરિશિષ્ટ - ૨ પર જૂઓ**

## ૩. ગાય આપણી ગ્રામ્ય સમૃદ્ધિનું સ્ત્રોત છેઃ-

આપણી સંસ્કૃતિમાં ગાયને માતાની ઉપમાં એટલા માટે આપવામાં આવી છે, કે આપણા જીવનનું કેન્દ્ર બિંદુ રહી છે. જેવી રીતે માતા પોતાના બાળકોની દેખરેખ, ભરણ પોષણ કરે છે, એજ રીતે ગાય આપણાં વિકાસમાં ભાગીદાર છે. દૂધ તથા તેમાંથી બનેલી વસ્તુઓ ઉપરાંત આપણાં આર્થિક જીવનમાં ગૌવંશની ઘણી મોટી મહત્વની ભૂમિકા તથા યોગદાન છે.

એ સર્વવિદિત તથ્ય છે, કે ભારત ખેતી પ્રધાન દેશ છે અને અહીંના લગભગ ૭૦% ટકા લોકો ખેતી પર જ નિર્ભર રહે છે. અહીં એ કહેવામાં કોઈ અતિશ્યોકિત નથી કે ગૌવંશ જ ખેતીનો મૂળ આધાર છે. ઈતિહાસ પણ એ વાતનો સાક્ષી છે, કે જ્યાં સુધી ગૌવંશનો વિકાસ, ઉછેર તથા પૂજા થતી રહી, ત્યાં સુધી આપણે આર્થિક તથાઆધ્યાત્મિક દ્રષ્ટિએ વિકાસના સર્વોચ્ચ શિખર પર આરુઢ રહ્યા. ગૌવંશના પ્રતાપે જ ભારતની જમીન સોનું પેદા કરતી હતી તથા વિશ્વમાં એનો **''સોનાની ચકલી''** તરીકે ઓળખવાનો ગૌરવ પ્રાપ્ત થયો હતો. ગૌવંશ આપણો અમૂલ્ય વારસો છે, જેના વિકાસ પર આપણો વિકાસ આધાર રાખે છે.

### (૧) ગૌવંશ ભારતની ખેતીવાડીના વિકાસનો આધાર સ્તંભ છેઃ-

ભારતની ખેતીવાડીના વિકાસમાં ગૌવંશનું મહત્વનું યોગદાન રહ્યું છે અને ભવિષ્યમાં પણ રહેશેઃ-

### (i) ગાયના છાણમાંથી બનેલું ખાતર જમીનનો પ્રાણ છેઃ-

### (અ) ગાયનું છાણ મળ નથી, પરંતુ તે દુર્ગંધનાક તત્ત્વ છેઃ-

જગતમાં ગાય જ એક એવું પ્રાણી છે, કે જેનું છાણ મળ નથી, પરંતુ તે દુર્ગંધનાક  અને જંતુનાશક દવા છે. જે ખેતરમાં ગાયના છાણનો ખાતર તરીકે ઉપયોગ થાય છે, તે ખેતરમાં ઉગેલા પાકને નુકશાન પહોંચાડનારા જંતુઓ  હુમલો કરી શકતા નથી. અર્થાત ત્યાં જંતુનાશક દવાના છંટકાવની આવશ્યકતા પડતી નથી.

### (બ) છાણિયું ખાતર ધરતીનો પ્રાકૃતિક આહાર છેઃ-

છાણિયું ખાતર જમીનનાં પ્રાકૃતિક આહાર છે, જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાય રહે છે. અગર જો છાણ ધ્વારા કંપોસ્ટ ખાતર તૈયાર કરી ઉપયોગ કરવામાં આવે તો ધીરે-ધીરે ફળદ્રુપતા વધતી રહે છે, ઘટતી નથી. એ જ કારણ છે, કે જ્યાં સુધી ભારતની જમીનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ થતો ન હતો, ત્યાં સુધી લાખો વર્ષથી અહીંની જમીનની ફળદ્રુપતા જળવાય રહી.

રાસાયણિક ખાતરના ઉપયોગથી ખેડૂતોની જમીન એક દારૂડિયા જેવી બની જાય છે. જેવી રીતે દારૂડિયાને થોડા થોડા દિવસે દારૂનું પ્રમાણ વધારવું પડે છે, એવી જ રીતે આ જમીનને દર વર્ષે વધારે પ્રમાણમાં ખાતર જોઈએ. ખાતરોનું પ્રમાણ વધારવાથી પણ ખેતીના ઉત્પાદનમાં સુધારો કે વધારો થતો નથી. રાસાયણિક ખાતરોના ઉપયોગથી જમીનમાં ભેજ ટકાવી રાખવાની શક્તિ ઘટી જાય છે તથા તેની ભૌતિક રચના પણ ખરાબ થઈ જાય છે. વધારે ખાતરના ઉપયોગથી પાકમાં જંતુઓ અને રોગનો પ્રકોપ પણ વધી જાય છે. આ જંતુઓનો નાશ કરવા માટે જંતુનાશક દવાનો ઉપયોગ પણ વધારવો પડે છે, જેનાથી માટીમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ તથા ઉપયોગી જીવજંતુઓ દિવસે દિવસે ઓછા થતાં જાય છે. આ જંતુઓ વગર સારો પાક મેળવવો અસંભવ બની જાય છે. ઉપયોગી જીવ જંતુઓના હ્રાસથી નુકશાનકારક જંતુઓનો પ્રાકૃતિક વિનાશ અટકી ગયો છે અને જે ખેતીના પાક માટે ઉપયોગી જીવજંતુ હતા તેનો આહાર સમાપ્ત થતાં પ્રાકૃતિક સમતોલન બગડી ગયું છે. આજે સાડા ત્રણસોથી પણ વધારે એવા ઘાતક જંતુઓ પેદા થયા છે, કે જેની ઉપર જંતુનાશક દવાની હવે કોઈ અસર થતી નથી. તેનાથી કૃષિ વિજ્ઞાનીઓ હવે મુંઝાયા છે અને જૂની પ્રાકૃતિક સમતોલન પદ્ધતિ પર આવવા માટે મજબૂર થઈ રહ્યા છે કારણ કે વધારે જંતુનાશક દવાના ઉપયોગથી ન માત્ર મનુષ્યના આરોગ્ય અંગે સમસ્યા પેદા થઈ ગઈ છે. પરંતુ ભૂગર્ભ પાણી પણ પ્રદૂષિત થઈ ગયું છે, આ સંપૂર્ણ સમસ્યાનું નિરાકરણ માત્ર છાણિયું ખાતર જ આપી શકે છે.

### (સ) છાણિયા ખાતરથી પેદા થતા ખાદ્ય પદાર્થો વધારે સ્વાદિષ્ટ, તથા પ્રદૂષણ રહિત છેઃ-

છાણિયા ખાતરના ઉપયોગથી ઉગાડવામાં આવેલા પાક દ્વારા ઉત્પન્ન થયેલ અનાજ, ફળ-ફળાદિ તથા શાકભાજી વધારે સ્વાદિષ્ટ હોય છે તથા કોઈ પણ પ્રકારની ઝેરી અસરથી મુક્ત હોય છે. જ્યારે રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશક દવાના ઉપયોગથી પેદા થયેલ અનાજ અને શાકભાજીની સ્થિતિ એવી હોતી નથી.

યુરોપના બજારમાં છાણિયા ઓર્ગેનિક ખાતરથી ઉગાડવામાં આવેલ શાકભાજી, ફળ-ફળાદિ અનાજ વગેરે, જે રાસાયણિક ખાતર દ્વારા ઉગાડવામાં આવેલ શાક, ફળ-ફળાદિ તથા અનાજ વગેરેનું બેથી ત્રણ ઘણી ઉંચી કિંમતે વેચાણ થઈ રહ્યું છે, છતાં પણ તેની માંગતો વધતી જ જાય છે. ત્યાંના ખેડૂતો તથા અન્ય પ્રકારનું અનાજ ઉગાડનારાઓ હવે ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ વધારી રહ્યા છે.

### (ii) ગૌમૂત્ર ઉત્તમ પ્રદૂષણ રહિત જંતુનાશક દવા છેઃ-

ખેતરો માટે ગૌમૂત્ર ખૂબ જ ઉપયોગી હોય છે, તેમાં ધરતીને કોઈ પણ પ્રકારનું નુકશાન ન પહોંચાડી શકે તેવી શ્રેષ્ઠ ક્વોલિટીની જંતુનાશક શક્તિ છે. જેનો ઉત્તમ જંતુનાશક દવા તરીકે ઉપયોગ કરી શકાય છે. એનાથી વિપરીત ઝેરી જંતુનાશક દવાની અનેક પ્રકારે અવળી અસર થાય છે, જે ઉપર દર્શાવવામાં આવ્યું છે.

### (iii) બળદ ખેતી ઉર્જાનું પ્રદૂષણ રહિત, પ્રાકૃતિક સ્ત્રોત છેઃ-

આજે પણ આપણાં દેશમાં ગૌવંશ જ ૯૦ ટકા શક્તિનું મૂળ સ્ત્રોત છે. ગામડાઓમાં ખેતરનું ખેડાણ, વાવણી, રેંટ કે કોસ ચલાવવો, ઘાસચારો કાપવાનું મશીન તથા ઘાણી ચલાવવાનું તથા વાહન વહેવાર વગેરેનું મોટા ભાગનું કાર્ય બળદ દ્વારા જ થાય છે. ૧૦% શકિત જે પેટ્રોલ, ડીઝલ, ટ્રેકટર, ડીઝલપંપ વગેરે દ્વારા પ્રાપ્ત થાય છે, જે ન માત્ર મોંઘી પડે છે, પરંતુ બીજા દેશો પર આશ્રિત રાખનાર તથા પ્રદૂષણ પેદા કરનારી છે તથા ભારતની ખેતીવાડી માટે અવ્યવહારુ પણ છે.

ખેતીમાં આ પ્રાધાન્ય માત્ર બળદને જ છે. ભેંસો દ્વારા ખેતી તો કરવામાં આવે છે, પરંતુ જેટલું કામ બળદ કરી શકે છે, એટલું કામ ભેંસ કરી શકતી નથી. પાડો બળવાન તો હોય છે, પરંતુ તે તડકો સહન કરી શકતો નથી. તડકામાં ચાલતા તે જીભ બહાર કાઢી નાખે છે. જ્યારે બળદ તડકામાં પણ ચાલતો રહે છે. કારણ કે પાડામાં સાત્વિક બળ હોતું નથી, જ્યારે બળદ સાત્વિક બળ ધરાવે છે. બળદની અપેક્ષાએ પાડાઓની સંખ્યા પણ ઓછી હોય છે. ઉંટ દ્વારા ખેતી કરવામાં આવે છે, પરંતુ ઉંટની સંખ્યા પણ ભેંસ કરતા ઓછી હોય છે. ખેતી કરનાર દરેક ખેડૂત ઉંટ ખરીદી શકતો નથી. આજ કાલ સારામાં સારી જાતના યુવાન બળદો મરી જવાના કારણે બળદ પણ મોંઘા થઈ ગયા છે.

### ૨. ગૌવંશ ગ્રામ્ય શક્તિનું અનંત સ્ત્રોત છેઃ-

#### (i) શક્તિ સ્ત્રોત રૂપે છાણઃ-

#### ★ગોબર ગેસ યંત્ર દ્વારા ગેસનું ઉત્પાદનઃ-

કહેવાતા બિન ઉપયોગી ગૌવંશના છાણથી ગોબરગેસ પ્લાન્ટ ચલાવી શકાય, જે આજે કતલખાને જઈ રહ્યો છે. આ ગેસનો ઉપયોગઃ-

**(અ)** આ ગેસનો ઉપયોગ ઇંધણ તથા પ્રકાશ માટે કરી શકાય.

**(બ)** બળતણ રૂપે ગેસના ઉપયોગથી તથા ગેસ પ્લાન્ટના વિસ્તાર- પ્રચલનથી

બળતણ માટે કરવામાં આવતું જંગલોના છેદનને ઓછું કરી શકાય છે, જેના દ્વારા પર્યાવરણના રક્ષણની સંભાવના વધી જાય છે.

**(ક)** ગામડાઓના લોકોને ધુમાડા રહિતનું સ્વચ્છ બળતણ મળે છે, કે જેના અભાવના કારણે તેમને આંખનાં રોગો થતા હોય છે. આંખો નબળી પડી જાય છે, પરંતુ આ બળતણના ઉપયોગથી આ રોગોથી મુક્તિ મળે છે.

**(ચ)** ગોબર ગેસ મશીનમાંથી નિકળતા પાતળા છાણનો ઉપયોગ કરી શકાય, જે ખેતી માટે વધારે અસરકારક છે.

### ★ગોબર ગેસ દ્વારા વિજળી પેદા કરી શકાયઃ-

ગોબર ગેસના પ્લાન્ટ દ્વારા જનરેટર ચલાવી વિજળી પેદા કરી શકાય. આ રીતે ગેસ દ્વારા જનરેટરમાં માત્ર ૨૦ ટકા ડીઝલનો ઉપયોગ થાય છે, જે ઓછા પ્રમાણમાં સાધનો પ્રદૂષણકારી છે. જનરેટર દ્વારા પેદા કરવામાં આવતી વિજળીથી, વિજળી દ્વારા ચલાવવામાં આવતા સાધનો જેમ કે મોટર તથા પંખા વગેરે ચલાવી શકાય. વિદ્યુત ટેકનોલોજી પર જે આટલું દબાણ થઈ રહ્યું છે, તે ઓછું થઈને કોઈ પણ ગ્રામ્ય ઔદ્યોગિક વિકાસ માટે એટલી જ વિજળી કામમાં લાવી શકાય, જેનાથી દેશની આર્થિક સમૃદ્ધિમાં યોગદાન નોંધાવી શકાય.

### ★ઉર્જા માટે છાણનો ઉપયોગઃ-

ગામડાઓમાં છાણથી બનેલા છાણાં પણ શક્તિનું એક ઘણું મોટું સાધન છે. અનાજ રાંધવા, દૂધ ગરમ કરવા, આયુર્વેદિક ઔષધિઓ તૈયાર કરવા, બાળકોને શેક કરવા, પૂજા, યજ્ઞ તથા અગ્નિસંસ્કારમાં મોટા પ્રમાણમાં છાણાનો ઉપયોગ થાય છે.

### (ii) બળદ, ઉર્જાના મુખ્ય સ્ત્રોત રૂપેઃ-

ગામડાઓમાં ખેતીવાડીના તમામ કાર્યોની સાથે સાથે વજન ખેંચવા, વાહન વહેવાર માટે બળદ જ મુખ્ય સાધન છે. આજે એવા કેટલાયે સંશોધનો છે, જે પ્રગતિ કરી રહ્યા છે, કે જેમાં પશુઉર્જા (Animal Power) ને મિકેનિકલ પાવરમાં બદલવામાં આવી રહી છે.

## ૩. ગૌવંશ ગ્રામોધોગ / કુટિર ઉધોગનો આધાર છેઃ-

ગૌવંશનું આર્થિક દ્રષ્ટિએ જો મુલ્યાંકન કરીએતો એ નિષ્કર્ષ નિકળે છે, કે જન્મથી મૃત્યુપર્યંત, ગૌવંશનું કોઈ પણ અંગ તથા કાર્ય એવું નથી કે જે બિન ઉપયોગી હોય અથવા પ્રકૃતિની પ્રતિકુળ હોય. ગૌવંશના શરીરનું પ્રત્યેક અંગ, દૂધ, છાણ અને મૂત્ર આપણાં જીવન માટે ઉપયોગી છે.

★રોગના ઉપચાર માટે આયુર્વેદિક ઔષધિઓથી લઈને દરરોજની જીવન જરૂરિયાતો માટે તેની અનેક આડપેદાશો તેનો આધાર બની રહી છે, જે ગ્રામોદ્યોગો, કુટિરો ઉદ્યોગ દ્વારા સ્વાવલંબી આર્થિક માળખું ઊભું કરવા માટે ચમત્કારી ભૂમિકા નિભાવી શકે છે. આવશ્યકતા માત્ર તેને લોકોની જાણકારીમાં તથા પ્રચલનમાં લાવવાની છે.

★ગૌછાણ-ગૌમૂત્ર દ્વારા ખાતર, જંતુનાશક દવાઓ, સાબુ, શેંપુ, દંતમંજન, મલમ, અગરબત્તી અને વિભિન્ન પ્રકારના રોગોની દવાઓ બને છે- જેની વધુ વિસ્તૃત માહિતિ માટે જુઓ **પરિશિષ્ટ ૧ ના અનુસંધાન ૩** માં આપવામાં આવી છે.

★મૃત્યુ પામેલ ગાયના અહિંસક ચામડામાંથી બુટ, ચંપલ, પર્સ વગેરે બનાવવાનો ચર્મઉદ્યોગ ચાલે છે..

★શિંગડાઓ, ખરી વગેરેમાંથી રમકડાં તથા સુશોભનનો સામાન બનાવવામાં આવે છે.

★ગાયના હાડકાંઓ જમીનમાં દબાવી ઓગેર્નિક ખાતર બને છે, જે રાસાયણિક ખાતરથી વધારે સ્થાયી ફળદ્રુપતા આપે છે તથા હાડકાંઓનાં ભૂક્કાના ઉપયોગથી અન્ય ઉદ્યોગોમાં પણ ઉભા થઈ શકે છે.

અર્થાત એ સ્પષ્ટ છે, કે આજની અનેક સમસ્યાઓ જેમકે, ખેતી, ઉદ્યોગો, ઉર્જા, પર્યાવરણ તથા સ્વદેશી વગેરે દ્રષ્ટિકોણથી ગૌવંશનું સૌથી વધારે મહત્વ છે. છાણ -ગૌમૂત્ર એ બાયોગેસ ઉર્જા, જૈવ ખાતર, રાસાયણિક ઝેરથી મુક્ત જંતુનાશક દવાઓ, શુદ્ધ આયુર્વેદિક ઔષધિઓ તથા બિયારણને વધુ ઉપચારિત તથા અને સંસ્કારિત બનાવવાની પદ્ધતિનો આધાર છે. ગોરસ તથા છાણના વધુ ઉપયોગથી ગૌધન પર આધારિત તથા પ્રદૂષણથી મુક્ત, સ્વાવલંબી, સ્વદેશી આર્થિક વ્યવસ્થાને મૂતિમંત રૂપ આપી ગોપાલનને વધારે લાભદાયક ઉદ્યોગો બનાવી અને ઓછા ખર્ચે ઉદ્યોગ ઉભા કરી આપણાં દેશની ગરીબ પ્રજાની ગરીબી દૂર કરવા તથા લાખો બેરોજગાર, બેકાર લોકોને કામ આપી બેકારી દૂર કરી શકાય છે તથા રાષ્ટ્રની સમૃદ્ધિનો આધાર ઊભો કરી શકાય છે. વધુ માહિતિ માટે જૂઓ **પરિશિષ્ટ ૧ પર**

અનુસંધાન - ૧ - ''છાણમાં લક્ષ્મીનો વાસ''

અુનુસંધાન - ૨ - પ્રદૂષણ રહિત - ગ્રામ્યશક્તિનું સ્વાવલંબી સ્ત્રોત ગાય તથા બળદ

અનુસંધાન -૩- ''ગૌમૂત્ર -ગૌછાણથી બનેલ ઉત્પાદનો જે ગ્રામોદ્યોગનો આધાર બની શકે છે. ''

# ૨. ગૌવંશની રક્ષા સમયની સર્વોપરી આવશ્યકતા

## ૧. ઋષિઓ દ્વારા મનુષ્ય માટે ગૌવિજ્ઞાનની શોધઃ-

જેવી રીતે સૃષ્ટિના રહસ્યો શોધી વૈજ્ઞાનિક મનીષિઓએ આધુનિક વિજ્ઞાનનો વિકાસ કર્યો છે, એવી જ રીતે ભારતના આધ્યાત્મિક મનીષીઓએ જિવનના તથા સૃષ્ટિના રહસ્યો શોધી 'ગૌવિજ્ઞાન' નો વિકાસ કર્યો છે. ખરેખર સમગ્ર દુનિયાને ભારતની ગૌવિજ્ઞાનરૂપી અણમોલ ભેટ છે અને ભારતમાંથી જ સમગ્ર દુનિયામાં ગૌવિજ્ઞાનનો પ્રચાર-પ્રસાર થયો છે. સંસ્કૃતમાં ગાયને ''ગૌ'' કહેવામાં આવે છે, જ્યારે અંગ્રેજીમાં કાઉ શબ્દનો પ્રયોગ થાય છે, જે ગૌ શબ્દનો જ અપભ્રંશ છે. એવી રીતે જાપાની લોકો ગાયને ''ગ્યુ'' કહે છે જે ગૌ શબ્દનો જ અપભ્રંશ છે.

ભારતીય મનીષિઓએ સંપૂર્ણ ગૌવંશને માનવજાતિના અસ્તિત્વ, રક્ષણ, પોષણ, વિકાસ તથા ઉછેર માટે અનિવાર્ય બનાવી દીધો હતો. એટલા માટે ભારત વર્ષમાં ગાયના દૂધે લોકોને વિશેષ શક્તિબળ તથા શુધ્ધબુધ્ધિ બળ પ્રદાન કર્યુ, છાણ તથા ગૌમૂત્રે ખેતીને પોષણ પુરું પાડ્યું તથા બળદની શક્તિએ ખેતી, ભાર ખેંચવા, વાહન વહેવાર તથા ગ્રામોદ્યોગ માટે સંપૂર્ણ ટેકનોલોજીનો વિકાસ કરવામાં મદદ કરી અને મરેલાં ગૌવંશના ચામડાએ ચર્મોદ્યોગ સહિત અનેક પ્રકારના હસ્ત ઉદ્યોગનો વિકાસ કર્યો. આ રીતે ગૌધન ભારતની સમૃદ્ધિનો આધાર બની ગયો.

જ્યારે ભારતમાં ઈસ્લામ ધર્મનો પ્રભાવ વધવા લાગ્યો ત્યારે ગૌરક્ષાનો પ્રશ્ન પણ સામે આવીને ઉભો રહ્યો. હજરત પેંગબર મોહમ્મદ સાહેબે કહ્યું કે ''ગાયનું દૂધ'' અમૃત સમાન છે. જો ''રોગચાળાથી બચવું હોય તો તેના માંસના આહારથી દૂર રહો.'' એ કથનને તમામ મોગલ બાદશાહો સમજ્યા હતા અને જે કંઈ ગાય-બળદના કતલ ધ્વારા કુરબાની આપવાની જે કુપ્રથાનો આરંભ થયો તેને હુકમ બજાવી બંધ કરાવી દીધી હતી. જમ્મૂ-કશ્મીરમાં લગભગ ૫૦૦ વર્ષ પહેલાં બાદશાહના સમયથી જ ગાય બળદની કતલ બંધ છે. ઈસ્લામ ધર્મના ઉલેમાઓએ પણ તેનું સમર્થન કર્યું અને કહ્યું કે ગાય બળદની કુરબાની ફરજ નથી.

દુર્ભાગ્યવશ અંગ્રેજી શાસનમાં ગાય-બળદની કતલ શરૂ થઈ, જેણે એક ધંધાનું રૂપ ધારણ કરી લીધું. અંગ્રેજ સેનાને ગૌમાંસની તથા વ્યાપાર માટે ચામડાની આવશ્યકતા હતી. જેની ભરપાઈ કરવા માટે ગાય બળદની કતલ કરવાનો આરંભ થયો અને તેને માટે મુસલમાન કસાઈઓને ધંધા પર લગાડવામાં આવ્યા. એક બાજુ હિન્દુ મુસલમાન વચ્ચે વૈમનસ્ય વધ્યું, તો બીજી બાજુ પશ્ચિમની સંસ્કૃતિની યાંત્રિક જીવન પદ્ધતિની અસર વધી. સમગ્ર વિશ્વમાં જેમ જેમ ઔદ્યોગિક સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર વધતો ગયો, તેમ તેમ દુનિયાભરમાં સામ્રાજ્યવાદનો વિસ્તાર થતો ગયો અને અનેક દેશો ગુલામ બનતા ગયા. ભારત દેશ પણ ગુલામ બન્યો અને

સતત વધી રહેલા યાંત્રિકરણે આપણાં ગામડાઓને ગરીબ અને ગુલામ બનાવી દીધા. ખરેખર ગૌહત્યા અને ગ્રામોદ્યોગનો વિનાશ જ આપણી ગુલામીનું એક મોટું કારણ હતું. ભારતના તમામ ધાર્મિક મહાપુરુષો તથા રાજનેતાઓએ આ વાતને સમજી હતી, એટલા માટે જ્યારે સ્વરાજ્ય માટે આંદોલન શરૂ થયુ, ત્યારે તેનો મુખ્ય ઉદ્દેશ ગૌહત્યા બંધી હતું. એમને વિશ્વાસ હતો કે ભારત સ્વતંત્ર થતાં જ કલમની એક અણીએ ગૌહત્યા બંધ કરી દેવામાં આવશે, પરંતુ સ્વતંત્રતા પછી અનેક ગૌસેવાના સંસ્થાઓ તથા ગૌ સેવકના પ્રેમીઓએ સતત સત્યાગ્રહો, આંદોલનો, ઉપવાસ વગેરે કરવા છતાં પણ પરિસ્થિતિ તદ્દન વણસતી ગઈ અને નવા નવા કતલખાના ખુલતા ગયા. પશુધન વધુને વધુ કપાતું અને ઘટતું ગયું અને હવે આપણે ગૌધન વિહોણી સ્થિતિમાં જઈ રહ્યા છીએ.

## ૨. આજના ભારતમાં ગાય તથા તેની ઓલાદની સ્થિતિઃ-

૫૦૦ વર્ષના મુસ્લીમ, ૧૫૦ વર્ષના અંગ્રેજોના રાજ્યમાં જેટલી ગૌહત્યા થઈ, તેનાથી અનેક ઘણી આપણી સ્વદેશી સરકારમાં થઈ રહી છે અને માંસની નિકાસ સતત વધી રહી છે.

૧૯૭૩ માં વિદેશ ખાતે - ૨૦૦૦ ટનની નિકાસ થઈ હતી

૧૯૭૫ માં - ૬૧૦૦૦ ટન

૧૯૮૫ માં - ૮૯૦૦૦ ટન

૧૯૯૦ માં ૧,૩૦,૦૦૦ ટન

૧૯૯૫ માં - ૧,૩૫,૦૦૦ ટન

નિકાસ વધારવા માટે સંભવી શકે તેટલા તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. Foreign Trade Bulletinનાં ૧૯૯૪ નાં ફેબ્રુઆરી માસના અંકમાં આપવામાં આવેલી માહિતી અનુસાર વર્તમાન પશુધનના આધારે અનુમાન લગાવવામાં આવ્યુ છે, કે એક વર્ષમાં ૩૫ લાખ ટન માંસનું ઉત્પાદન કરી શકાય, જેની કિંમત ૮૨૫૦/-કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. શતાબ્દિનાં અંત સુધી વાર્ષિક નિકાસ ૧૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનો લક્ષ્ય છે. ઉદારીકરણની અંતર્ગત વિદેશી કંપનીઓની ભાગીદારીને પણ ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે.

## દર ૧૦૦૦ વ્યક્તિદીઠ પશુધનની સ્થિતિઃ-

આઝાદીના સમયે ૩૦૦ કતલખાના હતા પરંતુ અત્યારે મંજુરી પ્રાપ્ત કરેલ ૩૬૦૦ થી વધારે કતલખાનાઓ અસ્તિત્વમાં છે. જેમાંથી ૧૦ તો ઓટોમેટિક છે. આ કતલખાનાઓમાં દરરોજ ૨,૫,૦૦૦ ઢોરોની કતલ થાય છે, જેમાંથી ૪૦ થી ૫૦ હજાર જેટલા ઢોરતો ગાય તથા તેની ઓલાદ જ હોય છે. જેટલી તીવ્રતાથી ગૌવંશ ઘટી રહ્યો છે, એ સત્ય ચોંકાવનારું છે. ભારતમાં દર હજાર વ્યક્તિદીઠ

ઘટી રહેલ ઢોરોની સ્થિતિ નીચે મુજબ છેઃ-

★આઝાદીના સમયે - ૪૫૩

★૧૯૫૧ - ૪૩૬

★૧૯૬૧ - ૪૧૦

★૧૯૭૧ - ૩૨૬

★૧૯૮૧ - ૨૭૮

★૧૯૯૧ - ૨૧૬

★૧૯૯૩ - ૧૭૬

એનાથી વિપરીત બીજા દેશોમાં દર ૧૦૦૦ વ્યક્તિદીઠ પશુધનની સ્થિતિ કેટલી શ્રેષ્ઠ છે, તે નીચેના આંકડાઓથી સ્પષ્ટ થાય છેઃ-

★આર્જેન્ટિના -૨૦૮૯

★ઓસ્ટ્રેલિયા - ૧૩૬૫

★કોલંબિયા - ૯૧૯

★બ્રાઝીલ - ૭૨૬

એનાથી સ્પષ્ટ થાય છે, કે ખૂબ જ વ્યવસ્થિત રીતે ગૌવંશ કપાઈ રહ્યો છે. અગર આ પરિસ્થિતિ રોકવામાં ન આવી તો ભારતને પશુધન વિહોણી સ્થિતિમાં પહોંચવામાં હવે વાર નથી.

## ૩. ખેતી પ્રધાન, ગ્રામ્ય પ્રધાન ભારત તથા ગૌપાલનઃ-

ભારત ગ્રામ્ય પ્રધાન તથા ખેતી પ્રધાન દેશ છે. ગ્રામ્ય પ્રધાન તથા ખેતી પ્રધાન હોવાથી તેની પોતાની ખાસિયતો તથા પોતાની આંતરિક સમસ્યાઓ પણ છે. અર્થાત આપણે બીજા કોઈ અન્ય દેશની વિકાસની નકલ કરી શકતા નથી. પરંતુ પોતાની ખાસિયતો અને સમસ્યાઓની અનુરૂપ સમાધાન કાઢીને ગામડાઓને સુદ્રઢ અને સમૃદ્ધ બનાવી શકીએ છીએ, આવો, જુઓ એ શું ખાસિયતો છેઃ-

### ૩.૧ ભારતની ખેતીની વિશેષતાઓઃ-

### (અ) નાની ખેડની ખેતી અર્થાત વસ્તી વધારે જમીન ઓછીઃ-

★સમગ્ર વિશ્વમાં ખેતી માટે યોગ્ય જમીનનો ૧૪ મો ભાગ આપણી પાસે છે, જ્યારે એ ખેતી પર નભતી વસ્તીનું પ્રમાણ વિશ્વની સમગ્ર વસ્તીનો પાંચમો ભાગ અર્થાત ૨૦% છે.

★સમગ્ર દેશના ગ્રામ્ય કુટુંબોમાંથી મોટાભાગના કુટુંબો એવા છે, કે જેની પાસે ૧ એકરથી પણ ઓછી જમીન છે. સરાસરી ખેડાણવાળી જમીન ૧.૭ એકર લગભગ છે.

★યુનિટ દીઠ ખેડ પર મજુરી કરનારાઓની સંખ્યા વધુ છે.

★નાની ખેડાણવાળી જમીનના કારણે મજુરી કરતાં કુટુંબો માટે પૂરેપૂરા સમયનો કોઈ કામ ધંધો નથી.

**આવશ્યકતાઃ-**

ઓછી જમીન દ્વારા મોટા ભાગની વસ્તીના આહારનું ઉત્પાદન કરવું પડશે. અર્થાત આપણે ત્યાં વિસ્તૃત ખેતી થઈ શકતી નથી, સઘન ખેડ થઈ શકે છે અર્થાત થોડી જમીનમાં વધુ ઉપજ લેવી, સઘન ખેતીમાં જમીનને એવી સ્થિતિમાં રાખવી પડે છે, કે જેથી બરાબર સ્થાયી રૂપે ઉત્પાદન આપવાની સ્થિતિ બની રહે. સાથે સાથે ખેતી શ્રમ પર આધારિત હોય, જેથી શ્રમની પણ ખપત થતી રહે અને બિનજરૂરી બેરોજગારીનું કારણ ન બને તથા મજુરી પણ સસ્તી રહે.

## ટ્રેકટર, રાસાયણિક ખાતરો અને જંતુનાશક પર આધારિત સઘન ખેતી ઉપયોગી નથીઃ-

### ★ટ્રેકટર તથા મશીન પર આધાર રાખતી ખેતીઃ-

*નાની ખેડમાં માત્ર બળદથી જ ખેતી થઈ શકે છે, સાથે સાથે આપણે ત્યાં દર એકમ દીઠ શ્રમની ઉપલબ્ધતા પણ વધારે છે અર્થાત નીચેના કારણોથી ટ્રેકટરની ખેતી ભારતની પરિસ્થિતિમાં અનુસાર વ્યવહારુ તથા ઉપયોગી નથી.

*આપણાં નાના નાના ખેતરોમાં મશીનો કામ નહીં આપે. મશીનોનો ઉપયોગતો માત્ર ૧૨ ટકા મોટા ખેડૂતો જ કરી શકે છે. નાના તથા મધ્યમ ખેડૂતો લગભગ ૮૦ ટકા છે તથા તેઓ કુલ ખેડાણની ૭૦ ટકા જમીન પર ખેતી કરે છે. તેઓ બિચારા આ મશીનો દ્વારા કેવી રીતે કામ લઈ શકે?

*નાના ગરીબ ખેડૂતને સસ્તી ખેતી જોઈએ. ટ્રેકટરને ડીઝલ જોઈએ જે ખેતરમાં ઉગતું નથી, ખેતર ખાતર માંગે છે, જે ટ્રેકટર આપતું નથી, ટ્રેકટર પર આશ્રિત હોવાની સ્થિતિમાં બન્ને ચીજો ખરીદવી પડે છે. ટ્રેકટરની ખેતી એટલી મોંઘી છે, કે નાનકડા ગરીબ ખેડૂતના ગજાની વાત નથી.

*ટ્રેકટરના સમારકામની સગવડતાઓ ગામડાંઓથી દૂર આવેલ સ્થળ પર મળતી હોવાના કારણે શહેરો તથા કસબાઓમાં જવું પડે છે.

*ડીઝલ પર આધાર રાખતી ખેતી પ્રદૂષણજન્ય છે. આજે પ્રદૂષણ એક ખૂબ મોટી સમસ્યા બની ગઈ છે.

*ડીઝલ પર આધાર રાખતા મશીનો/ટ્રેકટરોની ખેતી પરાવલંબી છે. ડીઝલની

અછતને કારણે આજે ટ્રેક્ટરો પોતાની ૨૫ ટકા શક્તિથી ચાલી રહ્યા છે. વિશ્વની આજની પરિસ્થિતિ જોતા આપણને તેનો ક્યારે પણ ઝટકો લાગી શકે છે.

## ★રાસાયણિક ખાતર પ્રધાન ખેતીઃ-

*રાસાયણિક ખાતર જમીનનો પ્રાકૃતિક આહાર નથી. તે માત્ર જમીનને ઉત્તેજિત કરી દે છે. આરંભના તબક્કામાં ઉત્પાદન વધે છે. પરંતુ સતત વપરાશથી જમીનની ઉત્પાદન શક્તિ ઘટતી જાય છે અને થોડાક સમય પછી જમીન બેકાર થઈ જાય છે. લાંબા સમય સુધી ઉપયોગ કરવાથી જમીનને ઉજ્જડ બનાવી દે છે. ભારતની જમીન માટે એવી સ્થિતિ પેદા થઈ છે, કે લગભગ ૨૦ લાખ હેક્ટર જમીન બિન ઉપજાઉ બની ખેતી કરવા લાયક રહી નથી.

*રાસાયણિક ખાતરો જમીનની ભૌતિક સ્થિતિ અર્થાત તેની રચના, છિદ્રાળુતા, પાણી ચુસવાની તથા અટકાવવાની શક્તિને સ્થિર રાખી શકતી નથી, પરંતુ ક્ષીણ કરે છે.

*રાયાણિક ખાતરો વડે થતી ખેતી મોંઘી છે.

*રાસાયણિક ખાતરોની ખેતી પરાવલંબી છે.

*લાંબા સમયની રાસાયણિક ખાતરો પર આધાર રાખતી ખેતીએ જમીનનું ચિરસ્થાયી સ્વરૂપ તથા ફળદ્રુપતા જાળવી રાખી, ઉત્પાદન આપતા રહેવાની શક્તિ જ સમાપ્ત કરી દીધી છે.

## ★રાસાયણિક જંતુનાશક દવા પર આધારિત ખેતીઃ-

*રાસાયણિક જંતુનાશક દવાના ઉપયોગથી નીચે મુજબના અવળા પરિણામો પેદા થાય છે.

*ખાદ્યપદાર્થો દ્વારા જંતુનાશક દવાઓનું ઝેર સતત આપણા શરીરમાં જઈને જમા થવાના કારણે આરોગ્ય માટે બહુ મોટો ખતરો પેદા કરી દીધો છે. એક સર્વે અનુસાર સરાસરી એક ભારતવાસીના દૈનિક આહારમાં લગભગ ૦.૨૭ મિ. ગ્રા. ડી. ડી. ટી. મળી આવે છે. દિલ્હીના નાગરિકોના શરીરમાં રહેલું જંતુનાશક દવાનું પ્રમાણ દુનિયાભરમાં સૌથી વધારે છે. ઘંઉમાં ૧.૬ થી ૧૭.૪ મો ભાગ દર દસ લાખ ભાગ (પી. પી. એન.) દીઠ. ચોખામાં ૦.૮ થી ૧૬.૪ પી. પી. એમ. સુધી ડી. ડી. ટી. રહેલી છે. મહારાષ્ટ્રમાં બોટલબંધ દૂધના ૭૦ નમુનામાં ડી. ડી. ટી. અને ડાયએલ્ડ્રિનની માત્રા ૪.૮ થી ૬.૩ ભાગ (દર દસ લાખ વ્યક્તિદીઠ) મળી આવી છે. મુંબઈમાં ટાંકી વાળા દૂધમાં ડાયએલ્ડ્રિનની માત્રા ભાગ દર ૧૦ લાખ ભાગ આંકવામાં આવી છે.

*ભારતની એક કૃષિ સંશોધન સંસ્થાના મુખ્ય વૈજ્ઞાનિક ડૉ૦ ઓ. પી. લાલે ચેતવણી આપી છે, કે ઉગાડવામાં આવેલા ટામેટા પર જંતુનાશક દવાનો આડેધડ

બેફામ છંટકાવ કર્યા પછી તેનો ઉપયોગ કરવાથી મગજ, પાચનતંત્ર, કિડની અને સ્નાયુતંત્ર પર ખૂબ જ ખરાબ અસર થાય છે અને તેનાથી કેંસર થવાની સંભાવના રહે છે. આ સમસ્યા માત્ર ટામેટા સુધી મર્યાદિત નથી.

*પીવાનું પાણી (ભૂગર્ભ જળ) પ્રદૂષિત થઈ ગયું છે અર્થાત્ ભારતનું ૭૦ ટકા પીવાનું પાણી પ્રદૂષિત થઈ ગયું છે. બાકીનું ૩૦ ટકા માન્ય રાખવામાં આવેલ ઝેરના સ્તરથી વધારે છે. દિલ્હી અને આગ્રા જેવા શહેરોમાં પીવાના પાણીના સપ્લાઈના મુખ્ય સ્ત્રોતો તથા યમુના નદીના પાણીમાં ડી. ડી. ટી. અને બી. એચ. સી. નું પ્રમાણ જીવલેણ નિવડી શકે એ સ્તર સુધી પહોંચી ગયું છે.

*જંતુનાશક દવાઓનો આડેધડ ઉપયોગથી જીવજંતુઓની વિવિધતાને જે નુકશાન થઈ રહ્યું છે, તેની ભરપાઈ કરવી કોઈ પણ કિંમત પર સંભવ નથી. કહેવાનું તાત્પર્ય એ છે, કે જીવજંતુઓ અને કીડી મકોડા એટલા નુકશાન દાયક હોતા નથી. તેમનું અસ્તિત્વ ખેતી, ખેડૂત તથા માનવજાતિ માટે ઉપયોગી હોય છે. જંતુનાશક દવાઓના ઉપયોગથી પર્યાવરણના પરમ મિત્ર સમાન અનેક પ્રકારના જીવજંતુઓની પ્રજાતિઓ જડમૂળથી નાશ પામી રહી છે.

કેન્દ્ર સરકારે ખેતીમાં વપરાતાં ઝેરી જંતુ નાશક રસાયણોથી પર્યાવરણને બચાવવા માટે જૂન ૧૯૯૩ થી ૧૨ પ્રકારની જંતુનાશક દવાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ અને ૧૬ પ્રકારની જંતુનાશક દવાની વપરાશ પર આંશિક પ્રતિબંધ લગાવ્યો છે. ૯૮-૯૯ નાં નાણાકીય વર્ષમાં ભારત સરકારે મનુષ્ય પશુઓ તથા પર્યાવરણને નુકશાન પહોંચાડનારી ૨૦ પ્રકારની જંતુનાશક દવા પર પ્રતિબંધ લાદી દીધો છે તથા ૧૮ જંતુનાશક દવાનું રજિસ્ટ્રેશન નામંજૂર કરી દીધું છે.

*આ જંતુનાશક દવાના ઉપયોગથી પાણી, જમીન, હવા, લોકઆરોગ્ય તથા જીવજંતુઓની વિવિધતાનો એવી રીતે નાશ કર્યો છે, કે સમગ્ર પર્યાવરણનું સમતોલન બગડી ગયું છે. એની અસરથી સન્૧૯૬૯-૭૦ના દાયકામાં કર્ણાટકના માલનાડ જિલ્લામાં ગરીબ મજુરો તથા હરિજનોમાં લકવાને લગભગ મળતો આવતો રોગ ફેલાયેલો હતો. આ રોગ ડાંગરની ખેતીમાં ઉપયોગમાં લેવાતી પેરાથિયાન અને એલ્ડ્રિનનો દવાનો છંટકાવ કરેલાં ખેતરોમાં પેદા થતી માછલી તથા કરચલા ખાવાથી થાય છે.

*દેશમાં અસ્તિત્વ ધરાવતી જંતુનાશક દવાઓની માંગના માંડ ૩૦ ટકા જ અહીં ઉત્પાદન થાય છે. બાકીની દવાઓ યા તો વિદેશથી આવે છે અથવા ભારતમાં આવેલા આંતર રાષ્ટ્રીય કંપનીઓના કારખાનાઓમાં તૈયાર થાય છે. એને માટે આપણે પરાવલંબી છીએ.

## (બ) ખેતી એક એવો ધંધો છે, જેમાં કોઈ ખાત્રી નથીઃ-

અહીંની ખેતીમાં કોઈ નિશ્ચિતતા નથી. ખેડૂતનો ઉંટ ક્યા પડખે બેસે છે, એ કહીં ન શકાય. જ્યાં સુધી પાક કાપણી થઈને ઘરે નથી આવી જતો નથી, ત્યાં સુધી તેના માથા પર કાચા દોરા વડે શંકાની તલવાર લટકતી રહે છે. કહેવાય નહીં કે એ ક્યા સમયે તૂટીને નીચે પડે.

*અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, હીમ, ઝાંકળના જરા જેટલા ધડાકાથી તેના સ્વપ્નનો શીશમહેલ, કુટુંબની વ્યવસ્થાનો મોભ તથા દેશની સમૃદ્ધિનો મહેલ તૂટી શકે છે.

*ભારત દેશમાં આખા વર્ષમાં માત્ર સાડા ત્રણ મહિના વરસાદ થાય છે. તેનું પ્રમાણ તથા સમય બિલકુલ અનિશ્ચિત છે. જ્યારે વાવણીને પાણી જોઈતું હોય ત્યારે પાણી વરસે જ નહીં અને જ્યારે ખેતીના પાકને વરસાદની જરૂરત જ ન હોય ત્યારે મૂસળધાર વરસાદ તૂટી પડે. એનો અર્થ એ થાય કે ભારતની ૭૦ ટકા ખેતી વરસાદ પર આશ્રિત છે. એવી જ રીતે હીમ, ઝાંકળનું કોઈ ઠેકાણું નહીં.

### આવશ્યકતા :-

ખેતીની એવી અનિશ્ચિતતાની સ્થિતિમાં એવો કોઈ પૂરક વ્યવસાય હોવો જરૂરી છે. જ્યારે એની ઉપર પ્રકૃતિનો પ્રકોપ વરસે ત્યારે જીવન નિર્વાહનો સહારો બની શકે.

## (સ) ખેતી પૂરેપૂરા સમયનો વ્યવસાય નથીઃ-

એકતો ખેડ નાની, બીજું ખેતીમાં આખું વર્ષ કામ હોતું પણ નથી. ભારતનો ખેડૂત વર્ષના ૧૨ મહિનામાંથી માત્ર ૮ મહિના જ ખેતી કરે છે. બાકીના ચાર મહિના બેકાર બેસી રહે છે. શ્રમનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી. સામન્ય ખેડૂતની આર્થિક સ્થિતિ સારી ન રહેવાનું આ પણ એક મહત્વનું કારણ છે.

### આવશ્યકતા -

આવશ્યકતા એ વાતની છે, કે ખેતીની સાથે એવો કોઈ ધંધો હોવો જોઈએ, કે જે ખેતીનો પૂરક હોય, સરળ હોય, તેની મહેનત પાછળ લાગતી રહે તથા કુટુંબના નિર્વાહ માટે આવકનું વધારાનું ચોક્કસ કોઈ સાધન બની રહે.

## ૩.૨ ગ્રામ્ય પ્રધાન હોવાના કારણે વિશેષતાઓ/સમસ્યાઓઃ-

### (અ) આવાગમન અને માલવહનઃ-

ભારતના ગામડાઓ દૂર દૂર અંતરિયાળમાં વસેલાં છે. બહુ ઓછા ગામડાંઓને છોડી એક ગામ બીજા ગામ અને શહેર સાથે માત્ર કાચા રસ્તાથી જોડાયેલા છે. આવાગમનની તથા માલવહનની દૈનિક આવશ્યકતાઓ પૂરી કરવા માટે ગરીબ

જનતા પાસે મશીન દ્વારા ચાલતા આવાગમનના સાધનો ઉપલબ્ધ નથી અને જે છે તે તેમની શક્તિ બહારની વાત છે કાચા રસ્તાઓ પર તેનો ઉપયોગ ન તો વ્યવહારિક છે, ન તો અસરકારક છે.

## (બ) ઘરગથ્થુ ઈંધણની ભરપાઈઃ-

ઈંધણ પણ આહારની સમાન્તર જરૂરી છે. કોઈ પણ રીતે અનાજને રાંધવું કે ઉકાળવું તો પડે છે. દૂધ, ચા વગેરે ગરમ કરવા માટે બળતણની આવશ્યકતા પડે છે. એટલા માટે એ પણ ખાદ્ય પદાર્થની જેમ જ આવશ્યક ચીજ વસ્તુ છે.

બળતણની જરૂરીયાત પૂરી કરવા માટે મોટાભાગના લોકો જલાઉ લાકડાં પર નિર્ભર રહે છે, તો કેટલાક લોકો છાણાનો પણ ઉપયોગ કરે છે. જેઓ લાકડાંનો ઉપયોગ કરે છે તેઓ નજીકમાં આવેલા જંગલોમાં જઈ વૃક્ષો કાપીને એ જરૂરીયાત પૂરી કરે છે. લાકડાના નિરંતર જલાઉ ઇંધણ રૂપે થતાં ઉપયોગથી, વૃક્ષો તથા જંગલો પર દબાણ વધી રહ્યું છે. જેના કારણે આજે પ્રદૂષણની સમસ્યા વધી છે. જંગલોના વૃક્ષોના નાશનો સીધો અર્થ એ છે, કે સાર્વજનિક આરોગ્યની બરબાદી. કારણ કે અનાજની જેમ હવાને પણ આપણાં પોતાના એકલા માટે સુરક્ષિત રાખી શકાય નહી. એના વ્યાપક ભંડારમાંથી જ ગરીબ-તવંગર સૌ શ્વાસ લે છે.

વૃક્ષો વાદળાઓને આકાશમાંથી ખેંચી લાવે છે તથા તેને ધરતી પર વરસવા માટે મજબૂર કરે છે. જે વિસ્તારમાં વૃક્ષોનો નાશ થઈ રહ્યો છે, ત્યાં વરસાદ થતો નથી. દુષ્કાળ પડે છે, જમીન વેરાન થતી જાય છે. વૃક્ષોના મૂળ ફળદ્રુપ જમીનના પડળને મજબુતાઈથી પકડી રાખે છે અને જમીનની ફળદ્રુપતા સાચવી રાખે છે. સાથે-સાથે જમીનનો ભેજ જાળવી રાખતા વૃક્ષ-વનસ્પતિઓનું પોષણ પણ કરે છે. જમીન ધીરે-ધીરે વરસાદનું પાણી ચૂસતી રહે છે તો પૂર આવતું નથી. નહીંતો વરસાદ થતાં જ પાણી સીધુ નદીઓમાં પહોંચે છે. પછી તે છલકાય છે અને આસપાસના વિસ્તારને ડુબાડી દે છે. સાથે જ સઘળી માટીને પણ પોતાની સાથે ખેંચી જાય છે તેનાથી નદીઓનું ઉંડાણ ઘટવાથી પૂર આવવાનો ક્રમ એથી પણ વધુ તીવ્ર બની જાય છે. તેનાથી ખેતરોની ફળદ્રુપતા ઘટતી જાય છે. ફળ સ્વરૂપે તે રેતાળ, પથરાળ, ખારી અને બિનઉપજાઉ બની જાય છે. આ છે, વનસ્પતિ વિનાશનો અભિશાપ, જેને આપણે મુખ્યત્વે ઇંધણની ભરપાઈ કરવા માટે આમંત્રણ આપીએ છીએ.

**આવશ્યકતાઃ-**

અર્થાત આવશ્યકતા એ વાતની છે, કે ગ્રામ્ય જનતાની પાસે એવો કોઈ ચોક્કસ વિકલ્પ હોવો જોઈએ, કે જેથી આવાગમન, માલવાહકની આવશ્યકતા પૂરી કરે તથા ઈંધણ માટે વન-વનસંપતિઓ ઉપર બિન આવશ્યક દબાણ ન પડે.

## ૩.૩ ઉપરોક્ત તમામ સમસ્યાઓનો એક માત્ર ઉકેલ- ગૌપાલનઃ-

પશુઓએ મનુષ્યની પ્રગતિમાં મહત્વનો સહકાર આપ્યો છે, મનુષ્યે આહાર, વસ્ત્ર, આવાગમન તથા અન્ય સુવિધાઓ માટે પશુઓનો જ સહારો લીધો છે. ભિન્ન-ભિન્ન દેશોનું વાતાવરણ તથા પોતાની સ્થાનિક પરિસ્થિતિઓની અનુરૂપ જાનવરોને પોતાના સાથીદાર બનાવ્યા છે. જેવી રીતે આરબવાસીઓએ ઉંટને પોતાનું વહાણ માન્યું છે, એ જ રીતે ભારતવાસીઓએ ગાયને માતા સમાન માની છે, એણે જ યુગોથી મનુષ્યને આરોગ્ય તથા સમૃદ્ધિ પ્રદાન કરી છે અને એજ આજે ભારતને આજની દયા જનક સ્થિતિમાંથી ઉગારવા માટેનો એક માત્ર ઉકેલ છે. ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ ગામડાંઓની અને ખેતીની તમામ સમસ્યાનો ઉકેલ ''ગાયના પાલન પોષણ''થી જ આવશે.

## ૩.૪ ભારતની ખેતી જીવંત રહેશે તો એ માત્ર ગૌપાલન થીઃ-

ભારતની ખેતી તથા ગૌપાલનને પરસ્પર ગાઢ સંબંધ છે, તે એકબીજાના પુરક છે તથા એકના દ્વારા બીજાનું પોષણ થાય છે. આ બન્નેને જો જોડી દેવામાં આવે, તો એવી વ્યવસ્થા કરનારો ખેડૂત કેટલો પણ કેમ નાનો ન હોય તે હંમેશા નફામાં રહે છે, ખોટમાં નહીં, તથા આસાનીથી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરી શકે છે.

**૧.** ખેતી તથા ગૌવંશ એક બીજાના પરસ્પર પોષક છે, ખેતીનો વેસ્ટ ગૌવંશનો ખોરાક છે તથા ગાય બળદનો વેસ્ટ અર્થાત છાણ-ગૌમૂત્ર ખેતી વાડી માટે ખાતરની આવશ્યકતા પૂરી કરે છે. એકનું સારું પોષણ, સારું આરોગ્ય બીજાના સારા ઉત્પાદનનું કારણ બને છે.

પોતાની જમીનમાંથી અગર થોડી જમીનને ઘાસચારો ઉગાડવા માટે સાચવી રાખવામાં આવે તો, તેના વડે ગૌપાલનનું પાલન પોષણ થઈ શકે, જે સારી ખેતી માટે પૂરતાં પ્રમાણમાં ખાતર તથા ગૌમૂત્ર રૂપે જંતુનાશક દવા આપી દે છે. જો કે જમીનનો એટલો ભાગ અનાજના ઉત્પાદનની દ્રષ્ટિએ મહત્વનો હોતો નથી. ગાયના છાણમાંથી પ્રાપ્ત થતું જંતુયુક્ત ખાતર, રાસાયણિક ખાતર કરતાં અનેક ઘણો લાભ પહોંચાડે છે. જમીનની ફળદ્રુપતાને ન માત્ર જાળવી રાખે છે, પરંતુ તે નિરંતર વધારો કરી એ સ્થિતિમાં પહોંચાડે છે, કે જેના દ્વારા ખેતીનો લાંબા સમયનો સહારો બને છે. ગૌમૂત્ર પોતાની રીતે એક એવી સંપૂર્ણ જંતુનાશક દવા છે, કે જે ખેતી માટે ઉપયોગી તથા લાભદાયક જીવજંતુઓ અને કીડી મકોડાને નુકશાન પહોંચાડતું નથી.

આ રીતે પ્રાપ્ત થતું ખાતર અને જંતુનાશક દવા જે સસ્તી છે, સ્વાવલંબી છે તથા પ્રદૂષણ રહિત છે. તેનાથી પેદા થતું અનાજ પણ સ્વાદિષ્ટ તથા પ્રદૂષણ રહિત હોય છે.

**૨.** જેવી રીતે ભારતીય ખેતી નાની ખેડમાં વહેંચાયેલી છે, તેને માટે બળદ વગર કોઈ ચારો નથી. બળદ હળ, હાંકવા, વાવણી કરવા, સિંચાઈ કરવા, પીલવા, ઉપજેલા અનાજને ખેતરથી ઘરે ત્યાંથી બજાર પહોંચાડવા સુધીના તમામ કામમાં ઉપયોગમાં લેવામાં આવે છે. બળદની આવશ્યકતા ભેંસના બચ્ચાં (પાડા)થી સંપૂર્ણ પણે પૂરી થઈ શકે નહીં. બળદ જેટલું કામ કરે છે તથા જેટલી મહેનત કરાવી શકાય છે, એટલી પાડાથી કરાવી શકાતી નથી. બળદ ગામડાંના આવાગમન અને માલવહનની આવશ્યકતા માટેનો એકમાત્ર વિકલ્પ છે.

**૩.** ગૌપાલન ખેતીની સાથે એક પૂરક સહયોગી ઉદ્યોગ છે. ખેતીની સાથે ગૌપાલન માટે અલગથી કોઈ નાણું ખર્ચ કરવું પડતું નથી. ખેતીનું નિંદામણ કરતી વખતે જે ખડ ઉખાડવામાં આવે છે, તેને ધોઈ, કુટી તથા કાપી ગાય અને બળદને ખવડાવી દેવામાં આવે તો ચારાની બચત થાય છે. મૂળા, સરસવના પાકા પાંદડા, પાકેલા મૂળાના કંદ, ગાજર, શેરડીના પાંદડા, શકરિયાના બિન જરૂરી વેલાઓ તથા અન્ય વનસ્પતિઓ, કે જે નકામી હોય છે, ગાય તેને ઘણા સ્વાદથી ખાઈને ઉત્તમ દૂધ આપે છે અને તેને છાણ રૂપી સર્વોત્તમ ખાતર રૂપે પરિવર્તન કરી દે છે. અગર જો થોડો ઘણો ચારો જો ઉગાડવો પડે તો તે પણ ખૂબ જ ઓછી જમીનમાં. આવા પ્રકૃતિ દ્વારા પ્રદાન કરવામાં આવેલ જીવતું જાગતું મશીનને રાખવું સરળ તથા સુગમ છે.

ગૌપાલનમાં ઘરની સ્ત્રીઓ, બાળકો તથા વૃધ્ધો સૌની મહેનતનો સદુપયોગ થઈ જાય છે. ઉપરાંત સાધનનો નિર્વાહ પણ સરળતાથી ચાલે છે. ઘરમાં સૌને થોડું ઘણું ઘી, દૂધ, દહીં વગેરે પણ મળતું રહી શકે, જે આરોગ્યની સ્થિરતા માટે આવશ્યક છે.

**૪.** ગામડાંઓની જલાઉ ઇંધણની સમસ્યાનો ઉકેલ પણ ગૌપાલનથી આણી શકાય છે. ૪-૫ ઢોરના છાણ દ્વારા એક બાયોગેસ પ્લાંટ ચલાવી શકાય છે અને તેના થકી મધ્યમ કુટુંબ માટે આસાનીથી આહાર રાંધી શકાય. બીજું છાણને બિલકુલ નુકશાન પણ પહોંચતું નથી. તેને ખાડામાં સડતા રહેવાની તક મળવાથી એની ફળદ્રુપતા ઓર વધી જાય છે. આ પ્લાંટ લગાડવો ન તો ખૂબ મોંઘો છે, કે ન તો મુશ્કેલ છે. આ આધારે ઘરમાં બળતણ માટે જે રૂપિયાનો ખર્ચ થાય છે તથા તેને ખોળી લાવવામાં જે સમય મહેનતનો ખર્ચ થાય છે, એ બધાની બચત થાય છે.

**૫.** ખેડૂત માટે ખેતીની અનિશ્ચિતતામાં કોઈ સહારો શોધી શકાય તો, તે છે ગૌપાલનને પૂરક ધંધો બનાવવો. જ્યારે પણ પ્રકૃતિ માતાનો એની ઉપર કોપ વરસે ત્યારે ગૌમાતા તેને સહારો આપી દે છે. એને માટે જ નહીં, દેશને માટે પણ ખાદ્યાન્નની જ્યારે સમસ્યા પેદા થશે ત્યારે એ સમયે પોતાના દૂધ દ્વારા નિરાકરણ પણ કરી દેશે.

આપણાં દેશના લગભગ ૭૦ ટકા લોકો ખેતીના ઉદ્યોગમાં લાગેલા છે. અગર તેઓ ગૌપાલનમાં દીર્ઘ દ્રષ્ટિનો સમાવેશ રાખે તો તેમના જીવન નિર્વાહ અંગે તથા આરોગ્યના રક્ષણ માટે કોઈપણ પ્રકારની સમસ્યા રહેશે નહીં.

## ૪. ગૌપાલન આપણી આર્થિક નીતિનું અંગ બને, એનો વિકલ્પ નહીંઃ-

અગર જો સાચી રીતે ભારતની ગરીબાઈ, ભૂખમરો, બેરોજગારીની સમસ્યાઓનો ઉકેલ આણવો હોય તો ગાયનું પાલન, પોષણ તથા રક્ષણ ન માત્ર આવશ્યક છે, પરંતુ સમયની અનિવાર્યતા છે. તેને આપણી આર્થિક નીતિનું અંગ બનાવવું જોઈએ. **મહાત્મા ગાંધી**એ પણ એ સમયે કે જ્યારે ગાયની પરિસ્થિતિ આજ કરતાં ખૂબ જ સારી હતી, ત્યારે તેમણે ગાયની દયાજનક દશા પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે -''જ્યારે ગૌહત્યા થાય છે, ત્યારે મને લાગે છે, કે મારી પોતાની હત્યા કરવામાં આવી રહી છે. આજે ગાય તો મૃત્યુના આરે ઉભી છે અને મને વિશ્વાસ નથી કે આપણાં પ્રયત્નો તેમને બચાવી શકશે. અગર જો તે નાશ પામી તો આપણે પણ અર્થાત આપણી સંસ્કૃતિ પણ નાશ પામશે. મારું તાત્પર્ય આપણી અહિંસા પ્રધાન ગ્રામ્ય સંસ્કૃતિ છે.'' તેમણે ગૌરક્ષાના કાર્યની તપાસ કરતા સમયે આર્થિક પાસા પર વિચાર કર્યો હતો. તેમનું કહેવું હતું -''અગર જો ગૌરક્ષાના કાર્યને ધન સાચોસાચ વિરોધી માનવામાં આવે તો આપણે આપણી આર્થિક નીતિને ધરમૂળથી બદલવી પડશે. ગૌરક્ષા અનિવાર્ય છે. આપણી આર્થિક નીતિ એની અનુરુપ બનાવી શકાય.''

**૧.** ભારતનું આર્થિક માળખું ગૌપાલન પર નિર્ભર છે, કારણ કે ૮૦ ટકા પ્રજાની આજીવિકાનું ખેતીનો ધંધો છે અને એનું મુખ્ય માધ્યમ બળદ છે, જે ગાય પાસેથી મળે છે. ભારતની નાની, નાની ખેડ માટે બળદથી ચઢીને બીજી કોઈ ઉપયોગી સાધન નથી. આ એક એવું સસ્તુ ટ્રેક્ટર છે, કે જે ખેડાણની સાથે ખાતર પણ પુરું પાડે છે. અર્થાત્ ખેતી માટે ખાતર, જંતુનાશક અને ખેડ ત્રણેની આવશ્યકતા બળદ એકલો જ પૂરી પાડે છે. એનાથી વિપરિત ટ્રેક્ટર ઓઈલ ખાય છે અને ધુમાડો બહાર કાઢે છે. ઓઈલ આપણે વિદેશમાંથી આયાત કરવું પડે છે અને તેમાંથી નિકળતો ધુમાડો વાતાવરણને પ્રદૂષિત કરે છે.

ભૌતિકતાની આંધળી દોડમાં બજારુ ખેતીથી (જંતુનાશક, રાસાયણિક ખાતર અને ડીઝલ પર આધારિત ખેતી) જમીનની ફળદ્રુપતા જર્જરિત થવાના કારણે આપણી ખેતીનું સ્વરૂપ તથા પ્રાકૃતિક ટકાઉ આધાર સમાપ્ત થઈ ગયો છે, તેને પણ ગૌપાલન દ્વારા ફરીથી સ્થાપી શકાય.

**૨.** ગૌવંશના છાણ, મૂત્ર, અહિંસક ચામડાં, હાડકાં, શિંગડા વગેરેમાંથી બનેલી અનેક ચીજવસ્તુઓ પર આધાર રાખતાં ગ્રામોદ્યોગ/કુટિરઉદ્યોગનું માળખું ઉભું કરી શકાય છે. જે ન માત્ર ગામડાઓને સ્વાવલંબી બનાવશે, પરંતુ દેશના અર્થતંત્રમાં મુખ્ય ભૂમિકા નિભાવી શકે છે. કૃપા કરી જૂઓ **પરિશિષ્ટ-૧**ના **અનુસંધાન-૩** પર ઉલ્લેખ કરવામાં આવેલ ઉત્પાદનનોની માહિતિ.

**૩.** ગામડાઓમાં ખોરાક રાંધવા માટે બળતણ અંગેની સમસ્યા પણ અનાજના ઉત્પાદન જેટલી જ મુશ્કેલ છે. અન્ય દેશોમાં બળતણના અનેક વિકલ્પો પૂરતા પ્રમાણમાં મળી આવે છે. ત્યાં વિજળી, કોલસા, ઓઈલનું ઉત્પાદન ખૂબ જ વધારે છે. ભારત આ વિષયમાં પણ પછાત છે. અહીં તેનું ઉત્પાદન બહું ઓછું છે. ગેસના ઉત્પાદનમાં પણ ભારત અન્ય શક્તિશાળી દેશોની સરખામણીમાં પછાત છે. જે ઉત્પાદન થાય છે તે પણ મોટા શહેરો અને કસબાઓમાં જ ખપી જાય છે. બાકીનું બે તૃતિયાંસ ભારત તો નાના નાના ગામડાઓમાં વિખરાયેલું પડ્યું છે. ત્યાં સુધી આવાગમન-વાહન વહેવારની અગવડતાના કારણે એ બધી માંગ પૂરી પણ થઈ શકતી નથી. સાથે સાથે ગ્રાહકોની એવી આર્થિક સ્થિતિ પણ હોતી નથી, કે ઉંચી કિંમત ચૂકવી મેળવી શકે. કેરોસીન, પથ્થરીઓ કોલસો પણ ગામડાઓમાં વિખરાયેલા દેશના દરેક ખૂણા સુધી પહોંચી શકતો નથી. ફળ સ્વરૂપે સરળતાથી મળી જનારા છાણાં તથા લાકડા પર નિર્ભર રહેવું પડે છે. એટલું હોવા છતાં પણ ભારતીય રાંધણ પધ્ધતિમાં રોટલી-રોટલા બનાવવાનું પ્રચલન છે. મોટા ભાગનો ખોરાક આ રીતે જ બને છે. એનાથી એમાં બળતણ પણ વધારે પ્રમાણમાં વપરાય છે.

એવા દેશમાં એક જ વિકલ્પ રહી જાય છે, તે છે, ''ગોબર ગેસ'' એના નાના મોટા પ્લાંટ લગાવવામાં આવે. એમાંથી નિકળતો ગેસથી રસોડાઓની જરૂરિયાત પૂરી થઈ શકે છે. સાથે સાથે ઉપયોગ કર્યા પછી બાકી બચેલું છાણ નિરર્થક જતું નથી. પરંતુ એનાથી પણ વધારે ઉપજાઉ બની જાય છે. ચીને પોતાની બળતણની સમસ્યાનો આ રીતે જ ઉકેલ આણ્યો છે.

**૪.** ગ્રામ્ય વિસ્તારમાં પરિવહન અને માલવહન એક અત્યંત મહત્વનું કાર્ય છે. એની ભરપાઈ બળદ દ્વારા જ સંભવ છે. ગ્રામ્ય વ્યવસાય માલ વહન માટે હંમેશા આવશ્યક છે. જે કામ રેલ્વે કે ટ્રક દ્વારા થઈ શકતું નથી એ કામ બળદ ગાડા પર

નિર્ભર રહે છે. સ્ત્રી તથા બાળકો સગા સંબંધોઓને ત્યાં બળદ ગાડા દ્વારા સરળતાથી અવર જવર કરી શકે છે.

હવે એની ધરી તથા પૈડામાં થયેલ સુધારથી તથા રસ્તાઓ માટે પણ શરૂ થયેલી કંઈક સુધારની પ્રક્રિયાથી બળદગાડા દ્વારા થતો ઉદ્યોગ ચોક્કસ વધશે અને ડીઝલની વધતી તંગીથી પેદા થનારા માલવહનનાં પડકારનો સામનો કરવા શક્તિશાળી બની શકાશે.

**૫.** ખેતીમાં ઉપયોગમાં લેવાતા ઝેરી જંતુનાશકનો વિકલ્પ છાણ તથા ગૌમૂત્ર રૂપે તૈયાર કરી તથા ઘરગથ્થુ બળતણનો વિકલ્પ બાયોગેસ દ્વારા તૈયાર કરી હવા, પાણી અને જમીનના પ્રદૂષણની આજની જવલંત રાષ્ટ્રીય સમસ્યાઓનો ઉકેલ ગૌપાલન વડે જ થઈ શકશે.

**૬.** બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને વૃદ્ધોના કુપોષણની સમસ્યાનું નિરાકરણ પણ ગૌવંશ ઉપર જ નિર્ભર કરે છે. બાળમૃત્યુ અને કુપોષણ સામે રક્ષણ તથા બિમારો માટે યોગ્ય આહારનો ઉકેલ ગાયના દૂધથી સંભવ છે. ભેંસના દૂધથી આ માંગની આવશ્યકતા પૂરી થઈ શકે નહીં.

સમગ્ર વિશ્વમાં કુપોષણને કારણે મૃત્યુને ભેટતાં ૧થી ૫ વર્ષની ઉંમર ધરાવતા બાળકો પૈકી ભારતમાં કુપોષણના કારણે મૃત્યુ પામતાં બાળકોનો દર ઉંચો છે.

*દુનિયામાં દર વર્ષે ૬૦ લાખ બાળકો કુપોષણના કારણે મૃત્યુનો શિકાર બને છે. આ ભયાનક ત્રાસનું બિહામણું સ્વરૂપ ભારતમાં જોવા મળે છે. જ્યાં દર વર્ષે ૨૦ લાખ બાળકો મૃત્યું પામે છે, તેના ૩૩ ટકા બાળકો કુપોષણના કારણે મરી જાય છે તથા બીજા લાખો બાળકો કુપોષણનો શિકાર બની માનસિક અને શારીરિક રીતે અપંગ બની, પોતાની આખી જિંદગી જીવતા રહેવા માટે સંઘર્ષ ખેડતા જ પસાર કરે છે. અગર ઈશ્વરની અગાધ કૃપાથી પોતાની અદમ્ય જિજીવિષાના કારણે જીવન સંઘર્ષમાં વિજયી તો બની જાય છે, પરંતુ તેઓ લગભગ પોતાનું જીવન સમગ્ર માનવીય ગુણો અને મનુષ્યોચિત બૌદ્ધિક, શારીરિક જરૂરિયાતો સાથે જીવી શકતા નથી.

કોઈ પણ ચેપી રોગ, કુદરતી આફતો, રોગચાળો અથવા યુદ્ધમાં મરતા બાળકોની સંખ્યા કરતાં આ સંખ્યા ખૂબ વધારે છે.

*છતાં પણ બાળ કુપોષણ એ આંતરરાષ્ટ્રીય સમસ્યા છે અને લગભગ સમગ્ર વિશ્વના એક તૃત્યાંશ વિકાસશીલ દેશો તેનો શિકાર છે. પરંતુ તેમાં ભારતની સ્થિતિ દયાજનક છે. દુનિયાના ૪૦ ટકા કુપોષણવાળા રોગી બાળકો ભારતમાં છે.

*ભારતમાં પાંચવર્ષથી ઓછી ઉંમરના પર ટકા બાળકો કુપોષણનો શિકાર બને છે તથા ૪૦ ટકા બાળકો મોતનો શિકાર બની જાય છે.

*કુપોષણનો શિકાર બની અપંગ બનવાનું અથવા મૃત્યુ પામવાનું કારણ સ્ત્રીઓની ઉપેક્ષિત સામાજિક સ્થિતિ, સગર્ભા હોવાની સ્થિતિમાં પૂરતો પૌષ્ટિક આહાર ન મળવાથી અને પ્રસુતિના સમયે રાખવામાં આવતી બેદરકારી જણાવામાં આવ્યું છે.

કુપોષણના કારણે મૃત્યુને ભેટતા અથવા અપંગ થતા બાળકો એ કોઈ વ્યક્તિનું પણ વ્યક્તિગત નુકશાન નથી, પરંતુ તે સમગ્ર સમાજ, રાષ્ટ્ર તથા સમગ્ર માનવતાની ક્ષતિ છે. કોઈ જાણે છે, કે આ મૃત્યુ પામનારા બાળકોમાંથી ક્યું બાળક માનવ જાતિ માટે શું કરી જાય છે? સંભવ છે, કે તેમાંથી કોઈ કેંસર તથા એડ્સની દવા શોધી શક્યો હોત અથવા તેમના મૃત્યુનો સીધો અર્થ થાય છે, ઉજ્જવળ ભવિષ્યનું મોત ભારતની અસ્મિતા, સંસ્કૃતિ, પરંપરાઓ અને મનુષ્યની ભાવી સંભાવનાનું મૃત્યુ.

ઉપરોક્ત વાસ્તવિકતાથી એ સ્પષ્ટ છે, કે દેશના અર્થતંત્રનો પ્રાણ તેના ગામડાઓ છે. ગામડાઓનું અર્થતંત્ર વિકસિત અને સુદઢ કરીને જ આપણે દેશના અર્થતંત્રને સ્વતંત્ર અને સુદ્ઢ બનાવી શકીએ. એને માટે આવશ્યક છે, ગૌપાલન, જે રાષ્ટ્રની આર્થિક નીતિનું અંગ બને.

અમુક મર્યાદા સુધી ઔદ્યોગીકરણ બરાબર પણ છે અને અમુક મર્યાદા સુધી અનિવાર્ય પણ, પરંતુ ભૌતિક પ્રગતિની દોડ એટલી આંધળી ન હોવી જોઈએ કે આર્થિક નીતિના પ્રાણ સમાન ગૌધનની ઉપેક્ષા કરી વ્યવસ્થિત રીતે તેના વિનાશનો ક્રમ ચલાવવામાં આવતો રહે. પરંતુ દુર્ભાગ્યવશ એ જ થઈ રહ્યું છે. આશા રાખવી જોઈએ કે સત્તાધીશોને સમય રહેતા સમજ આવશે અને તેઓ ફરીથી ગ્રામ્ય સંસ્કૃતિને પોષણ આપનારી આર્થિક નીતિને પ્રોત્સાહન આપશે, પરંતુ આપણે આપણાં સત્તાધીશોને સમજ આવે ત્યાં સુધી રાહ જોવાની નથી. આપણે જ્યાં છીએ, જે પરિસ્થિતિમાં છીએ, ત્યાં પોતાનાં બળે, પ્રજાના બળે, ગૌરક્ષાનો તથા પાલન-પોષણના કાર્યનો આરંભ કરી દેવો જોઈએ અને ''ગાય લાવો દેશ બચાવો'' ના સંકલ્પ માટે કટિબદ્ધ થવું જોઈએ. અહીં આજના ભાગવત અવતરણની, પ્રજ્ઞા અવતરણની મહાન ક્ષણોમાં સમયની મહત્વની આવશ્યતા છે.

# ૩ ગાયનું રક્ષણ તથા ઉછેર કેવી રીતે થાય?

## ૧.ગાયના રક્ષણ માટે કરવામાં આવેલાં આજ સુધીના પ્રયત્નો તથા તેના પરિણામોઃ-

૧૮૫૭ નાં સ્વાતંત્ર આંદોલનની પૂર્વે ગાયની રક્ષા માટે બ્રિટિશ ભારતમાં ''સંપૂર્ણ ગૌહત્યા બંધી''નો કાયદો ઘડી કાઢવાના પ્રયત્નોનો આરંભ થયો હતો, જે આજ સુધી ચાલી રહ્યો છે. આ પ્રયત્નોનો ઈતિહાસ ૧૫૦ વર્ષથી પણ વધારે જાુનો છે, જેમાં મહાત્મા ગાંધી, મહર્ષિ દયાનંદ, લાલા લજપતરાય, મહામના મદન મોહન માલવીય, પુરુષોત્તમ દાસ ટંડન, હકીમ અજમલખાં, આચાર્ય વિનોબા ભાવે જેવા સ્વતંત્રતા સેનાનીઓ, કે જેમણે ગૌહત્યા બંધીને સ્વરાજ્યનું પ્રતીક માની અંગ્રેજો સાથે સંઘર્ષ ખેડયો હતો. ત્યારથી લઈને આઝાદ ભારતમાં અનેક સામાજિક સંસ્થાઓ, નેતાઓ,સાધુસંતો અને ગૌભક્તો છે,કે જેમણે સતત ખેડેલા અથાક પ્રયત્નો પણ સામેલ છે. ગૌવધ બંધ કરવા માટે જેમણે સરકારને મજબૂર કરવા તથા તેની સમક્ષ દેખાવો, ઉપવાસ, આમરણાંત ઉપવાસ, સત્યાગ્રહ આંદોલનો વગેરેમાં ભાગ લઈને વિરોધ દર્શાવવામાં ફાળો આપ્યો હતો અને જેલમાં પણ ગયા, યાતનાઓ પણ વેઠી. ત્યારે સ્વતંત્રતા સંગ્રામના મહાપુરુષોને એવી આશા હતી કે સ્વતંત્રતા મળ્યા પછી કલમના એક જ ઝટકે ''ગૌ હત્યા બંધી'' કરાવી દેવામાં આવશે, પરંતુ સ્વરાજ્ય મળ્યા પછી એ ન માત્ર દિવાસ્વપ્ન બની ગયું, પરંતુ આગળ વધતા સમયની સાથે સાથે પરિસ્થિતિ પણ પલટાતી ગઈ અને ખરાબમાં ખરાબ બની ગઈ તથા છાસવારે લોકશાહી સરકારો દ્વારા પ્રેરિત તથા પોષણ કરવામાં આવતા નવા નવા કતલખાના ખુલતા ગયા, માંસ-ચામડાની નિકાસ વધતી ગઈ, ગૌવંશ ઓછો થતો ગયો અને આજે આપણે એવી સ્થિતિમાં આવી ગયા છીએ, કે જેને એમ કહી શકાય કે ભારત જેવા નાની ખેડ વાળા ખેતીપ્રધાન દેશ માટે પોતાના પગ પર કુહાડી મારીને આત્મહત્યા કરવા જેવી સ્થિતિ પેદા કરી દીધી છે. કારણ કે ડીઝલ વડે ચાલતા મશીનો, રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓ પર આધાર રાખતી ખેતી પ્રદૂષણ જન્ય તથા પરાવલંબી હોવાની સાથે એટલી મોંઘી થઈ ગઈ છે, કે નાના મધ્યમ વર્ગનો ખેડૂત ખેતી છોડવા અથવા મજુરી પર આધાર રાખવા મજબૂર બન્યો છે. આઝાદી પહેલાં અને આઝાદી પછી સંપૂર્ણ ગૌ હત્યાબંધી માટે વધતા ક્રમમાં શું શું પ્રયત્ન થયા અને તેનું શું પરિણામ આવ્યું, તેનો ક્રમબદ્ધ અહેવાલ **પરિશિષ્ટ-૫** આપવામાં

આવ્યો છે. એવી અનેક મહત્વની વ્યક્તિઓ તથા ગૌભક્તો છે, કે જેમના નામનો ઉલ્લેખ કરવો સંભવી શક્યું નથી, કે જેમણે આ સત્યાગ્રહોને યોજવામાં તથા ચલાવવામાં ફાળો આપ્યો છે, આ રજૂઆતનો ઉદ્દેશ માત્ર આજના વિષમ સમયમાં પ્રજાને તથા પ્રયત્ન કરી રહેલી વ્યક્તિઓને આજ સુધી કરવામાં આવેલાં પ્રયત્નોના સંદર્ભમાં ઘડી કાઢવામાં આવેલી રૂપરેખાની માત્ર માહિતિ આપવાનો હતો. જેથી તેઓ સમય અનુસાર પોતાના પરિશ્રમને અસરકારક વળાંક આપવા સમર્થ બની શકે.

આઝાદી પછી વિભિન્ન સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા વિભિન્ન સ્વરૂપે કરવામાં આવેલા પ્રયત્નો જો કે પ્રશંસનીય છે તથા પ્રણામ કરવા યોગ્ય છે અને એને કોઈ પણ પ્રકારે ઓછા આંકવામાં આવી રહ્યા નથી. છતાં પણ આ વાસ્તવિકતાને પણ નકારી નહીં શકાય કે આ પ્રયત્નોના માર્ગમાં કોઈને કોઈ ભૂલ અવશ્ય રહી છે, જેના કારણે ન તો ગૌવંશને બચાવી શકાયો, કે ન તો કેન્દ્ર સરકારનો સંપૂર્ણ ગૌહત્યા બંધીનો કાયદો બન્યો. આઝાદી પછી જેમ-જેમ નૈતિકતાનું અધઃપતન થતું ગયું તથા સ્વાર્થવૃત્તિ વધતી ગઈ, તેમ તેમ ગાયની રક્ષાના નામે કરવામાં આવેલા પ્રયત્નો પણ આ માનસિક સ્થિતિથી અસ્પૃશ્ય રહી શક્યા નહીં. આઝાદી પહેલાં આરંભ કરવામાં આવેલ પ્રયત્નો ગાયની સેવાથી પ્રચિત તથા ઓતપ્રોત હતા, તેઓ ગાયની સેવાથી દૂર હટી ''ગૌપૂજાન'' તથા ગાય માતાના જપનો સૂત્રોચ્ચાર કરવા સુધી મર્યાદિત બનીને રહી ગયા અને એ માની લેવામાં આવ્યું કે અગર ગૌહત્યા બંધી કાયદો બની જશે તો ગાય આપોઆપ બચી જશે. અગર આ ધારણા સાચી છે, તો નીચેના પ્રશ્નોનો યોગ્ય ઉત્તર શું છે?

**૧.** મુસલમાન ભાઈઓ કતલખાના તો અવશ્ય ચલાવે છે, કતલખાના ચલાવનારને ગૌવધ માટે દોષી માનવામાં આવે છે, પરંતુ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે, કે ગાય કતલખાને જાય છે ક્યાંથી? ઉત્તર સ્પષ્ટ છે, જ્યાં તેને પાળવામાં આવે છે ત્યાંથી, અર્થાત ગાયને માતા કહેનારા તથા એની પૂજા કરનારા હિન્દુ ભાઈઓના ત્યાંથી. તો દોષીકોણ અને શા માટે?

**૨.** મહારાષ્ટ્ર રાજ્યમાં સ્થાપવામાં આવેલા **દેવનારનું કતલખાનું** એશિયાનું જાહેરક્ષેત્રનું સૌથી મોટું કતલખાનું છે. જેની સમક્ષ ૧૯૮૨ થી ગૌહત્યા કાયદાની માંગ માટે સતત અખંડ સત્યાગ્રહ ચાલી રહ્યો છે. આ રાજ્યમાં માલ વહન, પ્રજનન, ખેતી તથા દૂધ આપવા યોગ્ય ગાય તથા તેની ઓલાદની કતલ ન કરવાનો કાયદો હોવા છતાં ગેર કાયદેસર રીતે ખુલ્લે આમ કતલ ચાલી રહી છે. તેમાં ૭૦ - ૮૦ ટકા ઉપયોગી બળદ કપાઈ રહ્યા છે, તો ઢોરોના ડૉકટરો પણ મોટા

બહોળા પ્રમાણમાં ખોટા પ્રમાણપત્રો આપી રહ્યા છે. આ વાતની નીચેથી ઉપર સુધીના તમામ અધિકારીઓ તથા મંત્રીઓને ખબર છે અને કાયદો હોવા છતાં કતલ રોકાતી નથી. મહારાષ્ટ્રના માલેગાંવ, ધુલિયા, ઔરંગાબાદ, જાલના, પરમણી, ઉસ્માનાબાદ, નાંદેડ, આકોલા, હિવરખડે, પરતવાડા, અમરાવતી, નાગપુર વગેરે સ્થળો પર ગૌવંશની માત્ર કતલ માટે જ ખરીદી કરવામાં આવે છે. જેના પર સરકારનું કોઈ પણ નિયંત્રણ નથી.

**૩.** તામિલનાડુ, ઓરિસ્સા, કેરાલા, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ આસામ, ગોવા, મણિપુર, મેઘાલય, મિજોરમ, નાગલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા વગેરે રાજ્યોમાં ખૂલ્લે આમ ગાયનો વધ કરવામાં આવે છે. કારણ કે ત્યાં આંશિક ગૌહત્યા બંધીનો કાયદો છે. સંપૂર્ણ ગૌહત્યાબંધીનો કાયદો નથી, પરંતુ જે પ્રદેશોમાં (જમ્મુ-કાશ્મીર,હિમાંચલ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ,ગુજરાત, દિલ્હી તથા ઉત્તરપ્રદેશ) સંબંધ ધરાવતી સરકારો દ્વારા સંપૂર્ણ ગૌહત્યા બંધીનો કાયદો બનાવવામાં આવ્યો છે. ત્યાં પણ મોટાભાગના પ્રદેશોમાં સરકારો કાયદાનું પાલન કરાવી શકતી નથી અને ગેરકાયદેસર વ્યાપાર વધી રહ્યો છે,તથા એ પ્રદેશોમાંથી દરરોજ ટ્રકોમાં લદાઈને ગાય,બળદ તથા વાછડા,વાછડી રાજ્યની બહાર જઈ રહ્યાં છે. અથવા સ્થાનિક કતલખાનામાં કપાઈ રહ્યાં છે.

★રાજસ્થાન રાજ્યમાં ''સંપૂર્ણ ગૌવંશ હત્યાબંધી'' નો કાયદો લાગૂ કરવામાં આવ્યો છે છતાં પણ આ એકટનું બરાબર ઉલ્લંઘન થતું રહે છે. શક્તિશાળી અસામાજિક તત્વો પર સરકારનું કોઈ નિયંત્રણ નથી. રાજસ્થાનમાં દર વર્ષે ઢોરના વેચાણ માટે મેળો ભરાય છે. આ મેળાઓ પૈકી એક એક મેળામાં ૫૦-૬૦ લાખ રૂપિયાથી વધુ કિંમતના ઢોરનું ખરીદ-વેચાણ થાય છે, જે મોટાભાગે બીજા રાજ્યોના ઢોરોના વ્યાપારીઓ ખરીદે છે અને ખેતીના નામે એ ઢોરેને એના ડાકટરો પ્રમાણપત્ર આપી દે છે. ખેતી નામે ખરીદવામાં આવેલા બળદો લાખોની સંખ્યામાં અજમેર, જયપુર, સ્વરૂપગંજ રેલ્વે સ્ટેશનેથી નિકળી સીધા જ દેવનારના કતલખાને પહોંચી જાય છે. આ રીતે ગાય, બળદ, વાછડાં,વાછડી ટ્રકોમાં લાદીને બહારના રાજ્યોમાં લઈ જઈ કસાઈઓને વેચી દેવામાં આવે છે. ઉદાહરણ રૂપે જોઈએ તો દરરોજ રાજસ્થાનની ગાયો તથા તેની ઓલાદનું નીમચ (મધ્યપ્રદેશ) ના ઢોર બજારમાં વેચાણ થાય છે. જ્યારે ત્યાં રાજ્યની બહાર લઈ જવા પર પ્રતિબંધ છે અને તેને માટે કલેક્ટરની મંજુરી જોઈએ. રાજસ્થાનના વણઝારા લોકો ઢોરોને ગ્રામ્ય વિસ્તારો, દુષ્કાળવાળા પ્રદેશો તથા રસ્તામાં રખડતા, ગાય બળદને ટોળા રૂપે એકત્ર કરી બીજા રાજ્યોમાં લઈ જાય છે.

★ગુજરાત રાજ્યમાં સંપૂર્ણ ગૌહત્યા બંધી કાયદો લાગૂ છે. ત્યાં પણ ગુજરાતના વડોદરા, ભરુચ, દાહોદ, ગોધરા વગેરે સ્થળો પર વણઝારાઓ ધ્વારા ગાયનું ખરીદ-વેચાણ થાય છે.

દેવનારના કતલખાનામાં જ્યાં દરરોજની ૪૦૦ થી ૬૦૦ જેટલી ગાયો તથા બળદો કાપવામાં આવે છે જે મોટાભાગે ગુજરાત તથા રાજસ્થાનમાંથી જ જાય છે. બળદોને રેલ્વેના વેગનો દ્વારા ચોરી છુપીથી બિલ્ટી પર ''ફોર એગ્રીકલ્ચર પરચેઝ'' નું લેબલ લગાવી વિભિન્ન સ્ટેશનો પર મોકલવામાં આવે છે, જ્યાંથી ટ્રકો દ્વારા દેવનારના કતલખાને પહોંચી જાય છે.

★અન્ય રાજ્યોમાં પણ જ્યાં સંપૂર્ણ ગૌહત્યા બંધીનો કાયદો હોવા છતાં પણ ત્યાં આજે પણ અઠવાડિક, પખવાડિક લાગતાં ઢોર બજારમાં વેચાણ ધ્વારા ગાય,બળદ,વાછડાં,વાછડી વંશની ખરીદી કરી ટ્રકો દ્વારા સ્થાનિક કતલખાને અથવા બહારના રાજ્યોમાં મોકલી આપવામાં આવે છે. <u>અર્થાત વિચારવા લાયક મુદ્દો એ છે, કે જ્યાં સંપૂર્ણ ગૌહત્યા બંધીનો કાયદો છે, ત્યાં આપણે શા માટે ગૌવંશને બચાવી શકતા નથી?</u>

**૪.** શહેરના રસ્તાઓ ઉપર દરરોજ અશક્ત, અપંગ, ઘરડી, દૂધ આપવા લાયક ગાયો અહીં તહીં ભટકતી જોવા મળે છે. જે ગમે ત્યાં રખડી ભટકી કચરો ખાઈને પેટ ભરે છે અથવા આખો દિવસ ફળ ફળાદિ, શાકભાજીની લારીઓમાં મોઢું નાખતી અને માર ખાતી રહે છે. એનું આપણે શા માટે પોષણ કરી શકતા નથી?

## <u>૨. ગૌરક્ષાનું નિરાકરણ સ્થિતિની અનુરૂપ શોધવું પડશે?:-</u>

ઉપરોક્ત છણાવટથી એ સ્પષ્ટ થાય છે, કે એકલો સંપૂર્ણ ગૌહત્યાબંધીનો કાયદો ઘડી કાઢવાથી ગાયનું રક્ષણ થઈ શકે નહીં.ગાયના રક્ષણ માટે આપણે બારીકાઈપૂર્વક અને ગહનતાથી એ પરિસ્થિતિઓ પર વિચાર કરવો પડશે, કે જેના કારણે ગૌવંશની દયાજનક દુર્દશા થઈ રહી છે. તે કારણોને ખતમ કરીને જ ગાયના રક્ષણનો અસરકારક ઉપાય નિકળી શકે છે. તેને માટે નીચેના મુદ્દાઓ પર વિચાર કરવાની આવશ્યકતા છે.

### (૧) ગાય પાળનારા તથા ગાયને માતા કહેનારા દેશમાં શા માટે ભેંસ પાલનને પ્રોત્સાહન મળી રહ્યું છે?:-

★ભારતના લોકોના મગજમાં દૂધની ક્વોલિટીમાં ચિકાશનું પ્રમાણ કેટલું છે તે માપવાની વૃત્તિ ઘર કરી ગઈ છે. બજારમાં દરેક જગ્યાએ ભેંસના દૂધની

માંગ છે, કારણ કે તેમાં ચિકાશનું પ્રમાણ વધારે હોવાથી સ્વાદિષ્ટ લાગે છે, છાસ, દહીં, ઘી, માવો વધારે નિકળવાના કારણે તે લાભદાયક પણ જણાય છે. ગાયનું દૂધ પાતળું હોય છે, એટલા માટે તેનું મહત્વ ઘટાડી દેવામાં આવે છે અને લેવા માટે આનાકાની કરવામાં આવે છે, જે ખરીદે છે તેઓ ગાયનું દૂધ જોઈને જેટલી કિંમત આપવી જોઈએ તેના કરતાં ઓછી કિંમત આપે છે. એવી સ્થિતિમાં ગાય પાળનારને લાભ ઓછો થાય છે, જેથી એ પણ ગાયની ઉપેક્ષા કરે છે. પાળવા માટે ખરીદવા માટે આનાકાની કરે છે અને જે લોકો પાળે છે તેઓ પણ છેલ્લી કક્ષાનું ખાણ-ઘાસચારો નિરે છે. ફળ સ્વરૂપે જેટલું દૂધ મળી શકે તેમ હતું, એમાં પણ ત્રુટી આવી જાય છે. ગાય પાળનાર અને દૂધ ખરીદનાર બન્નેની દ્રષ્ટિમાં ગાયના દૂધનું મહત્વ ઘટી જવાના કારણે ગાયોની સંખ્યા ઘટતી જાય છે. જેટલી મહેનત ગાય માટે કરવી પડે છે, એટલી જ ભેંસ માટે, એ ખાણ તથા ખાણ તથા ઘાસચારો જરૂર ઓછો ખાય છે, પરંતુ રહેવા માટે જગ્યા તથા સેવાચાકરી એકસરખી કરવી પડે છે. અર્થાત એની જગ્યા ભેંસ લઈ જાય છે, કારણ કે ભેંસ પાળવાથી વધારે લાભ થાય છે.

★લોકોના મનમાં ઉંડે સુધી એવી ભ્રમણા ઘર કરી ગઈ છે, કે ભેંસના દૂધની સરખામણીમાં ગાયનું દૂધ હલકા પ્રકારનું છે, કારણ કે તે પાતળું છે, મલાઈ ઓછી આવે છે. જ્યારે વાસ્તવિકતા એનાથી વિપરિત છે, કારણ કે પોષક તત્વોની દ્રષ્ટિએ ગાયનું દૂધ લગભગ એટલું જ ઉપયોગી છે, કે જેટલું માતાનું દૂધ. એમાં એ બધાંજ રસાયણો પૂરતા પ્રમાણમાં મળી આવે છે, કે જેની મનુષ્ય શરીરને વધુમાં વધુ આવશ્યકતા રહે છે. ઘટ્ટ અથવા પાતળું હોવું એ ગૌણવાત છે. અગર ચિકાશની વધુ માત્રાને જ મહત્વ આપવામાં આવેતો સોયાબીન, મગફળી, તલ, સરસવ વગેરે તેલમાંથી એનાથી પણ વધુ તથા સસ્તા પ્રમાણમાં ચિકાશ મળી શકે છે. આપણાં શરીર માટે ચિકાશની વધુ માત્રા લાભદાયક નથી, પરંતુ તે વધારે નુકશાન કારક છે. એનાથી શરીરની સ્થુળતા વધે છે અને ધમનીઓના અંદરના ભાગમાં ચરબીના પડળ જામી જાય છે તથા હૃદય રોગ થવાની શક્યતા રહે છે. પાચનમાં મુશ્કેલી પડે છે. આહારમાં ચિકાશનું પ્રમાણ જેટલું વધારે હશે, એટલો જ તે પચાવવામાં ભારે બનશે. આ રીતે ભેંસનું દૂધ જ્યાં મોંઘું પડે છે, ત્યાં બીજી બાજુ તે એટલું લાભદાયક પણ નથી. ભલેને તે ઘટ્ટ અથવા સ્વાદિષ્ટ લાગે.

★સમગ્ર દુનિયાએ ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ હોય છે, એવો એક મતે એ વાતનો સ્વીકાર કર્યો છે. ભેંસ આફ્રિકા ખંડને બાદ કરતા બાકીના અન્ય દેશોમાં બહુ ઓછી સંખ્યામાં મળી આવે છે. ત્યાં ચિકાશને દૂધનો રાસાયણિક ગુણ સમજવામાં આવે છે. ભેંસના દૂધમાં રહેલાં આરોગ્ય વર્ધક ગુણોથી જન-જન પરિચિત છે. ત્યાં ભેંસના દૂધને તેલની શ્રેણીમાં ગણવામાં આવે છે તથા પીવા માટે

દરેક વ્યક્તિ ગાયના દૂધનો ઉપયોગ કરે છે. સમૃધ્ધ તથા પ્રગતિશીલ કહેવાતા અમેરિકા, રશિયા, ડેન્માર્ક, સ્વિટઝરલેન્ડ, ઓસ્ટ્રેલિયા જેવા દેશો કે જ્યાં ગાય પ્રત્યે માતૃભાવના અથવા હત્યા કરવાની મનાઈ ન હોવા છતાં પણ તેઓ પીવા માટે માત્ર ગાયના દૂધનો જ ઉપયોગ કરે છે. પરંતુ આપણે જ એવા અભાગી છીએ કે જય બોલીએ છીએ ગાયમાતાની અને દૂધ માંગીએ છીએ ભેંસનું આ એક દંભ જ કહેવાય.

ઉપરોક્ત ભ્રમ તથા જાણકારીના અભાવના ફળસ્વરૂપે એનું દુષ્પરિણામ એ આવ્યું, કે ન માત્ર ગૌવંશની ઉપેક્ષા તથા હ્રાસ થયો, પરંતુ એના બદલે ભેંસ પાલનને પ્રોત્સાહન મળ્યું.

## (૨) ગૌવંશ શા માટે કતલખાને જાય છે?:-

**(અ) દૂધનો વ્યાપાર પ્રચલનમાં આવી જવાના ફળ સ્વરૂપે જ ગાયની ઉપયોગિતાનો માપદંડ બની ગયો છે:-** આઝાદી પછી શહેરોમાં જેમ-જેમ મોટા ઉદ્યોગો લાગવા લાગ્યા તેમ-તેમ કામ ધંધાની શોધમાં ગામડાંના લોકો માટે શહેરો જ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનવા લાગ્યા. લોકોની શહેર તરફની નિરંતર દોડના ફળ સ્વરૂપે શહેરની વધી રહેલી વસ્તી માટે દૂધની આવશ્યકતા તથા માંગ વધી ગઈ. દૂધનું ઉત્પાદન અને ભરપાઈના એક માત્ર સાધનરૂપ ગામડાઓમાંથી ન માત્ર દૂધના વ્યાપારીઓ દ્વારા દૂધનું વેચાણ શરૂ થયું, પરંતુ ધીરે-ધીરે વ્યવસ્થિત રીતે વેચાણની વ્યવસ્થાનું માળખું તૈયાર થઈજવાના કારણે ગરીબ ખેડૂત માટે દૂધનું વેચાણ જીવન જીવવાનું સાધન બનતું ગયું અને એક એવા વ્યાપારમાં બદલાતું ગયું, કે જેમાં દૂધના ઘટતા પ્રમાણની સાથે ગાયની ઉપયોગિતા પણ ઘટતી દેખાવા લાગી અને ઓછું દૂધ આપવાના કારણે અથવા દૂધ આપવા માટે અયોગ્ય બની જવાની સ્થિતિમાં બિનઉપયોગી સમજવામાં આવી. દૂધનો વ્યાપાર વધી જવાના ફળસ્વરૂપે ભેંસના પાલન માટે આકર્ષણ વધતું ગયું. આજે ગામડાઓમાં ઘરે ઘર સ્થિતિ એવી છે, કે મોટા ભાગના કુટુંબો પોતાના બાળકોને દૂધ પિવડાવી શકતા નથી, પરંતુ જીવનનો નિર્વાહ ચલાવવા દૂધના વેચાણ માટે જ ભેંસ જેવા ઢોર પાળે છે. આજે ગામડાઓમાં ઘરે ઘર દૂધનું વેચાણ કરવું એ એક પ્રથા બની ગઈ છે. દૂધના વ્યાપારની પ્રથાથી ન માત્ર ગાય પાળવા તરફનો દ્રષ્ટિકોણ સંકુચિત થયો, પરંતુ દૂધનું ઉત્પાદન કરનારાઓના બાળકોના કુપોષણનું પ્રમાણ પણ વધ્યું. દૂધનું ઉત્પાદન ગામડાંના લોકો કરે છે અને પીવે છે શહેરવાળા.

**(બ) ડીઝલ દ્વારા ચાલતા પમ્પિંગ સેટ, ટ્રેક્ટરના ભ્રમમાં બળદની ઉપયોગિતા અને આવશ્યકતા ભૂલતા જવુંઃ-** ખેતરનું ખેડાણ, વાવણી, કાપણી, પીલાણ, ઉપણવા તથા જમીનમાંથી પાણી ખેંચી કાઢવા વગેરે કામ માટે જ્યારથી ટ્રેક્ટર, પમ્પિંગ સેટ અને અન્ય પ્રકારના મશીનોનો વપરાશ વધવા લાગ્યો છે, ત્યારથી સામાન્ય રીતે ખેડૂતોના મગજમાં એ વાત બેસતી ગઈ છે, કે ખેતી માટે બળદ રાખવાની આવશ્યકતા નથી, ઉલટાનું તેનું પાલન પોષણ બિનજરૂરી બોજ જેવું જણાય છે. ભાડાનું ટ્રેક્ટર અને વેચાતા પાણીથી ખેતી કરવી સગવડતા ભરી લાગે છે. એવી પરિસ્થિતિમાં બળદની ઉપયોગિતા ન માત્ર મગજમાં ઓછી થઈ રહી છે, પરંતુ તે નિકળતી જઈ રહી છે. ગાય પાળનારા ખેડૂતની પાસે અગર જો કોઈ પણ ઉંમર ધરાવતો બળદ અથવા વાછડો હોય તો તેનો ઉપયોગિતાનો દ્રષ્ટિકોણ માત્ર વ્યાપાર જ બની જાય છે. બીજી પણ એ વાત છે, કે આ મતિભ્રમના કારણે ન માત્ર બળદ તથા વાછડાઓ કતલખાને પહોંચે છે, પરંતુ તેની ખેતી પણ પરાવલંબી બનવાની સ્થિતિ સર્જાય છે તથા ખેતીના તમામ કાર્યો સમયસર ન થઈ શકવાના કારણે મોંઘા તથા બિનલાભદાયક બની જાય છે અને કેટલાયે નાના-નાના મધ્યમ કક્ષાના ખેડૂતો ખેતીવાડી છોડવા અથવા અન્ય મજૂરી પર આધાર રાખવા માટે વિવશ બની જાય છે.

**(સ) રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓની છતના ભ્રમમાં છાણ અને ગૌમૂત્રનું ખાતર તથા જંતુનાશક દવા રૂપે ઉપયોગિતા, આવશ્યકતા ભૂલતા જવુંઃ-**

પાછલા ૩૦ વર્ષના સમયગાળા દરમ્યાન ખેતીમાં રાસાયણિક ખાતરોના પ્રચાર-વિસ્તાર તથા વપરાશે, ખેડૂતોને એનો ઉપયોગ કરવાની એવી આદત પાડી દીધી છે, કે તેઓ એને સંપૂર્ણ વિકલ્પ સમજી છાણ-ગૌમૂત્રનાં ખાતરની જરૂરિયાત જ ભૂલી ગયા છે.

આ વિચારસરણી તથા ભોળવાઈ જવાના કારણે એક બાજુ કુદરતી આહાર ન આપવાના કારણે, આપણી જમીનની ફળદ્રુપતા જર્જરિત બની ગઈ છે. તો બીજી બાજુ ખાતર તથા જંતુનાશક દવા રૂપે ગૌવંશના છાણ તથા મૂત્રનો જે ઉપયોગ થતો હતો એ ઉપયોગ લુપ્ત થતો ગયો અને આજે પરિસ્થિતિ એ સર્જાણી છે, કે દૂધ આપવા માટે બિનઉપયોગી અથવા ઓછુ દૂધ આપનાર ગાયો અને ઘરડાં બળદોને માત્ર ખાતર માટે રાખવા, પાળવા પોષવા ઉપયોગી સમજવામાં આવતા નથી. જ્યારે તે ઉપજાઉ તથા કુદરતી ખેતીનો મુખ્ય આધાર છે.

**(દ) છાણ-ગૌમૂત્રની વાસ્તવિક ઉપયોગિતા ભૂલી જવાના કારણે ગૌરક્ષા ને માત્ર શ્રદ્ધા તથા અંધવિશ્વાસ સાથે જોડી દેવાની માનસિક સ્થિતિનું વધતા જવું:-** ગાયના છાણમાં લક્ષ્મીનો તથા મૂત્રમાં ગંગાનો વાસ છે, એવું જે અનુપમ ગુણો તથા વિશેષતાઓના કારણે કહેવામાં આવ્યું છે. આ ધીરે ધીરે ગુણોના આધારે વિભિન્ન ઉપયોગોની માહિતિ તથા પ્રચલન ઓછું થઈ લુપ્ત થઈ જવાના કારણે, તેનો ઉપયોગ માત્ર દૂધ સુધી જ મર્યાદિત રહી ગયો છે તથા એવું સમજવામાં તથા માનવામાં આવતું રહ્યું છે, કે અંધવિશ્વાસ અથવા શ્રદ્ધાવશ ગાયના મહત્વની અને રક્ષણની વાત કરવામાં આવે છે,જે વાત ભૌતિકવાદી દ્રષ્ટિકોણ સામે વ્યક્તિઓની ગળે ઉતરી શકતી નથી.

★તબીબી જગતની જાણકારીમાં મનુષ્ય શરીરનો કોઈ એવો રોગ નથી, કે જેનો ઉપચાર છાણ-ગૌમૂત્રની સરળ-સસ્તી તથા ખાતરીદાયક ચિકિત્સા પદ્ધતિ (આયુર્વેદિક ચિકિત્સા) ધ્વારા ન કરી શકાય. પરંતુ એલોપૈથિક ચિકિત્સા પદ્ધતિના વધતા પ્રભાવના કારણે એની માહિતિ તથા પ્રચલન લગભગ સમાપ્ત થઈ ગયું છે.

છાણ તથા ગૌમૂત્રવાળી ભારતની ખેત પદ્ધતિમાં ઉપયોગિતાની વાસ્તવિક્તાને કેન્દ્રિકકરણ કરવામાં આવેલી અર્થવ્યવસ્થામાં નિર્ણય લેવાવાળાઓ અથવા એ નિર્ણયોને પ્રભાવિત કરનારી વ્યક્તિઓ દ્વારા અથવા તો અજ્ઞાનતાવશ અથવા જેમને ગામડાંની ખેતીવાડી સાથે કોઈ લેવા દેવા ન હોવાના કારણે અથવા અંગત સ્વાર્થવશ એ મર્યાદા સુધી નકારવામાં આવે છે, કે ગૌરક્ષાના મુદ્દાને સાંપ્રદાયિક્તાનો વિષય ગણાવી તેનેદૂર ધકેલી દેવામાં આવે છે.

આર્થિક સુદ્રઢતા તથા આરોગ્યના આધારસ્તંભ રૂપે તેના ઉપયોગની જાણકારી તથા પ્રચલનના અભાવે ભૌતિકવાદી દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિઓ માટે ગાય માત્ર શ્રદ્ધા તથા અંધ વિશ્વાસ સુધી માતા બનીને રહી ગઈ છે, તો પછી એને વેચીને અથવા કતલ કરીને આર્થિક આવક ઉભી કરવામાં હિચકિચાટ શા માટે? આજે એ જ થઈ રહ્યું છે.

## ૩.દેશના કાયદા ઘડનારાઓ શા માટે કતલખાનાઓને પ્રોત્સાહન તથા પોષણ આપી રહ્યા છે?:-

**(અ) ગૌવંશના માંસ તથા ચામડા વગેરેની નિકાસ કરી વિદેશી હુંડિયામણ કમાવવું તેમની વિવશતા બની ગઈ છે કારણ કે:-** વિભિન્ન આયાતોમાં ચુકવણી કરવા માટે વિદેશી હુંડિયામણ જોઈએ, નીચે કેટલીક આયાતોની માહિતિ આપવામાં આવી રહી છે.

| વસ્તુ | વર્ષ | રકમ |
|---|---|---|
| (૧) વાર્ષિક પેટ્રોલિયમ આયાત | ૧૯૬૦ | ૭,૦૦૦ કરોડ હતી |
| | ૧૯૯૫ | ૩૫,૦૦૦ કરોડ થઈ ગઈ |
| (૨) વિદેશી દેવાના વાર્ષિક વ્યાજની ચુકવણી | ૧૯૯૭-૯૮ | ૯૦,૦૦૦ કરોડ થઈ ગઈ |
| (૩) રાસાયણિક ખાતરોની આયાત | ★૧૯૫૧ થી ૧૯૯૨ સુધી | ૧૮,૧૦૦ કરોડ |
| | ★૧૯૯૪ -૯૫ | ૩,૪૦૦ કરોડ |
| | ★૧૯૯૬-૯૭ | ૯,૦૦૦ કરોડ |

**વિદેશી હુંડિયામણ કમાવવા માટે માંસના નિકાસનું વાસ્તવિક ચિત્રઃ-**

| વર્ષ | નિકાસ |
|---|---|
| ૧૯૮૧- ૯૦ | ૧૧૦ કરોડ રૂ૦ |
| ૧૯૯૧-૯૨ | ૧૯૫ કરોડ રૂ૦ |
| ૧૯૯૩-૯૪ | ૨૩૦ કરોડ રૂ૦ |

★દર વર્ષનો લક્ષ્ય છે ૫૦૦ કરોડ રૂપિયા જેને આ સદીના અંત સુધીમાં વાર્ષિક ૧૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનો છે. આ લક્ષ્ય પૂરો કરવા માટે કતલખાનાઓ તથા નિકાસ કરતા એકમોને સૂચન કરવામાં આવ્યું છે. વર્તમાન સમયના પશુધનના આધારે અનુમાન લગાવવામાં આવ્યું છે, કે ૩૫ લાખ ટન માંસનું ઉત્પાદન કરી શકાય, જેની કિંમત ૮૨૫૦ કરોડ રૂપિયા છે. એમાં વિદેશી કંપનીઓની ભાગીદારીની ભલામણ કરવામાં આવી છે (Foeign Trade Bulletin) નાં ફેબ્રુઆરી ૧૯૯૪ નાં અંકના પાના નં૦ ૧૮ ૫૨ "Meat Export Prospectus Bright" નાં શિર્ષક હેઠળ છપાયેલા સમાચારમાં Agriculture & Processed food product export developement authority રિપોર્ટનાં ઉદાહરણના આધારે)

ભારત સરકારના ખેતીવાડી ખાતાના પશુપાલન તથા ડેરી વિભાગના પરિપત્ર ક્રૂ૦ ૩-૩૪/૯૫ એફ. આઈ. એન ની આઠમી પંચવર્ષીય યોજનામાં સેન્ટ્રલ સેક્ટર સ્કીમની અંતર્ગત સ્થાનિક એકમો, સરકારી સંસ્થાઓ, ખાનગી તથા અર્ધખાનગી સંસ્થાઓને હિંડન, ગાઝિયાબાદ, ગ્વાલિયર, અંબાલા, સિરસા, બરેલી, જોધપુર, તેજપુર, આદમપુર, પુના તથા ડનડિગમાં આવેલ સૈનિક હવાઈ મથકોની નજીકમાં યાંત્રિક કતલખાનાઓ સ્થાપવા તથા ચલાવવા માટે ૧૦૦ ટકા દાનની જોગવાઈ કરવામાં આવી છે.

**ચામડાનું ઉત્પાદન કરનારાઓની નિકાસ :-**

| વર્ષ | નિકાસ |
|---|---|
| ૧૯૭૧-૭૨ | ૧૦૦ કરોડ રૂ૦ હતી |
| ૧૯૯૨ - ૯૩ | ૩૭૦૦ કરોડ (૩૭ ઘણી વધી ગઈ) |

(Foreign Trade Bulletin July-૯૪ના અંકના પાના નં-૭ પર "Leather Industry Product for Exprot Growth" શિર્ષક હેઠળ છપાયેલ લેખના આધારે )

**(બ) ગૌવંશના વિનાશનું દુષ્પરિણામ સમજી શકતા નથીઃ-**ભારત એક ખેતી પ્રધાન દેશ છે. ગૌવંશ દેશની નાણાંકીય વ્યવસ્થાની કરોડ રજ્જુ છે તથા ખેતીનો મુખ્ય આધાર છે. અગર જો ગાય અને બળદ બિલકુલ નાશ પામે તો અહીંની ખેતીવાડીનો સંપૂર્ણ નાશ થઈ જશે, એનો અર્થ એ થાય કે આર્થિક ગુલામી, જેવી રીતે કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન પછી વેઠવી પડી હતી. આપણે ઓછા વધતા પ્રમાણમાં એ સ્થિતિ સુધી પહોંચવાના છીએ.

રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, ડીઝલથી ચાલતા મશીનો પર આધાર રાખતી ખેતી પરાવલંબી, પ્રદૂષણકારી, મોંઘી અને બિન લાભદાયક છે, જેના કારણે નાનો તથા મધ્યમ શ્રેણીનો ખેડૂત ખેતી છોડી દેવા અથવા મજૂરી પર આધાર રાખવા વિવશ બની રહ્યો છે.

આપણે આજની ખેતપધ્ધતિમાં પ્રાકૃતિક, ટકાઉ ખેતીનો આધાર જ સમાપ્ત કરી રહ્યા છીએ અને બીજા દેશો પર નિર્ભર બનતા જઈ રહ્યા છીએ. આપણે ખેતીવાડી માટે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ તથા ઉર્જા માટે બહારથી પેટ્રોલિયમ આયાત કરી રહ્યા છીએ તો બીજી બાજુ તેની ચુકવણી માટે પ્રાકૃતિક ખાતર, જંતુનાશક દવા તથા ઉર્જાના સ્ત્રોત સમા ગૌવંશની કતલ કરાવી રહ્યા છીએ. આ એક દંભ જ કહેવાય.

ગૌવંશ તથા ગૌચરોનો નાશ કરી ગામડાંઓની સ્વતંત્ર અને વિકેન્દ્રિત નાણાંકીય વ્યવસ્થાને નષ્ટ-ભ્રષ્ટ કરી રાજ્યાશ્રિત તથા કેન્દ્રિકરણ કરવામાં આવેલ નાણાંકીય વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં આવતું રહ્યું. જે હવે મૃત્યુને ભેટવાની સ્થિતિમાં પહોંચી ચુક્યું છે. કેન્દ્રિકરણ કરવામાં આવેલ રાજ્યાશ્રિત નાણાંકીય વ્યવસ્થાને ટેકો આપવા માટે ઉદારીકરણ તથા આર્થિક સુધારાના નામે આંતર રાષ્ટ્રીય કંપનીઓને પ્રવેશ આપી આર્થિક વ્યવસ્થા તથા ખેતીવાડીને વિદેશી લોકોના હાથમાં સોંપી દેવાની સ્થિતિ બનાવી દીધી છે.

આપણે સૌ અજ્ઞાનતાવશ કે જાણકારી વગર, બુધ્ધિભ્રમના કારણે અથવા અંગત સ્વાર્થ ખાતર પોતાનો તથા દેશનો વિનાશ કરવામાં લાગેલા છીએ.

## ૩. ગૌરક્ષાનો સાચી રીત શું હોય?

### (અ) ગૌરક્ષણનો મૂળમંત્રઃ-

જે લોકો ગાયને પાળવાના લાભો જાણે છે, તથા તેના રક્ષણ અને ઉછેર માટે પણ કંઈક કરવા ઈચ્છા ધરાવે છે, પરંતુ એને માટે શું કરવું જોઈએ એનો કોઈ અસરકાર ઉપાય ન સુઝવાના કારણે એ બની શકતું નથી, અગર આપણે સાચોસાચ ભાવનાશીલ છીએ અને આપણે તેના રક્ષણની તથા વંશવૃદ્ધિની અપેક્ષા રાખીએ છીએ, તો અસરકારક પગલાં ભરવા માટે નીચેના વ્યવહારિક મુદ્દાઓ ઉપર ધ્યાન આપવું પડશે. કારણ કે માત્ર ધર્મ કે શ્રદ્ધા જ પુરતી નથી પરંતુ તેને જીવતી રાખવાનું વ્યવહારુ સ્વરૂપ પણ બનાવવું પડશે. નહીં તો કલ્પનાની દુનિયામાં રાચવાથી કોઈ સમાધાન કારક હલ નહીં નીકળી શકે.

**(i) સૂત્રોચ્ચાર નહીં સેવાઃ-** સૂત્રોચ્ચાર કરવો કે પૂજા કરવાની અપેક્ષાએ સેવા માટે અસરકારક પગલાં ભરવાં પડશે.

**(ii) નિર્વાહ માટે ગૌસેવા નહીં, પરંતુ ગૌ સેવા માટે નિર્વાહ :-** ગાયની સેવાનો દ્રષ્ટિકોણ અગર માત્ર બજારુ રહ્યો તો ઘરડી, અપંગ, અશક્ત ગાયનું આખરી આશ્રય સ્થાન વેચાણ બજાર, કે કસાઈખાનું જ હશે. આપણાં પોતાના ઘરડા, અપંગ, રોગી, અશક્ત નિરાધાર કુટુંબીજનો, કે જેઓ ઓછું કમાતા હોય છે અને તેમની પાછળ વધુ ખર્ચ થતો હોય છે. છતાં પણ તેઓને માનવી મૂલ્યોના જતન માટે તથા ન્યાય પરંપરા અને લાગણીઓના આધારે આપણે તેમની સેવા કરીએ છીએ. અર્થાત ગાયના રક્ષણના સંબંધમાં પણ આપણે અનર્થ ન સર્જનારા અર્થિક ઉપાર્જનની વાત વિચારવી પડશે. અગર જો આવો દ્રષ્ટિકોણ રહેશે તો વૃદ્ધ અને અપંગ અશક્ત ગૌવંશ કે જેણે આખી જિંદગી આપણી સેવા કરી છે, તે મૃત્યુ પામશે ત્યાં સુધી છાણ-ગૌમૂત્રના આધારે જ આપણાં ઔચિત્ય પૂર્ણ નિર્વાહમાં કોઈ ઊણપ નહીં આવવા દે.

**(iii)** કાયમી દૂધની સાથે સાથે છાણ-મૂત્ર તથા ગ્રામ્ય ઉર્જાના સાધન રૂપે ગાય,બળદ વાછડાં,વાછડીને લાભદાયક તથા ઉપયોગી બનાવવો પડશે. ઉપયોગિતા તથા આર્થિક લાભની નવી દ્રષ્ટિ તેમને સહજ અને કાયમી રક્ષણ પુરું પાડશે.

**(iV)** ઉપરોક્ત ત્રણે મુદ્દાને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે એ કક્ષાની જન જાગૃતિ આણવી પડશે જે લોક આંદોલનનું રૂપ ધારણ કરી શકે.

### (બ) સમસ્યાઓ કે જેનું સમાધાન થવું જોઈએઃ-

ગૌવંશ અંગેના ૩ પ્રશ્નો જે આજે સમસ્યારૂપે સામે છે, તે આ પ્રમાણે છેઃ-

**(i) ગૌવંશને કેવી રીતે બચાવવામાં આવેઃ-** અર્થાત કતલ થતા, ઘટતા

ગૌવંશને કેવી રીતે બચાવીએ.

**(ii) કેવી રીતે વધારવામાં આવે (ઉછેર, પરિમાણાત્મક) :-**

**(iii) કેવી રીતે સુધારવામાં આવે (વંશવૃદ્ધિમાં ગુણાત્મક સુધાર) :-**

-અર્થાત દેશી જાતની ગાયના બળદની ઓલાદ તથા દૂધનું પ્રમાણ, આ બન્ને માટે તેની ઓલાદમાં સુધાર

એમાં સૌથી વધારે મહત્વ ગાયના રક્ષણનું છે, જે કે ગાયનું વાસ્તવિક મહત્વ ન સમજી શકવાના કારણે જે આજે પણ થઈ શકતું નથી અને તેના હ્રાસનું કારણ બનેલું છે. ગૌરક્ષણનો વ્યવહારિક ઉકેલ લાવવાથી તથા વ્યવહારમાં આવવાથી ઉછેર તો આપો આપ આરંભ થશે. નકારાત્મક સ્થિતિ (જે આજે ગૌ હત્યાની સ્થિતિ છે) માંથી બહાર કાઢવાનો વ્યવહારુ ઉકેલ આણવો એ આજના સમયની માંગ છે. આગળનું પગલું તો તેના ઉછેર તથા વંશવૃદ્ધિ માટે છે, જે સકારાત્મક દિશામાં ચાલવાનો પ્રયત્ન હશે. આ પગલું ઘરે-ઘરે ગાયની સેવા શરૂ કરવાનું તથા ગૌપાલન તરફ આગળ વધવાનું હશે.

ત્રણે સમસ્યાઓનો વ્યવહારું ઉકેલ લાવવાથી ગૌવંશના સંબંધમાં સંપૂર્ણ નિરાકરણ હશે અર્થાતઃ-

★ગૌરક્ષા - નકારાત્મક પરિસ્થિતિમાંથી બહાર કાઢવી

★ઉછેર - સકારાત્મક સ્થિતિ તરફ આગળ ધપાવવી

★વંશવૃદ્ધિ -વિકાસાત્મક સ્થિતિ અને ગુણાત્મકવૃદ્ધિ

ત્યારે જ ભારતના આરોગ્યનો અને સમૃદ્ધિનો કાયમી આધાર ઊભો થઈ શકશે.

## (સ) ગૌરક્ષાનો સમાધાન પ્રધાન ઉપાયઃ-

### (૧) ગાયની રક્ષાઃ-

**(i)** લોકો દ્વારા એવી ગૌશાળાઓની સ્થાપના કરવામાં આવે, કે જે આજે દૂધ આપવા માટે બિન ઉપયોગી ગણાતી ગાય તથા બળદ વાછડા વાછડી કે જે અપંગ, ઘરડાં હોવાના કારણે કતલખાને જાય છે, તેના પાલન-પોષણની વ્યવસ્થા કરી શકે.

**(ii)** જે દૂધનો વ્યાપાર ન કરતાં, છાણ, ગૌમૂત્ર, અહિંસક, ચામડાં, હાડકાં વગેરેનો વિભિન્ન ઉપયોગ કરી તથા પેદાશોના આધારે ગૌવંશની ઉપયોગિતા સાબિત કરી શકે, જેથી ગાયને પાળવા અને તેની સેવા અંગે લોકોનો આજનો દ્રષ્ટિકોણ બદલાય.

**(iii)** જે ગ્રામોદ્યોગનું કેન્દ્ર બની શકે.

**(iv)** જે ગામનો સમગ્ર વિકાસ (અર્થતંત્ર, ખેતીવાડી તથા અન્ય વિકાસ) ની ધરી બની શકે.

**(V)** પોતાના પ્રયત્નો અને સાધનો વડે સ્વયં જનતા દ્વારા જેની સ્થાપના અને સંચાલનની પહેલ થાય, ભલેને તેને સુદ્રઢ તથા ગતિશીલ બનાવવા ઉપરાંત સરકાર તથા કોર્પોરેટ સેક્ટર (સહકારી સંસ્થા) નો સહકાર લેવામાં આવે.

<u>પ્રારંભિક તબક્કામાં અનેક ગામડાંઓની વચ્ચે એક એવી ગૌશાળાની સ્થાપનાની</u> પહેલ કરવામાં આવે કે ગૌરક્ષાના સંર્દભમાં વ્યવહારું નિરાકરણ આપી શકે. આ જ પગલું આજની જટિલ પરિસ્થિતિમાંથી ઉગારવાવાળું સૌથી મહત્વનું પાસું છે. તેનાથી ગાયનો ઉછેર તથા વંશવૃદ્ધિ આપો આપ સરળતાથી ગતિ પકડવા લાગશે, તેને માટે સામૂહિક ગૌશાળાઓની સ્થાપના અને સંચાલન ઉત્તેજન આપવાનું કાર્ય કરશે.

## (ડ)<u>ગૌશાળાની સ્થાપના માટે કોણ શું સહયોગ કરી શકે?:-</u>

**(i)** ગૌશાળાની સ્થાપનાની પહેલ માટે તથા ગ્રામ્ય જનતાની જન જાગૃતિ માટે એન. જી. ઓ. આગળ આવે

**(ii)** લોકોની સાથે સાથે ગૌશાળાની સ્થાપના, સુદ્રઢીકરણના સહકાર માટે દેશના ભામાશાહો (ધનવાનો) સરકાર, વહીવટીતંત્ર આગળ આવે.

**(iii)** ગૌપાલન આપણી આર્થિક નીતિનું અંગ બને અને ગૌચરોની સ્થાપના માટે વિચારણા તથા પહેલ શરૂ થાય, તેને માટે દેશના કાયદાના ઘડનારાઓ આગળ આવે.

**(iv)** દેશના ઉદ્યોગપતિઓ ગ્રામોદ્યોગના ઉત્પાદન (પેદાશ) માટે વ્યવસ્થિત બજારતંત્ર ઊભું કરવા માટે આગળ આવે.

## ૨. ગાયનો ઉછેર :-

લોકોને ગાયના દૂધના ગુણો તથા તેની ઉપયોગિતા અંગે કોઈ જાણકારી ન હોવાના કારણે ગાય પાળવાની પ્રવૃત્તિ પાછળ રહી ગઈ તથા ભેંસ પાળવાની વૃત્તિમાં વધારો થયો. અગર એની જો જાણકારી વધે અને પ્રચાર-પ્રસાર થાય તો જેઓ ગાય પાળવાની સ્થિતિમાં છે, તેઓ ગાય પાળવા લાગશે તથા જેઓ ભેંસ પાળી રહ્યા છે, તેઓ ગાય પાળતા થઈ જશે. ભેંસના દૂધના બદલે, ગાયના દૂધની માંગ વધશે, તો એ બન્નેને જ પ્રોત્સાહન મળશે. આ રીતે વ્યક્તિગત સ્તરે ગાય પાળવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે અને ગૌવંશમાં વૃદ્ધિ થશે.

ગાયના દૂધના ગુણોની જાણકારી મળતા હજારો લાખો વિચારશીલ વ્યક્તિઓ એવી હશે કે જે ગાયના દૂધને જ પસંદ કરશે તથા એના જ માખણ, ઘીનો ઉપયોગ

કરવાનું પસંદ કરશે. લોકોને સરળતાથી ગાયનું શુદ્ધ દૂધ અને શુદ્ધ ઘી પ્રાપ્ત થઈ શકે તે માટે વ્યવસ્થા કરવી જોઈએ. એના વગર શ્રદ્ધાળુ તથા વિચારશીલ લોકો પણ પોતાને અસહાય અનુભવ કરશે અને ભેંસનું દૂધ તથા વનસ્પતિ ઘી વગેરે જે આજ સુધી ઉપયોગ કરતા રહ્યા છે, એને એ જ રીતે ઉપયોગ કરતાં રહેશે અથવા ભેંસના દૂધમાં પાણી નાખી બનેલા ગાયના દૂધને પીવા માટે વિવશ બનશે.

આજે જે લોકો દૂધના વેચાણને પોતાની આજીવિકાનું સાધન બનાવવા ઈચ્છે છે અથવા બનાવેલ છે, તેમણે નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન આપવું જોઈએ.

મહત્વની જગ્યાઓ ઉપર તથા ઠેરઠેર ગાયના શુદ્ધ ઘી, દૂધ વેચવા માટે દુકાનો ચલાવવામાં આવે. ગાય તથા ભેંસ બન્નેનું દૂધ ન રાખતાં માત્ર ગાયનું દૂધ અને તેની બનાવટો મળી શકે તે માટે એ દુકાનને પ્રમાણિક કેન્દ્ર રૂપે સાબિત કરો.

ગૌશાળા તથા ડેરી માત્ર એવી દેશી ઓલાદની ગાયોની ચલાવવાનું વિચારવામાં આવે, કે જે વધારેમાં વધારે દૂધ અને સારી જાતના વાછડાઓ આપવા માટે લાયક હોય. જેથી દૂધ તથા તેની બનાવટોની વધતી માંગને પૂરી કરવા માટે પ્રામાણિ કેન્દ્ર હોવાની સાથે સાથે ખેડૂતોને સારા વાછડાઓ મળી શકે.

વ્યક્તિગત લાભ માટે સ્થાપવામાં આવેલ ગૌશાળા તથા ડેરીમાં સ્થાનિક ખેડૂતોના હિતના કેટલાક કાર્યો જોડો. દેશી ઉચ્ચ જાતના સાંઢની વ્યવસ્થા સ્થાનિક ગાયોની ઓલાદમાં સુધારણાનો ક્રમ અપનાવવો એ સૌથી મહત્વનો ફાળો હોઈ શકે.

એ જરૂરી નથી કે આ કામ હંમેશા મોટી ડેરીઓજ કરે, એની નીતિ નિયમો, વ્યવસ્થા, સગવડતા અને ફાયદાની પ્રક્રિયા સમજમાં આવી જવાથી દરેક ખેડૂત એને અપનાવવા લાગશે. જે મહેનત એને ભેંસ માટે કરવી પડે છે, અગર એટલી જ મહેનત ગાય પાછળ કરવાથી એટલો જ લાભ મળેતો દરેક એને જ પસંદ કરશે, કે ભેંસની જગ્યાએ ગાય પાળીને આપણાં દેશને સાચા અર્થમાં ગાય પાળનારાઓનો દેશ બનાવવામાં આવે.

## ★ગાયના ઉછેર વંશવૃદ્ધિ માટે કયા મુદ્દાઓ ઉપર કાર્યવાહી હાથ ધરવી જરૂરી છે?:-

### (i) લોકોના મગજમાં ગાયના દૂધનું મહત્વ બેસાડવા માટે લોક જાગૃતિ આણવીઃ-

લોકોને ગાયના દૂધ તથા ઘીનું મહત્વ સમજાવવામાં આવે. જન-જનને ગાય અને ભેંસના દૂધની મનુષ્ય શરીર થતી અસર સમજાવવામાં આવે. ગાંધીજીએ

ખાદીનું મહત્વ સમજાવવા માટે પ્રબળ આંદોલન ચલાવ્યું હતું અને જાડી તથા મોંઘી ખાદીના દૂરગામી પરિણામોની જાણકારી આપતા લોકોના ગળે ખાદી અપનાવાની વાત ઉતારતા હતા. સાથે-સાથે ખાદી ઉત્પાદનની અસરકારક વ્યવસ્થા પણ ઊભી કરી હતી. ત્યારે જ આપણાં દેશમાં ખાદીએ પોતાની જડ જમાવી. આજથી સૌ વર્ષ પહેલાં ચા નાં વ્યાપારીઓ એનો પ્રચાર કરવા માટે ઘરે-ઘરે પહોંચી, બનાવવામાં આવેલી ચાને એક પૈસામાં વેચી તથા એક પેકેટ ચા મફત આપવાની વ્યાપક ઝુંબેશ ચલાવી. પરિણામે એ પ્રચાર આગળ વધતાં વધતાં આજે એ ચા ભારતીય લોક જીવનનું એક અંગ બની ગઈ છે.

### (ii) ગાયનું છાણ-ગૌમૂત્ર, બળદની ઉપયોગિતા (આરોગ્ય તથા સમૃદ્ધિમાં તેનો ફાળો) માટે જન જાગૃતિઃ-

ખેડૂતોને સમજાવવામાં આવે કે ખેતી અને ગાયનું પાલન પોષણ પરસ્પર એકબીજા સાથે સંબંધ ધરાવે છે અને એકના દ્વારા બીજાનું પોષણ થાય છે. બન્નેના લાભો એકઠા કરી એવી વ્યવસ્થા કરનાર નાનામાં નાનો ખેડૂત પણ નફામાં રહે છે. ખેડૂત વાછડાઓ વગર ખેતી કરવી, આવાગમન તથા વાહન વ્યવહારની સમસ્યા હલ નહીં કરી શકે. એટલા માટે ગાય પાળવી એ એના જીવન-મરણનો પ્રશ્ન છે. માત્ર શ્રદ્ધા જ નહીં સાવધાની પૂર્વક નાણાંકીય વ્યવસ્થાને ધ્યાનમાં રાખતા ફરીથી રસપૂર્વક એને અપનાવવી જોઈએ અને તદનુરુપ જ પશુપાલનની નવી નીતિ નક્કી કરવી જોઈએ.

### (iii) ઘરે-ઘર ગૌસેવા, ગૌપાલન, વ્યક્તિગત ગૌશાળાઓ તથા ડેરીઓ ઉભી કરવા માટે પ્રેરણા તથા પ્રોત્સાહન

### ૩. ઉછેર-વંશવૃદ્ધિ (Breed improvement) :-

ગાય તથા તેનું છાણ, ગૌમૂત્રના જે આરોગ્ય વર્ધક અને દિવ્ય ગુણો બતાવવામાં આવ્યા છે, તે માત્ર દેશી ઓલાદની ગાયો જ ધરાવે છે. ખેતી માટે દેશી ગાયનો બળદ જ ઉપયોગી હોય છે. વધારે દૂધના ઉત્પાદનના નામે સરકારી મદદ અને પ્રોત્સાહનથી તો માત્ર હાલ્સટીન, જર્સી, ફ્રીઝિયન વગેરે વિદેશી ઓલાદની ગાયોને જ ઉત્તેજન મળ્યું છે, કે જેના વાછડાઓ ખેતી માટે લાયક હોતા નથી જ્યારે ભારતની ગીરની ઓલાદની ગાયો મેક્સિકો, બ્રાઝીલ તથા ઈઝરાયેલમાં દરરોજનું ૮૦ લીટર દૂધ આપી રહી છે. ભારતીય ગાયોની વિદેશી ઓલાદ સાથે શંકરીકરણના કારણે ભારતીય ઓલાદોનો મૂળ ગુણ સમાપ્ત થઈ ગયો છે અને અનેક સારી ઓલાદની ગાયો લગભગ લુપ્ત થઈ ગઈ છે. અર્થાત ભારતીય ઓલાદની

ગાયોના સુધારની આવશ્યકતા છે. ભારતીય ગૌવંશનું સુદ્રઢીકરણ તથા વંશવૃદ્ધિ માટે નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવી જોઈએઃ-

**(i) દેશી ગાયના ગુણો તથા ઉપયોગિતાના સંબંધમાં જાન જાગૃતિઃ-**

★છાણ, ગૌમૂત્ર તથા દૂધ તેના ગુણોના દ્રષ્ટિકોણથી

★ભારતીની ખેતી માટે ઉપયોગી બળદો પૂરા પાડવાના દ્રષ્ટિકોણથી

**(ii) (Cross breeding upgrading) અંગે જન જાગૃતિ**

**(iii) સુધાર કરવા માટે સફળ ઉપાય સુચવવો તથા વ્યવસ્થા કરવી**

**(અ)** દેશી ગાયનું અપગ્રેડિગ

★દૂધ આપતી ગાય સારા બળદ માટે

★બળદ આપનારી ગાય સારું દૂધ આપવા માટે

**(બ)** બન્ને પ્રકારના સાંઢોની વ્યવસ્થા

ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ સામૂહિક ગૌશાળાઓ દ્વારા જ ગ્રામ્ય વિસ્તારની જનતા માટે આ વ્યવસ્થા મફત કરવામાં આવશે.

વ્યક્તિગત સ્તરે ચલાવવામાં આવતી ગૌશાળા તથા ડેરીઓ ધરાવતી વ્યક્તિઓએ પણ આ વ્યવસ્થા સ્થાનિક લોકોના લાભાર્થે તથા લોક સેવા રૂપે મફત અથવા સામાન્ય ફી ના ધોરણે રાખવી જોઈએ.

**(iv) દેશી ઓલાદની ગાયોના અપગ્રેડિંગ માટે પ્રોત્સાહન આપવું તથા સંશોધન (સરકાર દ્વારા) કરવું.**

## ૪. યુગ નિર્માણ મિશનના પરિજનો દ્વારા આદર્શ ગામ યોજના અંતર્ગત ગૌશાળાઓની સ્થાપનાઃ-

યુગ નિર્માણ મિશન (ગાયત્રી પરિવાર) નાં પરિજનો, યુગ શિલ્પીઓ દ્વારા ગામડાઓને સ્વાવલંબી બનાવવા માટે વિકેન્દ્રિત નાણાંકીય વ્યવસ્થાના માળખા રૂપે ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ ગૌશાળાઓની સ્થાપનાની પહેલ કરવામાં આવી રહી છે. એ ગૌશાળાઓનું સ્વરૂપ તથા સંચાલનની વ્યવસ્થા શું હશે? તેની વિસ્તૃત માહિતિ અગામી પ્રકરણમાં આપવામાં આવી છે.

આદર્શ ગામ યોજનાની વિસ્તૃત માહિતી ''ગ્રામોત્થાનની દિશામાં'' પુસ્તકમાં આપવામાં આવી છે.

# ૪. આદર્શ ગૌશાળાની સ્થાપના

## ૧ ગૌશાળાનું સ્વરૂપઃ-

કુટુંબો દ્વારા જ્યારે ગાય પાળવામાં આવે છે અને જ્યારે એ દૂધ આપવાનું બંધ કરી દે છે, ત્યારે તેનું પાલન-પોષણ કરવું મુશ્કેલ થઈ પડે છે, પછી એ ગાયનું દાન કરી દેવાની આપણે ત્યાં પ્રથા પડી ગઈ છે, પરંતુ ગૌશાળા ન હોવાના કારણે એ ગાયો ઢોરોનું ખરીદ વેચાણ કરનારાના હાથે કતલખાને પહોંચી જાય છે.

આજે દેશમાં વ્યક્તિગત ગૌશાળાઓ ઉપરાંત ૨૫૦૦ થી પણ વધારે સાર્વજનિક ગૌશાળાઓ સ્થપાયેલી છે, પરંતુ જેવી આશા રાખમાં આવતી હોય છે તેવી સફળતા સાથે ગાયનું રક્ષણ કરી શકતી નથી. કારણ કે તેમની મુખ્ય સમસ્યા એ છે, કે ગાયને સાચવવા અને તેના પાલન પોષણ માટે જે પગારદાર માણસો રોકવામાં આવે છે, તેમનામાં હંમેશા સેવાની ભાવનાનો અભાવ હોય છે, તેના ફળ સ્વરૂપે એ કાર્ય કરતા માણસોનું કામ સંતોષજનક હોતું નથી. ગૌશાળાના સંચાલકોની લગભગ આ જ મુખ્ય ફરિયાદ હોય છે. બીજી વાત એ છે, કે આ ગૌશાળાઓ કતલખાને લઈ જવાતા પકડાયેલી ગાય અને તેની ઓલાદને પોતાના રક્ષણ હેઠળ રાખવા તૈયાર પણ હોતી નથી, લગભગ આવી સ્થિતિ હંમેશા જોવા-સાંભળવા મળે છે. આ ગૌશાળાઓ પાસે સાધનોની અછત હોય, એવું પણ નથી, પરંતુ કાર્ય પદ્ધતિમાં ક્યાંકને ક્યાંક આ પરિશોધનની અવશ્ય જરૂરિયાત છે.

અર્થાત યુગનિર્માણ મિશન એવી ગૌશાળાઓ સ્થાપવાની ઈચ્છા ધરાવે છે, કે જે લોકોની હોય, લોકોનો સમય, મહેનત, સાધનો અને ભાવના વડે એનું સંચાલન થતું હોય અને એમાં એવી ગાયો તથા બળદ વાછડાઓનું પાલન પોષણની વ્યવસ્થા હોય કે જે દૂધ આપવા અથવા કામ કરવા માટે અયોગ્ય બની જવાના કારણે વ્યક્તિગત રીતે એનું પાલન પોષણ કરવું મુશ્કેલ થઈ જવાના કારણે બિન ઉપયોગી સમજી તેને ઢોરના વેપારીઓને વેચી દેવામાં આવે છે અને ત્યારબાદ તે કતલખાને પહોંચી જાય છે. અર્થાત આ પ્રકારની ગૌશાળાઓ ગ્રામોદ્યોગ તથા ગામડાના વિકાસની તમામ પ્રવૃત્તિઓનું કેન્દ્ર બને.

લોકો માટે ગાય તથા તેની ઓલાદની ઉપયોગિતા માત્ર દૂધ આપે ત્યાં સુધી તથા કામ કરવા માટે યોગ્ય હોય ત્યાં સુધી જ મર્યાદિત બની ગઈ છે. હવે એ ઘરડી ગાયો તથા બળદોની ઉપયોગિતા સાબિત કરી અને એ અંગેનો આજનો દ્રષ્ટિકોણ બદલી નાખવા માટે તેના છાણ, ગૌમૂત્ર અને અન્ય પેદાશો દ્વારા ગૌશાળાઓને સુદૃઢ બનાવી, તેના છાણ તથા ગૌમૂત્રમાંથી ઉત્તમ પ્રકારનું કુદરતી ખાતર અને જંતુનાશક દવાઓ બનાવવાની સાથે, બાયોગેસ પ્લાંટ દ્વારા રાંધણગેસ

પેદા કરવામાં આવશે. જેને પાઈપ દ્વારા સીધો જ ગ્રામ્યજનોના ઘરે પહોંચાડી શકાશે. એના દ્વારા ગામડાંના લોકોની બળતણ અંગેની સમસ્યાનું નિરાકરણ પણ કરી શકાશે અને પ્રકાશની વ્યવસ્થા પણ કરી શકાશે. આ ઢોરની ઉંમર પૂરી થતાં એ જ્યારે મરી જાય ત્યારે તેનું ચામડું, હાડકાં વગેરેની વ્યવસ્થા માટે લઘુમતિ કોમના એ લોકોને રોજી આપી શકાશે, જે માત્ર આજે કતલખાનાના સહારે જીવી રહ્યા છે. અર્થાત આ પ્રયત્ન દ્વારા સાંપ્રદાયિક સદ્ભાવનાનો વિસ્તાર પણ થઈ શકશે. આ ગૌશાળાઓ દ્વારા સ્થાનિક વિસ્તારના ગૌવંશની ઓલાદની સુધારણાનું કામ પણ હાથ ધરી શકાશે. ગૌશાળાના સંચાલન દ્વારા વ્યાપક પ્રમાણમાં કામ ધંધાની વ્યવસ્થા થઈ શકશે. અહીં એ વાત ધ્યાન આપવા જેવી છે, કે આ ગૌશાળાઓ દૂધના વ્યાપારમાં ન પડે, નહીંતો એની સ્થાપનાનો હેતુ જ માર્યો જશે. આ ગૌશાળાઓ દ્વારા જે દૂધ પ્રાપ્ત થાય એ દૂધનો ઉપયોગ સગર્ભા સ્ત્રીઓ તથા બાળકોને મફત પુરું પાડવાની પ્રથા શરૂ કરવા માટે કરવામાં આવે. આ ગૌશાળાઓને ગ્રામોદ્યોગના કેન્દ્રની સાથે-સાથે સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કેન્દ્ર રૂપે વિકસિત કરવાની યોજના પણ છે. એના સંચાલનમાં તથા વહીવટમાં મહિલા મંડળોની મુખ્ય ભૂમિકા હોય, એને માટે માત્ર પહેલ કરવાની જ આવશ્યકતા છે.

આજની વેચાણ લક્ષી સંસ્કૃતિને ગૌસેવાની શ્રદ્ધા પર આધારિત આ વિકાસની પ્રક્રિયા જડબાતોડ જવાબ આપી શકશે. અર્થાત આજે ગૌશાળાની દેશવ્યાપી જાળ પાથરવી અત્યંત મહત્વની જરૂરિયાત છે, જે દરેક ખેતરને બળદ, કુદરતી છાણિયું ખાતર અને ગૌમૂત્ર રૂપે જંતુનાશક દવા પૂરી પાડશે. આ પ્રકારની ગૌશાળાની સ્થાપના વિકેન્દ્રિત આર્થિક વ્યવસ્થાનું માળખું ઊભું કરવાનો શુભારંભ છે. જે સમેટાતી જતી રાજ્યાશ્રિત વિકાસ પ્રક્રિયાનો વિકલ્પ રજુ કરી શકશે.

લક્ષ્ય એ રાખવામાં આવ્યો છે, કે દેશના દરેક ગામમાં આ પ્રકારની ગૌશાળાની સ્થાપના થાય. પરંતુ આરંભ કરવા માટે આદર્શ ગ્રામ્ય યોજવા અંતર્ગત ૫ થી ૧૦ ગામની વચ્ચે એક ગૌશાળા શરૂ કરી શકાય. તેને માટે ધ્યાન આપવા લાયક એ વાત છે, કે યુગનિર્માણ મિશન એવી ગૌશાળાની સ્થાપના કરવા માંગતું નથી કે જે કહેવામાં સૌની હોય, પરંતુ તેની પર ગણ્યા ગાંઠ્યા લોકોનું વર્ચસ્વ હોય, ભલેને તે રજિસ્ટ્રેશન કે નોંધણી કરાવવામાં આવેલી સમિતિ રૂપે હોય અથવા નોંધણી કરાવ્યા વગરની સંસ્થા રૂપે હોય. અર્થાત આદર્શ ગૌશાળાની સ્થાપના માટે ધર્મતંત્રથી લોકશિક્ષણ દ્વારા આદર્શ લોકસેવાની વિચારસરણી તૈયાર કરવી પડશે. જે તેની પ્રાથમિક આવશ્યકતા છે. આજે ગૌશાળા કે ગૌરક્ષાના નામે ગામડાંની ઉદાર જનતાનો આર્થિક સહકાર સાંપડવો સ્વાભાવિક છે, અર્થાત ગૌશાળાની સ્થાપનાના આરંભથી જ વ્યવસ્થિત વહીવટી તંત્ર ઊભું કરી સાવચેતી અને સાવધાની

રાખવી આવશ્યક છે. તેને માટે નીચેના મુદ્દાઓ ઉપર વિશેષ ધ્યાન આપવું પડશે.

**(i) આ ગૌશાળા લૂટ ફાટનું કે ખેંચતાણનું કેન્દ્ર ન બને.**

**(ii) આ ગૌશાળા માત્ર કહેવા માટે જ સૌની નહીં, પરંતુ વાસ્તવિક રીતે સૌની હોય અને એની ઉપર મુઠી ભર લોકોનું વર્ચસ્વ જામવું ન જોઈએ.**

**(iii) તેનું સંચાલન સેવાની ભાવનાથી થવું જોઈએ. સેવા માટે આવક જરૂરી છે જે સ્વીકાર્ય છે, પરંતુ આવક ઊભી કરવા માટે સેવા નહીં.**

**(iv) તેના વહીવટીતંત્રની કાર્ય પદ્ધતિમાં એ જોવું જોઈએ, કે આ ગૌશાળા લોકશાહી રીતે કામ કરી રહી છે, કે નહીં.**

**(v) તેના વહીવટ માટે લેવાતા આખરી નિર્ણયોમાં મહિલાઓની જ મુખ્ય ભૂમિકા હોય.**

**(vi) આ ગૌશાળાના વહીવટમાં કે સંચાલનમાં પંચાયતો હસ્તક્ષેપ ન કરે, પરંતુ તેનું સંચાલન સારી રીતે થાય તે માટે જાગૃત રખેવાળનું કામ અવશ્ય કરે તથા તેની સ્થાપના માટે પૂરેપૂરો સહકાર આપે.**

**ફરતી વહીવટી વ્યવસ્થા (Rotatary Management)** ગૌશાળાના વહીવટને ઉપર જણાવવામાં આવેલ દુર્ગુણોથી દૂર રાખવો અને આદર્શ સંચાલન પરંપરાની સ્થાપના માટે ફરતી વહીવટી વ્યવસ્થા દ્વારા આરંભ કરવો પડશે અથવા નક્કી કરવી પડશે. અર્થાત કોઈ વ્યક્તિ અથવા કોઈ જુથ વહીવટ પર કાબુ જમાવી ગૌશાળા પર સવાર ન થઈ જાય. તેનું સંચાલન કરતી સમિતિના સભ્યો વધુમાં વધુએક વર્ષ સુધી રહે ત્યાર પછી તેમાંપરિવર્તન થવું જોઈએ અથવા રોટેશન પદ્ધતિથી આવતા જતા રહે.

આદર્શ ગૌશાળાની સ્થાપના માટે ગાયત્રી પરિવારના પરિજનોએ ખૂબ મહેનત કરવી પડશે તથા તેનો મુખ્ય આધાર છે સંસ્કાર પદ્ધતિ ધ્વારા લોક માનસનું શુધ્ધિકરણ.

## ૨. ગૌશાળાની સ્થાપનાનો હેતુઃ-

**(૧)** ગાય તથા તેની ઓલાદની હત્યા પર પ્રતિબંધ માટે અસરકારક તથા વ્યવહારુ

નિરાકરણ સૂચવવું.

**(૨)** ગાય પાળવા તથા તેના વાછડા વાછડીના ઉછેર પ્રત્યે જન જાગૃતિ આણવી અને

ગૌપાલન અંગે લોકોના આજના દ્રષ્ટિકોણમાં પરિવર્તન આણવું તથા પરિશોધન કરવું.

**(૩)** ગામડાંમાં ગ્રામોદ્યોગ તથા ચિરકાલીન ઉપજાઉ કુદરતી ખેતીના વિકાસનો આધાર

ઊભો કરવો અથવા ફરીથી સ્થાપના કરી તેના દ્વારા બેકારી તથા ગરીબીની નાબુદીનો

ઉપાય કરવો.

**(૪)** પર્યાવરણ તથા વહીવટનું અસરકારક માળખું તૈયાર કરવું.

**(૫)** ગામડાંની દરેક સગર્ભા સ્ત્રી તથા બાળકને મફત દૂધ મળી રહે, એ લક્ષ્યનો શુભારંભ

કરી કાળક્રમે તેને કાયમી સ્વરૂપ આપવું

**(૬)** સુરક્ષિત પ્રસૂતિના માધ્યમ દ્વારા વસ્તી વિસ્ફોટ કે વધારા પર પ્રતિબંધ લાદવા પ્રયત્ન

કરવો.

**(૭)** આ ગૌશાળાને વિકેન્દ્રિયકરણ કરવામાં આવેલ અર્થવ્યવસ્થાના માળખાના નમૂના

રૂપે તથા સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓના સામૂહિક કેન્દ્ર રૂપે વિકસિત કરવી.

**(૮)** ગૌશાળાઓ દ્વારા સમગ્ર ગ્રામ્ય વિકાસ એના દ્વારા ગ્રામોત્થાન અને ગ્રામોત્થાનથી

સંપૂર્ણ ક્રાંતિનું સંચાલન

## ૩ ગૌશાળા માટે જરૂરી સાધનોની વ્યવસ્થાઃ-

## (અ) સ્થાપના માટે આવશ્યક સાધનો

## (બ) પ્રથમ તબક્કાની આવશ્યકતા

૧. સંચાલન માટે માનવ સાધન

૨. ગૌધન, ગાયની ઓલાદ

૩. ગૌશાળા માટે જગ્યા (જમીન તથા મકાન)

૪. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આરંભિક મૂડી (મકાન, ટીન શેડ, છાપરું બાંધવા, પાણી અને ઘાસચારા માટે)

## (ક) બીજા તબક્કાની આવશ્યકતાઓઃ-

૧. ઘાસચારો ઉગાડવા માટે જમીન પ્રાપ્ત કરવી

★લીઝ પર વહેંચણી કરાવવી

★કાયમી વહેંચણી અથવા દાન રૂપે,

★આસપાસના ખેડૂત પાસેથી ખરીદી કરવી અથવા અદલા બદલીમાં મેળવવી.

## (ડ) સાધનોની વ્યવસ્થા કેવી હશેઃ-

## ૧.જન સમુદાયે આગળ આવવું પડશેઃ-

આદર્શ અને સફળ ગૌશાળાની સ્થાપના માટે શ્રદ્ધા અને સેવાની ભાવનાથી ઉદ્ભવેલ મહેનત, સમય અને સાધનો જ એનો આધાર બની શકે. સરકારના દાન અથવા બહાર એકઠી કરવામાં આવેલી મૂડીના આધારે આરંભ કરવામાં આવેલ કાર્યો અંગે તેની સફળતા માટે શંકા બની જ રહે છે. આજે આવશ્યકતા એ વાતની છે, કે લોકોમાં દેવત્વ તથા સ્વાવલંબનની ભાવનાનો ઉદય થાય. એની શરૂઆત ભલે નાની હોય પરંતુ પોતાના દ્વારા થવી જોઈએ. એકવાર જો પોતાના સાધનો વડે કાર્યનો આરંભ કરવાનું ચક્ર શરૂ થઈ જાય તો તે ક્યારે પણ અટકશે નહીં. ત્યારે ભલે એને સશક્ત અને ગતિશીલ બનાવવા માટે બહારની મદદ લેવામાં આવે પરંતુ શરૂઆત તો પોતાના દ્વારા જ કરવી પડશે.

પરમ પૂજ્ય ગુરુદેવ યુગઋષિ **પં૦ શ્રીરામ શર્મા આચાર્યજીએ** લોક કલ્યાણ કે સમાજ કલ્યાણની સમસ્યાઓનું સામૂહિક પ્રયત્નો દ્વારા નિરાકરણ કરવા સમાધાન પ્રધાન સૂચનો કર્યા છે. ઉદાહરણ રૂપે જોઈએ તો પરિજનો દ્વારા ચલાવવામાં આવતી જ્ઞાનઘટ પ્રથાની જેમ અગર ગામનો દરેક નાગરિક પોતાના ઘરે ધર્મઘટની સ્થાપના કરે અને તેમાં દરરોજ એક મુઠી અનાજ નાખે, તો એ કોઈને બોજરૂપ નહીં લાગે. અગર જો તેને સમાજ નિર્માણના આ કાર્યને અગર એક ઉંદર અથવા ભિખારી પણ માની લેવામાં આવે અથવા ઉચ્ચ ભાવનાથી તેને કોઈ સંત બ્રાહ્મણ સમજી લેવામાં આવે તો એક એક મૂઠી અનાજની રોટલી ખવડાવી દેવી કોઈ સામાન્ય સદ્ગૃહસ્થને માટે આ કાર્ય મુશ્કેલ નહીં લાગે. આમ તો આ વાત ખૂબ જ નાની છે. પરંતુ તેની પ્રતિક્રિયા ખૂબ જ વિશાળ છે.

અર્થાત્ પરિજનોએ ઘરેઘર ધર્મઘટ અથવા ગૌઘટ રાખવાની પ્રથા શરૂ કરવી જોઈએ. ગાયની સેવા માટે અનેક કુટુંબોમાં ગૌગ્રાસ કાઢવાની પ્રથા શરૂ કરવી તથા કુટુંબીજનોને નજીકની ગૌશાળામાં શાકભાજી, ફળફળાદિના છોતરાં, ચળામણ અથવા ભુસું વગેરે પહોંચાડવા પ્રેરિત કરવા જોઈએ. દીપયજ્ઞોના કાર્યક્રમોમાં દેવદક્ષિણા દ્વારા આ રીતનો સંકલ્પ લેવડાવવો જોઈએ.

## ૨.ભામાશાહોએ સમયની માંગને સાંભળવી પડશેઃ-

આદર્શગ્રામ્ય યોજના અંતર્ગત ગામડાંઓને સ્વાવલંબી બનાવવા વિકેન્દ્રિત અર્થ વ્યવસ્થાના માળખાં રૂપે ગૌશાળાની સ્થાપના કરવી એ યુગનિર્માણ મિશનની

રચનાત્મક ક્રાંતિનો મહત્વનો કાર્યક્રમ છે. તે રાષ્ટ્રના નવનિર્માણનું એક અંગ છે. ઈતિહાસ એ વાતનો સાક્ષી છે, કે સમકાલીન પ્રતિકૂળ પરિસ્થિતિઓને પહોંચી વળવા અને રાષ્ટ્રના નવનિર્માણ માટે જ્યારે પણ ધનની આવશ્યકતા ઉદ્‌ભવી છે, ત્યારે ત્યારે દેશના ધનવાનોએ રાષ્ટ્રદેવતાના ચરણોમાં પોતાની સંપત્તિ અર્પણ કરી દીધી છે. અર્થાત્ દેવીશક્તિ ધ્વારા સંચાલિત આ યુગ પરિવર્તનના બ્રહ્મમુહુર્તના સમયે કે જ્યારે મહાકાળની ચેતના દરેક વિભૂતિવાનોને પોતાની શક્તિને સામાજિક ઉદ્દેશો માટે લગાવવા ઢંઢોળી રહી છે. ત્યારે અગર જો એને રાષ્ટ્રના નિર્માણનું એક પવિત્ર તથા શ્રેષ્ઠ કાર્ય સમજવામાં આવે તથા ધનને પ્રમાણિક હાથમાં પહોંચાડવાનું નક્કી કરવામાં આવે તો, કોઈ કારણ નથી કે ભાવનાશીલ ધનવાનો યુગદેવતાના અવાજને ન સાંભળ્યો કરી દે. પોતાના રૂપિયાનો સદુપયોગ કરવાનો આ સર્વેશ્રેષ્ઠ સમય છે, દરેક ધનવાને સમજી લેવું જોઈએ કે હવે પછીની પરિસ્થિતિ તેમના હાથમાંથી સરકી જવાની છે. યુગઋષિ ધ્વારા નીચે ઉલ્લેખ કરવામાં આવેલ મહત્વનું આવાહન **પરિશિષ્ટ-૧૧ પર**

**-અનુસંધાન-૧**-પાંચ અમાનતો જે ઈશ્વરના કાર્યોમાં લગાવવામાં આવે.

**-અનુસંધાન-૨**-ધનને દુઃખી માનવતાએ સાદ કર્યો છે.

**-અનુસંધાન-૩**-યુગઋષિની સ્પષ્ટ ચેતાવણી

## ૩. ઉદ્યોગ પતિઓએ આંતરરાષ્ટ્રીય કંપનીઓના મારનો યોગ્ય વિકલ્પ શોધવો પડશે.

આજે દેશના ઉદ્યોગપતિઓ અને ભદ્ર વર્ગ સામે બે પ્રકારનો ભય તોળાય રહ્યો છે. એક તો આંતરરાષ્ટ્રીય કંપનીઓનો તથા બીજો શહેરોમાં વધી રહેલી ગંદી વસાહતો અને તેમાં થઈ રહેલો વસ્તી વિસ્ફોટનો. તેમાંથી જન્મ લેતી આર્થિક અસમાનતા, એના પરિણામ સ્વરૂપે વધી રહેલું વેર ઝેર, કે જે ક્યારે પણ લોહિયાળ ક્રાંતિનું રૂપ ધારણ કરી શકે છે.

આપણાં દેશની અર્થવ્યવસ્થામાં વૈશ્વીકરણ અને ઉદારીકરણના નામ પર વિદેશી કંપનીઓના પ્રવેશથી પેદા થયેલ ખતરાનો માર નાના તથા મધ્યમ કદના ખેડૂતોને વેઠવો પડી રહ્યો છે. ઉદ્યોગપતિઓ પણ તેનો અનુભવ કરી રહ્યા છે. કોઈપણ માર્કેટમાં પગ જમાવવા માટે એક સરળ અને સફળ માર્ગ છે કબજો કરવો. જ્યારે નવી બ્રાંડને બજારમાં જમાવવી એ નવું એકમ ખોલવા જેવું દુષ્કર કાર્ય છે. નવું એકમ સ્થાપવામાં વર્ષો વહી જાય છે. બ્રાંડને સ્થાપવામાં કરોડો રૂપિયા લાગે છે. વૈશ્વીકરણની પ્રક્રિયાથી જન્મેલ એકીકરણ અને વિલયની પ્રવૃત્તિના ફળ સ્વરૂપે, આંતરે દિવસે તોફાની ગતિથી જેવી રીતે દેશી કંપનીઓનું વિદેશી

કંપનીઓમાં એકીકરણ અને વિલય થઈ રહ્યો છે, તેણે ભારતના ઔદ્યોગિક પરિવારો અને ધનાઢ્ય વર્ગની ઉંઘ ઉડાડી દીધી છે અને એ ખાસ કરીને (Hostile tekeorer) ની અહીં એ વાત યાદ રાખવી જોઈએ કે મે-૯૮માં પહેલાં માત્ર બેથી અઢી મહિનાના ગાળામાં લગભગ એક ડઝન જેટલી દેશી કંપનીઓનું એકીકરણ અને વિલય થઈ ગયો છે. જેમાં ટાટાગૃપની ત્રણ કંપનીઓ સામેલ છે. કોર્પોરેટ નિષ્ણાતોની દૃષ્ટિમાં એ હજી માત્ર નાનકડી શરૂઆત જ છે, જ્યારે એનું આખરી પરિણામ આવવાનું બાકી છે.

સેંસસ આંકડાઓના અનુસાર મોટા શહેરોની ગંદી વસાહતો (Slums) ની વસ્તી દેશની કુલ વસ્તીના ૨૫ થી ૩૦ ટકા છે, મુંબઈની અડધી અર્થાત્ ૫૦ ટકા વસ્તી તેના પરાઓમાં વસે છે. દિલ્હીની ૪૦ ટકા વસ્તી પણ પરાઓમાં રહે છે. હવે એ દિવસો દૂર નથી કે જ્યારે અનેક શહેરોની મોટા ભાગની વસ્તી આ પરાઓમાં રહેતી હશે. અર્થાત્ શહેરોનું ઉચ્ચ જીવન અને પરા-ચાલીઓનું નરક જેવું જીવન, જે વર્ષોથી આર્થિક અસમાનતા રૂપી વેરઝેર ફેલાવી રહ્યું છે,એ ક્યારે વિગ્રહ રૂપે ફૂટી નિકળશે, એ સ્પષ્ટ નથી. સંભવ છે, કે આ પ્રક્રિયા મુંબઈથી જ આરંભ થઈ શકે અને પછી દિલ્હી તો દૂર નથી જ.

અર્થાત એ વાત સ્પષ્ટ છે, કે ઉદ્યોગપતિઓએ આ બન્નેમાંથી કોઈ એકનું નિશાન બનવાનું છે. એના ઉપરાંત આમ પણ આગામી દિવસોમાં મોટા ઉદ્યોગો, કારખાનાઓ સામે સંકટ તો આવવાનું છે, એણે ડુબવાનું જ છે, જેની શરૂઆત વિશ્વ સ્તરે થઈ ચુકી છે. **યુગનિર્માણ મિશનના સૂત્ર સંચાલક યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યજીની અર્થતંત્રના પરિવર્તનના સંબંધમાં કરવામાં આવેલી નીચેની આગાહી સૌને માટે ધ્યાન આપવા યોગ્ય છે.**

★આવનારા દિવસોમાં કુટિર ઉદ્યોગો જ મુખ્ય હશે ગામડાંઓ કસબામાં ચાલ્યા જશે અને સહકારી સમિતિની કક્ષાએ તેનું માળખું ઉભું થશે. દુવિધા એમની સામે છે, જે મોટા વ્યવસાયમાં ફસાયેલાં છે. તેમણે સમયની સાથે બદલવું પડશે. સારું તો એ છે, કે તેઓ કોઈ હઠ ન પકડે અને સમય રહેતા બદલવાની પ્રક્રિયા આરંભ કરી દે. નહીં તો એકી સાથે જ્યારે ઝટકો વાગશે ત્યારે તેઓ પોતાની જાતને સાચવી નહીં શકે. આગામી દિવસોમાં અર્થતંત્ર તો આ રીતે જ ચાલશે, આ રીતે જ વળશે. અર્થાત ધનવાનોને સમયની ચેતવણી પણ એટલી જ છે, કે તેઓ મર્યાદિત લાભથી જ કામ ચલાવે, જે કમાણી થાય તેમાં લાભની સીમા મર્યાદા હોય. મજુરોને ભાગીદાર રાખે.

★શહેરોનું કદ હળવું થશે અને દુબળા ગામડાંઓ કસબાઓ બની મજબૂત દૃષ્ટિગોચર થશે.

અર્થાત્ સમયની માંગ છે, કે ઉદ્યોગપતિઓએ આ ભયથી બચવા માટે ગૌશાળાઓ, ગ્રામોદ્યોગની સ્થાપનામાં સહકાર આપવો જોઈએ અને એ પણ ખાસ કરીને કુટિર ઉદ્યોગની પેદાશના વેચાણ માટે વ્યવસ્થિત વ્યાપાર સંકુલ (Market Network)ઉભું કરવા માટે આગળ આવવું જોઈએ. એનાથી તેઓ પણ બચી જશે અને દેશની સેવા પણ થઈ જશે. આંતર રાષ્ટ્રીય કંપનીઓ ભારતની ગરીબીની કારણે પોતાનો સામાન વેચવા માટે સફળ નહીં થઈ શકે, કારણ કે અહીંની ગરીબ પ્રજા (૮૦ ટકા ગ્રામ્ય વિસ્તાર)ને તેમના સામાનથી આવશ્યકતા નથી, જેથી તે પાછા ફરવા મજબૂર થશે અથવા તે પણ ભારતના ગ્રામોદ્યોગનો સારી જાતનો સામાન બહાર મોકલવા અને વેચવામાં જ પોતાનું ભલું સમજશે.

## ૪. ગ્રામ્ય પંચાયતો આ પવિત્ર કાર્ય માટે આગળ આવે.

ગામડાંઓની સામુહિક સંપત્તિને ગૌશાળા અને ગૌચર માટે લગાડવામાં આવે, ગ્રામ્ય જનતાના લાભ માટે એનાથી વધુ સારો સદ્ઉપયોગ અને વ્યવસ્થા બીજી એક પણ નથી. ગ્રામ પંચાયતો ગૌશાળાની સ્થાપના અને સંચાલનમાં પ્રોત્સાહન અને સહકાર આપે પરંતુ તેમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ ન કરે.

## ૪.ગૌશાળાઓનું સંચાલન અને તેના વહીવટની વ્યવસ્થાઃ-

ગૌશાળાનું સંચાલન અને વહીવટ સાથે સંબંધિત નીચે પ્રમાણેની વ્યવસ્થા હશે.-

**(૧)** ગૌશાળાનું મહિલા મંડળઃ-

**(૨)** સ્વયં સહાયતા બચત ગૃપઃ-

ગૌશાળા મંડળ દ્વારા જ ગૌશાળાનો સામાન્ય વહીવટ ચલાવવામાં આવશે, પરંતુ ગૌશાળા દ્વારા ચાલનારો દરેક ઉદ્યોગ સંબંધી કાર્યોનું સંચાલન અને વહીવટ તેને માટે બનેલ સ્વયં સહાયતા બચત ગૃપ દ્વારા જ થશે. કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવાનો આધાર જ એ જ હશે કે પહેલાં કેટલીક વ્યક્તિઓ એક સ્વયં સહાયતા બચત ગૃપ રૂપે એકઠા થઈ આગળ આવે અને જે કાર્યને ખાસ મહત્વ આપી તથા સ્વાવલંબન અને ગ્રામ્યવિકાસનો આધાર બનાવી આગળ વધવા ઈચ્છે. ગૌશાળાથી સંચાલિત દરેક પ્રવૃત્તિના અલગ અલગ સ્વયં સહાયતા ગૃપ બનાવવા પડશે. આ રીતે ગૌશાળાની પ્રવૃત્તિઓનો વિસ્તાર અને સંચાલન સ્વયં સહાયતા બચત ગૃપ રૂપે એકત્ર થઈ સ્વયં જનતા દ્વારા કરવામાં આવશે.

## (૧) ગૌશાળા મહિલા મંડળ (ગૌશાળાની વહીવટી સમિતિ):-

### (૧) જવાબદારીઓ:-

ગૌશાળાનું મહિલા મંડળ ગૌશાળાની નિર્ણાયક બોડી (પાલમિન્ટરી બોડી) રૂપે કાર્ય કરશે. ગૌશાળાની સ્થાપના, સંચાલન અને વહીવટ સંબંધી તમામ નિર્ણયો તેના દ્વારા લેવામાં આવશે. તેના મુખ્ય કાર્યોનો ઉલ્લેખ નીચે મુજબ છે:-

**(i)** ગૌશાળાની સ્થાયી, અસ્થાયી સંપત્તિની વ્યવસ્થા અને રોકાણ સંબંધી નિર્ણય

**(ii)** ગૌશાળામાં વિભિન્ન કાર્યોની પહેલ, વિસ્તાર અને સુદૃઢ બનાવવા સંબંધી નિર્ણયો

**(iii)** પંચાયત, સરકારી-બિનસરકારી અને બીજી એજન્સીસ સાથે સમન્વય.

**(iv)** ગૌશાળાના કાર્યોનું સંચાલન અને વહીવટ માટે સ્વયં સહાયતા બચત ગૃપ(જૂથ)ની રચના કરવી અને સુદૃઢીકરણ.

### ૨ સભ્ય:-

ગૌશાળા મહિલામંડળ (વહીવટી સમિતિ)ના સભ્યો નીચેની સંસ્થાઓમાંથી લેવામાં આવશે.

**(i)** ગ્રામ્ય મહિલા મંડળમાંથી-દરેક ગામના ગ્રામ્ય મહિલા મંડળમાંથી ૧ સભ્ય,એક જ મંડળમાંથી અગર જો એક જ ગામની ગૌશાળા હોય તો ગ્રામ્ય મહિલા મંડળમાં દ્વારા ક્રમ અનુસાર સર્વ સંમતિથી પસંદ કરવામાં આવેલ ૨ થી ૩ સભ્યો.

**(ii)** ખેડૂત મિત્ર મંડળમાંથી- દરેક ગામના ખેડૂત મિત્ર મંડળમાંથી એક સભ્ય સામાન્ય રીતે ગૌપાલન કરતો ખેડૂત મિત્ર અથવા ૨ મહિલા ખેડૂતમાંથી.

**(iii)** ગામ પંચાયતમાંથી- દરેક ગામની ગ્રામ્ય પંચાયતના મહિલા સભ્યોમાંથી સર્વ સંમતિથી પસંદ કરવામાં આવેલ એક સભ્ય. અગર જો ગામ પંચાયતના સરપંચ પદે કોઈ મહિલા હોય તો તે જ સભ્ય બનશે.

**(iv)** મહિલા સ્વયં સહાયતા બચત જૂથ (ગૃપ)માંથી-અગર જો ગૌશાળાના કાર્યો સાથે સંકળાયેલું મહિલા બચત ગૃપ બન્યું હોય તો તેના પ્રમુખ સ્થાને રહેતી મહિલા સભ્ય બનશે.

### ૩. કામકાજની સમય મર્યાદા

ગૌશાળા મહિલા મંડળ (વહીવટી સમિતિ)ની સમય મર્યાદા ૧ વર્ષની રહેશે. નવા વર્ષ માટે ઉપરોક્ત નિયમ અનુસાર ફરીથી ગૌશાળા મહિલા મંડળની રચના કરવામાં આવશે.

## ૪. હોદ્દેદારો

-ગૌશાળા મહિલા મંડળ માટે એક પ્રમુખ તથા એક મંત્રી રાખવામાં આવશે. જેની સામાન્ય સમયમર્યાદા ૧ વર્ષની રહેશે.

-વર્ષના અંતમાં જે મહિલા મંત્રી પદ પર હશે તે આપોઆપ પ્રમુખ બની જશે તથા નવા મંત્રીની પસંદગી કરવામાં આવશે.

-દર વર્ષે ગૌશાળા મંડળ સાથે જોડાયેલ ગ્રામ્ય મહિલા મંડળના સભ્યોમાંથી સર્વ સંમતિથી મંત્રીની પસંદગી કરવામાં આવશે.

## ૨. ગ્રામ્ય મહિલા મંડળઃ-

### ૧. સભ્યોની સંખ્યા ૯ થી ૧૨

### ૨. કામકાજની સમય મર્યાદા-૩ વર્ષ

### ૩.સભ્યોની પસંદગી કરવાનો નિયમઃ-

-પ્રથમવાર સ્વેચ્છાએ લોક સેવાભાવી મહિલાઓ એકત્ર થઈને ગ્રામ્ય મહિલા મંડળની રચના કરવાના કાર્યનો આરંભ કરશે.

-ભવિષ્યમાં પ્રત્યેક ૩ વર્ષની સમયમર્યાદા પછી સર્વસંમતિથી ગ્રામ્ય મહાસભા (માત્ર મહિલાઓ) ધ્વારા મહિલા સભ્યોની પસંદગી કરવામાં આવશે.

### ૪. હોદ્દેદારોઃ-

-મહિલા મંડળનો એક પ્રમુખ એક મંત્રી હશે.

-મહિલા મંડળના તમામ સભ્યો પોતાનામાંથી સર્વ સંમતિથી એક વર્ષની સમયમર્યાદા માટે પ્રમુખ તથા મંત્રીની ચૂંટણી કરશે.

-આગામી વર્ષે મંત્રી આપોઆપ પ્રમુખ બની જશે અને ગ્રામ્ય મહિલા મંડળ નવા મંત્રીની પસંદગી કરશે.

### ૫. જવાબદારીઓઃ-

ગામડાઓમાં નીચે જણાવેલી પ્રવૃત્તિઓને ગતિ આપવા માટે સમાજ સેવાના ભાવથી એક આંદોલન રૂપે આવશ્યક સર્વે કરવો, આયોજન ગોઠવવું, કાર્યનો આરંભ કરવો તથા તેના વહીવટ સંબંધી તમામ કાર્યો સરળતાપૂર્વક ચાલતા રહે એના સંદર્ભમાં ગ્રામ્ય મહિલા મંડળના કાર્યો તથા જવાબદારીઓ-

(૧) બાળ સંસ્કાર શાળાની સ્થાપના અને સંચાલન

(૨) મહિલા (ખાસ કરીને સગર્ભા) અને બાળકના આરોગ્યનું રક્ષણ.

(૩) મહિલા શિક્ષણ (પ્રૌઢ શિક્ષણ, સ્ત્રીઓને ઉપયોગી થાય તેવું અને પ્રાથમિક શાળા સુધીનું શિક્ષણ)

(૪) મહિલા સ્વાવલંબન

(૫) સ્વચ્છતા

(૬) મહિલા જાગરણ

(૭) આવશ્યકતા અનુસાર અન્ય કાર્યો.

## ૩. સ્વયં સહાયતા બચત ગૃપ (જૂથ)

### (I) સ્વયં સહાયતા બચત ગૃપની રચના તથા એકત્રીકરણ

દરેક પ્રવૃત્તિના સંચાલન માટે સ્વયં સહાયતા બચત જૂથ કેવી રીતે બનાવવામાં આવશે તથા કેવી રીતે તેની કાર્ય પધ્ધતિને મજબૂત કરવામાં આવશે તેની વિસ્તૃત માહિતિ 'ગ્રામોત્થાનની દિશામાં' પુસ્તકમાં આપવામાં આવી છે.

### (II) ગૃપ ધ્વારા સંચાલિત કાર્યો ધ્વારા થતા નફા (ડિવિડન્ડ)ની વહેંચણી.

કુલ શુધ્ધ નફા (લાભ)નું નીચે પ્રમાણે વિભાજન કરી શકાયઃ-

૧૦% - ગૌશાળાને

૧૦% - પ્રત્યેક ગામને ગ્રામોત્થાનના કાર્યો માટે સમાન ભાગે

૮૦% - ગૃપ (જૂથ)ના સભ્યોને

-૧૦% - કાર્યોના વહીવટ અને સંચાલન માટે

-૭૦% - સભ્યોમાં વ્યક્તિગત વહેંચણી.

## ૪. ખેડૂત મિત્ર મંડળઃ-

આદર્શ ગ્રામ યોજના હેઠળ આવતા આ તમામ ગામડાઓનું ખેડૂત મિત્રમંડળને પસંદ કરવામાં આવશે તથા તેનું ગૃપ આદર્શ ગામ યોજનાનું ખેડૂત મિત્ર મંડળ ગણાશે. દરેક ગામના પાંચ ખેડૂતોમાંથી ૨ મહિલા ખેડૂત પૈકીની એક મહિલા લોકોના આરોગ્ય માટે કાર્ય કરશે તથા બીજી મહિલા ઉધ્યોગો માટે કાર્ય કરશે. જમીન વિહોણા મજૂરો પૈકી એકને ગાયના ઉછેર અંગે તાલીમ આપશે તથા બીજો ગ્રામ્ય ઉધ્યોગને પ્રોત્સાહન આપવા કારીગરની ફરજ બજાવશે તથા એક પ્રબુધ્ધ જાગૃત ખેડૂત હશે જે ખેતીવાડી સંબંધી વૈજ્ઞાનિક વિકાસ પ્રક્રિયા સાથે ગ્રામ્યજનોને જોડવાનું કામ કરશે. તેની વિસ્તૃત માહિતિ ''ગ્રામોત્થાનની દિશામાં'' પુસ્તકમાં આપવામાં આવી છે.

ગૌસેવા પર આધારિત જીવન પધ્ધતિના પ્રચાર, પ્રસારમાં તથા ગૌશાળાની સ્થાપનામાં ગ્રામ્ય મહિલા મંડળનો ખૂબજ મહત્વનો ફાળો રહે. જેનાથી ગામડાઓની સ્ત્રીઓને જાગૃતિ કરવાની તથા તેમને સંગઠિત કરવાની તક મળી શકશે.

**નોંધઃ-**જ્યાં પર્યાપ્ત સંખ્યામાં પ્રાણવાન જાગૃત બહેનો ઉપલબ્ધ ન હોય, ત્યાં આરંભના તબક્કામાં આંશિક પરિવર્તનની સાથે દંપતિ (સ્ત્રી અને પુરુષ) પર પણ વિચાર કરી શકાય. પરંતુ એ પરિવર્તન કરતાં પહેલાં એની રૂપરેખા કેન્દ્રને મોકલી સલાહ લેવી જોઈએ.

## ૫. ગૌશાળા ધ્વારા સંચાલિત વિભિન્ન પ્રવૃત્તિઓ

### ★<u>પ્રથમ તબક્કાના કાર્યોઃ-</u>

**(૧)** કંપોસ્ટ ખાતર બનાવવું તથા એનું વેચાણ કરવું.

**(૨)** ગૌમૂત્ર એકત્ર કરવું તથા તેના વિભિન્ન ઉપયોગ સાથે સંબંધ ધરાવતા કાર્યો.

**(૩)** ગોબર ગેસ પ્લાંટની સ્લરીનું ખાતર બનાવવું તથા તેનું વેચાણ કરવું.

**(૪)** ગામડાઓની સગર્ભા સ્ત્રીઓ બાળકોને દૂધનું મફત વિતરણ

**(૫)** ગાયની ઓલાદ સુધારવાનો કાર્યક્રમ (દેશી જાતિની સર્વાંગી ઓલાદ તૈયાર કરવી)

### ★બીજા તબક્કાના કાર્યોઃ-

**(૧)** મિશ્રિત નર્સરી (રોપાની વાડી) ની સ્થાપના તથા સંચાલન

**(૨)** ઘાસચારો ઉગાડવો ખાણ બનાવવું તથા તેનું વેચાણ કરવું.

**(૩)** સ્થાનિક જડીબુટ્ટીઓનું ઉત્પાદન, રક્ષણ અને વિતરણ.

**(૪)** ચરો (ચરિયાણ) ચરાણ, ચરામણી અંગેના કાર્યો

**(૫)** અહિંસક ચર્મ ઉદ્યોગ સાથે સંકળાયેલ કાર્યો.

**(૬)** વ્યાયામ શાળા, સંસ્કારશાળાની સ્થાપના તથા સંચાલન

**(૭)** કુટિર ઉદ્યોગના ઉત્પાદનનું સહકારી વેચાણ કેન્દ્ર

**(૮)** પ્રૌઢ શિક્ષણ શાળા મહિલા ઉદ્યોગ શાળા

**(૯)** પુસ્તકાલયની સ્થાપના અને સંચાલન

**(૧૦)** સામૂહિક કેન્દ્ર

**(૧૧)** કન્યા ગુરુકુળની સ્થાપના

### કન્યા ગુરુકુળની સ્થાપનાઃ-

૨૧મી સદી માટે મહિલા શક્તિને તૈયાર કરવા માટે દરેક ગૌશાળાની સાથે ગૃહઉદ્યોગ અને કાળક્રમે કન્યા ગુરુકુળની સ્થાપના કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જેનું સંચાલન ગ્રામ્ય મહિલા મંડળ કરશે. તેમાં ૧૦,૧૧,૧૨ વર્ષની ઉંમર ધરાવતી બાળાઓને પ્રવેશ આપવામાં આવશે તથા ત્યાં શિક્ષણ

પ્રાપ્ત કર્યા પછી ૧૮ વર્ષની ઉંમરે ઉત્તીર્ણ થઈને નિકળવાની વ્યવસ્થા બનાવી શકાય. છોકરીઓના પાઠ્યક્રમમાં ગૃહઉદ્યોગના શિક્ષણની સાથે સાથે સંગીત, કલા, જડીબુટ્ટી ઉપચારનો અભ્યાસ કરવો, લખવું, તંદુરસ્ત જીવન ચર્યા, પ્રાથમિક ઉપચાર, યોગવ્યાયામ, ગૌસેવા, સલામત માતૃત્વ અને પ્રસવ વગેરે વિષયો રાખી શકાય. ગામડાંની આ છોકરીઓ તરુણ અવસ્થા પસાર કરી, જ્યારે ગૃહસ્થી જીવનને સંયમ, સેવા અને સહિષ્ણુતાના તપોવન રૂપે ચલાવવા બહાર આવશે,ત્યારે પરમ પૂજ્ય ગુરુદેવની ૨૧મી સદી નારી સદીનું વાસ્તવિક ચિત્ર ખડું થશે.

આવશ્યકતા અને સમય અનુસાર અન્ય પ્રવૃત્તિઓ સામેલ કરી શકાશે. ઉપરોક્ત કાર્યો માર્ગદર્શન રૂપે આપવામાં આવ્યા છે.

## ૬. કાર્યનો આરંભ કેવી રીતે કરીશું :-

**(૧)** આદર્શ ગામની પસંદગી, ધર્મતંત્રથી લોકશિક્ષણ, સમયદાનીઓને ઉત્સાહિત કરવા, ગ્રામ્ય મહિલા મંડળ, ખેડૂત મિત્ર મંડળની રચના **'ગ્રામોત્થાનની દિશામાં'** પુસ્તકની અંદર આદર્શ ગ્રામ યોજનાની માહિતિ આપવામાં આવી છે.

## ૨. ગૌશાળાની રચનાની પ્રારંભિક પ્રક્રિયાઃ-

## (ક) પ્રથમ તબક્કોઃ-ગૌશાળા સંબંધી સંમેલનનું આયોજનઃ-

**-સમયગાળો-**તમામ ગામડાઓમાં જાહેરાત કર્યા પછી અગાઉથી નક્કી કરવામાં આવેલ તારીખ, તિથિના દિવસે તથા ગામડાના લોકોની સગવડતા અનુસાર.

### હેતુઃ-

**(I)**ગામડાંના લોકોની ભાવનાત્મક/સંવેદનાત્મક જાગૃતિ

**(II)**દૂધ આપવા માટે અયોગ્ય ગાય, ઘરડી ગાય તથા વાછડા વાછડી બળદ જેવી ઓલાદને વેચાણ ન કરવા સંકલ્પબધ્ધ કરવા.

**(III)** ગૌશાળાની રચના કરવા માટે આગળ આવી સહકાર આપવા પ્રેરિત કરવા.

### ★ચર્ચાનો વિષયઃ-

**(અ)** ગૌવંશની થતી હત્યા તથા કતલખાનાની આજની ભયાનક પરિસ્થિતિની સાચી વાસ્તવિક

માહિતિની રજૂઆત-નીચેના મુદ્દાઓ ઉપર ચર્ચા કરવી.

**(૧)** આજે નિઃસહાય સ્થિતિમાં કેટલી ગાયો કતલખાને જઈ રહી છે અને કપાઈ રહી છે.

**(૨)** એને માટે કોણ જવાબદાર? શું તેને માટે આપણે તથા આપણાં અન્ય ભાઈઓ જવાબદાર નથી? (છણાવટ ભરી રજૂઆત)

**(૩)** તેનું મૂળ કારણ શું છે? (છણાવટ ભરી રજૂઆત)

**(૪)** શું આપણે એવું જ થતું રહેવા દેવા અથવા જોવા ઈચ્છા ધરાવીએ છીએ કે કંઈક

પરિવર્તન ઈચ્છીએ છીએ? અગર જો પરિવર્તન ઈચ્છો છો તો-

**(૫)** તેને માટે વ્યવહારિક રૂપે શું કરવું જોઈએ? ગૌશાળાની રચનાનું વિશ્લેષણ-

**(બ)** ગૌશાળા બનાવવાનો હેતુ, લાભ અને સ્વરૂપથી અવગત કરાવવું.

**(ક)** તેને માટે આપણે (ગામડાના લોકો) શું ફાળો આપી શકીએ?

-આપણે પોતાની જાતને નીચેના સંકલ્પો માટે તૈયાર કરવી પડશે અથવા કરવી જોઈએ.

**-**ઘરડી અથવા દૂધ આપવા માટે અયોગ્ય ગાયને વેચીશું નહીં.

**-**દૂધના વેચાણ માટે અથવા અન્ય લાભ માટે ગાયને નહીં પાળીએ.

**-**દૂધ આપવા માટે અયોગ્ય, ઘરડી ગાયો તથા ઘરડાં બળદોને ગૌશાળામાં દાન આપીશું.

**-**દાન આપવામાં આવેલ ગાય અથવા તેની ઓલાદના સામૂહિક પાલન-પોષણ માટે

ગૌશાળાન સ્થાપના અને સંચાલનમાં સહકાર તથા ભાગીદારી નોંધાવીશું.

## (ડ) દીપયજ્ઞનું આયોજનઃ-

દેવદક્ષિણામાં-પ્રવચન મંચ પરથી ઉપરોક્ત સંકલ્પો માટે પ્રતિસ્પર્ધાત્મક વાતાવરણ બનાવવું તથા વ્યક્તિગત સંકલ્પ કરાવવો અને તેને માટે સંકલ્પ લેનારાઓની યાદી તૈયાર કરવી

**(ઈ)** પ્રાથમિક કાર્ય આરંભ કરવાની યોજના માટે અગામી તારીખ નક્કી કરવી.

## (અ) બીજો તબક્કો-પ્રાથમિક કાર્ય આરંભ કરવાની યોજના તૈયાર કરવીઃ-

ગ્રામ્ય જનોની મળેલી બેઠકમાં ચર્ચા વિચારણા ચલાવવા ઉપરાંત તેમના ધ્વારા સ્વેચ્છાએ વિભિન્ન વ્યવસ્થાના સંબંધમાં સહકાર આપવાની ઈચ્છા વ્યક્ત કરવી તથા સંમતિના આધારે નીચે મુજબના નિર્ણયો લેવાના છે.

**(૧)** ગૌશાળાના મહિલામંડળની રચના-

**(૨)** ગૌશાળા આરંભ કરવા માટે સ્થળ નક્કી કરવું

**(૩)** ગામડાંની કઈ કઈ વ્યક્તિ ગૌદાન આપશે તેની યાદી તૈયાર કરવી

**(૪)** ઘાસચારા માટે આરંભિક વ્યવસ્થા કેવી હશે. તે નક્કી કરવું.
**(૫)** ગૌદાન માટે તારીખ તથા સ્થળ નક્કી કરવું.
**(૬)** દીપયજ્ઞનું આયોજન તથા બેઠકના ખુલ્લા મંચ પરથી વિભિન્ન વ્યવસ્થાઓના સંબંધમાં સહકાર આપવાની ઈચ્છા વ્યક્ત કરનાર ગ્રામ્યજનો દ્વારા એના સંદર્ભમાં મંચ પરથી જાહેરાત કરવી.
**(૭)** ગૌદાનની પ્રક્રિયા શું રહેશે તે નક્કી કરવું.

## (બ) ત્રીજો તબક્કોઃ-ગૌશાળાની જમીનનું ભૂમિ પૂજન તથા ગૌદાનનું આયોજન

ગૌશાળા માટે નિર્ધારિત તારીખના દિવસે જમીનનું ભૂમિ પૂજન તથા ગૌશાળાનું વિધિવત ઉદ્‌ઘાટન, નક્કી કરવામાં આવેલ પ્રક્રિયા અનુસાર કર્મકાંડ દ્વારા દાનમાં પ્રાપ્ત થયેલ ગાયો તથા તેનું દાન કરનારા દાતાઓનું સામૂહિક આયોજનમાં જાહેર સન્માન તથા આ દિવસથી વિધિવત્ રીતે ગૌશાળાનું સંચાલન શરૂ કરવામાં આવશે.

## (ક) ગૌશાળા વિકાસ યોજના (સાધનોનું દાન)

★આદર્શ ગ્રામ્ય યોજનાનું કાર્યાલય.................................
★સંબંધ ધરાવતા ગામનું નામ.....................................
★ગૌશાળાની સ્થાપનાનું સ્થળ (ગામ)............................
★તાલુકો..............જિલ્લો............ રાજ્ય...................

| સાધન દાન કરનારનું નામ પિતા/પતિના નામ સહિત | ગૌવંશ ધન દાન | | | | રહેઠાણનું દાન (ચોરસ મીટર) | | | જમીનનું દાન(એકર) | | અંશદાન રૂપિયા | સમય દાન | અન્ય-દાન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગાય/ બળદ | સંખ્યા | ઉંમર | દુધાળુ/ગાભણી દૂધ આપવા માટે બિનઉપયોગી | કાચુ કે પાકું | બાંધકામવાળી જમીનનું ક્ષેત્રફળ | ખાલી જગ્યાનું ક્ષેત્રફળ | પીત (પિયત) | બિન પિયત | | | |
| (ક) વ્યક્તિગત / ગ્રામ્યજનો ધ્વારા<br>૧.<br>૨.<br>૩.<br>(ખ) પંચાયત / ગામ સભા<br>(ગ) બાહ્ય સરકાર ધ્વારા<br>ખાનગી સંસ્થા ધ્વારા | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | |

ગૌશાળા વહીવટી સમિતિના સભ્યો — હસ્તાક્ષર

૧. ....................................... — ................................

૨. ....................................... — ................................

૩. ....................................... — ................................

## (ખ) ગૌશાળા વિકાસ યોજના (કાર્યો)

★આદર્શ ગ્રામ્ય યોજનાનું કાર્યાલય.............................................
★સંબંધ ધરાવતા ગામનું નામ...................................................
★ગૌશાળાની સ્થાપના કરવામાં આવી રહી છે તે સ્થળ (ગામ).....................
★તાલુકો..............જિલ્લો............ રાજ્ય..................................

| નક્કી કરવામાં આવેલ કાર્યોની માહિતી | એકમ | નિર્ધારિત લક્ષ્ય (ભૌતિક) | નાણાંની જરૂરિયાત (રૂપિયા) | નક્કી કરવામાં આવેલ સાધનોની વ્યવસ્થા | કાર્યોનો આરંભ ગૌશાળા (મંડળ અથવા સ્વયં સહાયતા બચત ગૃપ(જૂન) ધ્વારા) | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| **(૧) સ્થાપનાની વ્યવસ્થા** | | | | | | |
| (અ) રહેઠાણની વ્યવસ્થા | | | | | | |
| ★ઢોરની સંખ્યા | સંખ્યા | | | | | |
| ★બાંધકામવાળી જમીનનું ક્ષેત્રફળ | ચોરસ મીટર | | | | | |
| ★ખાલી જગ્યાનું ક્ષેત્રફળ | ચોરસ મીટર | | | | | |
| (બ) પાણીની વ્યવસ્થા | | | | | | |
| ★હેન્ડ પંપ | સંખ્યા | | | | | |
| ★ ટેપ પાઈપ | મીટર | | | | | |
| ★તળાવ | સંખ્યા | | | | | |
| ★બીજી અન્ય સગવડતા | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| (સ) ઘાસ ચારાની વ્યવસ્થા | | | | | | |
| ★લીલા ચારાનું ક્ષેત્રફળ | એકર | | | | | |
| ★પડતર વિસ્તારનું ક્ષેત્રફળ | એકર | | | | | |
| ★ ચરાણ જમીનનો વિકાસ | એકર | | | | | |
| (દ) અન્ય વ્યવસ્થા (જરૂરિયાત અનુસાર) | | | | | | |
| **(૨) કંપોસ્ટ ખાતર બનાવવું તથા એનું વેચાણ** | | | | | | |
| (અ) ઢોરોની અંદાજે સંખ્યા | સંખ્યા | | | | | |
| (બ) કંપોસ્ટ ખાતર બનાવવા કેટલાં ઢોરના છાણનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. | સંખ્યા | | | | | |
| (સ) બાયોગેસ માટે કેટલાં ઢોરનાં છાણનો ઉપયોગ થાય છે. | સંખ્યા | | | | | |
| (દ) અન્ય | | | | | | |
| **(૩) ગાયના દુધનું મફત વિતરણ** | | | | | | |
| (અ) આગામી ત્રણ માસમાં સગર્ભા સ્ત્રીઓની સરાસરી અંદાજે સંખ્યા (સર્વે) | સંખ્યા | | | | | |
| (બ) આગામી ત્રણ માસ સુધીની ૩ માસની ઉંમર સંખ્યા ધરાવતા બાળકોની માતાની સરાસરી અંદાજે સંખ્યા (સર્વે) | | | | | | |
| (ક) ૧+૨માં સગર્ભા, બાળકો વાળી માતાની કુલ સંખ્યા | સંખ્યા | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| (ડ) કેટલી માતાઓને પોતાની ગાયનું દૂધ મળી રહે છે. | સંખ્યા | | | | | |
| (ઈ) કેટલી માતાઓને પોતાની ગાયનું દૂધ મળતું નથી. | સંખ્યા | | | | | |
| (ચ) કેટલી માતાઓને મફત દૂધ આપવાની વ્યવસ્થા નક્કી કરવામાં આવી છે? | સંખ્યા | | | | | |
| ★ શ્રેણી- ૧ - સગર્ભા માતાઓ | સંખ્યા | | | | | |
| ★ શ્રેણી - ૨ બાળકોવાળી માતાઓ | સંખ્યા | | | | | |
| ★દૂધની માત્રા દર માતા દીઠ/દરરોજ | કિ.ગ્રામ | | | | | |
| **(૪) ગોબર ગેસ પ્લાંટ** | | | | | | |
| (અ) બનાવવાની જગ્યા | | | | | | |
| ★શક્તિ | ઘનફૂટ | | | | | |
| ★ટાઈપ | મોડલ | | | | | |
| (બ) સંચાલન, ગેસનું વિતરણ/વેચાણ | | | | | | |
| **(૫) અન્ય (જરૂરિયાત અનુસાર)** | | | | | | |

| **ગૌશાળા વહીવટી સમિતિના સભ્યો** | **હસ્તાક્ષર** |
|---|---|
| ૧. ........................................ | .................................. |
| ૨. ........................................ | .................................. |
| ૩. ........................................ | .................................. |

# ૫. ગૌચરોની પુનર્સ્થાપના

## ૧. પ્રાચીન ભારતમાં ગૌચરનું સ્વરૂપ તથા મહત્વ

ગૌચરો ભારતની ગ્રામ્ય અર્થવ્યવસ્થા અને ખેતીવાડીની મુખ્ય ધરી રહ્યાં છે. ખેતી તથા પશુપાલન હંમેશા એક બીજા સાથે જોડાયેલા તથા પૂરક જોડી રૂપે રહ્યા છે. ગૌચર જ તેનો મુખ્ય આધાર હતો. ગૌચરોને મહાભારતના સમયમાં વૈજ્ઞાનિક ઢબે વિકસિત કરવામાં આવતાં તથા વ્યવસ્થિત કરવામાં આવતાં હતા. એ સમયમાં ગૌચર જમીન એટલા વિશાળ પ્રમાણમાં મળી આવતી હતી, કે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ ગાય પાળી શકતી હતી. ગૌચર જમીન પર ચરનારી ગાયો લીલું ઘાસ અને વનસ્પતિની અસરથી નિરોગી તથા હ્યુષ્ટપુષ્ટ રહેતી હતી અને તેનું દૂધ સુપાચ્ય અને બળવર્ધક હતું. તથા ગાયોનું મૂત્ર તમામ રોગો ખાસ કરીને ઉદર, આંખ તથા કાનના રોગોનો સમૂળગો નાશ કરવાની શક્તિ ધરાવતુ હતું.

વૈદિક યુગમાં ગૌચર જમીન ઘણું મહત્વ ધરાવતી હતી. ઋગ્વેદમાં એક મંત્ર છેઃ-

**परा में यन्ति घीतयो गावो न गव्यूतीरनु। इच्छन्तीरुरुचक्षसम्॥**

અર્થાત્ જેવી રીતે ગાય ગૌચર જમીન તરફ જાય છે. એવી જ રીતે બુધ્ધિ એ મહાન તેજસ્વી પરમાત્માની પ્રાપ્તિની કામના કરતી એની તરફ જ દોડતી રહે. ઈશ્વર તરફ બુધ્ધિ લાગી રહે એ ભાવ વ્યક્ત કરવા માટે ગાયોનું ગૌચર જમીન તરફ જવાનું દ્રષ્ટાંત આપવામાં આવ્યું છે.

પદ્મપુરાણ, મનુ, યાજ્ઞવલ્ક્ય તથા નારદ વગેરે સ્મૃતિઓમાં પણ ગૌચર જમીનનું વર્ણન મળી આવે છે. એ બધાનો ટૂંકસાર આટલો જ છે, કે ગૌચર જમીનને યથાશક્તિ પ્રમાણે છોડનારી વ્યક્તિ એકસોથી પણ વધુ બ્રાહ્મણ જમાડવાનું પુણ્ય મળે છે અને સ્વર્ગનો અધિકારી બને છે, તથા એ નરકમાં જતી નથી. ગૌચર જમીન પર દબાણ કરનારી અથવા અવરોધ ઉભો કરનારી તથા વૃક્ષોનો નાશ કરનારી વ્યક્તિ એકવીસમી પેઢી સુધી ઘોર નરકમાં પડી રહે છે. પદ્મપુરાણ કહેવામાં આવ્યું છે, કે ચરતી ગાયો સામે અવરોધ ઉભો કરનારને ગ્રામરક્ષક દંડ આપે.

આપણાં દેશમાં ગૌચર જમીન બહોળા પ્રમાણમાં હતી. એટલું જ નહીં, પરંતુ રાજા અને પ્રજાજન બન્ને તરફથી ગૌચર જમીન છોડવામાં આવતી. પુણ્યનો

લાભ મેળવવાની દૃષ્ટિએ બંધાવવામાં આવેલ ધર્મશાળા, પાઠશાળા, કુવા અને તળાવ વગેરે પ્રથાની જેમ એ યુગમાં ગૌચર માટે જમીન ખરીદીને કૃષ્ણાર્પણ કરવાની પ્રથા પણ હતી.

ગામડાંની નજીક ચારેબાજુ અને ચારસો હાથ અર્થાત્ લાકડીને ત્રણવાર દૂર ફેંક્યા પછી જ્યાં જઈને પડે, ત્યાં સુધીની જમીન અને નગરની નજીક ચારે બાજુ અને એનાથી ત્રણ ઘણી જમીન અર્થાત ગાયોને ચરવા માટે ૧૨ સો હાથ જમીન છોડવાનો આદેશ આપતાં મનુજી કહે છે, કે અગર જો આટલી જમીનની અંદર કોઈ એવી ખેતી હોય, કે જેની ચારેબાજુ વાડ ન લાગી હોય, અગર જો તેને ગામડાંના ઢોર નષ્ટ કરી દેતો એ તેમનો ગુનો નથી અને તેને માટે તેમને રાજદંડ મળવો જોઈએ નહીં.

**(મનુસ્મૃતિ-૮/૨૩૭-૨૩૮)**

મહર્ષિ યાજ્ઞવલ્યનો પણ આ જ મત છે. તેમણે પર્વતોની તળેટીની પાસે વસેલાં ગામડાંઓ પાસેની આઠસો હાથ તથા નગરની નજીક ૧૬૦૦ હાથ ગૌચર જમીન છોડવાનું સૂચન કર્યું છે.

**धनुःशत परीणाहो ग्रामे क्षेत्रान्तरं भवेत।**
**द्वे शते खर्वटस्थ स्यात्रगरस्य चतुः शतम्॥**

**(યાજ્ઞવલ્કય સ્મૃતિ ૨/૧૫૭)**

એ પણ આદેશ છે, કે અગર જો ખેતરો, ગામ તથા શહેરથી દૂર હોય અને ખેતરોની વાડ ગીચ હોય અને વાડની ઉંચાઈ એટલી હોય કે ખેતી સુધી ઉંટની દૃષ્ટિ પણ પહોંચી ન શકે અને કોઈ પણ રીતે તેના છીંડામાંથી ન તો કુતરાં કે ન તો સુવર અંદર પ્રવેશ કરી શકે. નારદ સ્મૃતિ અનુસાર વાડ ન લગાવવાના કારણે અગર જો ખેતરને ઢોરાં ચરી જાય અથવા ખેતરમાં ઘુસે તો રાજા તેને દંડ આપી શકતો નથી. તે માત્ર એમને હંકાવી શકે છે. અગર ઢોર વાડ તોડીને ખેતી વાડીનો નાશ કરે તો દંડના અધિકારી બનશે.

મનુનુ એ પણ કથન છે, કે રસ્તાની નજીક અથવા ગામડાંની નજીકના વાડ લાગેલા ખેતરોમાં અગર ઢોર કોઈપણ રીતે પહોંચીને અનાજ ખાય જાય તો રાજા ઢોર પાળનાર પર સો પણ (પ્રાચીન સમયનો તાંબાનો સિક્કો) દંડ લગાવે, પરંતુ અગર ઢોર રખેવાળ વગરનું હોય તો માત્ર તેને હાંકી કઢાવે.

**पथि क्षेत्रे परिवृते ग्रामान्तीये ऽ थवा पुनः।**
**सपालः शतहप्रडाहों विपात्मन् वाच्येत् पशुन्॥**

**(મનુસ્મૃતિ ૮/૨૪૦)**

મહર્ષિ યાજ્ઞવલ્ક્યના કથન અનુસાર રસ્તા પર, ગામ તથા ગૌચર જમીનની નજીકના ખેતરને અગર રખેવાળની અજાણ સ્થિતિમાં ઢોર તેનો નાશ કરી દે તો, તે દોષી નથી. હા અગર ખેતરનો રખેવાળ જાણી જોઈને તેને ચરાવી દે તો તે ગુનેગાર છે અને ચોરની જેમ તેને દંડ મળવો જોઈએ.

**पथि ग्राम विवीतानो क्षेत्रे दोषो न विद्यते।**
**अकामतः कामचारे चौरवद् दण्डमर्हति॥**

**(યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ ૨/૧૬૨)**

અંતમાં અહીં એક અત્યંત રસદાયક સાચા પ્રસંગનો ઉલ્લેખ કરવા જેવો છે. જેનાથી ગૌચર જમીન ઝૂંટવી લેનારા નરાધમો ના પાપની ભયંકરતા પર પ્રકાશ પાડે છે. એકવાર એક ચંડાળની પત્નિ ચિતાની આગ પર મનુષ્યની ખોપરીમાં કાગડાનું માંસ રાંધી રહી હતી તથા તેણીનીએ એ માંસને કુતરાંના ચામડાની નીચે ઢાંકી રાખ્યું હતું. એને જોઈ એક વ્યક્તિને કૌતુહલ થયું અને તેણે ચંડાળ સ્ત્રીને પૂછયું, કે ''તે આ ઘૃણાજનક ચીજને શા માટે ઢાંકી રાખી છે?'' ત્યારે પેલી સ્ત્રીએ કેટલો માર્મિક જવાબ આપ્યો કે મેં તેને એ ભયથી ઢાંકી રાખ્યું કે મારું આ સ્થળ ખેતીની નજીક છે. અગર કોઈ એવા મહાપાપી વ્યક્તિની જેણે ગૌચર જમીનને પોતાના ખેતર સાથે ભેળવી દીધી છે, અગર જો એની જો દૃષ્ટિ પડી જાય તો મારો આ આહાર ગ્રહણ કરવા લાયક રહે નહીં.

**नृकपालं तुचाण्डाली काकमांसा श्वचर्मणा।**
**चछाद गौचर क्षोणी कृषिदृष्टि भीतितः॥**

આ રીતે આપણે જોઈએ છીએ કે ગૌચર જમીન છોડવી મહાન પૂણ્ય છે અને તેને નષ્ટ કરી દેવી અથવા ઝૂંટવી લેવી મહાપાપ છે. આપણાં દેશમાં ગૌવધની જેમ ગૌચર જમીનનો ખૂબ જ અભાવ વરતાઈ રહ્યો છે, અર્થાત્ આજે આપણાં દેશમાં ગૌચર જમીનનો ખૂબ જ અભાવ છે અને એ જ્યાં છે ત્યાં તેની સ્થિતિ ખરાબ છે.

## ૨. ગૌચર જમીનનું વિસર્જન તથા તેના દુષ્પરિણામોઃ-

અંગ્રેજો ધ્વારા ગૌચરોને તોડવાની અને વિખેરી નાખવાની શરૂઆત કરવામાં આવી. ૧૮૫૭ની ક્રાંતિ બાદ અંગ્રેજો અનુભવ કરી ચૂક્યા હતા, કે ગાય માટે ઝગડો ઉભો કરવા માટે ભારતની પ્રજાને તુરંત એકઠી કરી ઉશ્કેરી શકાય છે. અંગ્રેજ સરકારને ભારતની પ્રજાને પોતાના હિતોની અનુકૂળ ઢાળવા

માટે ચિંતા થવા લાગી. તેને માટે તેણે વિવિધ ઉપાયો પણ અજમાવ્યા. પરંતુ તે પૈકીના એક ઉપાયમાં ગૌચર જમીનનું વિસર્જન કરી ગૌવંશના નાશ માટે તથા ગાય પાળવાની વૃત્તિને પોતાની અનુકૂળ ઢાળવા માટે બુધ્ધિવાદનો ઉપયોગ કર્યો.

ગૌચર જમીનનું વિસર્જન કરી ખેતરો બનાવવાની શરૂઆત કરી. મહાભારત કાળમાં અને મૌર્ય સામ્રાજ્યના સમયમાં ગૌચરોની જે વ્યવસ્થા હતી, તે વૈજ્ઞાનિક સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. સ્વાભાવિક રૂપે એ ગૌચર જમીનો વેરવિખેર થવા લાગી અને ખેતરો માટે બળદની માંગ વધવા લાગી. જે બળદો હાજર હતા, તેની ઉપર જ વધેલા કામનો બોજ લાદવામાં આવ્યો. ઉત્તરોત્તર ગૌચર જમીનમાં આવી રહેલી ઊણપના કારણે ગાય તથા બળદને ચરાવવાનું કામ ઘટી ગયું. પરિણામ એ આવ્યું કે એક બાજુ જરૂરિયાતના દબાણમાં ઢોરોની સંખ્યા વધારવામાં આવી અને બીજી બાજુ ચરાણનું સ્તર ઘટી જવાથી-ગૌચરની જમીન પર સામૂહિક ટેક્સ લગાવવામાં આવ્યો. સાથે સાથે શિક્ષણમાં પણ એ વાતનો સમાવેશ કરવામાં આવ્યો કે જેનાથી ગૌભક્તિની ભાવનાજ સમાપ્ત થઈ ગઈ. ત્યારબાદ ખેત કમિશનની નિમણૂંક કરવામાં આવી, જેણે પોતાનો એવો રિપોર્ટ રજૂ કર્યો કે ઢોરોની સંખ્યા વધુ છે અને સાધનો ઓછા છે, અગર બેકાર નકામા ઢોરો (દૂધ ન આપી શકે તેવી ગાય અને ભાર ન ખેંચી શકે તેવા બળદ)ની સંખ્યા ઓછી કરવામાં નહીં આવે તો, જે કામની ગાયો તથા બળદો છે તેની હાલત ખરાબ થઈ જશે. ઘાસચારાના ઉત્પાદનમાં વૃધ્ધિ કરવી અશક્ય તો ન હતું. પરંતુ કદાચ તેના ઉપાયો પર વિચાર કરવો અને તેને રજૂ કરવો કમિશનની સમજ શક્તિની બહારની વાત હતી. અથવા તેની દૃષ્ટિમાં બિનજરૂરી હતું. તેની સાથે જ પ્રથમ અમૃતસર તથા લાહોરમાં કતલખાના ખોલવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી.

ભારતની સરકારે તથા કાયદાના ઘડવૈયાઓએ અંગ્રેજો ધ્વારા પોતાના સ્વાર્થ ખાતર ગૌચરના વિભાજનની આરંભ કરવામાં આવેલી પ્રક્રિયાનો અંત આણ્યો હતો. છેલ્લા ૫૦ વર્ષથી એ ગૌચર જમીનને બેકાર નકામી સમજી સમાપ્ત કરી દેવામાં આવી. જે જમીન પ્રાચીન સમયથી ગૌચર જમીન તરીકે ચાલી આવી રહી હતી, તે માનવ વસ્તી માટે ગાય પાસેથી છીનવી લેવામાં આવી. પરંતુ તેના બદલામાં શહેરની બહાર ગૌચર જમીનની કોઈ વ્યવસ્થા કરવામાં ન આવી. આ રીતે સામૂહિક જમીન જમીન-વિહોણાઓને ધનવાન

બનાવવાની ખોટી વાહવાહ લૂંટવા માટે વહેંચી દેવામાં આવી અને એને એટલા નાના નાના ટૂકડામાં વહેંચી દેવામાં આવી કે સાધન વિહોણી સ્થિતિમાં તેની વ્યવસ્થા કરવી તેમના માટે સંભવી શક્યું નહીં. અર્થાત્ સામૂહિકતાના આધારે જ કરવામાં આવનારી વ્યવસ્થા તોડી નાખવામાં આવી અને વ્યક્તિગત સ્તરે સંભવી શક્યું નહીં તેના અનેક સ્વરૂપે દુષ્પરિણામો હવે ભોગવવા પડી રહ્યા છે.

## ગૌચર જમીન વિસર્જનના દુષ્પરિણામો

### (૧) ગામડામાં પશુપાલન / ગોપાલ મુશ્કેલ બની જવું.

જ્યાં સુધી ગૌચર જમીન રહી ત્યાં સુધી ગરીબમાં ગરીબ વ્યક્તિ માટે પણ ગાય પાળવી ખૂબ જ સરળ હતી. સૌના ઘરમાં દૂધની વ્યવસ્થા હતી તથા ગામડાઓમાં એવી પ્રથા હતી કે ગામનો ગોવાળ દરેક ઘરેથી ગાયોને એકઠી કરી, વહેલી સવારે ચરાવવા માટે લઈ જતો અને સાંજના સમયે તે ગાયોને ચરાવી પાછી લઈ આવતો હતો. ગોવાળિયાને દરેક ગાયનો માલિક પોતાના કુટુંબ ધ્વારા સામાન્ય વેતન રૂપે જુવાર કે બાજરી આપી ગાય પાળવી પોષવી સરળ હતી. તો તેની સાથે સાથે ગાયો પણ આખો દિવસ વગડામાં હરતી ફરતી ચરીને આનંદમાં રહેતી હતી. આ રીતે વગડામાં ફરીને ચરવાથી ગાયની કસરત થઈ જતી હતી, પરિણામે તેના ધ્વારા પૌષ્ટિક દૂધ તથા આરોગ્ય વર્ધક ગુણો ધરાવતું છાણ તથા ગૌમૂત્ર મળી રહેતું હતું. જેમ જેમ ગૌચર જમીનો સમાપ્ત થતી ગઈ, તેમતેમ પશુપાલન જે ગ્રામ્ય જીવનનો આધાર સ્તંભ હતો, તે મુશ્કેલ બનીને દિવાસ્વપ્નું બની ગયો.

### ૨. ગામડાઓમાંથી શહેર તરફ દોડઃ-

આગળ એ વાતનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે, કે ગૌચર જમીન આપણી ગામડાંની આર્થિક વ્યવસ્થા અને ખેતીવાડીનું મુખ્ય કેન્દ્ર બિંદુ રહી છે. જમીન વિહોણા મજૂરો માટે જીવન જીવવા માટે ગૌચર જમીનો મુખ્ય આધાર હતી. તેને નકામી બેકાર સમજી સમાપ્ત કરી દેવાની ગેર સમજના કારણે જમીન વિહોણાં મજુરોની આ જરૂરિયાતોને પૂરી કરવા તથા ચરાણ જમીનનો તથા ચરાવવા માટેની સગવડતાનો અભાવ પેદા થયો. પરિણામે જમીન વિહોણાં મજુરો શહેર તરફ ભાગવા માટે મજબૂર થયા અને શહેરોમાં જઈ ગંદી વસાહતોમાં સ્થાપી રહેવા લાગ્યા. જે શહેરી જીવનનું નરક તથા અનેક મુશ્કેલીઓનું ઉદ્‌ગમ સ્ત્રોત છે.

### ૩.કુદરતી ખેતીનો આધાર જ સમાપ્ત થઈ જવોઃ-

કુદરતી ખેતીનો આધાર છે પશુ જન્ય ઉર્જા (એનિમલ પાવર) છાણ અને ગૌમૂત્ર તથા વરસાદના પાણીનો ભૂગર્ભમાં સંગ્રહ કરી રક્ષણ કરવું. આ ત્રણે સમાપ્ત થવાના કારણે ગૌચર જમીન પણ સમાપ્ત થઈ ગઈ. ગૌચર જમીનના અભાવે પશુ-પાલન કરવું મુશ્કેલ થઈ જવાના કારણે ખેતીવાડી માટે છાણ-ગૌમૂત્ર તથા બળદ મળવા બંધ થઈ ગયા, તો બીજી બાજુ ગામડાઓના લાંબા પહોળા વિસ્તારનો ગૌચર રૂપે ઉપયોગ થવાના કારણે તેને છાણ તથા ગૌમૂત્રથી ભર્યા રહેતાં હતા તથા તેના કારણે આ જમીન પણ વૃક્ષ વનસ્પતિઓથી છવાયેલી રહેતી. પરિણામે આ જમીનની વરસાદનું પાણી ચૂસી લેવાની અને ગ્રહણ કરવાની શક્તિ વધારે રહેતી હતી અને ગામડાના તળાવ તથા કુવાઓ પાણીથી ભરેલાં રહેતાં.

સરકારે સમગ્ર સાર્વજનિક જમીન વનવિભાગને આપી દીધી, તેથી છાણ અને ગૌમૂત્ર વગર જંગલો સમાપ્ત થઈ રહ્યા છે. આજે વૃક્ષારોપણ પાછળ અબજો રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ વૃક્ષારોપણની યોજના નિષ્ફળ જઈ રહી છે અને તેનું પરિણામ શુન્ય આવી રહ્યું છે. જંગલો માટે સલામત રાખવામાં આવેલ જમીન અગર જો ગાયોને ચરવા માટે ખુલ્લી મુકી દેવામાં આવે તો જંગલો આપો આપ ગાઢા બનતા જશે.

### ૩. ગૌચરોની પુનસ્થાર્પનાઃ-

### (૧) ગાયના ઉછેર માટે ગૌચરોની પુનર્સ્થાપના-આજના સમયની અત્યંત મહત્વની જરૂરિયાતઃ-

એ પહેલાં જ કહી દેવામાં આવ્યું છે, કે દૂધના વેચાણનો ધંધો વધવાથી ગાયના બદલે ભેંસના પાલનને પ્રોત્સાહન મળ્યું છે, જેને બાંધી રાખી ઘાસચારો ખવડાવવામાં આવતો રહે છે. બળદોની જગ્યાએ ટ્રેક્ટરો આવી ગયા આ રીતે છેલ્લા ૫૦ વરસમાં ગૌવંશને ઘણું નુકશાન વેઠવું પડ્યું. પરંપરાગત ચાલી આવતી કુદરતી ખેતી પર અવળી અસર થઈ અને તેની જગ્યાએ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા પર આધાર રાખતી અપ્રાકૃતિક ખેતીનો ઉદ્‌ભવ થયો. હવે ડીઝલના અભાવે ટ્રેક્ટરો અટકી પડવાના છે, એટલા માટે બળદને ગ્રામ્ય ઉર્જાના સ્ત્રોત રૂપે પાછા લાવવા પડશે. જે વહી ગયું છે, કે ચાલ્યું ગયું છે,

તેને પાછું લાવવાથી જ સંભવ છે. ગાયને પાછી લાવવા માટે એક આંદોલન રૂપે ગૌશાળાઓનું એક મંડળ તૈયાર કરવું પડશે. જેને માટે દરેક ગામમાં ગૌચરો બનાવવા પડશે. ગૌસેવા તથા ગૌપાલનને ગ્રામ્ય જીવન પધ્ધતિનું એક અંગ બનાવવા માટે તેને સરળ તથા સુગમ બનાવવું પડશે. જેને માટે ગૌચરોની પુનર્સ્થાપના અત્યંત જરૂરી છે. ગૌચર જમીન ધ્વારા જ દરેક જમીન વિહોણી મજુર વ્યક્તિ પણ ગાય પાળી શકે એ વ્યવહારુ બની શકશે. ગાયના ઉછેર માટે વિસ્તારાત્મક અને ગુણાત્મક બન્ને પ્રકારના સુધારા માટે ગૌચરોની જરૂરિયાત છે.

## ૨. ગૌચરોની સ્થાપના માટે ''ગૌ તથા ભૂદાન યજ્ઞ'':-

યુગનિર્માણ સંસ્થાએ ગૌ સેવા તથા ગૌચરમાં જમીનના દાનને **''ગૌ-ભૂદાન યજ્ઞ''** એવું નામ આપ્યું છે. અગર પ્રમાણિકતા તથા સદુપયોગ થવાનો છે એવું જો નક્કી થઈ જાય તો આજે પણ લોકો ઉદારતાથી ઢગલાબંધ જમીન શાળા, દવાખાના તથા અન્ય સાર્વજ-નિક કાર્યો માટે આપવા તૈયાર થઈ જાય છે. અગર જો લોક જાગૃતિ આણી ગૌપાલનના આજના દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવી છાણ તથા ગૌમૂત્રના આધારે ગાયની ઉપયોગિતા તથા કુદરતી ખેતી માટે બળદની જરૂરિયાત, આ બન્ને વાતો ગામડાના લોકના મગજમાં બેસી શકે તો ગૌચરો માટે જમીન પ્રાપ્ત કરવી મુશ્કેલ નહીં રહે.

શ્રી વિનોબા ભાવેએ એક આંદોલનરૂપે ભૂદાન યજ્ઞ ચલાવી ૪૦ લાખ એકર જમીન દાનમાં મેળવી હતી. તેમણે એ જમીન ગરીબ જમીન વિહોણાં લોકો માટે માંગી હતી અને લોકોએ પણ હસતાં હસતાં આપી દીધી હતી.પરંતુ આજે એ વાતની ખબર નથી, કે એ જમીન ક્યાં ગઈ શ્રી વિનોબાજીનું એ કહેવું હતું કે અગર જો ગાય બચી જશે તો મનુષ્ય પણ બચી જશે અને જો ગાય નહીં બચે તો મનુષ્ય પણ નહીં બચે. અગર આ જમીનને ગૌસેવા નામે ગૌચરો રૂપે જાહેર કરી દેવામાં આવી હોત તો સંભવ છે, કે તે ટકી જાત.

હવે ગૌસેવા માટે આપણે જમીન માંગીએ, ગૌચરો ઉભા કરવા માટે માંગીએ. આજના દૃષ્ટિકોણમાં ગરીબ પીડાતી માનવતાની સેવા એનાથી જ થઈ શકશે. નાના સાધનો અથવા સાધન વિહોણી સ્થિતિમાં આગામી દિવસોમાં સામૂહિકતાના આધારે જ ખેતીની વ્યવસ્થા તથા કુટિર ઉદ્યોગની વ્યવસ્થા બની શકશે. ગૌચરોની સ્થાપના એનું જ સ્વરૂપ છે.

## ગાય તથા ભૂદાન યજ્ઞના સૂચનો

આજની મુશ્કેલ પરિસ્થિતિઓમાં થોડાથી જ આરંભ કરવા માટે નીચે જણાવેલ

**(૧) જે જમીન બેકાર નકામી હોય, એ જ જમીન આપ આપો.**

જેઓ સ્વેચ્છાએ સારી ફળદ્રુપ જમીન દેવા માટે શક્તિશાળી અને આપવા પણ ઈચ્છા ધરાવે છે, તે સહર્ષ સ્વીકાર કરવા લાયક છે. પરંતુ ખરાબ જમીન (ઉજ્જડ, વેરાન, ખાડા ટેકરાવાળી, કોતરાળ, ખરાબાની તથા જ્યાં પાણી ભરી રહેતું હોય એવી) આપવા માટે કોઈ પણ વ્યક્તિને વિનંતી કરી શકાય. આપણે અહીંથી જ પહેલ કરીએ તો સારું છે.

**મફત અથવા સામાન્ય ટોકન ફી રાખી ગાય પાલનારાઓને લાઈસન્સ આપવાની વ્યવસ્થા**

ગાયોને વગડામાં ચરાવવા માટે મફત અથવા ઓછામાં ઓછો દરે લઈને ગાય પાળનારાઓને લાઈસન્સ આપવામાં આવે. એવી જ રીતે નહેર, રોડ, રેલ્વે લાઈનની બન્ને બાજુ આવેલી ખાલી પડતર જમીનમાં ગાય ચરાવવા તથા ઘાસ કાપીને લઈ જવા તથા બેકાર નકામા જઈ રહેલાં વૃક્ષ-વનસ્પતિઓના પાંદડાઓને એકત્ર કરવાની સગવડતા પૂરી પાડવામાં આવે.

**૩. ગામડાંની સામૂહિક જમીનને ગૌચર રૂપે વ્યવસ્થિત કરવામાં આવે.**

એ સાર્વજનિક જમીનની વ્યવસ્થા ગામના બેકાર-બેરોજગાર ગરીબ લોકોને સામૂહિક રૂપે એકઠાં કરી તેમના ધ્વારા ગૌચર જમીન તૈયાર કરવા કે ઘાસનો ચરો તૈયાર કરવા માટે કરી શકાય. તેઓ પોતાના જીવનની સાથે ગામના બીજા લોકો ના ઢોરોને ચરાવવાની વ્યવસ્થા ગોવાળિયા રૂપે કરી શકે છે. તેના ધ્વારા સાર્વજનિક જમીનનો ઉપયોગ પણ થશે. કેટલાક કુટુંબોને ગોવાળિયા રૂપે કામ કરવાથી રોજગાર મળશે તથા ગાય ચરાવવાની પ્રથાનો આરંભ થશે. આવી જમીન સામાન્ય કિંમતે સ્વયં સહાયતા જૂથને ફાળવી શકાય. ગૌ-ભૂદાન યજ્ઞમાં એની પહેલ પણ કરવી જોઈએ.

પરિશિષ્ટ-૧

અનુસંધાન-૧

# છાણમાં લક્ષ્મીનો વાસ છે.

''**अष्टैश्वर्यमयी लक्ष्मी बसते गोमये सदा**''–મહાભારતઃ-

મહાભારતની રચના કરનારે કહ્યું છે કે છાણમાં ઐશ્વર્યની દેવી મહાલક્ષ્મીનો વાસ છે. આ કથન આપણી પરંપરાઓ સાથે પણ ઘણું વણાઈ ગયેલું છે.

આપણાં દેશમાં દિવાળીનો તહેવાર પર ખૂબ ધુમધામથી મહાલક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. ત્યારબાદ તુરંત બીજા દિવસે ઉત્તર, પૂર્વ, મધ્ય ભારત સહિત દેશના અનેક પ્રદેશોના લગભગ તમામ ઘરમાં ગોબર( છાણ )ધનની પૂજા કરવામાં આવે છે. અગર જો ગોબરધનની સંધિ જો છૂટી પાડીને જોઈએ તો તે બન્ને શબ્દો ગોબર ( છાણ ) અને ધન શબ્દોનું એકીકરણ છે. આ પૂજન દ્વારા દર વર્ષે એક જ ઉપદેશ આપવામાં આવે છે, કે છાણમાં ધન છે, અર્થાત્ તેમાં ઐશ્વર્યની દેવી મહાલક્ષ્મીનો વાસ છે, આ છાણમાંથી લક્ષ્મીજીને શોધો અને પ્રાપ્ત કરો. મોટા ભાગના લોકો સામાન્ય રીતે તેની માત્ર પૂજા કરી લે છે, પરંતુ તેઓએ ક્યારે પણ એ વિચારતા નથી કે આ પૂજન, કે કર્મકાંડ પાછળ શું ઉપદેશ છૂપાયેલો છે.

એ જ રીતે દશેરાના તહેવાર પર ગુજરાતને બાદ કરતાં ઉત્તર પૂર્વ, મધ્ય ભારતના અનેક પ્રદેશોમાં છાણનો એક ચોક્કસ આકાર બનાવી તેનું પૂજન કરવામાં આવે છે. તેની અંતર્ગત છાણની અંદર એક બાજુ એક રૂપિયો છુપાવી, બીજી તરફ ચોખા વગેરે રાખવામાં આવે છે. ત્યારબાદ બાળકોને કહેવામાં આવે છે, કે છાણમાંથી રૂપિયો શોધી કાઢો, જે બાળકને આ રૂપિયો શોધી કાઢે છે, તે ખૂબ જ ખુશ થઈ જાય છે. આ પૂજન એ વાતનું પ્રતીક છે, કે છાણમાં અપાર ધન છુપાયેલું છે, તેને શોધવામાં તથા ઉપયોગ કરવામાં આવે.

છાણમાં લક્ષ્મીનો વાસ છે, આ માત્ર શાસ્ત્રોનું જ કથન નથી, પરંતુ તે વૈજ્ઞાનિક અને વાસ્તવિક સત્ય છે. તેના ઉપર થોડું ચિંતન કરવાથી તથા વિશ્લેષણ કરવાથી એ વાત આસાનીથી સમજમાં આવી શકે છે, કે છાણ કેટલું કિંમતી તથા જીવન ઉપયોગી તત્વ છે અને તેનો આપણી આર્થિક સમૃધ્ધિ સાથે શું સંબંધ છે.

## ૧. છાણ એ મળ નથી પરંતુ મળને શુધ્ધ કરનાર દુર્ગંધ નાશક તત્વ છે.

દુનિયાના સમગ્ર પ્રાણીઓમાં ગાય એક જ એવું પ્રાણી છે, કે જેનો ઉત્સર્ગ કરવામાં આવેલું છાણ મળ નથી, પરંતુ મળને શુધ્ધ કરનાર દુર્ગંધ નાશક તત્વ

છે. ઐશ્વર્યની દેવી લક્ષ્મીજીને પવિત્રતા પસંદ છે અને છાણ એ પવિત્રાકારક તત્વ છે, એના વગર જમીન પવિત્ર બનતી નથી. જમીન પર છાણનું લીંપણ કરી પવિત્ર બનાવીને જ લક્ષ્મીજીને આવાહન કરવામાં આવે છે. હજારો વર્ષથી આપણાં દેશમાં યજ્ઞની વેદીને પવિત્ર બનાવવા તથા રહેવાના મકાનોને તમામ પ્રકારના પ્રદૂષણથી મુક્ત રાખવા ગાયના છાણથી લીંપણ કરવામાં આવે છે. છાણના લીંપણથી તમામ પ્રકારના નુકશાનકારક જીવજંતુઓ અને બેકટેરિયાનો નાશ થાય છે.

## ૨. પ્રદૂષણ તથા અણુશક્તિના વિકિરણો (રેડિયો એક્ટિવિટી)થી બચાવ કરવા માટે છાણનું રક્ષા કવચ

છાણ તથા ગૌમૂત્રથી રહેવાના મકાનોને છાણ તથા ગૌમૂત્ર વડે લીંપવાથી નુકશાન કારક જીવજંતુઓ અને રોગના જંતુઓનો નાશ થવા ઉપરાંત હવાનું પ્રદૂષણ તથા અને અણુશક્તિના વિકિરણો (રેડિયો એક્ટિવીટી)થી પણ બચાવ થાય છે. જાપાનમાં નાગાસાકી તથા હિરોશિમાના અણુબોંબના સંહાર પછી ત્યાંના વિજ્ઞાનીઓએ સંશોધનના આધારે એ તારણ કાઢ્યું કે ગાયના છાણ ધ્વારા લીંપવામાં આવેલ મકાનો પર અણુશક્તિના વિકિરણોની અસર અપેક્ષા કરતાં ઓછી થાય છે. એટલા સુધી કે ત્યાંના લોકો પોતાની ઓઢવાની ચાદર છાણના રગડાને કપડાંથી ગાળી એ પાણીમાં ચાદરને પલાળી ત્યારબાદ તેને સુકવીને ઓઢે છે. રશિયાના જાણીતા વિજ્ઞાની સિરોવિચ જ્યારે ''અણુશક્તિના વિકિરણોથી બચાવ (રેડિયો એક્ટિવીટીથી બચાવ)'' વિષય પર પ્રયોગ કરી રહ્યા હતા, તે દરમ્યાન તેમને એ વાતની જાણ થઈ કે અગ્નિમાં ગાયના ઘીની આહુતિ આપવાથી એની જે સુવાસ નિકળે છે, તે જ્યાં જ્યાં ફેલાય છે, ત્યાં ત્યાં તેનાથી સમગ્ર વાતાવરણ પ્રદૂષણ રહિત તથા અણુશક્તિના વિકિરણોથી મુક્ત બની જાય છે.

## છાણમાં કચરાને શુધ્ધ કરી ખાતર બનાવવાની શક્તિ છેઃ-

ગાયના છાણમાં એવી શક્તિ છે, કે અગર જો તેને પાણીમાં ધોળી એ રગડાને કચરાના ઢગલા પર છાંટવામાં આવે તો, એ તમામ કચરો ત્રણ ચાર મહિનાના ગાળામાં ઉપયોગી ખાતર બની જાય છે. પુસદ (યવતમાલ-મહારાષ્ટ્ર)ના ગોવર્ધન કેન્દ્રે તેનો સફળ પ્રયોગ કરી એ શોધી કાઢ્યું, કે ૧ કિલો ગાયના છાણમાંથી ૩૦ કિલોગ્રામ (૧:૩૦ના પ્રમાણમાં) ઉપયોગી ખાતર તૈયાર થઈ શકે છે. બીજી અન્ય જગ્યાઓ ઉપર પણ તેના સફળતાપૂર્વક પ્રયોગો કરવામાં આવી રહ્યા છે.

મુંબઈની એક્સલ ઇંડસ્ટ્રીઝ નામની એક કંપનીના માલિક શ્રી કાંતિભાઈ શ્રોફે મુંબઈની મ્યુનિસિપાલિટી ધ્વારા ખડકવામાં આવેલા કચરાના ઢગલા પર છાણના ઘોળનો છંટકાવ કરી તેની માત્ર દુર્ગંધ જ દૂર ન કરી, પરંતુ તેને ઉત્તમ ક્વોલિટીના ખાતરમાં પરિવર્તિત કરી એ ખાતરને ખેડૂતોને પુરું પાડવાનો ધંધો શરૂ કર્યો.

## ૪. છાણ એક સસ્તુ તથા શ્રેષ્ઠ ખાતર છેઃ-

છાણિયું ખાતર એક સર્વશ્રેષ્ઠ ખાતર છે. સાથે સાથે એ જમીનનો કુદરતી આહાર પણ છે. તે જમીનની ફળદ્રુપતાની કુદરતી સ્થિતિને જાળવી રાખે છે તથા તે પ્રદૂષણ રહિત અને સસ્તું પણ છે. સાથે સાથે ખેડૂતને પણ પરાવલંબી રહેવું પડતું નથી. છાણિયા ખાતરથી ઉગાડવામાં આવેલા અનાજ તથા શાકભાજી સ્વાદિષ્ટ તથા આરોગ્ય વર્ધક હોય છે. ખેતીવાડીની દુનિયા સાથે સંકળાયેલા વિજ્ઞાનીઓ તથા તેનો વિસ્તાર કરનારા અધિકારીઓ આ નિર્વિવાદ સત્ય સાથે એકમત છે, કે રાસાયણિક જંતુનાશક દવાના ઉપયોગથી જમીનની ફળદ્રુપતાને થતા નુકશાનનો એક માત્ર જો વિકલ્પ હોય તો તે છે છાણિયું ખાતર. છાણિયા ખાતર ધ્વારા કરવામાં આવેલી ખેતીથી નિચે મુજબના લાભ મળે છે.

(૧) જમીનનું કુદરતી સ્વરૂપ જળવાઈ રહે છે અને જે જમીન ખરાબ છે, તે પણ સારી બની જાય છે.

(૨) જમીનને લાભદાયક સૂક્ષ્મ જીવ જંતુઓમાં વૃધ્ધિ થાય છે.

(૩)સિંચાઈમાં ઓછું પાણી આપવું પડે છે, કારણ કે જમીનની પાણીનો સંગ્રહ કરવાની શક્તિ વધી જાય છે. વરસાદનું પાણી ચુસવાની તથા રોકવાની શક્તિ પણ વધે છે.

(૪) ખેતરમાં ગામડાંના કચરાનો સદ્ઉપયોગ થાય છે, જેથી તેનો કુદરતી ચક્ર (સાઈકલ)માં સમાવેશ થઈ જાય છે.

(૫) ખેડૂત તથા બળદોને વધુ કામ મળે છે.

(૬) પર્યાવરણમાં સુધાર થાય છે તથા અનાજ તથા શાકભાજી પૌષ્ટિક અને સ્વાદિષ્ટ હોય છે.

(૭) જંતુનાશક દવાઓના ઝેરની કોઈ માત્રા આપણાં શરીરમાં જામતી નથી.

(૮) ગામડાંના લોકોને રોજગાર મળે છે તથા તેમની સ્વાવલંબી વ્યવસ્થા, સ્વાવલંબી ખેતીનો આધાર બને છે. વિદેશી હુંડિયામણની બચત થાય છે અને દેશની સમૃધ્ધિમાં વધારો થાય છે.

## ૫. છાણની રાખથી મળની દુર્ગંધનો નાશ થાય છે-છાણની રાખનો કોઈ વિકલ્પ નથીઃ-

ગાયના છાણમાંથી બનાવવામાં આવેલાં છાણાંને બળતણ તરીકે સળગાવ્યા પછી પાછળ જે રાખ બને છે, તે પણ એક શ્રેષ્ઠ ક્વોલિટીની દુર્ગંધનાશક તત્વ છે, ગામડાંઓમાં જ્યાં ફ્લશના જાજરૂ હોતાં નથી, ત્યાં ગામડાંના કરોડો લોકો પોતાના પરંપરાગત પાયખાનાઓમાં દુર્ગંધનો નાશ કરવા મળ પર રાખનો છંટકાવ કરે છે. આ છંટકાવ કરતાં જ મળની દુર્ગંધ દૂર થાય છે અને કાળ ક્રમે તે મળ ખાતરમાં રૂપાંતર થાય છે.

## ૬. જંતુનાશક દવા તથા ખાતર તરીકે છાણની રાખનો ઉપયોગ

ગાયના છાણમાંથી બનેલાં છાણાની રાખ એ અદ્‌ભુત દુર્ગંધનાશક તત્વ હોવાની સાથે સાથે તે જંતુનાશક તત્વ પણ છે. આપણાં દેશના ખેડૂતો અનેક વર્ષોથી તેનો ઉપયોગ જંતુનાશક દવા રૂપે કરી રહ્યા છે. ખેતરમાં રાખ પડવાથી ઉધઈ જેવા જંતુઓ પેદા થતા નથી તથા પાક સારો થાય છે. ખાસ કરીને બિલાડીના ટોપ વર્ગની વનસ્પતિ પર રાખનો છંટકાવ કરવામાં આવે છે. શીતળાના ફોડલા કે જેમાં રોગના જંતુઓ બહોળા પ્રમાણમાં થતા હોય છે, તે છાણની રાખના છંટકાવથી નાશ પામે છે.

## ૭. છાણની રાખથી વાસણો માંજવાથી-કરોડો રૂપિયાની બચતઃ-

ભારતના શહેરો, કસબાઓ તથા ગામડાઓમાં રહેનારાં કરોડો લોકો પોતાના ઘરના વાસણો માંજવા માટે છાણની રાખનો ઉપયોગ કરે છે. તેનાથી ઘી, તેલની ચિકાશ દૂર થાય છે. અગર જો કોઈ ક્લીનિંગ પાવડર ધ્વારા વાસણ માંજવામાં આવે તો લાખો ટન પાવડર જોઈએ. જેની કિંમત કરોડો રૂપિયામાં આંકી શકાય. ક્લીનિંગ પાવડર ધ્વારા વાસણ માંજવાથી ચામડીના રોગો થવાની શંકા રહે છે, એના સિવાય થોડા પ્રમાણમાં પાવડર પણ વાસણમાં ચોટી રહે છે, જે મનુષ્યના શરીરમાં પહોંચીને નુકશાન પહોંચાડે છે. સાથે સાથે તેનાથી પવિત્રતા પણ જળવાતી નથી. લોકોને વિના મૂલ્યે રાખ મળી જાય છે અને તે કોઈ પણ પ્રકારે નુકશાનકારક પણ નથી. સાથે સાથે તેને પવિત્ર પણ માનવામાં આવે છે. રાજસ્થાનના કેટલાક વિસ્તારમાં વાસણને પાણીના અભાવે માત્ર રાખના પાવડર વડે જ માંજવામાં આવે છે.

## ૮. ઉર્જાના અખૂટ સ્ત્રોત રૂપે ઉપયોગીઃ-

ગ્રામ્ય વિસ્તારમાં એવી પ્રથા હોય છે, કે છાણ તથા મૂત્રમાંથી કિંમતી ખાતર બનાવવાની સાથે સાથે તેમાંથી બળતણ માટે છાણા પણ બનાવવામાં

આવતાં હતાં, જે ઘરો ચુલાઓ સળગાવવાના કામમાં આવતા હતાં તથા જે બળતણનું મુખ્ય સાધન હતું. આ છાણા બનાવવાનું કાર્ય મુખ્યત્વે શિયાળો તથા ઉનાળાની ઋતુઓમાં કરવામાં આવતું હતું તથા તેને તડકામાં સુકાવી ખુલ્લામાં અથવા ઘરમાં મોઢવા રૂપે સંગ્રહ કરવામાં આવતો હતો. જે આજે પણ આપણાં દેશમાં અનેક પ્રદેશોમાં રોડના કિનારે આવેલ ગ્રામ્ય વિસ્તારના ગામડાઓમાં ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબનાં ગામડાંઓમાં આ પ્રકારના મોઢવા જોવા મળે છે. ગામડાંઓમાં છાણાં જ બળતણનું મુખ્ય સાધન હતું. ખોરાક રાંધવા, દૂધ ગરમ કરવા અને અગ્નિ સંસ્કાર કરવામાં છાણાનો ઉપયોગ થતો હતો. આજે પણ ગામડાંઓમાં જે વ્યક્તિના ઘરે ઢોર રાખવામાં આવે છે, તેના ઘરમાં રાંધવા માટે છાણાનો ઉપયોગ થાય છે.

જર્મનીના એક જાણીતા વિજ્ઞાની જુગરનલેસ ભારત આવ્યા હતા. તેમણે ભારતના લોકોના જીવનમાં ગૌવંશનું યોગદાન પર ગહન અધ્યયન કરી **''ભારતમાં ગાય શા માટે પૂજનીય છે''** નામનું પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે લખ્યું છે, કે અગર સળગાવવા માટે કોલસાનો અથવા લાકડાંનો જો ઉપયોગ કરવામાં આવે તો ૩.૫ કરોડ ટન કોલસો અથવા ૬.૮ કરોડ ટન લાકડાની જરૂરિયાત ઉદ્ભવે. આટલાં મોટા પ્રમાણમાં ન તો કોલસો મળી શકે તેમ છે, કે ન તો લાકડાં. કોલસા અથવા લાકડાંમાંથી છાણાં જેવી મંદ મંદ અને પ્રદૂષણ રહિતની આગ પણ મળી શકતી નથી.

છાણનો ખાતર તરીકે ઉપયોગ કરતાં પહેલાં તેમાંથી ગોબર ગેસ તૈયાર કરવાનો આધુનિક ઉપાય પણ મળી આવ્યો છે, જેને બાયોગેસ કહેવામાં આવે છે. આ ગેસ છાણ દ્વારા મેળવી શકાય છે. જેનાથી રસોઈ માટે ગેસના ચૂલા તથા અજવાળા માટે કાચની હાંડીઓ (ગેસ બત્તી) કે દિવાઓ સળગાવી શકાય છે. ગોબર ગેસ પ્લાંટ દ્વારા ગેસનું ઉત્પાદન કર્યા પછી, તેમાંથી છાણની જે સ્લરી બહાર આવે છે, તેની ખાતર તરીકેની ગુણવત્તામાં ઓર વધારો થાય છે.

આજે ગામડાંઓમાં ગૌવંશના છાણ અને મૂત્ર સિવાય બીજું કોઈ વિશ્વાસપાત્ર અને વૈકલ્પિક ઉર્જાનું સાધન નથી. લાંબા સમય સુધી વૃક્ષોનું છેદન કરી બળતણની ભરપાઈ કરવી પણ સંભવ નથી. ગામડાંઓમાં બળતણની ઉણપના કારણે આજે દેશમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષો કપાતા હોવાના બનાવો બનતા હોય છે, જેના દ્વારા પર્યાવરણમાં ફેલાઈ રહેલાં પ્રદૂષણનું એક માત્ર નિરાકરણ વનરાજી છે, પરંતુ વૃક્ષો દ્વારા પૂરો પાડવામાં આવતા ઓક્સિજના પ્રમાણમાં હવે ભારે અછત પ્રવર્તી રહી છે.

## ૯. છાણ પંચગવ્યનો એક અંશ છે.

આયુર્વેદમાં શરીર, મન, બુધ્ધિ અને અંતઃકરણના શુધ્ધિકરણ માટે પંચગવ્યનું ઘણું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. આ પંચગવ્ય ગાયના દૂધ, દહીં, ઘી, મૂત્ર તથા છાણમાંથી તૈયાર કરવામં આવે છે. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે બનાવવામાં આવેલ પંચગવ્યનું સેવન કરવાથી શરીર, મન, બુધ્ધિ તથા અંતઃકરણના વિકારોનું શમન થાય છે.

## ૧૦. છાણ ધ્વારા ત્વચાનું રક્ષણ કરનાર સાબુ, શુધ્ધ ધૂપ અગરબત્તી તથા ઠંડી અને ગરમીથી બચાવ કરનાર પ્લાસ્ટરનું ઉત્પાદન.

મહારાષ્ટ્રના શ્રીનારાયણ રાવ દેવરાવ પંઢરી પાંડે જેમનું ઉપનામ છે, ''નડેપકાકા'' કે જેમણે છાણમાંથી ન માત્ર કંપોસ્ટ ખાતર બનાવવાની નવીન પધ્ધતિની શોધ કરી છે, પરંતુ તેમાંથી એક એવો પદાર્થ પણ બનાવ્યો છે, કે જેનાથી સાબુની ગોટી બને છે. આ સાબુ ત્વચાના રોગ પર દવાનું કાર્ય કરી રહ્યો છે. સાથે સાથે તેમણે ધૂપબત્તી અને અગરબત્તી પણ બનાવી છે અને છાણમાંથી એક પ્લાસ્ટર પણ બનાવ્યું છે. જેને મકાનની છત અથવા દિવાલ પર લગાડવાથી ઠંડી તથા ગરમીની અસર ઓછી થાય છે.

અમેરિકાના જેમ્સ માર્ટિને દુધાળુ ગાયનું છાણ, ખમીર અને સમુદ્રનું પાણી એકત્ર કરી એક એવું દ્રાવણ બનાવ્યું છે, કે જેનો ઉપયોગ કરવાથી વેરાન ઉજ્જડ જમીન લીલીછમ બની જાય છે. તથા સુકા તેલના કુવામાં ફરીથી બીજી વખત તેલ આવે છે તથા સમુદ્રની સપાટી પર ફેલાયેલા તેલને ચૂસી શકાય છે.

આવી તો કેટલીયે ચીજવસ્તુઓ ગાયના છાણમાંથી બની શકે છે. અગર જો આપણે છાણની ઉપયોગિતા સમજી લઈએ તો આપણાં દેશમાંથી બિમારી, ગરીબાઈ અને બેરોજગારી આપોઆપ નાબુદ થઈ જાય. આયુર્વેદની અનેક કિંમતી ભસ્મો તથા દવાઓ તથા જડીબુટ્ટીઓ બનાવવા માટે છાણાની મંદ મંદ તથા પ્રદૂષણ રહિતની આગનો જ ઉપયોગ કરવામાં આવે છે.

આજની સર્વોપરિ આવશ્યકતા એ છે, કે જેમ કે આપણાં ઋષિઓએ સ્પષ્ટ સંકેત કર્યો છે, કે ''છાણમાં ઐશ્વર્યની દેવી લક્ષ્મીનો વાસ છે.''જેને સમજવામાં, ઓળખવામાં અને પ્રગટ કરવામાં આવે, તેના ધ્વારા આપણી સમૃધ્ધિની સાથે સાથે આપણી તમામ ઈચ્છાઓ પૂરી કરનારી ગૌમાતાની ફરીથી પ્રતિષ્ઠા જામશે તથા ગૌવંશનું રક્ષણ પણ થશે.

અનુસંધાન-૨

# ગાય તથા બળદ ગ્રામ્ય ઉર્જાનું પ્રદૂષણ રહિતનું સ્વાવલંબી સ્રોત

## ૧. દેશની આજની ઉર્જાની સ્થિતિઃ-

આપણાં દેશમાં ખેતી, વ્યાપાર ધંધામાં તથા ઘરગથ્થુ ઉપયોગમાં વપરાતી ઉર્જાના મુખ્ય સાધનો પેટ્રોલિયમ પદાર્થો પર આધાર રાખે છે. આ ક્ષેત્રોમાં ઉર્જાની વપરાશમાં સતત વૃધ્ધિ થઈ રહી છે તથા ઘરગથ્થુ કાચા તેલના ઉત્પાદનથી આત્મનિર્ભરતાનું સ્તર સતત ઘટતું જઈ રહ્યું છે. આપણે ૧૯૮૪ થી ૧૯૮૫ના વર્ષ દરમ્યાન કુલ જરૂરિયાતની ૭૦ ટકા માંગ પૂરી કરવા માટે આત્મનિર્ભર હતા, પરંતુ ૧૯૯૭-૯૮ દરમ્યાન આ આત્મનિર્ભરતા ઘટીને માત્ર ૩૫ ટકા જ રહી ગઈ છે અને ૬૫ ટકા કાચા તેલ માટે આપણે વિદેશો પર આધાર રાખીએ છીએ. આ પરાવલંબન આગામી નવી યોજનાના અંતમાં ૭૦ થી ૭૫ ટકા સુધી પહોંચવાથી સંભાવના છે. પરાવલંબનની સાથે સાથે આ તેલ સળગાવાથી જે ધુમાડો નિકળે છે, તેનાથી પ્રદૂષણ અંગેની વિકરાળ સમસ્યા પેદા થઈ રહી છે.

ઉર્જાના દુષ્કાળ તરફ આગળ વધી રહેલી સ્થિતિ અંગે વધુ માહિતિ માટે આપણે ઉર્જાના દુષ્કાળના ખાડા તરફ ધકેલાઈ રહ્યા છીએ. કૃપા કરી **પ્રકરણ-૪ ના અનુસંધાન-૫** પર જૂઓ.

ઢોરની ઉર્જાને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય.

### (i) છાણ ઉર્જાનું અખૂટ સાધનઃ-

આગામી પ્રકરણોમાં તેની માહિતી આપી દેવામાં આવી છે.

### ગોબરગેસ ઉર્જા(બાયોગેસ) પર એક દૃષ્ટિ

**૧.** એક પુખ્તવયની વ્યક્તિ માટે એક દિવસનો આહાર રાંધવા તથા ઘરમાં પ્રકાશ માટે ત્રણ ચાર કલાક લેમ્પ સળગાવવા સરાસરી ૮ ઘનફૂટ ગેસ પૂરતો છે અર્થાત્ ૪ થી ૫ સભ્યો ધરાવતા કુટુંબ માટે ૧ ઘન મીટર (૩૫ ઘન ફૂટ) ગેસ પૂરતો છે.

**૨.** બાયોગેસ પ્લાંટમાં છાણને એવી રીતે નાખવું જોઈએ કે યોગ્ય સમય (૪૦ દિવસનો રિટેંશન પીરિયડ) સુધી સડતું રહેતો ૧ કિલો છાણમાંથી ૧.૩ ઘન ફૂટ

ગોબર ગેસનું ઉત્પાદન થાય. અર્થાત્ ૩૫ ઘનફૂટ ગેસ માટે દરરોજ ૨૫ કિલો છાણની જરૂરિયાત છે.

**૩.** એક ગાય દરરોજ ૭ થી ૧૦ કિલો તથા ભેંસ ૧૨-૧૫ કિલો છાણ આપે છે. અર્થાત્ ૨૫ કિલો છાણ( ૩૫ ઘનફૂટ ગેસ ) માટે ૧ ગાય અને ૨ બળદ પૂરતા છે. આ રીતે ૪ થી ૫ સભ્ય ધરાવતા કુટુંબ માટે ૩ ઢોર ધ્વારા રાંધવાની તથા પ્રકાશની વ્યવસ્થા થઈ શકે છે.

**૪.** ૧ ઘનમીટર થી ૮૫ ઘનમીટરની શક્તિ ધરાવતા બાયોગેસ પ્લાંટ લગાવી શકાય. પરંતુ એક સામાન્ય કુટુંબ માટે ૧ થી ૪ ઘનમીટર ( ૩૫-૧૪૦ ઘનફૂટ) શક્તિ ધરાવતો પ્લાંટ જોઈએ.

**૫.** ગોબરગેસ પ્લાંટ લગાવવાનો સરાસરી ખર્ચ ૮૦૦૦ રૂ. (જુદા જુદા માપ અનુસાર ૬ થી ૮ હજાર રૂપિયા) આવે છે.

**૬.** સરખા પ્રમાણમાં છાણ તથા પાણી એકઠું કરી તેનો રગડો બનાવી પછી તેને બાયોગેસ પ્લાંટમાં નાખવામાં આવે છે. અહીં એ વાત યાદ રાખવી જોઈએ કે છાણ તથા પાણી આપોઆપ એક બીજા સાથે ભળી જતા નથી એટલા માટે તેનો ઘોળ-રગડો બનાવી નાખવો પડે છે. અગર જો પહેલાં છાણ નાખી પછી તેની ઉપર પાણી નાખવામાં આવે તો ઈચ્છીએ તેવું પરિણામ આવતું નથી.

**૭.** સામાન્ય રીતે છાણની સડવાની ક્રિયા ૩૦ દિવસમાં આરંભ થઈ જાય છે. અર્થાત્ છાણને એવી રીતે નાખવું જોઈએ, કે ૪૦ દિવસનો જે તેનો સામાન્ય અટકાવી રાખવાનો સમય ( રિટેંશન પીરિયડ ) છે, ત્યાં સુધી તે ત્યાં પડ્યું રહે. અગર જો તે જલ્દીથી બહાર આવી જશે તો ગેસ નહીં બની શકે.

### (i) પશુજન્ય ઉર્જા (Animal Power):-

ગામડાંઓમાં લગભગ ખેતીના તમામ કાર્યો જેમ કે ખેડાણ, વાવણી, કાપણી, નીંદામણ, સિંચાઈ, શેરડીની રોપણી, સરસવની રોપણી વગેરે બળદ ધ્વારા થતાં હોય છે. આવાગમન તથા માલસામાન વહનનું તમામ કાર્ય બળદ ગાડા ધ્વારા કરવામાં આવે છે. ટ્રક અને ટ્રેકટરો જેટલો સામાન ખેંચે છે. તેના કરતાં બળદ ગાડા ધ્વારા વધુ વજન ખેંચવામાં આવે છે. તે ખાડા ટેકરાંવાળા રસ્તાઓ ઉપર પણ ચાલી શકે છે તથા ઘરના દરવાજા સુધી સામાન પહોંચાડી શકે છે. એક અનુમાન અનુસાર ઢોરોની ઘટતી જતી સંખ્યાની ચિંતાજનક સ્થિતિમાં આપણાં દેશમાં આજે પણ ૪ કરોડ, ૬ લાખ, ૭૦ હજાર હળ તથા ૧ કરોડ, ૩૦ લાખ બળદ ગાડા છે. આ નિર્વિવાદ સત્ય છે, કે દેશના ગ્રામ્ય

વિસ્તારમાં બળદની ઉર્જા ન માત્ર વ્યવહારિક છે, પરંતુ સામાયિક પણ છે અને રહેશે પણ. પ્રશ્ન એ છે, કે જે ખેડૂતોને કઠોર મહેનત કરવી પડે છે, તેનાથી તેમને કેવી રીતે બચાવી શકાય તથા બળદોની શક્તિ અને ઉપયોગ પણ કેવી રીતે વધારી શકાય. આ ક્રમમાં બળદની ઉર્જાની શક્તિ વધારવા તથા બળદની ઉર્જા પર આધાર રાખતા સાધનોને સરળ બનાવવા માટે અને મહત્વના કાર્યો કરવામાં આવ્યા છે તથા અત્યારે ભવિષ્યના ગર્ભમાં અનેક સંભાવનાઓ છુપાયેલી પડી છે.

## ૧ બળદ ધ્વારા ચાલતું ટ્રેકટરઃ-

ભોપાલ(મ.પ્ર.)ના નબીબાગ ખાતે આવેલા સેન્ટ્રલ ફારમિંગ મીકેનિકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટે બળદની માલ વહનની શક્તિ વધારવા તથા ખેડૂતોની મહેનત ઓછી કરવા માટે બળદો ધ્વારા ચલાવી શકાય તેવું ત્રણ પૈડાવાળું એક ટ્રેકટર બનાવ્યું છે. એનો ઉપયોગ એ છે, કે ખેડૂત ટ્રેકટરની જેમ તેની ઉપર બેસી બળદ ધ્વારા થતા ખેતીના તમામ કાર્યો જેમ કે ખેતરનું ખેડાણ, વાવણી, નીંદામણ સુધીના તમામ કાર્યો કરી શકે છે. તે હળ કરતાં તે ૨ થી ૩ ઘણું વધારે કાર્ય કરી શકે છે.

## ૨. પંચર રહિતના ટાયરોવાળા બળદ ગાડાઃ-

આજ સુધી બળદ ગાડાના પૈડા લાકડાંમાંથી બનાવવામાં આવતાં રહ્યાં છે અને તેની ઉપર લોખંડનો વાટો(રીંગ) ચઢાવવામાં આવતો હતો. થોડાંક વર્ષ પહેલાં ડનલોપ કંપનીએ મોટર, ખટારાની જેમ આ બળદ ગાડાના પૈડા ઉપર ટાયર ટ્યૂબ લગાવ્યા. પરિણામે નિ:શંક બળદની ભાર ખેંચવાની શક્તિમાં વધારો થયો અને બળદને ગાડું ખેચવું હળવું બની ગયું. પરંતુ તેને આશા રાખવામાં આવી હતી તેટલી સફળતા ન મળી શકી. એનું મુખ્ય કારણ એ છે, કે જ્યારે ગાડાના પૈડામાંથી હવા નિકળી જઈને પંક્ચર બની જાય ત્યારે બિચારો ખેડૂત નિ:સહાય બની જાય છે. આ મુશ્કેલીને દૂર કરવા માટે ભારત સરકારના ભોપાલ ખાતેના સેન્ટ્રલ ફારમિંગ મીકેનિકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટે બસ તથા ટ્રકોના જૂના ટાયરો લઈને તેમાં નાળિયેરના છોતરાં ભરી તેને પંક્ચર વગરના બનાવી દીધા.

## ૩. 'બળવાન' બળદ ગાડુઃ-

સાંગલી(મહારાષ્ટ્ર) કસ્ટમરી સાયંસ ઈન્સ્ટીટ્યૂટે પરંપરાગત ચાલ્યા આવતાં બળદગાડાને વિકસિત કરી એક 'બળવાન' ના નામથી એ જૂના

બળદગાડાને નવું સ્વરૂપ આપ્યું છે. તેની નીચે મુજબની ખાસિયતો છે.

**(i)** આ વિકાસ કરવામાં આવેલ 'બળવાન'નામના ગાડાનો આખો ફરમો અર્થાત્ તેનું માળખું લોખંડનું બનેલું છે. તદ્દન નવી રીતથી બનાવવામાં આવેલાં આ બળદગાડાના પૈડાનો વ્યાસ હાલમાં વપરાતા બળદગાડા જેટલો જ છે. પરંતુ તે ગોળાકાર ધરીથી જોડાયેલાં દાંતાઓથી બનાવવામાં આવ્યું છે. બન્ને પૈડાની ધરી અલગ અલગ છે.

**(ii)** બળવાન નામના આ મોડલમાં સામાન લાદવા માટે ૩૦ ચોરસ ફૂટ જેટલી જગ્યા રાખવામાં આવી છે. જ્યારે પરંપરાગત ગાડાઓમાં માત્ર ૧૦ ચોરસફૂટની જગ્યા હોય છે.

**(iii)** આ નવા મોડલમાં ચેસિસની નીચે બેરિંગ બ્લોક લગાવવામાં આવ્યો છે. જે આસાનીથી આંચકા સહન કરી લે છે. તેમાં સ્ટબ એક્સલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ગાડાનો ફરમો એવી રીતે બનાવવામાં આવ્યો છે, કે તેને ગાડાની લંબાઈના હિસાબથી વ્યવસ્થિત કરી શકાય.

**(iv)** આ ગાડાના પૈડામાં ખાસ પ્રકારના સપોર્ટરો લગાવવામાં આવ્યા છે. જેથી આ સપોર્ટરો સીધાજ મોટા ભાગનું વજન પોતાના ઉપર વહન કરી લે છે.

**(v)** આ ગાડામાં બ્રેકની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

**(vi)** આ નવા ગાડામાં વજન ખેંચવાની શક્તિ પરંપરાગત ચાલ્યા આવતા ગાડા કરતાં બે ઘણી વધુ છે.

**(vii)** એનો સમારકામનો ખર્ચ પણ નહિવત આવે છે.

**(viii)** ગાડાની ગતિ વધારવા માટે તેના પૈડાં પર રબર ચઢાવવામાં આવ્યું છે. તેનાથી રોડ-રસ્તાને કોઈ નુકશાન થતું નથી. ખેડૂતો માટે આ બળદગાડું ખૂબજ ઉપયોગી તથા ફાયદા કારક સાબિત થયું છે.

## ૪. ''ગ્રામ્યલક્ષ્મી'' બળદ ગાડુંઃ-

હમણાં તાજેતરમાં ''ગ્રામ્યલક્ષ્મી'' નામનું વિકાસ કરવામાં આવેલું એક નવું ગાડુ અસ્તિત્વમાં આવ્યું છે. પાછલાં દિવસોમાં ભારત સરકારના વહાણ બાંધકામ ખાતાની પ્રેરણાથી સંપૂર્ણ રૂપે લોખંડમાંથી બનાવવામાં આવેલા આ ગાડાનું, બેંગલોરની સાયંસ એન્ડ ટેકનોલોજી શાખા તથા ઈન્ડિયન મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટે યોજેલા એક મેળામાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેની અંદર બે બળદના બદલામાં માત્ર એક બળદ ધ્વારા કામ ચલાવી શકાય છે. આ ગાડામાં બ્રેકની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. જે બે ઘણુ વજન અને સામાન ખેંચી શકે છે.

**૫. રેંટ દ્વારા વિજળીનું ઉત્પાદનઃ-**

મુંબઈની નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર ટ્રેનિંગ ઇંડસ્ટ્રીયલ એંજીનિયરીંગે (નાઈટી) એક એવું મશીન બનાવ્યું છે, કે જ્યારે બળદ વડે રેંટ ફરતો હોય ત્યારે તેનાથી વિજળીનો પ્રવાહ પેદા થાય છે. આ મશીન વડે બે બળદ દ્વારા સતત એક હોર્સ પાવર અર્થાત ૭૮૬ વોલ્ટ વિજળી પેદા કરી શકાય.

**બળદની શક્તિનો અન્ય ઉપયોગઃ-**

સરકારી આંકડાઓ અનુસાર આખા વર્ષમાં બળદનો ઉપયોગ માત્ર ૫૦ થી ૧૦૦ દિવસ જેટલો જ કરી શકાય છે. બાકીના દિવસો ખાલી રહેતા હોય છે. એનો ઉપયોગ વધારવા માટે ભોપાલમાં આવેલી સંશોધન સંસ્થાએ એક એવું સાધન બનાવ્યું છે, કે જેના દ્વારા એક જ જગ્યા ફેરવવાથી ૮૦૦ થી ૧૦૦૦ આંટા જેટલી ગતિ મળી જાય છે. આ ગતિ અને શક્તિ વડે અનેક પ્રકારના વિજળી વગરના અને ડિઝલ વગેરેનો ખર્ચ કર્યા વગર અનેક પ્રકારના ગ્રામોદ્યોગ ચલાવી શકાય છે. **જેમાં મુખ્યત્વે ઘાસ કાપવું, અનાજ કાઢવું, લોટની ઘંટી ચલાવવી, દાળની ઘંટી ચલાવવી, સંઘાડિયાનું ખરાદવાનું કામ તથા ઘાસની ગાંસડી બાંધવાનું કામ વગેરે કરી શકાય છે.**

અર્થાત્ એ વાત ચોક્કસ છે, કે અગર જો ભારતમાં અન્ય ક્ષેત્રો પર જેટલું ધ્યાન આપવામાં આવે છે એટલું અગર જો બળદની શક્તિ તથા છાણની ઉર્જા ઉપર ધ્યાન આપવામાં આવે તો આશ્ચર્યજનક લાભ મેળવી શકાય તથા આ ગામડાંઓનું એવું કયું કાર્ય છે, કે જે વિજળી તથા ડિઝલ વગર જાનવરોની ઉર્જા વડે પુરું થઈ શકતું નથી. આજની ઉર્જાની દયાજનક સ્થિતિમાં એના સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નથી. આપણે સમય રહેતાં એની તરફ સાવધાન થઈ જવું જોઈએ.

અનુસંધાન-૩

# ગૌમૂત્ર અને છાણમાંથી બનેલા ઉત્પાદનો જે કુટીર ઉદ્યોગ/ગ્રામોદ્યોગનો આધાર બની શકે

આપણાં આર્ષ સાહિત્યમાં ગાયના છાણમાં લક્ષ્મીનો અને મૂત્રમાં ગંગાનો વાસ કહો છે. એ કંઈ અનાયાસ, સંયોગવશ અથવા શ્રધ્ધાને વશ થઈને કહેવામાં આવ્યું નથી, પરંતુ ગાયના છાણ અને મૂત્રમાં કાર્બોલિક એસિડ તથા મેંગેનીઝ હોય છે, જેના કારણે તે જંતુનાશક હોવાથી જંતુઓ બનતા અટકાવે છે અને વિષનાશક તથા કીટાણુજન્ય રોગોનો નાશ કરે છે તથા સડો થતો અટકાવે છે. તેમાં સુવર્ણક્ષાર આરમ ઓક્સાઈડ (AUCH)હોય છે, જેના કારણે તે રોગાણુનાશક, જંતુનાશક અને વિષનાશક(Antitoxin)છે. તે સોડિયમ અને આર્યનના કારણે અમ્લતાનાશક (Antiacid) અને રક્ત શોધક છે. એજ રીતે છાણ પણ પોતાના રાસાયણિક ઘટકોના કારણે મળશોધક,દુર્ગંધનાશક, જંતુનાશક, શોષક અને પોષક જેવા ગુણોની વિશેષતા ધરાવે છે.

ગૌમૂત્ર અને છાણની આ વિશેષતાના કારણે તેનો સીધોજ ઉપયોગ ન માત્ર અનેક રોગોના શમન માટે અથવા આરોગ્યના રક્ષણ માટે કરી શકાય છે,પરંતુ તેની એવી અનેક આડપેદાશો બનાવી શકાય છે,કે જે કુટીર ઉદ્યોગ અથવા ગ્રામોદ્યોગનો સુદૃઢ આધાર બની શકે છે. શરત માત્ર એટલી જ છે કે તે ગાય ભારતીય ઓલાદની હોવી જોઈએ. આજે કેટલીયે સંસ્થાઓએ અને વૈદ્યો દ્વારા સફળતા પૂર્વક એવી અનેક પેદાશો બનાવવામાં આવી રહી છે અને વેચાણ પણ કરવામાં આવી રહી છે. પરંતુ ચોક્કસ માહિતીના અભાવે તે લોક પ્રચલનમાં આવી નથી. અહીં માહિતી આપવા માટે ગાયનુ છાણ અને ગૌમૂત્રથી બનાવી શકાય તેવી કેટલીક ચીજવસ્તુઓના નામ, તેની ઉપયોગિતા, બનાવવાની રીત તથા અંદાજે વેચાણ કિંમત દર્શાવવામાં આવી છે.

**(૧)કામધેનુ ખાતર (સૂકું)**

કાકા નેડેપ પદ્ધતિથી ૧૦૦ કિ. ગાયના છાણમાંથી ૩૦ હજાર કિલો (૩ ટન) છાણનું કંપોસ્ટ ખાતર તૈયાર કરી શકાય છે. એક ગાય કે બળદ દિવસ દરમ્યાન સરાસરી ૭ કિલો છાણ આપે છે. એનાથી વર્ષે ૭૦ થી ૭૫ ટન કંપોસ્ટ ખાતર તૈયાર થાય છે. એને પોતાના ઉપયોગની સાથે સાથે અન્ય ખેડૂતોની જરૂરિયાત અનુસાર વેચી શકાય છે. તથા કિચન ગાર્ડનિંગના ઉપયોગ માટે પણ વેચાણ કરવા માટે ૨,૫,૧૦ કિલોના પેકેટ બનાવી શકાય છે.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★છાણ | - | ૧૦૦ કિલો |
| ★વનસ્પતિજન્ય કચરો (સૂકા પાંદડા, ડાળીઓ,મૂળિયા અને ઘાસ) | - | ૧૭૫૦ કિલો |
| ★પાણી | - | ૧૫૦૦ થી ૨૦૦૦ લીટર (ઋતુ અનુસાર) |

**બનાવવાની રીતઃ-**

આ ખાતરને શ્રેષ્ઠ ગુણવાળું બનાવવા માટે ૧૦X૬X૩ ફૂટ લાંબી, પહોળી તથા ઉંડી ટાંકી અથવા એટલા જ માપનો હોજ બનાવવા આવે છે, જેની અંદર ૧૦૦ ઘન ફૂટ ખાતર તૈયાર થાય છે. તેની અંદર ઉપર કોઠામાં દર્શાવવામાં આવેલ સામગ્રી ભરી આ મિશ્રણને છાણ અથવા માટીથી લીંપીને ટાંકીને બંધ કરી દેવામાં આવે છે. ૯૦ થી ૧૨૦ દિવસ સુધી ઉપરોક્ત સામગ્રી ટાંકીમાં પડી રહે છે અને તેમાંથી કંપોસ્ટ ખાતર તૈયાર થઈ જાય છે. જેનું વજન લગભગ ૩ ટન હોય છે. અગર આ ખાતરને કિચિન ગાર્ડનિંગના વેચાણ માટે ઉપયોગ કરવો હોય તો ચાળીને ૨,૫ કિલો અથવા આવશ્યકતા અનુસાર વજનના પેકેટ બનાવી શકાય છે. આ ખાતર બનાવવા માટે મહેનત સિવાય બીજો કોઈ ખર્ચ આવતો નથી.

**અંદાજે વેચાણ કિંમતઃ-**

| | | |
|---|---|---|
| ★૨ કિલો પેકિંગ | - | ૧૦-૧૫ રૂપિયા (સ્થળ અનુસાર) |
| ★૩૦ થી ૪૦ કિલો પેકિંગ | - | ૧૫૦ રૂપિયા |

## ૨. કામધેનુ ખાતર અને જંતુનાશક દવા(પ્રવાહી) બનાવવાની રીતઃ-

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★ગૌમૂત્ર | - | ૧૦ લીટર |
| ★લીમડાના પાંદડા | - | ૨.૫ કિલો |

**બનાવવાની રીતઃ-**

વૃધ્ધ ગાય,બળદ અને સાંઢના મૂત્રમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધારે હોય છે. જેમાં નર જાતિના પ્રાણીનું મૂત્ર વધારે તીવ્ર હોય છે. કોઈ મોટા વાસણમાં (લોખંડના ડ્રમમાં) મૂત્ર નાખી તેમાં લીમડાના પાંદડાને ઉમેરી ૧૫ દિવસ સુધી સતત સડાવી, ત્યારબાદ તેને ગાળી જંતુનાશક દવા બનાવવામાં આવે છે. જંતુનાશક દવાની સાથે સાથે પાંદડાઓ ધ્વારા અનેક પોષક તત્વો પૂરા પાડવાના કારણે ઉત્તમ ખાતરનું પણ કામ કરે છે.

આ રીતે તૈયાર થયેલ ૧ લીટર જંતુનાશક દવામાં ૧૦૦ લીટર પાણી મેળવી અનાજ,ફળ-ફળાદિ કે શાકભાજીના છોડ પર બહુ ઓછા ખર્ચે છંટકાવ થઈ જાય છે.

**અંદાજે વેચાણ કિંમતઃ-** - ૧૦૦ મિલી લીટર - ૧૦ રૂપિયા

## ૩. એક્ઝિમા સાબુઃ-

**ઉપયોગઃ-**

આ સાબુને એક્ઝિમા, ધાધર, સિરોસિસ ઓફ સ્કિન(કૃષ્ટ રોગ-રક્તપિત્ત)ના રોગ પર તેને પાણીમાં ઘસીને લગાવવામાં આવે છે. અગર જો બળતરા થતી હોય તો ઘી કે કોપરેલનું તેલ લગાવી દો.

★એને મોઢાં પર અને આંખો પર લગાવવો જોઈએ નહીં.

★આ સાબુ સ્નાન માટે નથી.

★જે જગ્યા પર એક્ઝિમા હોય એ જગ્યા પર જ લગાવવો જોઈએ. શરીરના અન્ય અંગો પર લગાવવો જોઈએ નહી.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★મૂલતાની માટી | - | ૧ કિલો |
| ★લાલ ગેરુ(રમચી-સોનાગેરુ) | - | ૨૦૦ ગ્રામ |
| ★ભીનું છાણ | - | ૧૨૫૦ ગ્રામ |
| ★મોરથુથુ | - | ૩૫ ગ્રામ |
| ★લીમડાના પાંદડા | - | આવશ્યકતા અનુસાર |

**બનાવવાની રીતઃ-**

★મોરથુથુને (કોપરસલ્ફેટ) ના બારીક વાટી ઉપરોક્ત બીજી અન્ય સામગ્રી સાથે મેળવી દો.

★આવશ્કતા અનુસાર લીમડાના પાંદડાનો ક્વાથ (કાઢો) બનાવી ગાળી લેવામાં આવે.

★લીમડાના ક્વાથના પાણીમાં ઉપરોક્ત સામગ્રી નાખી તેને પલાળવામાં આવે, ત્યારબાદ તેમાંથી ડાઈ અથવા હાથથી ટિકડી (ચોરસા-ગોટી)ઓ બનાવી શકાય છે.

**અંદાજે વેચાણ કિંમતઃ-** - ૧૦૦ ગ્રામ - ૬ રૂપિયા

## (૪)ગાયના છાણમાંથી સાબુ (સ્નાન માટે):-

આપણાં ધર્મશાસ્ત્રોમાં છાણનો ઘણો મહિમા છે, સ્નાન માટે લખવામાં

આવ્યું છે કે-'**यन्मे रोगं,शोकं च-तन्मे दहतु गोमय**' અર્થાત્ છાણથી કરવામાં આવેલ સ્નાન સંસ્કારિત હોય છે, જેનાથી શારીરિક અને માનસિક વ્યાધિઓનું દહન થાય છે. ઋષિઓએ ગોમય (છાણ) માટી (માટી અને ભસ્મ) સ્નાનનું વિધાન કર્યું છે. શ્રીમદ્ ભાગવત્‌ના ૧૦-૬-૨૦માં પૂતના દ્વારા ભગવાન કૃષ્ણને સ્તનપાન કરાવ્યા પછી ગોપીઓ દ્વારા ગૌમૂત્રથી સ્નાન કરાવવાનું અને ગૌરજ લગાવવાનું તથા સમસ્ત શરીર પર ગૌછાણનો લેપ કરવાનો ઉલ્લેખ આવે છે.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★છાણ (દેશી ગાયનું તાજું) | - | ૧૨૫૦ગ્રામ |
| ★મુલતાની કાળી માટી | - | ૧૦૦૦ગ્રામ |
| ★અજમાનું સત્વ | - | ૧૦ ગ્રામ |
| ★કપૂર ગાંગડાવાળુ | - | ૫૦ ગ્રામ |
| ★છાણનો રસ કાઢી તેના સમપ્રમાણમાં તલનું તેલ લઈ તેની સાથે ઉકાળી બનાવવામાં આવેલ તેલ | - | ૨૫૦ગ્રામ |

**બનાવવાની રીતઃ-**

★ઉપરોક્ત ગેરુ,મુલતાની માટીને ખૂબ ઝીણી વાટી લીલા (ભીના) છાણ સાથે મેળવી બે દિવસ સુધી તડકામાં સૂકાવવામાં આવે છે. પછી તેનું બારીક ચૂર્ણ કરવા કપડા અથવા બારીક ચાળણીથી ચાળવામાં આવે.

★કપૂરના ગાંગડાને ખૂબ ઝીણો વાટી તેને તેલ અને ઉપરના પાવડર સાથે મેળવી ખૂબજ મસળવામાં આવે.

★પછી લીમડાના પાંદડાને પાણી સાથે ઉકાળી કાઢો(ક્વાથ) બનાવવામાં આવે, ત્યાર પછી તેને ગાળી તથા એ ગરમ ગાઢાને બનાવાવમાં આવેલ મિશ્રણ સાથે આવશ્યક માત્રામાં મેળવી ડાઈ અથવા બીબામાં દબાવી ટિકટી (ગોટી)ઓ બનાવી તડકામાં સૂકાવી દેવામાં આવે. ત્યાર પછી તેની સોપ સ્ટોનમાં લપેટી, લૂછી પેકિંગ કરી દેવામાં આવે.

**અંદાજે વેચાણ કિંમત-** - ૧૦૦ ગ્રામ - ૬ રૂપિયા

## ૫. ગાયના છાણમાંથી ગોમય (છાણ)નો મલમ

**ઉપયોગઃ-**

★ચામડી પરના ડાઘ, ખરજવું,દાદર,એક્જિ મા,સિરોસિસ, સડતા ઘા પર લાભ દાયક છે.

★આંખ પર નહીં લગાવવો જોઈએ.

★ચામડીના રોગ પર તેને ગૌમૂત્રથી ધોઈ દિવસમાં ૨ થી ૩ વાર લગાવવો જોઈએ.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★છાણનો બારીક કરવામાં આવેલ પાવડર (કપડાંથી ચાળેલો) | - | ૫૦૦ ગ્રામ |
| ★ગેરુ | - | ૪૦૦ ગ્રામ |
| ★ગૌમૂત્રક્ષાર | - | ૧૦૦ ગ્રામ |
| ★મોરથુથુ | - | ૨૦૦ ગ્રામ |
| ★પેટ્રોલિયમ જૈલી(ગ્રીસ) | - | ૧ કિલો |

**બનાવવાની રીતઃ-**

★સૌ પ્રથમ મોરથુથુને વાટી કઢાઈમાં નાખી ધીમા તાપે શેકવામાં આવે. એ જ્યારે સફેદ થાય ત્યારે નીચે ઉતારી લેવું.

★બાકીની બીજી વસ્તુઓને અત્યંત બારીક વાટી તેને મોરથુથુ અને પેટ્રોલિયમ જેલી (ગ્રીસ)સાથે મિશ્રણ કરી ખરલમાં ખૂબજ લસોટવામાં આવે.

★ત્યારપછી તેને કાચની શીશીમાં ભરી લેવામાં આવે.

★ક્યારેક કોમળ સ્થાને લગાવવાથી બળતરા થાય તો તેમાં ઘી નાખી તેને મંદ કરવામાં આવે.

**અંદાજે વેચાણ કિંમતઃ-** - ૧૦ મિ.ગ્રામ - ૮ થી ૧૦ રૂપિયા

## ૬. કામધેનુ શેમ્પુ(કેશનિખાર):-

**ઉપયોગઃ-**

★માથું ધોવા કામમાં આવે છે.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★ગૌમૂત્ર | - | ૨ લીટર |
| ★અરીઠા | - | ૫૦ ગ્રામ |
| ★કપૂર (ગાંગડો) | - | ૧૫ ગ્રામ |
| ★અજમાનું સત્વ | - | ૧૦ ગ્રામ |

**બનાવવાની રીતઃ-**

★અરીઠાને બારીક વાટીને ગૌમૂત્રમાં ઉકાળવામાં આવે.

★એ જ્યારે ૫૦૦ ગ્રામ જેટલું બાકી બચે ત્યારે ગાળીને રાખવામાં આવે.

★અજમાના સત્વને એક અલગ શીશીમાં લઈ તેને હલાવવામાં આવે છે.

★ત્યારબાદ ઉપર ગાળીને તૈયાર રાખવામાં આવેલ ગૌમૂત્રના મિશ્રણ સાથે મેળવી દેવામાં આવે. આ તૈયાર થયેલા નવા મિશ્રણને આવશ્યકતા અનુસાર શીશીઓમાં ભરી લેવામાં આવે.

**અંદાજે વેચાણ કિંમતઃ-** - ૧૦૦ મિ.લીટર - ૫ રૂપિયા.

## ૭. કામધેનુ તેલ (માલિશ માટે):-

**ઉપયોગઃ-**

★શરીરમાં કોઈ જગ્યા પર પીડા થતી હોય તો માલિશ કરી શેક આપો. તેનાથી તુરંત આરામ થશે.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★ છાણનો રસ (કપડાં વડે ગાળેલો) | - | ૨૫૦ મિ.લીટર |
| ★ ગૌમૂત્ર | - | ૫૦૦ મિ.લીટર |
| ★ તલનું તેલ | - | ૧ લીટર |
| ★ કપુર ગોટીવાળું | - | ૨૫ ગ્રામ |
| ★ અજમાનું સત્વ | - | ૧૦ ગ્રામ |

**બનાવવાની રીતઃ-**

★ સૌ પ્રથમ કપૂર તથા અજમાના સત્વને એક સાથે વાટી કાચની શીશીમાં ભરી લો.

★ પછી એને તલના તેલમાં ખૂબ હલાવી મિક્સ કરો.

★ ત્યારબાદ એક કઢાઈમાં ગૌમૂત્ર અને છાણના રસને ખૂબ જ એક સર બનાવો. પછી તેને મસળી મજબૂત કપડાં વડે ગાળી લો.

★ આ ગાળેલા રસમાં તેલ નાખી ધીમા તાપે ત્યાં સુધી ઉકાળો કે કઢાઈમાં માત્ર તેલ રહી જાય.

★ પછી તેને ઠંડુ પાડી ગાળી લો અને એક કાચની શીશીમાં ભરી લો. ત્યારબાદ તેની અંદર કપૂરવાળું તેલ નાખી ખૂબ હલાવી મિક્સ કરો.

**અંદાજે વેચાણ કિંમતઃ-** - ૧૦ મિલી લીટર - ૧૦ રૂપિયા.

## ૮. દેવ ધૂપ બત્તી (ઉપાસના માટે):-

**ઉપયોગઃ-**

★ દેવપૂજન - ઉપાસના સ્થળ પર ઉપયોગ માટે.

★ હવાને શુધ્ધ કરવા, વાયુ પ્રદુષણ રોકવા, દીર્ઘ શ્વાસોશ્વાસ માટે,

આરોગ્યના રક્ષણ માટે, જંતુનાશક તથા મનને શાંતિ પ્રદાન કરનાર.

**સામગ્રીઃ-**

★ લીલું છાણ - ૧ કિલો
★ ખસનું કાપવામાં આવેલું - ૧/૨ કિલો
બારીક (વૈર) અથવા લાકડાનો વેર
★ ચોખા (અક્ષત) - ૨૦૦ ગ્રામ
★ ગાયનું ઘી - ૨૦૦ ગ્રામ

**બનાવવાની રીતઃ-**

★ છાણ વગરની બાકીની ચીજ વસ્તુને ઘી દ્વારા મોવામાં આવે.(ઘી નાખી મસળી દેવામાં આવે.

★ પછી તેમાં છાણ નાખી મિક્સ કરી ખૂબ મસળો.

★ ત્યારબાદ તેની હાથ વડે બત્તીઓ બનાવો અથવા જેવડી સાઈઝની બત્તીઓ બનાવવી હોય તેવડી સાઈઝની પાઈપ લો, ત્યારબાદ ઉપર તૈયાર કરવામાં આવેલો મસાલાને સહેજ ભીનો કરી તેને પોલી પાઈપમાં ઠુંસી ઠુંસીને ભરો, ત્યારબાદ તેને એક પાતળા લોખંડના સળિયા વડે કે લાકડાની પાતળી સોટી વડે ધક્કો મારો બસ બત્તી બની ગઈ. ત્યારબાદ એ તૈયાર થયેલી અગરબત્તીને ભડકામાં સુકાવો. સુકાઈ ગયા બાદ કોઈ એક ખાલી ડબ્બામાં પેક કરી દો અથવા કાગળના જાડા પુંઠાના પૈકેટ બનાવી વેચાણ પણ કરી શકાય.

**અંદાજે વેચાણ કિંમતઃ-** - એક પેકેટ-૧૦ નંગ - ૧૫ રૂપિયા.

## ૯. ગૌ ધૂપ (વાતાવરણ શુધ્ધ કરવા માટે):-

**ઉપયોગઃ-**

★ ગાયના છાણાંની આગ પર અથવા લાકડાના કોલસાની આગ પર ધૂપ(ધુમાડો) કરવાથી જીવજંતુઓ, મચ્છરો વગેરેથી મુક્તિ મળે છે. આ વાતાવરણમાં શ્વાસ લેવાથી રોગનો નાશ થાય છે અને શુધ્ધ પ્રાણવાયુ મળે છે. રાત્રિના સમયે સુવાના પલંગ પાસે ધુમાડો કે ધુપ કરી સુવાથી ગાઢ નિંદ્રા આવે છે.

★ મચ્છરો ભગાડવા માટે કાચબા છાપ અથવા બીજી કોઈ પણ છાપવાળી અગરબત્તઓનો ઉપયોગ થાય છે. તેમાં કેમીકલ હોવાથી તે વાતાવરણને પ્રદૂષિત કરે છે. પરંતુ આ ધૂપમાં કોઈ કેમિકલનો ઉપયોગ ન થવાથી તેનો શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★ સૂકા છાલનો ભૂક્કો | - | ૭૫૦ ગ્રામ |
| ★ લાલ ચંદન | - | ૨૫૦ ગ્રામ |
| ★ જટામાસી (બાલછડ) | - | ૨૫૦ ગ્રામ |
| ★ નાગરમોથ | - | ૨૫૦ ગ્રામ |
| ★ કપૂર કાચલી | - | ૨૫૦ ગ્રામ |

**બનાવવાની રીતઃ-**

★ ઉપરોક્ત તમામ ચીજવસ્તુને બારિક વાટી પાવડર બનાવી લેવામાં આવે પછી એનો જ્યારે ઉપયોગ કરવો હોય ત્યારે સળગતા કોલસા પર કે છાણાની આગ ધ્વારા ધૂપ (ધુમાડો) કરવામાં આવે.

## ૧૦. ગાયના છાણનું દંતમંજનઃ-

**ઉપયોગઃ-**

★ દાંતમાં કીડા પડ્યા હોય. ઠંડા કે ગરમ પાણીના ઉપયોગથી દાંતમાં પીડા થતી હોય, અવાવળા ફૂલવા મોઢામાં પીડા થતી હોય, જીભ પર છાલા પડવા, ગળામાં છાલા પડવા, કાકડા, મોંઢામાંથી દુર્ગંધ આવતી હોય, પાયોરિયા તથા અવાવળામાંથી પરુ નિકળતું હોય વગેરે પર તે લાભદાયક છે.

★ સવારે અને સાંજે સૂતી વખતે દંતમંજન કરવું જરૂરી છે તેનાથી દાંતનું તથા મોઢાનાં રોગથી રક્ષણ થાય છે.

**સામગ્રીઃ-**

| | | |
|---|---|---|
| ★ ગાયના છાણનો કોલસો (બારિક પાવડર) | - | ૧ કિલો |
| ★ કપૂરની ગોટી | - | ૨૦ ગ્રામ |
| ★ અજમાનું સત્વ | - | ૨૦ ગ્રામ |
| ★ સાદુ મીઠું | - | ૧૬૦ ગ્રામ |
| ★ પાણી | - | ૧૬૦ ગ્રામ (મીઠાના બરાબર પ્રમાણમાં) |

**બનાવવાની રીતઃ-**

★ છાણાનો કોલસો બનાવવોઃ- સૌ પ્રથમ ગાયના છાણાને સ્વચ્છ જગ્યા પર અથવા મોટી કઢાઈમાં નાખી સળગાવો, તે લગભગ અડધા જેવા સળગી જાય ત્યારે તેને કોઈ સ્વચ્છ વાસણ ધ્વારા ઢાંકી દેવામાં આવે તથા તેની આસપાસમાં જ્યાંથી હવા જતી હોય ત્યાં કંતાન કે બોરી વડે કિનારીના ભાગને

ઢાંકી દેવામાં આવે.લગભગ પોણા કલાક પછી તેને ખોલી દેવામાં આવે. ત્યારે તેમાંથી છાણાનો કાળા મજબૂત કોલસાને એ વાસણમાંથી બહાર કાઢવામાં આવે. કાચા છાણાનો કે સફેદ થઈ ગયેલ રાખનો ઉપયોગ કરવામાં ન આવે. થોડાક દંત મંજન માટે નાની કઢાઈનો ઉપયોગ કરવો જોઈએ. અગર જો વધુ પ્રમાણમાં બનાવવું હોય તો જમીનમાં ખાડો ખોદી, ઈંટ, સિમેન્ટ વડે પ્લાસ્ટર કરી એક ટાંકી જેવું બનાવવું જોઈએ તેનો ઉપયોગ છાણાનો કોલસો બનાવવા કરી શકાય. આ રીતે બનેલા કોલસાને ખરલમાં બારીક વાટી સુતરાઉ કપડાં પર રગડી ગાળી બારિક પાવડર બનાવી લેવામાં આવે.

★ ઉપરોક્ત માત્રા અનુસાર કપૂર તથા અજમાના સત્વને એક કાચની શીશીમાં ભરી ૧ કલાક સુધી સાચવી રાખવામાં આવે. બન્ને વસ્તુઓ પોતાની રીતે જ એકબીજા સાથે ભળી જઈને ૪૦મિ.લીટર કપૂરનું તેલ બની જશે. તેમાં કોઈ ત્રુટિ રહી જાય તેને હલાવી એક રસ બનાવી દેવામાં આવે. કપૂરના ૪૦ મિ.લીટર તેલને ઉપરોક્ત ૧ કિલો છાણાના કોલસાના બારીક પાવડરમાં નાખી હલાવવામાં આવે, ત્યારબાદ મીઠાને ઉપરોક્ત પ્રમાણમાં ૧૬૦ મિ.લીટર પાણીમાં નાખી તેને ઓગાળી નાખવામાં આવે. હવે ઉપરોક્ત ત્રણ ચીજોને (છાણાનો કોલસો, કપૂર તેલ તથા મીઠાનું દ્રાવણ) કોઈ સ્વચ્છ વાસણમાં લઈ પોતાના હાથ વડે મસળી, ત્યારબાદ તેને ફરીથી ખરલ વડે લસોટી સ્વચ્છ કાચની શીશીમાંઓમાં ભરી લેવામાં આવે. તેને સુકાવા દેવામાં ન આવે, ભેજવાળી ઋતુમાં તેને શીશીમાં ભરી લેવામાં આવે.

**અંદાજે વેચાણ કિંમત**- ૧૦૦ ગ્રામ - ૧૦ રૂપિયા.

## ૧૧. ગાયના છાણનું તેલ(આંખના રોગો માટે):-

**ઉપયોગઃ-**

★આંખોમાં લાલાશ, આંખના કારણે થતો માથાનો દુખાવો, તણાવ, કાચા મોતિયા બિંદુ, રાત્રિના સમયે ઓછું દેખાવું, જાળા આંખોમાં ખંજવાળ, આંખમાં પાણી આવવું વગેરે રોગો પણ તે લાભદાયક છે. મોતિયાબિંદુનો કાચી સ્થિતિમાં નાશ થાય છે.

★ રાત્રિના સમયે લખતાં વાચતાં અથવા આંખો વડે વધુ કામ કરનારી વ્યક્તિ માટે રાત્રિના સૂતા સમયે દરરોજ આંખમાં એક એક ટીપું ટપકાવાથી આંખની જ્યોતિ સુરક્ષિત રહે છે. ઉંમરમાં આવેલા ચશ્મા અને તેનો નંબર ઉતરી જાય છે.

★ દરરોજ ઉપયોગ કરવાથી આંખોનું રક્ષણ થાય છે. આયુર્વેદના ભેષજય રત્નાવલી ગ્રંથનો નેત્રોગાધિકારનો પરીક્ષણ કરવામાં આવેલ યોગ છે. તેને ડ્રોપર ધ્વારા એક એક ટીપું આંખમાં નાખવાથી ફાયદો થાય છે.

**સામગ્રીઃ-**

★ છાણનો રસ - ૧૦૦ મિ.લીટર

★ તલનું તેલ - ૧૦૦ મિ.લીટર

**બનાવવાની રીતઃ-**

★ છાણનો રસ કાઢવાની રીતઃ- દેશી ગાયના છાણને મોટા પ્રમાણમાં એકઠું કરી ઢગલો કરવામાં આવે. ત્યારબાદ એક સ્વચ્છ સુતરાઉ કપડું લઈ (લગભગ બે મીટર જેટલું) તે છાણના ઢગલામાં ઘુસણી દઈ ફેલાવી દેવામાં આવે.

★ ત્યારબાદ ૬ કલાક પછી એ કપડાને છાણમાંથી કાઢી સ્ટલીના સ્વચ્છ વાસણમાં નિચોવી લેવામાં આવે. રસ જો ઓછો હોય તો ફરીથી એ કપડાંને એ જ છાણના ઢગલામાં ફેલાવી દેવામાં આવે. જેથી એ છાણના રસને ચૂસી લે. વળી પાછું ૬ કલાક પછી એ કપડાંને નિચોવી લેવામાં આવે.

★ હવે છાણનો રસ તથા તલનું તેલ બન્નેને સ્ટીલની કે એલ્યુમિનિયમની એક તપેલીમાં એકઠું કરી, તેને ધીમા તાપે ઉકાળવામાં આવે. જ્યારે તેલમાંનો છાણનો રસ સંપૂર્ણ રીતે સળગી જાય અને માત્ર તલ બચે ત્યારે તેને નીચે ઉતારી ઠંડુ પાડી સ્વચ્છ કપડાં વડે ગાળી લેવામાં આવે. ત્યારબાદ આ તેલને કાચની શીશીઓમાં ભરી લેવામાં આવે.

**અંદાજે વેચાણ કિંમતઃ-** ૧૦ મિ.લી - ૫ રૂપિયા.

## ૧૨.પંચગવ્ય ઘૃતઃ-

**ઉપયોગઃ-**

★વહી હિસ્ટોરિયા, મગજની નબળાઈ, ગાંડપણ, પાંડુરોગ, ભયંકર કમળો (જોન્ડીસ) મસા, વિષમ જ્વર, મંદ બુધ્ધિ, યાદશક્તિની ઉણપ વગેરે રોગ પર લાભદાયક નિવડે છે. તેનું સવારે સાંજે ગાયના દૂધ સાથે સેવન કરવું જોઈએ.

**સામગ્રીઃ-**

★ ગૌઘૃત (ગાયનું ઘી) - ૧૦૦ મિ.લી.

★ ગાયનું છાણ - ૧૦૦ મિ.લી.

★ ગાયનું દહીં - ૧૦૦ મિ.લી.
★ ગૌમૂત્ર - ૧૦૦ મિ.લી.

**બનાવવાની રીતઃ-**

ઉપરોક્ત તમામ ચીજવસ્તુને એક કઢાઈમાં નાખી ધીમા તાપે ઉકાળવામાં આવે. જ્યારે તેમાં માત્ર ઘી બાકી રહે ત્યારે તેને નીચે ઉતારી ઠંડુ કરી ગાળી લેવામાં આવે.

**અંદાજે વેચાણ કિંમતઃ-** ૧૦૦ મિ.લી. - ૫૦ રૂપિયા.

## (૧૩)ગૌમૂત્રયુક્ત હરડે ચૂર્ણઃ-

**ઉપયોગઃ-**

★એસિડિટી, ગેસ બનવો, અપચો, આફરો, પાચન વધારનાર, કબજીયાત ભગાડનાર, અમ્લ પિત્ત નાશક.

**સામગ્રીઃ-**

★હિમજ (નાની હરડે) - ૧ કિલો
★સારી જાતનો અજમો - ૨ કિલો
★કાળા મરી - ૨૫૦ ગ્રામ
★જવખાર - ૬૦ ગ્રામ
★સારી જાતની હીંગ - ૬૦ ગ્રામ (હીંગ જેટલી સારી જાતની હશે, પરિણામ એટલું જ સારૂં આવશે)
★એરંડિયાનું તેલ - ૧૦૦ ગ્રામ
★ગાયનું ઘી - ૪૦ ગ્રામ
★સંચર - ૪૦ ગ્રામ
★સિંધાલૂણ - ૬૦૦ ગ્રામ
★ગૌમૂત્ર- - આવશ્યકતા અનુસાર

**બનાવવાની રીતઃ-**

★પહેલાં એક કિલો નાની હરડે (હિમજ)ને સ્ટીલના કે લોખંડનું વાસણ લઈ તેમાં ગૌમૂત્ર નાખી પલાળવામાં આવે. ગૌમૂત્રને દરરોજ બદલી નવું ગૌમૂત્ર નાખવામાં આવે. છઠ્ઠા દિવસે એક કડાઈમાં એરંડિયાના સો ગ્રામ તેલને ધીમા તાપે તપાવી તેમાં ગૌમૂત્રમાંથી બહાર કાઢેલ હરડેને શેકવામાં આવે. જ્યારે સંપૂર્ણપણે શેકાય જાય છે ત્યારે, ગૌમૂત્રની ચિકાશ ઓછી થઈ જાય અને તેને અગ્નિ પરથી નીચે ઉતારી લેવામાં આવે. હરડેને શેકવાથી સુકાય જાય છે અને તેમાં ભીનાશ રહેતી નથી તથા ફૂલી જાય છે.

★૪૦ ગ્રામ ગાયના ઘીની સાથે ૬૦ ગ્રામ હીંગને ધીમા તાપે શેકી લેવામાં આવે. હવે શેકેલી હરડે અને શેકેલી ૬૦ ગ્રામ હીંગને તથા ઉપર જણાવેલ સામગ્રી અનુસાર બાકીની તમામ સામગ્રી એકઠી કરી હાથથી અથવા મશીનથી કુટી કે વાટી ઝીણામાં ઝીણી ચાળણીથી ચાળી (કપડાંથી ચાળવું નહીં) તેનાથી દવાનું તેલ ચોટી જાય છે. બારીક ચાળણીથી ચાળ્યા પછી થોડું થોડું લઈ ખરલમાં ખૂબ લસોટવામાં આવે. બારીકથી બારીક લસોટવાથી તે ગુણકારી બનશે. તે જેટલી બારીક હશે એટલા જ પ્રમાણમાં લાભદાયક હશે.

**અંદાજે વેચાણ કિંમતઃ-** ૧૦૦ ગ્રામ - ૧૦ રૂપિયા.

## ૧૪. ગૌમૂત્રના કલ્પો (Preparations)

★આયુર્વેદ વિજ્ઞાનમાં વિભિન્ન રોગોના ઉપચાર માટે મુખ્ય ૩ પ્રકારના કલ્પ પ્રચલનમાં છે.

**(અ)** ગૌમૂત્રાસવ, **(બ)** ગૌમૂત્ર અર્ક, **(સ)** ગૌમૂત્ર ઘનવટી.

### (અ) ગૌમૂત્રાસવઃ-

**ઉપયોગઃ-**

★ખાસ કરીને દમ, વાત, શ્વાસ, અસ્થમા, ખાંસી કફમાં સેવન કરવામાં આવે છે. બધાંજ ગુણો ગૌમૂત્ર સમાન છે. આ ક્રિયાને તેના ગુણોને કાયમી કરવાના લક્ષ્યથી કરવામાં આવી છે. લાભ તાત્કાલિક થાય છે. ગૌમૂત્રસવનો ઉપયોગ સંપૂર્ણ રીતે ગૌમૂત્રની જેમ કરવો જોઈએ કેવળ માત્રા ઓછી કે વધતી થઈ જાય છે. એ ચિરસ્થાયી રહે છે. જૂનો થાય તેમ તેમ તે વધારેમાં વધારે ગુણકારી હોય છે. માત્રા ૨૫ મિ.લીટર (બે ચમચી) જમ્યા પછી સવારે અને સાંજે પાણી સાથે લેવો જોઈએ.

**સામગ્રીઃ-**

★ગૌમૂત્ર - ૧૦ કિલો

★જૂનો ગોળ - ૨ કિલો

**બનાવવાની રીતઃ-**

★કોઈ એક વાસણમાં ગૌમૂત્રને ઉકાળી લેવામાં આવે. જેથી તેમાંથી એમોનિયા ગેસ નિકળી જાય અને તેમાંની ગંધ દૂર થઈ જશે. ત્યારબાદ ગાળી લેવામાં આવે. હવે ગોળને ધીમા તાપે ઓગાળવામાં આવે, ઓગળી ગયેલા ગોળની સાથે ગૌમૂત્રને ફરીથી ગરમ કરવામાં આવે. ફરી એક વાર ગોળ સાથે તેને ગાળી લેવામાં આવે. આ મિશ્રણને લગભગ ૧૫ દિવસ સુધી ઢાંકી રાખવામાં

આવે. પછી વાસણને હલાવ્યા વગર ઉપર ઉપરથી આ સવને નિતારી લેવામાં આવે, જેથી તેનો ઘટભાગ અર્થાત્ યુરિયા યુક્ત રગડો નીચે રહી જશે અને ગૌમૂત્રાસવ પાતળો અને પારદર્શક બનશે.

**અંદાજે વેચાણ કિંમત** - ૧૮૦મી.લીટર- ૧૫ રૂપિયા.

**(બ) ગૌમૂત્ર અર્ક**:-

★આ દવા અનેક રોગો પર ફાયદાકારક છે. એનો ઉપયોગ મુખ્યત્વે લોહીમાં કોલેસ્ટ્રોલ ઓછું કરવા અને વજન ઘટાડવા માટે કરવામાં આવે છે. બાળકોની ખાંસી પર અને કોમળ સ્ત્રીઓ માટે વધારે અનુકુળ છે. આ અર્કનો ગુણ ગૌમુત્રાસવના સમગ્ર ગુણોની સમાન તો નથી, કારણ કે કેટલાક ક્ષારો તળિયે બેસી જાય છે. અને બીજા અગ્નિના સંપર્કમાં આવતા ઉડી જાય છે. છતાં પણ સ્વચ્છ અને દુર્ગંધ વિહીન હોવાના કારણે વધારે લોકપ્રિય છે. લાભ તો વધારે દિવસ સુધી સેવન કરવાથી મળી જાય છે. તેના ઉપયોગ વખતે તેની સાથે મધ મેળવવામાં આવે તો ફાયદો વધી જાય છે. જમ્યા પછી તેને ૧૨ મિલીલીટર જેટલું થોડું મધ મેળવી સવારેને સાંજે એમ બે વખત સેવન કરવામાં આવે

**સામગ્રીઃ**-

★ગૌમૂત્ર - આવશ્યકતા અનુસાર

★કેશર - આવશ્યકતા અનુસાર

**બનાવવાની રીતઃ-**

ગૌમૂત્રને કોઈ એવા ધાતુના કે માટીના વાસણમાં ઉકાળવાની વ્યવસ્થા બનાવવામાં આવે કે જે વાસણનું મોઢું બંધ હોય અને તેની વરાળ નિકળીને નળી ધ્વારા બહાર જઈ શકે. આ નળીના મોઢા પાસે કેશરની પોટલી બાંધી દેવામાં આવે અને જે વરાળ નિકળે, તેને સ્વચ્છ વાસણમાં એકત્ર કરવામાં આવે, એની નીચે ઠંડુ પાણી રાખવામાં આવે,જેથી વરાળમાંથી પાણી બનતું રહે. એ ઠંડા પાણીના વાસણને હંમેશા સાચવીને રાખવું જોઈએ. જેથી તેનું પાણી ગરમ ન થઈ જાય. આ ડિસ્ટીલેશન માં જે નળીનો પ્રયોગ કરવામાં આવે તે સફેદ રંગના પ્લાસ્ટિકની હોય તો તે ઉત્તમ છે. જેથી તેની વરાળ દેખાતી રહે અગર ધુમાડો જતો દેખાય તો તુરંત તાપ ઓછો કરી દેવો જોઈએ.

**અંદાજે વેચાણ કિંમત-** ૧૦૦ મિ.લીટર - ૧૫ રૂપિયા.

**(સ)<u>ગૌમૂત્ર ઘનવટીઃ-</u>**

**<u>ઉપયોગઃ-</u>**

★આ દવા અનેક રોગો પર ગુણકારી છે. સવારે અને સાંજે ખાલી પેટે ગરમ પાણી સાથે બે-બે ગોળીઓ સેવન કરવામાં આવે. રાખનો પાવડર ખાવાનો નથી, એ માત્ર ગોળીઓને સાચવવા માટે છે.

**<u>સામગ્રીઃ-</u>**

★ગૌમૂત્ર - આવશ્યકતા અનુસાર

★ગાયના છાણાની રાખ -આવશ્યકતા અનુસાર વટીને ઋતુનો ભેજ અને ગરમીથી બચાવવા માટે અથવા નાની હરડે (હિમજ)ના ચૂર્ણનો ઉપયોગ કરી શકાય.

**<u>બનાવવાની રીતઃ-</u>**

★ગૌમૂત્રને કડાઈમાં નાખી ઉકાળવામાં આવે ત્યારબાદ અંતમાં એનો ઘટ્ટભાગ રહી જાય. (જેમ કે શેરડીના રસને ઉકાળીને ગોળ બનાવવામાં આવે છે.) ૧ કિલો ગૌમૂત્રમાંથી ૫૦ ગ્રામ ઘન પ્રાપ્ત થાય છે. (૨૦:૧ ના પ્રમાણમાં) એને ઉખાડી, કુટી ચણાના દાણાની બરાબર ગોળીઓ બનાવી લેવામાં આવે આ ગોળીઓ ચિકણી ન થાય એટલા માટે પહેલાં ગાયના સ્વચ્છ છાણાની રાખ બનાવી લેવામાં આવે અને તેને બારીક કપડાંથી ચાળીને રાખવામાં આવે તથા એ રાખનો રંગ બદલવા માટે શુધ્ધ ગેરુ(૧:૧૦૦ ના પ્રમાણમાં) ને વાટીને મિલાવી દેવું જોઈએ. જેથી રાખનો રંગ કંઈક સુધરી જાય, તેને બારીક કપડાંથી ચાળવી જોઈએ.

★આ ગોળીઓને ચાળેલી રાખના પાવડરમાં જ રાખવી જોઈએ. આ પાવડર ગોળીઓમાંના પાણીનું શોષણ કરે છે, જેથી ઋતુની ગરમી અને ભેજની અસર થતી નથી. આ ગોળીઓ તાપમાં ઓગળી જાય છે. એટલે ભેજ અને ગરમી બન્નેથી બચાવવા માટે છાણાની રાખમાં રાખવી વધારે યોગ્ય છે.

★ગોળીઓને પ્લાસ્ટિકની શીશીઓમાં બંધ રાખવી જોઈએ. જેટલી માત્રા પેક રાખવી હોય એટલી જ શીશીમાં સાચવી રાખવામાં આવે અને જ્યારે ગોળીઓ ખાલી થઈ જાય ત્યારે એ પાવડરને ફેંકી દેવામાં આવે તેનો બીજો ઉપાય એ છે, કે ઘનસત્વને વાટીને તેના ચોથા ભાગ જેટલી નાની હરડે (હિમેજ)નું ચૂર્ણ મેળવવામાં આવે, ત્યારબાદ તેની ગોળી બનાવવામાં આવે. ૧૦ ગ્રામ ગૌમૂત્રસત્વમાંથી ૧ ગોળી બને છે. આ રીતે એક કિલો ગ્રામ ગૌમૂત્રમાંથી ૧૦૦ ગોળીઓ બનશે.

**અંદાજે વેચાણ કિંમત-** ૪૦ નંગ-૧૫ રૂપિયા. (સરાસરી ૩ નંગનો-૧ રૂપિયો).

**ત્રણ કલ્પની અસરઃ-**

ગૌમૂત્રનો મૂળ સ્વરૂપે ઉપયોગ કરવાથી સૌથી વધારે લાભ થાય છે. પરંતુ સગવડતાને ખાતર જ આ કલ્પ બનાવવામાં આવે છે. કારણ કે દરેક વ્યક્તિ ગૌમૂત્રને મૂળ સ્વરૂપે સેવન કરવા ઈચ્છતી નથી. પરંતુ તેન ગુણોમાં વધારે અંતર નથી. વધુ સેવન કરવાથી સંપૂર્ણ લાભ થાય છે. ગૌમૂત્રના કોઈપણ કલ્પને કોઈપણ પ્રકારે એક બીજા વગર લઈ શકાય. માત્ર મધુ પ્રમેહના રોગ પર ગૌમૂત્રાસવનું સેવન કરવાનું નથી. આ રોગો પર ગોળ નુકશાન કરે છે. એકબીજાના બદલામાં ઉપયોગ કરવાની દૃષ્ટિએઃ-

| | | |
|---|---|---|
| ગૌમૂત્ર ૧૦ મિ.લી. | - | એકવટી (૫૦૦ મિલી ગ્રામ) |
| | | ૧૦ મિલી લીટર મૂત્રાસવ |
| | | ૫ મિલી લીટર અર્ક |

## ૧૫.પંચગવ્યઃ-

**ઉપયોગઃ-**

ગૌમૂત્ર,છાણ,દૂધ, દહીં,ઘીનું એક ચોક્કસ પ્રમાણનું મિશ્રણ પંચગવ્ય કહેવાય છે. પંચગવ્યના સેવનથી માત્રા શરીરનું જ નહીં, પરંતુ મન અને બુધ્ધિના વિકારો પણ દૂર થાય છે. આયુષ્ય, બળ, બુધ્ધિ અને તેજમાં વૃધ્ધિ થાય છે. પંચગવ્ય મનુષ્યના શરીરને તથા મન, બુધ્ધિને સાત્વિક બનાવે છે. સાત્વિક મન અને બુધ્ધિથી જ સચ્ચિદાનંદ પરમાત્માની અનુભૂતિ કરી શકાય છે.

**બનાવવાની રીતઃ-**

★ધર્મશાસ્ત્ર રૂપે પ્રસિધ્ધ ગ્રંથ **'ધર્મસિંધુ'** અનુસાર પંચગવ્યના મિશ્રણની રીત નીચે મુજબ છે.

| **★દ્રવ્ય** | **પ્રમાણ** |
|---|---|
| ★ગૌમૂત્ર | ૮ માસા |
| ★ગૌમય(રસ) | ૧ માસા |
| ★દૂધ | ૧ માસા |
| ★દહીં | ૧૦ માસા |
| ★ઘી | ૮ માસા |
| ★કુશોદક | ૪ માસા |

★**''બોધાયન સ્મૃતિ''**માં પાંચ દ્રવ્યોના મિશ્રણનું વિધાન આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ★ગૌમૂત્ર | ૧ ભાગ |
| ★ગૌઘૃત | ૧ ભાગ |
| ★કુશોદક | ૨ ભાગ |
| ★દહીં | ૨ ભાગ |
| ★ગૌદૂધ | ૩ ભાગ |
| ★ગૌમય(રસ) | ૧/૨ ભાગ |

★ગાયત્રી મંત્ર દ્વારા ગૌમૂત્રને, ગંધ દ્વારા મંત્રથી ગૌદૂધને, દધિ ક્રાવ્યો મંત્રથી ગોદધિ, શુક્રમસિ તથા જ્યોતિરસી મંત્રો દ્વારા ગૌઘૃતને તથા દેવસ્યત્વા મંત્ર દ્વારા કુશોદકને અભિમંત્રિત કરીને પંચગવ્યમાં મિલાવવું જોઈએ. એનાથી સાત્વિકતા અને પ્રભાવશીલતા વધી જાય છે.

**★ખાસ ધ્યાન આપવા જેવી બાબતોઃ-**

**(૧)** ઉપરોક્ત દ્રવ્યો દેશી ઓલાદની તંદુરસ્ત ગાયના હોવા જોઈએ.

**(૨)** છાણનું જેમને તેમ મિશ્રણમાં નાખવું જોઈએ નહીં, પરંતુ તેના રસનો ઉપયોગ કરવો જોઈએ. (તાજા છાણમાં સુતરાઉ કપડું નાખી પછી એને એમાંથી બહાર કાઢી નિચોવવાથી છાણનો રસ પ્રાપ્ત થાય છે.)

## ૧૬. સસ્તો કલીનિંગ પાવડરઃ-(Cleaning Detergent)

ગાયના છાણનાં છાણાં સળગી ગયા પછી જે અવશેષ રૂપે રાખ રહી જાય છે, તે એક અદ્‌ભુત દુર્ગંધનાશક અને જંતુનાશક પદાર્થ છે. ગામડાઓમાં જ્યાં હજી પણ ફલશના સંડાસ બન્યા નથી, ત્યાં મળની દુર્ગંધ દૂર કરવા માટે રાખનો પ્રયોગ કરવામાં આવે છે. શીતળાના ફોડલાં કે જેમાં રોગના જંતુઓ ખૂબ હોય છે, તે ગાયના છાણાંની રાખના છંટકાવથી નાશ પામે છે. ખેતરોમાં પણ જંતુનાશક દવાની જેમ એનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

વાસણોને સાફ કરવા માટે એનાથી ઉત્તમ, પ્રદૂષણ રહિત સસ્તો કલીનિંગ પાવડર બીજો કોઈ નથી. રાખને સારી રીતે ચાળી ૧,૨ અને ૫ કિલોના પેકેટ બનાવી શહેર/કસબાઓની આસપાસમાં રહેતા લોકો માટે તેના વેચાણ અંગેની કોઈ સમસ્યા નથી.

**અંદાજે વેચાણ કિંમતઃ-** ૧ કિલો પેકેટ- ૫ રૂપિયા (શહેર તથા કસબાના બજાર માટે)

## ૧૭. અન્ય પેદાશઃ-

ગૌમૂત્ર તથા ગાયના છાણ પર આધારિત વિભિન્ન પેદાશો પર સંશોધન, ઉત્પાદન અને વેચાણના સંબંધમાં રટલાઈ (ઝાલાવાડ રાજસ્થાન)ના ''આયુર્વેદાચાર્ય'' રાજવૈદ્ય રેવાશંકર કે જેમને સુવર્ણચંદ્રક મળેલો છે તથા માધવનગર (હૈસપુર ફાટા, નાશિક રોડ, અંકોલા મહારાષ્ટ્ર) ખાતે આવેલ આદર્શ ગૌ સેવા કેન્દ્ર તથા સંશોધન કેન્દ્રે ગાયના સંબંધમાં ઘણું કાર્ય કર્યુ છે. તેઓ નીચે મુજબની આડ પેદાશો તૈયાર કરી રહ્યા છે.

**પેદાશનું નામ (ઔષધિ) ગુણધર્મ (રોગનું નામ જેના માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.)**

**(૧) બાલપાલ રસ-**બાળકનો અપચો, આફરી, પેટના કરમ, દૂધ બહાર કાઢી નાખવું, ઉલટી, શારીરિક વૃધ્ધિ અટકી જવી, દાંત ફૂટતી વખતે થતી પીડા, માનસિક નિર્બળતા,અવિકસિત મગજ (દસ વર્ષ સુધી બાળકનું)

**(૨) નારી સંજીવની-**સ્ત્રીઓના માસિક ધર્મની અનિયમિતતા શ્વેત પ્રદર, રક્તપ્રદર, કમર તથા પેટનું દર્દ

**(૩) પ્રેમે હારિ-** સ્વપ્નદોષ, ધાતુની ક્ષીણતા, શીઘ્ર પતન, આળસ, માથાનો દુખાવો, યાદશક્તિ ઓછી થવી.

**(૪) ગૌતકાસવ (મહો)-** અર્શ (મસા) અજીર્ણ, આફરો, કબજીયાત, ભૂખ ન લાગવી, તમામ પ્રકારના પેટના રોગ પર

**(૫) શ્વિત્ર નાશક (ખાવા માટે)-** સફેદ ડાઘ (રોગની પરિસ્થિતિ અનુસાર ૩ થી ૧૨ માસ સુધી સેવન કરવાથી કાયાને કંચન વર્ણી બનાવી દે છે.)

**(૬) શ્વિત્રનાશક(લગાવવા માટે)-** સફેદ ડાઘ

**(૭) ગોપાલનસ્ય -**વહી, મગજની કીડા (કૃમિ), નાકનું પીનસ, હિસ્ટોરિયા, બેભાન થઈ જવું,નાકનું સાઈનસ વગેરે.

**(૮) ગૌમય અંગરાંગ(પાવડર)-** એના ઉપયોગથી મોઢામાંથી લાળ ટપકવી, ડાઘનો નાશ થાય છે,ચહેરા પર કાન્તિ આવે છે.

**(૯) ગૌમૂત્ર ઈયળનાશક (સ્પ્રે)-** ખેતરોમાં પડતી લાંબી ઈયળોને મારવા માટે.

પરિશિષ્ટ-૨

# આરોગ્યની દૃષ્ટિએ ગાયનું મહત્વ (કાવથેરેપી)

આજના સમયમાં દવાઓ, ડૉક્ટરો અને હોસ્પીટલો પાછળ લોકોના કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે, છતાં પણ એટલા જ પ્રમાણમાં રોગ તથા રોગીઓની સંખ્યા વધી રહી છે.સમગ્ર મનુષ્ય સમાજ શારીરિક આધિવ્યાધિથી ઘેરાયેલો છે. આજે એવા અનેક કુટુંબો છે, કે જેઓ દવા અને ડૉક્ટરો પાછળ પોતાનું ધન ગુમાવી ચુક્યા છે. છતાં પણ તેઓ શરીરે નિરોગી બની શક્યા નથી. તો બીજી બાજુ ધનના અભાવે ગામડામાં વસી રહેલી ગરીબ પ્રજામાં ઉપચાર કરવવાની શક્તિ રહી નથી.

આપણું આર્ષ સાહિત્ય ગાયની મહિમાથી ખૂબજ સમૃધ્ધ છે. હવે વિજ્ઞાન પણ છાણ તથા ગૌમૂત્રના દિવ્ય ગુણોને સમજવા લાગ્યું છે. હજારો વર્ષથી ભારતવાસીઓ એનો ઉપયોગ કરતા રહ્યા છે. પરંતુ દુર્ભાગ્યવશ આધુનિકતાની આંધળી દોડમાં ગાય તથા તેના અમૃત સમાન દૂધ, ઘી, મૂત્ર અને છાણના ગુણો, કે જેના આધારે આપણાં શાસ્ત્રોમાં ગાયને **''કામધેનુ'' સર્વસુખ પ્રદા.** અર્થાત્ સર્વે પ્રકારના સુખ આપનાર કહેવામાં આવી છે. જે આજે લોક સમાજમાંથી લુપ્ત થઈ ગઈ છે. જેના કારણે આપણી આર્થિક સમૃધ્ધિ તથા આપણું આરોગ્ય, આ બન્નેનો નાશ થઈ રહ્યો છે. આપણાં આરોગ્ય સાથે ગાયમાતાનો હંમેશા ગાઢ સંબંધ રહ્યો છે અને રહેશે. જેની લોકોને જાણકારી આપવી આજના સમયની સર્વોપરિ આવશ્યકતા છે. જેથી ફરીથી લોકોના આત્માને પોતાની સમૃધ્ધિ અને આરોગ્ય પ્રાપ્ત કરવા માટે જાગૃત કરી શકાય. અગર જો ફરી દેશની પ્રજાના મગજમાં અને હૃદયમાં ગાયની સેવા આપોઆપ વસી જાય તો એની સાથે જ ગામડાં તથા દેશની ઉન્નતિનો,સમૃધ્ધિનો અને આરોગ્યનો મુખ્ય આધાર સ્તંભ પાછો ઉભો થઈ જશે. ગાયનો આપણાં આરોગ્ય સાથે જે ઘનિષ્ટ સંબંધ છે, આવો આપણે તેને નિહાળીએ.

આયુર્વેદના ગ્રંથોમાં આરોગ્યના રક્ષણ માટે તથા તંદુરસ્તીની વૃધ્ધિ કરવાના સંબંધમાં ગાયના દૂધ, દહીં, છાણ અને ગૌમૂત્રની અગાધ મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. સામાન્ય લોકો પણ તેને સરળતાથી સમજી શકે એ દૃષ્ટિએ તેને નીચેની શ્રેણીમાં વિભાજિત કરવામાં આવ્યું છે.

**(અ)** પંચગવ્ય

**(બ)** ગોષડરુ

**(૨)** એ દ્રવ્યોનો અલગ અલગ ઉપયોગ

**(ક)** ગાયનું દૂધ, દહીં, ગૌઘૃત (ઘી)

**(ખ)** ગૌમૂત્ર

**(ગ)** ગૌમય (છાણ)

**(अ) પંચગવ્યઃ-**ગાયના દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્રને અમુક ચોક્કસ પ્રમાણમાં એકત્ર કરી કરવામાં આવેલ મિશ્રણને પંચગવ્ય કહેવામાં આવી છે.

**(ब) ગોષડરુઃ-**ઉપરોક્ત પાંચ દ્રવ્યો ઉપરાંત ગાયના શરીરમાંથી પ્રાપ્ત થતું ગોરોચન એ છ પદાર્થને ગોષડરુ કહેવામાં આવે છે. ગોરોચન એ ગાય તથા બળદના પિત્તાશયના પિત્ત નામના દ્રવ્ય પદાર્થનું સુકવેલું રૂપ છે. એ બાળકોમાં થતો શ્વાસ અથવા પાંસળીઓ ચાલવી નામના રોગની શ્રેષ્ઠ દવા છે. પંચગવ્યનું સેવન કરવાથી મનુષ્યના તમામ પાપોનો ક્ષય એ રીતે થઈ જાય છે, જેવી રીતે સરળતા અગ્નિથી ઈંધણ ભસ્મ થઈ જાય છે.

**यत त्वगस्थिगतं पापं देहे तिष्ठति मामके।**
**प्राशनान पञ्चगव्यस्य दहत्वग्निरिवेन्धनम॥**

એનો અનેક રોગો પર ઉપયોગ કરવામાં આવે છે. એ કહેવું યોગ્ય છે, કે માનવ શરીરમાં એવો કોઈ રોગ નથી,કે જેનો પંચગવ્યથી ક્ષય ન થઈ શકે. ભાવ પ્રકાશ, આરોગ્ય પ્રકાશ અને ચરક સંહિતા વગેરે આયુર્વેદિક ગ્રંથોમાં તેના સેંકડો ઉપયોગ તથા સંપૂર્ણ ચિકિત્સાનું વર્ણન આપવામાં આવ્યું છે. અર્થાત્ પંચગવ્યો ધ્વારા સંબંધિત રોગોનું વર્ણન અહીં ન આપતાં સામાન્ય લોકો (ગાય પાળનારા તથા ગામડાની ગરીબ પ્રજા) ને દૃષ્ટિમાં રાખતા માત્ર દૂધ, ગૌમૂત્ર, ગોમય (છાણ)ના સીધા ઉપયોગ ધ્વારા ઉપચારનું વર્ણન આપવામાં આવી રહ્યું છે. જેના ધ્વારા સરળતાથી ઉપયોગ કરી આરોગ્યના રક્ષણ માટે આપણી પ્રાચીન ચિકિત્સા પધ્ધતિનો લાભ ઉઠાવી શકાય. જે કોઈ ખર્ચ વગરનો તો છે, પરંતુ તેની સાથે તે કુદરતી પણ છે.

**(ક) ગાયનું દૂધ પોષણકર્તા તથા રોગનું નિવારણ કરનારઃ-**

વિશ્વમાં ગાયના દૂધ સરખો અન્ય બીજો કોઈ પૌષ્ટિક આહાર નથી.

ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ, બાળકો તથા વૃધ્ધો માટે એને એટલા માટે એ અમૃત કહેવામાં આવ્યું છે,કે આરોગ્યની દૃષ્ટિએ દૂધને સંપૂર્ણ આહાર માનવામાં આવ્યો છે. તંદુરસ્તી જાળવી રાખવા માટે જરૂરી તમામ તત્વો એમાં વિદ્યમાન છે. મનુષ્યની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિ વધારનાર માત્ર ગાયનું દૂધ છે. ગાયના ગુણ અને સ્વભાવની અનુરૂપ તેનું દૂધ પણ શરીરને સ્ફૂર્તિ, તેજ અને સાત્વિક બળથી પરિપૂર્ણ કરનાર, બુધ્ધિને કુશાગ્ર અને સાત્વિક બનાવનાર છે તથા આપણાં જનજીવનના આરોગ્યનો આધાર છે. ગાયનું દૂધ, દહીં, માખણ, ઘી અને છાસ એ તમામ પદાર્થો મનુષ્યના મનને અને બુધ્ધિને સાત્વિક બનાવનાર છે. ગાયના દૂધનો કોઈ વિકલ્પ નથી. એ એક દિવ્ય પદાર્થ છે. ગાયના દૂધમાં પોષક તત્વો મળી આવે છે. તે બીજા કોઈ અન્ય પશુ (ભેંસ અથવા બકરી)ના દૂધમાં સુલભ હોતા નથી. માતાના દૂધ પછી ગાયના દૂધને જ સ્થાન આપવામાં આવ્યું છે. આયુર્વેદે ગાયના દૂધ, દહીં અને માખણને બાળક, યુવાન, વૃધ્ધ, રોગી વગેરે સૌને માટે કલ્યાણકારી તથા અમૃત સમાન ઉપયોગી કહ્યું છે.

**जरासमस्त रोगाणां शांतिकृत सेविनां सदा।**
**तद्धितं बालके वृद्धे विशेषादमृतं शिशोः ॥**

ગાયનું દૂધ પૌષ્ટિક આહાર હોવાની સાથે સાથે રોગનું નિવારણ પણ કરે છે. અહીં સંક્ષિપ્તમાં દૂધની ચિકિત્સાના કેટલાક પ્રયોગનું વર્ણન આપવામાં આવી રહ્યું છે.

**(૧) જઠરના વિકારમાંઃ-**ગાયના દૂધથી પાચનતંત્રના તમામ વિકારો દૂર કરી શકાય. રશિયામાં દૂધથી ઉપચાર કરી સમગ્ર યુરોપમાં એનો પ્રચાર કરવામાં આવ્યો છે. કંઈ પણ આહાર ન લો અને માત્ર ગાયનું દૂધ પીતા રહો અને સાથે મધનો પેટ ભરીને ઉપયોગ કરો, તેનાથી જઠર,લીવર તથા કીડની વગેરે સારી રીતે કામ કરવા લાગશે.

**(૨) ડિફ્થેરિયાઃ-**એક ગળાનો ચેપી રોગ છે, જેના કારણે બાળકની પાંસળીઓ ફૂલતી હોય છે, જે તેને માટે જીવલેણ પણ નિવડે છે, કારણ કે એનાથી બાળકનો શ્વાસ રુંધાતો હોય છે અને આંખો બહાર નિકળી આવે છે. બે ચમમી હુંફાળા (કોકરવરણું) દૂધમાં ૧/૨ ચમમી ઘી અને એક ચમચી મધ મેળવી બાળકને ચટાડવાનું શરૂ કરી દેવામાં આવે. ગળા તથા છાતીની સફાઈ થતાં બાળક શાંતિનો શ્વાસ લે છે. ઘીથી બે ઘણી માત્રામાં મધ નાખવામાં આવે.

ગાયનું કોકરવરણું ઘી લઈ બાળકની છાતી અને ગળા પર હળવા હાથે માલીશ કરવામાં આવે. એનાથી કફ પિગળીને દૂર થશે અને શ્વાસ નળી સામાન્ય બની જશે.

**(૩) ક્ષયઃ-**ગ્રીસ, રશિયા, ફ્રાંસ, અમેરિકા, બ્રિટન, સ્વિઝરલેન્ડ તથા અરબસ્તાનના વિખ્યાત ડૉક્ટરોએ એ સાબિત કરી દીધું છે, કે ગાયના દૂધથી ક્ષયના રોગનો સાચો ઈલાજ કરી શકાય તેમ છે. ૫૦ ગ્રામ સાકર, ૧૦ ગ્રામ પિપળી (ગંઠોડા) વાટી અને તેને ચાળી તેની સાથે ૨૫૦ ગ્રામ જેટલું દૂધ લઈ તેમાં એટલા જ પ્રમાણમાં પાણી ઉમેરી એ બધાંનો કાઢો તૈયાર કરવામાં આવે. જ્યારે માત્ર દૂધ બચે ત્યારે ઉતારી લેવામાં આવે. પછી ૧૦ થી ૧૫ ગ્રામ ગાયના ઘીમાં ૨૦ થી ૨૫ ગ્રામ મધ નાખી હલાવવામાં આવે એને એટલું બધુ ફીણવામાં આવે કે દૂધ ઉપર ફીણ તરી આવે સાથે તેને ચાટતા રહો અને મનમાં એવો વિશ્વાસ પેદા કરવામાં આવે (ભાવના પેદા કરવામાં આવે) કે આપ હવે તંદુરસ્ત બની રહ્યા છો. ફેફસાં છેદ પડી ગયા હતા,તે પણ ધીરે ધીરે પુરાવા લાગ્યા છે.

**(૪)ધતૂરાનું ઝેરઃ-**ગાયના દૂધમાં ગાયનું ઘી નાખી પિવડાવતા રહો. ગાયના ઘી જેવું વિષનાશક અમૃત ભાગયેજ કોઈ બીજું કોઈ હોય.

**(૫) નસકોરીઃ-**એક કપ જેટલા ગરમ કરેલાં દૂધમાં જૂનામાં જૂનું ઘી નાખી થોડીક વાર સુધી છીંકણીની જેમ સુંઘો. જ્યારે દૂધ કોકરવરણું રહી જાય ત્યારે સાકર નાખી હલાવી પી જાવ. એનાથી લોહીનો ઉભરો શાંત થશે અને નસકોરી નહી ફૂટે. અગર જો ભૂખ્યા પેટે એક મૂળો ખાતા રહો અને દૂધ સાથે ગાજરનો રસ પીતા રહો તો નસકોરી ફૂટવાની પરિસ્થિતિ જ પેદા નહીં થાય.

**(૬) પેટમાં કૃમિઃ-**કડવી, તુરી દવાઓ ખાવાના બદલે ગાયના દૂધમાં મધ મેળવી પીવાનું શરૂ કરી દો એનાથી ધીરે ધીરે જુના કૃમિ મરી જશે અને નવા પેદા નહીં થાય.

**(૭) ફોડલા ઉઠવાઃ-**ફોડલા ભલેને ઉકળતી ચીજ વસ્તુથી પડ્યા હોય કે અગ્નિથી દાઝવાથી પડ્યા હોય પરંતુ આ બન્ને પરિસ્થિતિમાં ગાયના દૂધની મલાઈ અથવા ઘીનો લેપ લાભ દાયક નિવડે છે. જેનાથી બળતરા શાંત થઈ જાય છે અને ફોડલાં બેસી ગયા પછી ઘા પણ રુઝાઈ જાય છે.

એક કપ પાણીમાં ૨ ચમચી દૂધ નાખી દરરોજ ચહેરા પર ઘસો એનાથી ચહેરા પરની કાળાશ તથા ચકામા દૂર થશે અને ચહેરો સ્વચ્છ બનશે.

**(૮) નાસૂરઃ-**આ એક હાડકાં સુધી પહોંચી જનારું ગુમડું છે, જેના પરુની દુર્ગંધથી ડૉક્ટરો તથા સગા સંબંધીઓ દૂર રહેવા માંગતા હોય છે. ગાયના જૂના ઘી દ્વારા આ ગુમડુ જલદીથી સુકાય જાય છે. તેને માટે પહેલાં લીમડાના પાંદડાને પાણીમાં ઉકાળી તેના દ્વારા ગુમડાંવાળા ભાગને ધોવામાં આવે, ત્યારબાદ કપડાંની દિવેટ બનાવી ગાયના ઘીમાં પલાળી નાસૂરમાં ઘુસાડી દેવામાં આવે. દિવસમાં બે થી ત્રણ વખત દિવેટ બદલી નાખો, દોઢથી ૨ મહિનામાં નાસૂરનું મૂળ સુકાઈ જશે અને ઘામાં રુઝ આવવા લાગશે અને સાથે સાથે દૂધમાં ઘી નાખી દરદીને પિવડાવવામાં આવે, જેથી શરીર ઝેર મુક્ત રહેશે.

**(ખ) ગૌમૂત્રની તુલનામાં બીજી કોઈ મહાઔષધિ નથીઃ-**

ગૌમૂત્ર એ મનુષ્ય તથા વનસ્પતિ જગતને પ્રાપ્ત થનારું દુર્લભ વરદાન છે. એ ધર્મ દ્વારા અનુમોદન કરવામાં આવેલ પ્રાકૃતિક, સરળતાથી પ્રાપ્ત થનારું, હાનિ રહિત, કલ્યાણકારી અને આરોગ્ય રક્ષક રસાયણ છે. આયુર્વેદિક ગ્રંથોમાં ગૌમૂત્રને તંદુરસ્ત વ્યક્તિના આરોગ્યના રક્ષણ માટે તથા દર્દથી પિડાતી વ્યક્તિના વિકારના શમન માટે દિવ્ય ઔષધિ રૂપ માનવામાં આવ્યું છે.

ગૌમૂત્રમાં આધુનિક દૃષ્ટિએ પોટેશિયમ, કેલશિયમ, મેંગ્રેશિયમ ક્લોરોઈડ, યૂરિયા, ફોસ્ફેટ, એમોનિયા તથા ક્રિએટિનિન વગેરેનું અસ્તિત્વ હોવાથી એમાં ઔષધિય ગુણોની પ્રચુરતા હોય છે. પરંતુ એ આટલું સુલભ અને સસ્તુ હોવા છતાં પણ જાણકારીના અભાવે એને આપણે દવા માનતાજ નથી. ગૌમૂત્ર પેટના અનેક રોગો માટે રામબાણ દવા છે.

**ગૌમૂત્ર સેવન કરવાની રીતઃ-**

રોગના નિવારણ માટે વિભિન્ન રીતે ગૌમૂત્રનું સેવન કરવામાં આવે છે. જેમાં પાન કરવું, માલિશ, પાટો બાંધવો, નાસ, એનિમા અને ગરમ શેક કરવો મુખ્ય છે. પીવા માટે તાજૂ, માલિશ કરવા માટે ૨ થી ૭ દિવસ જુનું ઉત્તમ ગણાય છે. બાળકોને પણ ગૌમૂત્રનું પાન કરાવવું જોઈએ. બાળકોને દરરોજનું પાંચ-પાંચ ગ્રામ તથા મોટી વ્યક્તિએ રોગ અનુસાર દિવસમાં બે વાર ૧૦ થી ૩૦ ગ્રામ માત્રા સુધી ગૌમૂત્રનું પાન કરવું જોઈએ. એના સેવનના સમય દરમ્યાન મરચું, ગરમ મસાલા, ભારે તામસી આહાર, તમાકુ તથા માદક પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ.

ગૌમૂત્રનું સેવન કરવા માટે પ્રથમ એક સફેદ રંગનું કપડું લેવામાં આવે. તેને ધોઈ સ્વચ્છ બનાવી સુકવી દેવામાં આવે, ત્યાર બાદ તે કપડાંને વાળી ચારથી આઠ પડ બનાવવામાં આવે, પછી એ કપડાં ધ્વારા એકત્ર કરવામાં આવેલ ગૌમૂત્રને ગાળી લેવામાં આવે. ત્યાર બાદ એ ગૌમૂત્રનો ઉપયોગ કરવામાં આવે.

## ગૌમૂત્રના સેવન વખતે રાખવામાં આવતી સાવચેતીઃ-

ગૌમૂત્રના સેવન સમયે નીચેની વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએઃ-

**(૧)** ગાય દેશી હોવી જોઈએ.

**(૨)** અગર જો ગાય દરરોજ વગડામાં ચરનારી હોય તો તે શ્રેષ્ઠ છે.

**(૩)** ગાય વિયાણી ન હોય તો વધારે સારી ગણાય.

**(૪)** ગાય સગર્ભા (ગાભણી) તથા રોગી ન હોવી જોઈએ.

**(૫)** અગર જો એક વર્ષ કરતા ઓછી ઉંમરની વાછડી હોય તો તે સર્વશ્રેષ્ઠ છે.

દેશી ગાયનો અર્થ છે ભારતીય ઓલાદની ગાયો. જે ગુણ દેશી ગાયના છાણ તથા મૂત્રમાં હોય છે. તે વિદેશી અથવા સંકર ઓલાદની ગાયના છાણ તથા મૂત્રમાં હોતા નથી. એની પાછળ એ વાસ્તવિકતા હોય શકે, કે વિદેશી કે સંકર ઓલાદની ગાયો ખૂબ જ વધારે દૂધ આપનારી હોવાથી, તેને ખાણ કે ચારો વધુ ખવડાવવામાં આવે છે. જેથી તેના છાણ તથા મૂત્રમાં એવા ઔષધિય ગુણો હોતા નથી, કે જેવા દેશી ગાયના મૂત્રમાં તથા છાણમાં હોય છે. વગડામાં ચરતી ગાય અનેક પ્રકારનું ઘાસ તથા ઔષધિય ગુણ ધરાવતી વનસ્પતિઓ ખાતી હોય છે. તેથી તેના છાણ તથા મૂત્રમાં ઔષધિય ગુણ વધારે જોવા મળે છે. સગર્ભા ગાયના મૂત્રમાં અનેક પ્રકારના હોર્મોન્સનો સ્ત્રાવ થતો હોય છે, જે વધારે ગુણકારી હોતો નથી.રોગી ગાયોના મૂત્રમાં રોગના જંતુઓની સંખ્યા તથા ન પચેલા આહારનું પ્રમાણ વધી જાય છે, જેનાથી એ મૂત્ર વધારે ગુણકારી રહેતું નથી. માટે ન વિયાયેલી વાછડીનું મૂત્ર સર્વશ્રેષ્ઠ છે.

## રોગોની નાબુદીઃ-

નીચેના રોગોને દૂર કરવા માટે ગૌમૂત્રનો ઉપયોગ ખાસ ઉલ્લેખ કરવા જેવો છેઃ-

### (૧) કબજિયાત, પેટ ફૂલવું, ખાટા ઓડકાર આવવા વગેરે.

ભારે, વાસી, વધારે મસાલેદાર, તળેલા આહારનું સેવન કરવાથી કે વધારે ખાવાથી કબજિયાત થવી, પેટ ફૂલી જવું, ખાટા ઓડકાર આવવા વગેરે

મુશ્કેલીઓ પેદા થાય છે. ત્રણ તોલા જેટલું ગૌમૂત્ર લઈ સ્વચ્છ કપડાંથી ગાળી તેમાં અડધો માસો મીઠું મેળવી સેવન કરવામાં આવે તો થોડીવાર પછી તુરંત પેટ સાફ થઈ જશે. અગર કોઈ બાળકનું પેટ ફૂલી જાય તો એક ચમચી જેટલું સ્વચ્છ ગૌમૂત્ર પિવડાવવામાં આવે, તો બાળકને તુરંત આરામ થશે. અગર જો કોઈને પેટમાં ગેસ થઈ જવાની ફરિયાદ હોય તો વહેલી સવારે નરણાં કોઠે (ભૂખ્યા પેટે) અડધા કપ જેટલું ગૌમૂત્ર પિવાથી કેટલાક દિવસમાં જ ગેસના રોગથી છુટકારો મળી જાય છે. આ બિમારીમાં ગૌમૂત્રને ઉકાળીને પ્રાપ્ત કરવામાં આવેલ ક્ષાર (ઉકાળવાથી કઢાઈમાં બચી જતો છેલ્લો ભાગ) પણ ગુણકારી છે. આહારના પ્રથમ કોળિયામાં અડધી ચમચી જેટલો ગૌમૂત્રનો ક્ષાર તથા એક ચમચી ગાયનું ઘી મેળવી સેવન કરવાથી વાયુ બનતો નથી.

### (૨)જુનો તાવ, શરદી, શ્વાસ, દમ, લોહીનું ઉંચુ દબાણઃ-

વિજાતીય તત્વો પ્રત્યે અસહિષ્ણુતાથી વારંવાર તાવ આવે છે. નસકોરામાં સોજો કાયમી બની જવાથી ભારે સળેખમ (પીનસ) થઈ જાય છે. નાક વહેવું, વારંવાર છીંક આવવી, નાક બંધ થઈ જવુ, બાદમાં વાળ ખરી પડવા અને કસમયે સફેદ થઈ જવા વગેરે લક્ષણો પેદા થાય છે. એવી પરિસ્થિતિમાં મુખ ધ્વારા ગૌમૂત્રનું સેવન તથા નાસ લેવાથી ચમત્કારીક લાભ થાય છે. રોગીએ કાચના કપમાં ચોથા ભાગનું સ્વચ્છ ગૌમૂત્ર લઈ  તેમાં એક ચમચીના ચોથા ભાગ જેટલી ફૂલાવેલી ફટકડી મેળવી સેવન કરવું જોઈએ. દમના રોગી જો નિયમિત રૂપે નાની વાછડીનું એક તોલા જેટલું ગૌમૂત્ર સેવન કરે તો લાભ થાય છે. લોહીનું ઉચ્ચ દબાણ ધરાવતા રોગી માટે પણ ગૌમૂત્ર ખૂબજ લાભદાયક સાબિત થાય છે.

### (૩)અમ્લપિત્ત(એસીડીટી):-

આ રોગમાં રોગીના મોઢામાં ખાટું પાણી આવવું, ખાટા ઓડકાર આવવા, પેટમાં બળતરા થવી તથા તેનાથી ઉલટી થવી ભૂખ ન લાગવી વગેરે લક્ષણો દેખાતા હોય છે. સવારે ઉઠતાં જ કાચના ગ્લાસમાં કે વાટકામાં ગાયનું પ્રથમ વારનું ગૌમૂત્ર લઈ રોગીને એક બે ઘુંટડાથી શરૂ કરાવી ધીરે ધીરે ૧૦-૧૫ દિવસની અંદર પાંચથી છ ઘુંટડા વધારવામાં આવે. આરંભના તબક્કામાં દિવસમાં બે થી ત્રણ વાર કુદરતી હાજતે જવું પડશે. ત્યાર પછી ૧૦ થી ૧૫ દિવસ આપોઆપ સારું થઈ જશે. સતત બે માસ સુધી સેવન કરવાથી રોગ જડમૂળથી નાબુદ થઈ જશે.

**(૪)યકૃત તથા પ્લીહામાં વૃધ્ધિ અથવા સોજોઃ-**

જિગરની વૃધ્ધિ યકૃત પર સોજો તથા પ્લીહાના રોગ પર ગૌમૂત્રનું સેવન અમોઘ દવા છે. યકૃત કે પ્લીહા વધવાથી કે સોજાથી પેટ વધી જાય છે. ભૂખ ઓછી લાગે છે. અપચો, કબજિયાત એસીડિટી, અશક્તિ વગેરે લક્ષણો દેખાતા હોય છે. આ રોગમાં રોગીએ ગૌમૂત્રનો નીચે પ્રમાણે પ્રયોગ કરવો જોઈએ.

(૧) પાંચ તોલા ગૌમૂત્રમાં એક ચપટી જેટલું મીઠું મેળવી સેવન કરવું જોઈએ.
(૨) પુનર્નવાના ક્વાથની સાથે સમાન ભાગે ગૌમૂત્ર મેળવી સેવન કરવું જોઈએ.
(૩) ગૌમૂત્રમાં કપડું ભીંજાવી એ કપડું ગરમ કરેલી ઈંટ પર લપેટી હળવા હાથે સોજાવાળી જગ્યા પર શેક કરવો જોઈએ.

**(૫) મધુ પ્રમેહ, શુગર તથા ડાયાબિટીઝઃ-**

આજના સમયમાં આ રોગ ખૂબ જ સામાન્ય થઈ ગયો છે. જેનાથી લોહીમાં તથા મૂતરમાં શુગરનું પ્રમાણ વધી જાય છે. શુગરના રોગીનું લોહીનું દબાણ અસમતોલ થઈ જાય છે, રોગીને ચક્કર આવવા લાગે છે. અને બેભાન પરિસ્થિતિમાં પહોંચી જવું સામાન્ય બની જાય છે. અગર આ રોગનો રોગી નિયમિત દરરોજ સવારે વિયાયા વગરની ગાયનું દોઢથી બે તોલા જેટલા ગૌમૂત્રનું સેવન કરે તો ખૂબ જ લાભ થાય છે.

**(૬) ગળાનું કેંસરઃ-**

ગળાનું કેંસર થવાથી રોગીને આહાર લેવામાં મુશ્કેલી પડતી હોય છે. આહાર ન લઈ શકવાના કારણે રોગી અશક્ત બની જાય છે તથા હાલવા ચાલવામાં નિર્બળ બની જાય છે. તેના ઉપચાર માટે દેશી ગાયનું ૧૦૦ મિ.લી. ગૌમૂત્ર તથા સોપારીની બરાબર ગાયનું તાજું છાણ લઈ બન્ને એકત્ર કરી સ્વચ્છ કપડાંથી ગાળી લેવામાં આવે. સવારે નિત્યકર્મમાંથી નિવૃત થઈ દંતમંજન કર્યા પછી નિરાહાર તેનું સેવન કરે, તો ચાર માસમાં સંપૂર્ણ આરામ મળી જશે.

**(૭) કમળો / પાંડુરોગઃ-**

રોગીની ચામડી તથા આંખની કીકીઓ પીળી પડી જાય છે, પેશાબ પણ પીળો આવે છે, ભૂખ ન લાગવી, કબજિયાત રહેવી, અજીર્ણતા તથા અશક્તિ વગેરે લક્ષણો જણાતા હોય છે. તેને માટે ૨૦૦ થી ૨૫૦ મિ.લી. (એક ગ્લાસ) જેટલા ગૌમૂત્રનું સેવન કરવું જોઈએ.

**(૮) જલોદરઃ-**

જલોદરના રોગમાં પેટમાં પાણી ભરી જવાથી રોગીનું આખું શરીર ફૂલી જાય છે ક્યારેક ક્યારેક હાલવા ચાલવામાં મુશ્કેલીઓ પડતી હોય છે. શ્વાસ પણ ઘણી મુશ્કેલીથી લઈ શકાય છે. તથા આહાર ગળવો મુશ્કેલ થઈ પડે છે. આ રોગમાં ગૌમૂત્રનું સેવન હિતકારી છે. ૫૦-૫૦ ગ્રામ ગૌમૂત્રની સાથે બબ્બે ગ્રામ યવક્ષાર મેળવી પિતા રહેવાથી કેટલાક અઠવાડિયા પછી પેટનું પાણી ઓછું થઈ જાય છે. જલોદરના રોગીએ માત્ર ગાયના દૂધનું જ સેવન કરવું જોઈએ.

**(૯)સ્થૂળતાઃ-**

કોઈપણ વ્યક્તિ માટે સ્થૂળતા કષ્ટકારક હોય છે. જે અનેક રોગોને આમંત્રણ આપનાર એક પ્રકારનો વિકાર છે અને પેટ ફૂલીને મોટું ઢોલ જેવું થઈ જવું એ ભવિષ્યમાં થનારા રોગના હુમલાની નિશાની છે. પરંતુ જે વ્યક્તિ સ્થૂળતાથી મુક્તિ મેળવવા ઈચ્છતી હોય તે વ્યક્તિએ અડધા ગ્લાસ જેટલા સ્વચ્છ પાણીમાં ૪ ચમચી ગૌમૂત્ર, મધ તથા એક ચમચી જેટલો લીંબુનો રસ મેળવી તેનું દરરોજ સેવન કરે તો એનાથી શરીરની વધારાની ચરબી ઓછી થઈ જશે અને શરીરની સુંદરતા જળવાઈ રહેશે.

**(૧૦) પેટના કૃમિ પરઃ-**

આ રોગ થયો હોય તો અડધી ચમચી જેટલા અજમાના ચૂર્ણની સાથે ચાર ચમચી જેટલું ગૌમૂત્ર લઈ એક એક અઠવાડિયા સુધી તેનું નિયમિત સેવન કરવું જોઈએ. નાના બાળક માટે અડધી ચમચી જેટલી માત્રા પૂરતી છે.

**(૧૧) ચામડીના રોગ (ધાધર, ખસ, ખરજવું વગેરે):-**

ખસ, ખરજવું, કુષ્ટ વગેરે ચામડીના વિભિન્ન રોગોના ઉપચાર માટે ગૌમૂત્ર એ રામબાણ દવા છે. તેને માટે ગૌમૂત્ર સાથે લીમડો તથા ગળોનો ક્વાથ લઈ સવાર સાંજ તેનું સેવન કરવું જોઈએ. તેનાથી રક્ત દોષથી પેદા થતાં ચામડીના રોગો દૂર થાય છે. જીરાને ઝીણું વાટી કે લસોટી ગૌમૂત્રમાં મેળવી લેપ કરવાથી અથવા ગૌમૂત્રનું માલીસ કરવાથી ચામડી ઘઉંવર્ણી તથા રોગ વગરની બની જાય છે.

**(૧૨) સાંધાના દુખાવા પર(સંધિવાત):-**

સાંધાના દુખાવો નવો હોય કે જૂનો એની પીડા ખૂબજ કષ્ટદાયક હોય છે. તેને માટે મહા રાસ્નાદિ ક્વાથની સાથે ગૌમૂત્ર મેળવી પીવાથી આ રોગનો

નાશ થાય છે. ઠંડીની ઋતુમાં સુંઠનું ૧ ગ્રામ ચૂર્ણ લઈ સવાર સાંજ તેનું સેવન કરી શકાય. પીડા થતી હોય તે ભાગ પર ગરમ ગરમ ગૌમૂત્રનો શેક કરવો જોઈએ.

**(૧૩) દાંતની પીડા અથવા પાયોરિયા પરઃ-**

દાંત તથા દાઢની પીડા પર ગૌમૂત્ર ખૂબજ સારું કામ કરે છે. જ્યારે દાંતની પીડા અસહ્ય બની જાય ત્યારે ગૌમૂત્રથી કોગળા કરવા જોઈએ. તેનાથી ક્યારેક ક્યારેક ઘણો મોટો ચમત્કારિક લાભ થાય છે. દરરોજ ગૌમૂત્રના કોગળા કરવાથી પાયોરિયાના રોગનો નાશ થાય છે.

**(૧૪) આંખનું ઘુંઘળા પણું , રતાંધળાપણું તથા દ્રષ્ટિની નબળાઈઃ-**

ગૌમૂત્ર આંખના રોગો પર પણ ઘણી રામબાણ દવા છે. તેને માટે કાળી વાછડીનું મૂત્ર એકત્ર કરી તાંબાના વાણસમાં લઈ ઉકાળવામાં આવે. એ જ્યારે ચોથા ભાગ જેટલું વધે ત્યારે તેને આગ પરથી નીચે ઉતારી નિતારી લેવામાં આવે. તેની નીચે જે ક્ષાર બચી ગયો હોય તેને ફેંકી દેવામાં આવે. ઉપરનું પાણી કોઈપણ સ્વચ્છ કાચની શીશીમાં ભરી લેવામાં આવે અને તેના સવાર સાંજ નિયમિત રૂપે આંખમાં ટીંપા નાખવામાં આવે. એનાથી થોડી બળતરા થાય છે, પરંતુ આંખની ખંજવાળ, ધુંધળાપણું, રતાંધળાપણું અને દ્રષ્ટિની નબળાઈ ઉપર તે અમોઘ ઔષધિ સાબિત થાય છે. તેનાથી એક બે મહિનામાં ચશ્મા દૂર થાય છે અથવા તેનાથી આંખોનો નંબર ઓછો થઈ જાય છે.

**(૧૫) પ્રસુતિ પીડા પરઃ-**

પ્રસુતિના સમયે થતી પીડા પર ગાયત્રી મંત્રથી અભિમંત્રિત કરેલ ૫૦ મિ.લીટર જેટલું ગૌમૂત્ર પીવડવવું જોઈએ. તેનાથી પ્રસવ પીડા ઓછી થાય છે તથા પ્રસુતિ સરળતાથી થઈ જાય છે.

**(૧૬) અન્ય ઉપયોગઃ-**

ગૌમૂત્રનો ઉપયોગ પંચામૃત, પંચગવ્ય તથા ષટભિંવણ બનાવવામાં પણ કરવામાં આવે છે. આ બધાનું ઔષધ તરીકે અત્યંત મહત્વ છે.

પ્રસુતિના સમયે હિન્દુ ઘરોમાં ગૌમૂત્રનો છંટકાવ કરવામાં આવે છે. શ્મશાન, ગયા પછી તમામ વ્યક્તિઓ પર ગૌમૂત્ર અથવા ગંગાજળનો છંટકાવ કરી અથવા પિવડાવી શુધ્ધિકરણ કરવામાં આવેછે. તેમાં રહેલાં જંતુનાશક ગુણોને કારણે એવી પરંપરા ચાલૂ રહી છે.

આ રીતે ગૌમૂત્રના સેવનથી અનેક પ્રકારના રોગોનું શમન થાય છે.

તંદુરસ્ત વ્યક્તિના આરોગ્યના રક્ષણ માટે તથા રોગીને રોગથી બચાવવા માટે એનું સેવન કરવામાં આવે છે. કહેવામાં આવે છે, કે ભગવાન શ્રીરામના વનવાસના સમયે ભરતજીએ ૧૪ વર્ષ સુધી ગૌમૂત્રના સેવનથી તંદુરસ્ત જાળવી રાખી અને આધ્યાત્મિક ઉન્નતિ કરતા રહ્યા હતા. કારણ કે તેઓ અન્નના આહાર સાથે ગૌમૂત્રનું સેવન કરતા હતા.

**गौमूत्र यावकं श्रुत्वा भ्रातरं बल्ककलाम्बरम्।**

**(શ્રીમદ્ ભાગવત ૯/૧૦/૩૪)**

**(ગ) છાણનો ચિકિત્સામાં ઉપયોગઃ-**

છાણ પોષક, શોધક, દુર્ગંધનાશક, શોષક, જંતુનાશક, બળવર્ધક તથા કાંતિદાયક છે. અમેરિકાના ડૉ. મૈકફર્સનના કથન અનુસાર છાણ સમાન સુલભ બીજું કોઈ જંતુનાશક દ્રવ્ય નથી. રશિયાના વૈજ્ઞાનિકોના કથન અનુસાર અણુશક્તિના વિકિરણોનો પ્રતિકાર કરવા માટે છાણથી લીંપેલી દિવાલો સંપૂર્ણ રીતે શક્તિશાળી છે. મનુષ્યના આહારમાં શાકાહારી જરૂરી તત્વ વિટામીન બી-૧૨ નહિવત્ હોય છે. તેની ગાયના મોટા આંતરડામાં પ્રચુર પ્રમાણમાં ઉત્પતિ થાય છે. પરંતુ ત્યાં તેનું શોષણ થઈ શકતું નથી. અર્થાત્ એ વિટામીન છાણ ધ્વારા બહાર નિકળી જાય છે. પ્રાચીન સમયમાં ઋષિ મુનિઓએ છાણનું સેવન કરી પુરતા પ્રમાણમાં વિટામીન બી-૧૨ પ્રાપ્ત કરી આરોગ્યનો લાભ મેળવતા હતા. છાણના સેવનથી અને લીંપણથી અનેક રોગોનું શમન કરી શકાય છે. કેટલીકની માહિતિ નીચે આપવામાં આવી રહી છે.

**(૧) કોલેરાઃ-**

આ રોગ ખાસ પ્રકારના જંતુઓ ધ્વારા થતો હોય છે તથા તે સમગ્ર સમાજને ભરખી જવા તરસતો હોય એ રીતે ફેલાય છે. તેને માટે શુધ્ધ પાણીમાં છાણ ઘોળી પછી તેને કપડાં વડે ગાળી પિવાથી આ રોગથી બચાવ થાય છે. મદ્રાસના ડૉ. કિંગે છાણમાં રહેલા જંતુઓમાં મારક શક્તિ જોઈ, તેમણે ગંદા દૂષિત પાણીમાં છાણ મેળવી શુધ્ધ કરવાની સલાહ આપી.

**(૨) મલેરિયાઃ-**

છાણનું સેવન કરવાથી શરીરમાં પ્રવેશ કરેલાં મેલેરિયાના જંતુઓનો નાશ થાય છે. ઈટાલીના પ્રસિધ્ધ વૈજ્ઞાનિક જી.ઈ.બ્રિગેડે એ સાબિત કર્યું કે ગાયના છાણથી મેલેરિયાના જંતુનો નાશ થાય છે.

**(૩) ખંજવાળઃ-**

ભારતમાં પ્રાચીન કાળથી જ છાણનો ઉપયોગ ખસ, ખરજવું, ધાધર વગેરેના ઉપચાર માટે કરવામાં આવતો રહ્યો છે. છાણ પાણીમાં ઘોળી પીવાથી તથા જે જગ્યા પર ચામડીનો રોગ થયો હોય તે ભાગ પર હળવા હાથે છાણનું મર્દન કરી સ્નાન કરવાથી અનેક પ્રકારના ચામડીના રોગોનો નાશ થાય છે.

**(૪) અગ્નિથી દાઝવુંઃ-**

આગથી દાઝી ગયા પછી તેના પર છાણ ચોપડવાથી કે લેપ કરવાથી રાહત મળે છે, દાઝેલી જગ્યાને ઠંડા પાણીથી ધોતા રહેવું જોઈએ.

**(૫) સર્પદંશ પરઃ-**

વિષધર સર્પ કે વિંછી અથવા અન્ય કોઈ ઝેરી જીવ કરડ્યો હોય તો છાણ પિવડાવવાથી તથા શરીર પર લેપ કરવાથી ઝેરનો નાશ થાય છે. અત્યંત ઝેર ચઢી ગયું હોય તેવી સ્થિતિમાં છાણનું સેવન મગજ તથા હૃદયને સુરક્ષિત રાખે છે.

**(૬) દાંતના રોગ પરઃ-**

ગાયના છાણને સળગાવી પછી તેને પાણીમાં નાખી ઠંડુ કરી લેવામાં આવે. ત્યારબાદ તેને સૂકવી બારીક વાટી કાચની શીશીમાં ભરી લેવામાં આવે. આ છાણાની રાખનું મંજન કરવાથી પાયોરિયા, પેઢામાંથી લોહી પડવું, દાંતમાં કીડા પડવા કે અન્ય પ્રકારના દાંતના રોગનો પણ ક્ષય થાય છે.

**પરિશિષ્ટ-૩**

**અનુસંધાન-૧**

# અર્થશાસ્ત્રીની દૃષ્ટિમાં
# કંપોસ્ટ ખાતર રૂપે છાણ કેટલું લાભદાયક

| ક્ર૦ સં૦ | ગાય તથા તેની ઓલાદની સંખ્યા | છાણની દૈનિક (કિલો) આવક | છાણની વાર્ષિક આવક (ક્વીંટલ) | ઉત્પાદન કરવામાં આવેલા ખાતરનું પ્રમાણ (ક્વીંટલ) | જેને માટે નીચે મુજબની જમીન પૂરતી છે. (એકર) | ખેતીમાં સરેરાશ ઉપયોગ કર્યા પછી ખાતરની થતી બચત (વધારો) (રૂપિયા) | વધારાના ખાતર માંથી ગામડામાં કરવામાં આવતાં જથ્થાબંધ વેચાણ દ્વારા થતી વાર્ષિક આવક (રૂપિયા) | શહેરમાં કરવામાં આવતાં જથ્થાબંધ વેચાણ દ્વારા થતી વાર્ષિક આવક (રૂપિયા) | શહેરમાં છૂટક વેચાણ કરવાથી થતી વાર્ષિક આવક (રૂપિયા) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** |
| **૧.** | ગાય વાછડાં સહિત | ૧૦ કિલો | ૩૬ ક્વીંટલ | ૧૦૮૦ ક્વીંટલ | ૬ એકર | ૭૪૦ ક્વીંટલ | ૭,૪૦૦.૦૦ | ૨૨,૨૦૦.૦૦ | ૧,૪૮૦૦૦.૦૦ |
| **૨.** | ગાય વાછડાં સહિત | ૨૫ કિલો | ૯૦ ક્વીંટલ | ૨૭૦૦ ક્વીંટલ | ૧૩.૫ એકર | ૨૩૬૦ ક્વીંટલ | ૨૩,૬૦૦.૦૦ | ૭૦,૦૦૦.૦૦ | ૩,૧૨૦૦૦.૦૦ |
| **૩.** | ૧ જોડી બળદ ૫ ઢોર | ૪૦ કિલો | ૩૬૦ ક્વીંટલ | ૪૩૨૦ ક્વીંટલ | ૨૨.૫ એકર | ૩૮૬૦ ક્વીંટલ | ૩૮,૬૦૦.૦૦ | ૧,૧૫૮૦૦.૦૦ | ૭,૧૨,૦૦૦.૦૦ |

## ઉપરોક્ત ગણત્રીમાં એ માનવામાં આવ્યું છે, કે -

✪૧ એકર જમીન માટે ૧૦૦ ક્વીંટલ ખાતર પુરતું છે, એક વાર રવી પાક પહેલાં અને એકવાર ખરીફ પાક પહેલાં અગર જો વર્ષમાં બે વાર ખાતર નાખવામાં આવે તો દર ૧ એકર દીઠ ૨૦૦ ક્વીંટલ ખાતરનો વધુ વપરાશ થશે.

✪ભારતના ખેડૂતની સરાસરી ખેડ ૧.૭ એકર માનવામાં આવે છે. તેને માટે વર્ષ દરમ્યાન ૩૪૦ ક્વીંટલ ખાતર પૂરતું છે. ખેડૂત પાસે તેની વપરાશ પછી વધારાના ખાતરનું વેચાણ કરી શકાશે.

✪ગામની પરિસ્થિતિ અનુસાર ખાતરની જથ્થાબંધ વેચાણ કિંમત દર ક્વીંટલ દીઠ ૧૦ રૂપિયા (દર ટ્રોલી દીઠ ૫૦ થી ૬૦ રૂપિયા. આ ટ્રોલીમાં પાંચથી છ ક્વીંટલ ખાતર આવે છે.) આંકવામાં આવી છે. પરંતુ શહેરમાં કરવામાં આવતા જથ્થાબંધ વેચાણની કિંમત ૩૦ રૂપિયા ક્વીંટલ (એક ટ્રોલીના ૧૫૦ રૂપિયા) હોય છે, પરંતુ શહેર તથા કસબાઓના કિચન ગાર્ડનિંગ માટે ૫ થી ૧૦કિલો વજનના પેકેટ બનાવી વેચાણ કરવામાં આવે તો દર ક્વીંટલ દીઠ ૨૦૦ થી ૫૦૦ રૂપિયા આવક થાય છે. ઉપરોક્ત કોઠાના ખાના ૮માં દર્શાવવામાં આવેલી આવક ખેડૂત દ્વારા સરાસરી ખેડાણમાં છાણનો ખાતર રૂપે ઉપયોગ કર્યા પછી ગામડામાં કરવામાં આવેલ વેચાણ દ્વારા પ્રાપ્ત થયેલી વાર્ષિક આવક છે. જ્યારે ખાના-૯ તથા ૧૦માં દર્શાવવામાં આવેલી આવક શહેરમાં કરવામાં આવેલ જથ્થાબંધ અને છૂટક વેચાણના આધારે થતી વાર્ષિક આવક દર્શાવવામાં આવી છે.

✪ખાતર બનાવવા માટે ઘરના સભ્યોની મહેનતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. નેડપ પદ્ધતિ પ્રમાણે ખાતર બનાવવા માટે માત્ર મહેનત જ લાગે છે.

✪નેડપ ખાતર પદ્ધતિ પ્રમાણે ખાતર બનાવવાથી જ ઉપરોક્ત ખાતરની આવક થાય છે. જેમાં ૧૦૦ કિલો છાણમાંથી ૩૦૦૦ કિલો ખાતર તૈયાર થાય છે. (૧:૩૦ ક્વીંટલ)

# ખેડૂત માટે ટ્રેક્ટર કેટલું મોઘું

અનુભવોના આધારે એ ચોક્કસ કહી શકાય કે ભારતના સામાન્ય ખેડૂત માટે ટ્રેક્ટર અવ્યવહારુ અને કોઈ ફાયદા વગરનું છે. જે ખેડૂતો પાસે ટ્રેક્ટરો છે, તેમાંથી મોટા ભાગના લોકોને એની જરૂરિયાત ઓછી છે, પરંતુ મોટાઈના પ્રતીક રૂપે તેની વધુ જરૂરિયાત છે. જે લોકોએ બેંકમાંથી લોન ઉઠાવીને ટ્રેક્ટરો ખરીદ્યા છે, તેમનું તો આગળ અને પાછળથી ખિસ્સું જ વેતરાયું છે. મોટા ખેડૂતોને છોડી બહુ ઓછા ખેડૂતો એવા છે, કે જેમની પાસે આટલી મોટી ખેતી હોય, માત્ર આવા ખેડૂતોના ટ્રેક્ટરને જ આખું વર્ષ કામ મળી રહે છે, બાકીના મોટા ભાગના લોકોને ટ્રેક્ટર નુકશાનકારક સાબિત થાય છે. ટ્રેક્ટરો રાખવાની જેમની પાસે શક્તિ નથી, એવાં લોકો પણ બળદ રાખવાનું બિનજરૂરી માને છે, તેમની વાવણી સમયસર પણ થઈ શકતી નથી. કારણ કે ભાડાનું ટ્રેક્ટર જ્યારે ખાલી થાય, ત્યારે જ મળી શકે છે. અર્થાત્ જેમની પાસે ટ્રેક્ટરો છે અને જેમની પાસે ટ્રેક્ટરો નથી આ બન્ને સ્થિતિમાં ટ્રેક્ટરના ભરોસે કરવામાં આવતી ખેતી મોંઘી અને બિનફાયદાકારક હોય છે.

ડીઝલની અછતના કારણે ટ્રેક્ટરો તેની માત્ર ૨૫ ટકા શક્તિથી ચાલી શકે છે. આગળ જતાં ડીઝલની સ્થિતિ એથી પણ વધુ ખરાબ થશે, ત્યારે ટ્રેક્ટરના ભરોસે ખેતી કરવી એથી પણ વધારે મુશ્કેલ બની જશે. પેટ્રોલ, ડીઝલ આજે વિશ્વના રાજકારણનું અને સંઘર્ષનું કારણ બનેલું છે. એ વાતની ખબર નથી કે તેની કિંમત ક્યારે વધી જાય. વિજ્ઞાનીઓના સંશોધનો પણ એ ઈશારો કરી રહ્યા છે, કે પ્રાકૃતિક ગેસ અને તેલ, ઉર્જાના આ બે મુખ્ય સ્ત્રોત જેની ઉપર આપણી ટેકનિકલ પ્રગતિ માટે નિર્ભર કરે છે, તે સન્ ૨૦૨૦ સુધી લગભગ સમાપ્ત થઈ જશે. આ દ્રષ્ટિકોણથી ખેતી એથી પણ વધારે મોંઘી અને અસાધ્ય બનવાની છે.

એક સામાન્ય ખેડૂત કે જે ટ્રેક્ટર ખરીદી રહ્યો છે, તેને એ ટ્રેક્ટર કેટલું મોંઘુ પડે છે, જે નીચેની ગણત્રીથી સરળતાથી સમજી શકાય તેમ છેઃ-

**આ ગણત્રીમાં એવું માનવામાં આવ્યું છે, કેઃ-**

**(૧)** સામાન્ય ખેડૂત ધ્વારા ખેતીવાડીનું ઉત્પાદન મેળવવા માટે ટ્રેક્ટરનો કરવામાં આવેલો વાર્ષિક ઉપયોગ --- ૧૦૦૦ કલાક

**(૨)** વાર્ષિક ઘસારો તથા રીપેરીંગ---- મૂળ કિંમતના ૨૦ ટકા આવે છે. ખરીદી કર્યાના પ્રથમ વર્ષમાં ઘસારા ખર્ચ ૨૦ ટકા આવે છે.જેમ જેમ ટ્રેક્ટર જુનું થાય છે, તેમ તેમ ઘાસારા ખર્ચ ઘટે છે. પરંતુ રીપેરીંગ-નો ખર્ચ વધે છે. આ બન્ને મળી ૨૦ ટકા આવે છે.

**(૩)** ટ્રેક્ટરની ખરીદી પાછળ લગાવવામાં આવેલ મૂડી પર વાર્ષિક વ્યાજ --- ૧૫ ટકા

**(૪)** દર કલાકે મોબાઈલની વપરાશ -- ડીઝલની વપરાશની કિંમતના ૨૫ ટકા

**(૫)** મેન પાવર કિંમત (ટ્રેક્ટર ડ્રાઈવર)---દર કલાકે ૯ રૂપિયા,વર્ષમાં સરાસરી ૧૦૦૦ કલાક ચાલવાથી દરરોજ સરાસરી ૩ કલાક થાય. તેને માટે અડધા દિવસની મજુરી અર્થાત્ એક માસમાં ૧૫ દિવસનો મજુરી ખર્ચ થશે. દર માસ ૧૫૦૦ રૂપિયા લેખે વાર્ષિક કુલ મજુરી ૯૦૦૦ રૂપિયા થાય. તેના આધારે દર કલાકે ૯ રૂપિયા ખર્ચ થાય.

**દર કલાકે થતાં ખર્ચની ગણત્રીઃ-**

| **સાધન** | **હોર્સ પાવર ૧૮-૨૦** | **હોર્સ પાવર ૩૦-૩૫** | **હોર્સ પાવર ૪૫-૫૦** |
|---|---|---|---|
| **ટ્રેક્ટરનું નામ** | આઈસર, એચ.એમ.ટી. એસ્કોર્ટ, સ્વરાજ | આઈસર, એચ.એમ.ટી. એસ્કોર્ટ, સ્વરાજ મહેન્દ્રા, ટેફે(મેસી) | એચ.એમ.ટી. સ્વરાજ ફોર્ડ, મહેન્દ્રા |
| **૧.** એક ઓજાર સહિત ટ્રેક્ટરની ઓછામાં ઓછી કિંમત | ૨.૦૦ લાખ | ૨.૩૦ લાખ | ૩.૦૦ લાખ |
| **૨.** દર કલાકે રીપેરીંગ તથા ઘસારા ખર્ચ | ૪૦.૦૦ | ૪૬.૦૦ | ૬૦.૦૦ |
| **૩.** દર કલાકે મૂળ કિંમત પર વ્યાજ | ૩૦.૦૦ | ૩૪.૫૦ | ૪૫.૦૦ |
| **૪.** દર કલાકે ડિઝલની કિંમત (રૂપિયા) | ૨૦.૦૦ (૨ લી.) | ૩૦.૦૦ (૩ લી.) | ૪૫.૦૦ (૪.૫ લી.) |
| **૫.** દર કલાકે મોબાઈલ તેલ (રૂપિયા) | ૫.૦૦ | ૭.૫૦ | ૧૧.૫૦ |
| **૬.** દર કલાકે મેન પાવર ની ખર્ચ (ડ્રાઈવર) | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ |
| **દર કલાકે ખર્ચ** | **૧૦૪.૦૦** | **૧૨૭.૦૦** | **૧૭૦.૦૦** |

## ૧૮ થી ૨૦ હોર્સ પાવરના ટ્રેક્ટર ધ્વારા એક એકર જમીન પર કરવામાં આવેલા ખેતીવાડીના જુદા જુદા કાર્યોનો ખર્ચ

### ઉદાહરણ રૂપે - ઘઉંની ખેતી

| ખેતીવાડીના કામનું નામ | ૧ એકરના એક પાક લેવામાં લાગેલો સમય | કુલ જરૂરી કાર્યો | કુલ કલાક | ખર્ચ રૂપિયામાં |
|---|---|---|---|---|
| ૧. ખેડાણ, વાવણી<br>(અ) હેરોઈંગ<br>(ટ્રેક્ટરની કલટીવેટર પ્લેટથી ખેડવું) | ૧ કલાક | ૪ | ૪ કલાક | ૪૨૦.૦૦ |
| (બ) ટેલરિંગ<br>(માટીને સમતલ કરવી અથવા માટીને લાકડાં ના સમાલથી ભાંગવી) | ૪/૫ કલાક<br>(૧.૨૫ એકર/કલાક) | ૨ | ૧.૫ કલાક | ૧૫૫.૦૦ |
| | | | | **૪૭૫.૦૦** |
| ૨. સિંચાઈ | ૩ કલાક | ૫ | ૧૫ | ૧૫૬૦.૦૦ |
| ૩. પિલાઈ | ૨.૫ કલાક | ૧ | ૨.૫ | ૨૬૦.૦૦ |
| ૪.નીંદામણ, કાપણી લણણી માલ વહન વગેરે | ૪ કલાક | ૪ | ૪ | ૪૨૦.૦૦ |
| **ટ્રેક્ટરનો કુલ ખર્ચ** | | | | **૨૭૧૫.૦૦** |

**પરિશિષ્ટ-૪**

**અનુસંધાન-૧**

# શું આપ જાણો છો?

## શું આપ જાણો છો, કે કેટલી ક્રુરતાથી ગાયની હત્યા કરવામાં આવે છે?:-

✪ભારતમાં સરકાર ધ્વારા મંજુરી આપેલાં ૩૬૦૦થી પણ વધુ કતલખાના છે. જેમાંથી ૧૦ જેટલાં તો આધુનિક મશીનો ધરાવતાં કારખાનાઓ છે. જેમાં દરરોજ ૨,૫૦,૦૦૦ જેટલાં ઢોરોની કતલ કરવામાં આવે છે. જેમાં લગભગ ૫૦,૦૦૦ ગાય તથા તેની ઓલાદની કતલ કરવામાં આવે છે.

✪તેમાં હૈદ્રાબાદ ખાતે આવેલ પ્રાઈવેટ સેકટરનું 'અલકબીર' કતલખાનું તથા મહારાષ્ટ્રમાં મુંબઈ પાસે આવેલું સાર્વજનિક સેકટરનું 'દેવનાર'ના કતલખાનાનો સમાવેશ થાય છે.

### અલકબીર કતલખાનાનું એક દ્રશ્યઃ-

✪આ કારખાનું દુબઈના ગુલામ મૌ.શેખે ભારત સરકારની ૪૦૦ કરોડ રૂપિયાની સહાયતાથી નાખ્યું છે. જે ૩૦૦ એકર જેટલી વિશાળ જમીન પર ફેલાયેલું છે.

### આ કતલ કેવી રીતે કરવામાં આવે છે તેની પધ્ધતિઃ-

✪ત્યાં એકી સાથે ૧૦૦ ઢોર રહી શકે એવો વિશાળ મોતનો કુવો બનેલો છે. આ કુવામાં ઢોરને કોઈ પણ પ્રકારના ઘાસચારો કે પાણી પિવડાવ્યા વગર ભૂખ્યા રાખવામાં આવે છે. જેથી તે અશક્ત બનીને જમીન પછડાય.

✪પછડાયા પછી એ જાનવરોને ઘસડીને મશીનો પાસે લઈ જવામાં આવે છે. જ્યાં તેમને અસહ્ય મારી મારી ઉભા કરવામાં આવે છે. ત્યારબાદ મશીનની એક પુલી એ ઢોરોને પાછલાં પગથી પકડી લે છે.

✪ત્યારબાદ પાંચ મિનિટ સુધી સ્વયં સંચાલિત કુવારા ધ્વારા ૨૦૦ ડીગ્રી સેન્ટીગ્રેડ જેટલું ઉકળતું ગરમ પાણી તેમની ઉપર નાખવામાં આવે છે. તેને Hot Water treatment કહેવામાં આવે છે. તેનો હેતુ માત્ર એટલો જ હોય છે, કે લોહીમાં રહેલું હિમોગ્લોબિન ઓગળીને માંસમાં ભળી જાય અને તેને લાલ બનાવી દે. આ લાલ માંસની કિંમત અમેરિકાના સફેદ માંસ કરતાં વધારે છે. દુબઈમાં ૧ કિલો અમેરિકન માંસની કિંમત ૧૫ રિયાલ અર્થાત્ દર

કિલોના ૧૨૦ રૂપિયા છે. જ્યારે ભારતના માંસની કિંમત દર કિલોના ૩૦ થી ૩૨ રિયાલ અર્થાત્ ૨૪૦ રૂપિયા છે.

✪પછી મશીનની પુલી ઢોરના પાછલાં પગને ઉપર ઉઠાવે છે, ત્યારબાદ ઢોરને એક પગ પર લટકાવી દેવામાં આવે છે.

✪તુરંત એ ઢોરની અડધી ગરદન કાપી નાખવામાં આવે છે. જેથી લોહી બહાર આવે અને ઢોર મરે નહીં.

✪ત્યારબાદ તુરંત એ ઢોરના પેટમાં કાંણુ પાડી હવા ભરી દેવામાં આવે છે, જેથી એ ઢોર ફુલી જાય છે. એટલે તુરંત શરીર પરથી ચામડું ઉતારવાનું કાર્ય શરૂ થાય છે, હજી સુધી ઢોર મરેલું હોતું નથી. મૃત્યુ પામવાથી ઢોરનું ચામડું જાડું થઈ જાય છે. જેથી તેની કિંમત ઘટી જાય છે. જીવતાં ઢોરનું ચામડું પાતળુ હોવાથી તેની કિંમત વધુ ઉપજતી હોય છે.

✪ઢોરના શરીર પરથી ચામડું ઉતારી લીધા પછી એ ઢોરના ચાર ટુકડા કરી દેવામાં આવે છે. ગરદન, પગ, ધડ, હાડકાં. ત્યારબાદ તુરંત માંસને ડબ્બામાં પેક કરી તેને કતલખાનામાંથી બહાર લઈ જવાનો ક્રમ શરૂ થાય છે, જેથી તેને એરકંડિશન સીસ્ટમ ધરાવતી ટ્રકો, ટ્રેનો, વાહનો ધ્વારા દેશવિદેશ ખાતે મોકલી શકાય છે.

✪આ કતલખાનાઓમાં દરરોજ ૧૦,૦૦૦ લીટર જેટલું લોહી એકત્ર થાય છે. જેમાંથી પ્લાઝમા, પ્રોટીન્સ, હીમોગ્લોબિન તથા ટોનિકો બનાવવામાં આવે છે. ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ માટે બનતું ડેકસોરેજ નામનું ટોનિક ખૂબ લોકપ્રિય છે. માત્ર લોહી જ નહીં, કતલ કરવામાં આવેલ ઢોરના લગભગ દરેક અંગનો ઉપયોગ ટૂથપેસ્ટ, સરેશ, ફેવીકોલ, ચિનાઈ માટીના વાસણો, સનમાઈકા, ઈન્સૂલિન ઈંજેક્શનો વગેરે બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

અનુસંધાન - ૨

# ૧૮૫૭ના સ્વતંત્ર સંગ્રામનું એક કારણ ગૌહત્યા પણ હતું

૧૬મી સદીમાં અંગ્રેજો ભારતમાં શાહજહાંના દરબારમાં વ્યાપારી બનીને આવ્યા હતા. તેના મુખ્ય વડા સર ટોમસ રો એ વ્યાપારી સગવડતાઓ મેળવવા માટે ઘુંટણો ટેકવી વિનંતી કરી હતી. ત્યારબાદ ઉત્તરોત્તર આગળ વધી આ જ અંગ્રેજો ૧૮૫૦ સુધીમાં તો ભારતના સમ્રાટ બની બેઠાં. એ સમયના મોગલ બાદશાહ તેમના હાથની માત્ર કઠપૂતળી બનીને રહી ગયા. એ દિવસોમાં ભારતની પ્રજા અંગ્રેજોના આ ષડયંત્રોને સમજી ન શકી. તેમને ભાન ત્યારે થયું કે જ્યારે અંગ્રેજોએ રાજકીય વિજય પ્રાપ્ત કર્યા બાદ સાંસ્કૃતિક વિજય મેળવવાનો દ્રઢ નિર્ધાર કર્યો અને એના સંદર્ભમાં એવાજ પ્રયત્નો શરૂ કરી દીધાં. અંગ્રેજ સરકાર ધ્વારા ખ્રિસ્તી ધર્મના વિસ્તાર માટે અંગ્રેજ પાદરીઓની ધડાધડ નિમણૂંક કરવી તથા ગાય અને સુવરની ચરબી લાગેલા કારતૂસો બનાવવાનો આરંભ કરવો વગેરે એ જ ક્રમમાં આ બધા પ્રયત્નો કરવામાં આવ્યા હતાં, કારણ કે આ કારતૂસોને દાંત વડે તોડવા પડતા હતા. ભારતનો લોકસમુદાય ધર્મ અને સંસ્કૃતિ વડે જ નિયમિત રૂપે સંચાલિત થતો રહ્યો છે. જ્યારે ધર્મ અને સંસ્કૃતિ પર પ્રહાર થવા લાગ્યા તેમને ભાન થયું, એના પરિણામ સ્વરૂપે તેઓ ખળભળી ઉઠ્યા.

૧૮૫૭નો આ પ્રથમ સ્વતંત્ર સંગ્રામ ગૌમાતાની હત્યાથી પેદા થયેલ આક્રોશનું જ પરિણામ હતું. એક બાજુ જ્યાં સ્વતંત્રતાની વિપ્લવની પાછળ વિદેશી શાસનને હટાવવાની ભાવના હતી, ત્યાં બીજી બાજુ વિદેશી સરકાર ધ્વારા કરવામાં આવી રહેલાં ધર્મ પ્રહારના કારણે પણ અંદર અંદર ઉકળાટ વધતો ગયો. એ સમયે અંગ્રેજ પાદરીઓ હિન્દુસ્તાની સિપાહીઓ ઉપર હિન્દુ ધર્મ ત્યાગીને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા દબાણ કરી રહ્યા હતા. દેશના અનેક પ્રદેશના ગામડાંઓમાં એવો ભય ઘુસી ગયો હતો કે પોતાના છોકરાંને સેનામાં ભરતી કરાવશે તો એનું પરિણામ એ આવશે કે તે ખ્રિસ્તી બની જશે. ચારેબાજુ આવી વાતો ઉઠી રહી હતી એ દરમ્યાન અંગ્રેજ સરકારે નવા પ્રકારના કારતૂસો બનાવ્યા, જેને ચિકણા બનાવવા માટે ગાયની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો અને એ કારતૂસોને દાંત વડે તોડી ખોલવા પડતા હતાં.

✪સર્વપ્રથમ બેરેકપુર (બંગાળ)છાવણીની ૧૯મી પલાટૂનને ૨૯ માર્ચ ૧૮૫૭ના દિવસે જ્યારે ઉપયોગ માટે ચરબી યુક્ત કારતુસો આપવામાં આવ્યા તે પહેલાં એ સમાચારો ચારેબાજુ ફેલાઈ ચૂક્યા હતા કે અંગ્રેજો હિન્દુસ્તાનીઓને ખ્રિસ્તી બનાવવા માટે તથા ધર્મભ્રષ્ટ કરવા માટે ગૌમાતાની ચરબી લાગેલાં કારતૂસોને મોઢાં વડે ખોલવા

માટે મજબૂર કરી રહ્યા છે.

✪બેરેકપુર છાવણીમાં રહેતાં સૈનિકોને જેવા ચરબીયુક્ત કારતૂસો આપવામાં આવ્યા કે ગૌભક્ત મંગલ પાંડેએ ખુલ્લી પરેડમાં હાથમાં બંદુક ઉઠાવી ગર્જના કરી. ''અમો ગૌમાતાના પરમ ભક્ત તથા સનાતન ધર્મી છીએ, ચરબી લાગેલા અપવિત્ર કારતૂસોને સ્પર્શ કરી અમો ક્યારે પણ અમારો ધર્મ ભ્રષ્ટ નહીં કરીએ.''

✪ત્યારે અંગ્રેજ સાર્જન્ટ મેજર હુસેને મંગલપાંડેની ધરપકડ કરવાનો હુકમ કર્યો, પરંતુ કોઈપણ હિન્દુસ્તાની સૈનિક એને માટે તૈયાર ન થયો. એ દરમ્યાન મંગળ પાંડેએ અંગ્રેજ અધિકારીને ગોળી મારીને મારી નાખ્યો. ગોળીનો અવાજ સાંભળી લેફ્ટિનેંટ બામ મંગળ પાંડે તરફ ધસી આવ્યો, ત્યારે મંગલ પાંડેએ એને પણ ગોળી મારી નાખ્યો. પરિણામ સ્વરૂપે મંગલ પાંડેને **૮ એપ્રિલ ૧૮૫૭ના દિવસે ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા.** આ રીતે ૧૮૫૭ના વિપ્લવમાં વીર મંગલ પાંડેની પ્રથમ આહુતી હતી.

✪મંગલ પાંડેના બલિદાનથી સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો. દેશની તમામ સૈનિક છાવણીઓમાં એ વાત ફેલાઈ ચૂકી હતી કે અંગ્રેજો હિન્દુસ્તાનીઓને ધર્મભ્રષ્ટ કરવા માટે કારતૂસો પર ગાય તથા સુવરની ચરબી લગાવી તત્પર બની ગયા છે. **૧૦ મે ૧૮૫૭ના દિવસે** મેરઠની છાવણીમાં 'સૈનિક ક્રાંતિ'નો વિસ્ફોટ થયો.

✪એ દિવસોમાં મેરઠ છાવણી ખાતે આવેલું શિવ મંદિર (જેને લોકો હવે ઓઘડનાથનું મંદિર કહે છે) રાષ્ટ્રભક્ત ગૌપ્રેમી સાધુઓના અખાડો હતો. એક ગૌભક્ત સાધુનો વેશ ધારણ કરેલા પૂજારીએ ભીષણ ગરમીમાં ત્યાં ઠંડુ પાણી પીવા આવનાર હિન્દુ સૈનિકોને ગૌ દ્રોહી અંગ્રેજોની વિરૂધ્ધમાં અનેક રીતે ઉશ્કેરતો હતો. એક દિવસે મે માસની ભીષણ ગરમીમાં જ્યારે કેટલાક સૈનિકો પાણી પીવા માટે કાલી પલટનના શિવ મંદિરે આવી પહોંચ્યા ત્યારે પેલા પુજારીએ પોતાના લોટા વડે સૈનિકોને પાણી પીવડાવવાનો ઈન્કાર કરી દીધો અને સૈનિકોને સંબોધીને કહ્યું કે ''હું ગૌમાતાની ચરબી લાગેલા અપવિત્ર કારતૂસોને પોતાના મોઢા વડે ખોલવાથી ધર્મભ્રષ્ટ થઈ ગયેલા તમને લોકોને મંદિરના પવિત્ર લોટા વડે પાણી કેવી રીતે પિવડાવી શકું.'' સૈનિકોએ જઈ એ વાત પોતાની છાવણીમાં રહેતાં પોતાના અન્ય સાથીદારોને જણાવી અને કહ્યું કે આ અંગ્રેજો આપણને ગૌમાતાની ચરબી લાગેલા કારતૂસોને આપીને આપણો ધર્મ ભ્રષ્ટ કરી રહ્યા છે. આ રીતે ગૌભક્ત હિન્દુ સૈનિકોની અંદરને અંદર બળવાની ભાવના ફેલાતી ગઈ.

✪અંગ્રેજોએ મંગલ પાંડેના વિદ્રોહને સામાન્ય સમજ્યા હતા. **૧૮૫૮ ૬ મેના દિવસે** મેરઠની છાવણીમાં ૯૦ હિન્દુસ્તાની ઘોડેસવાર સિપાહીઓને ચરબીયુક્ત કારતૂસો આપવામાં આવ્યા. ત્યારે તેમાંથી ૮૫ જેટલાં સિપાહીઓએ તેને હાથ લગાડવાનો પણ

ઈન્કાર કરી દીધો અને ખૂલો બળવો કરી દીધો. **૯ મેના એ દિવસે ૮૫ જેટલાં સિપાહીઓને કોર્ટ માર્શલ કરી ૧૦ ૧૦ વર્ષની સજા ફટકારી જેલમાં મોકલી આપવામાં આવ્યા.**

✪૧૦ મેના બીજા દિવસે એ છાવણીના તમામ હિન્દુસ્તાની સૈનિકોએ ખૂલ્લો બળવો કર્યો. જોતજોતામાં સૈનિકો અંગ્રેજો પર તૂટી પડ્યા. સમગ્ર મેરઠ શહેર આગની જ્વાળાઓમાં ભડભડ સળગવા લાગ્યું. તેમણે એક દિવસ પહેલાં ધરપકડ કરવામાં આવેલાં ૮૫ સૈનિકોને જેલમાંથી છોડાવી લીધા. **૧ ડઝનથી પણ વધારે અંગ્રેજ ઓફિસરોને મોતને ઘાટ ઉતારી દીધા.**

✪ આ બળવા પછી મેરઠ જિલ્લામાં રાજપૂતોનું બાહુલ્ય ધરાવતા ધોલાના પિલખુવા, ડહરી, મકીમપુર વગેરે ગામડાંઓમાં સભાઓ ભરવામાં આવી, પરિણામે લોકોમાં આક્રોશ ફૂટી નિકળ્યો અને તુરંત તેમણે ત્યાં જઈ ધોલાનાનું પોલીસ થાણું ફૂંકી નાખ્યું. જ્યારે એના આરોપસર ૧૩ રજપૂતો તથા ૧ વૈશ્ય યુવાન ઝન્કુમલ સિંઘલને પકડીને પિપળાના વૃક્ષ પર ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો, ત્યારે બ્રિટિશ સરકારની વિરૂધ્ધમાં જનતામાં ખુલ્લી બગાવત ફેલાઈ ગઈ. ૧૮૫૭ની આ ક્રાંતિ દરમ્યાન પિલખુવા (હવે ગાજિયાબાદ)ના ગઢીવાળા પ્રાચીન મંદિર પર રહેતાં એક ગૌભક્ત નાગા બાવાએ ગોરા સૈનિક ધ્વારા ગાય પર ગોળી ચલાવવામાં આવતાં પોતાની છાતી બંદુક સામે રાખી દીધી અને ગાયની સાથે નાગા બાવો જાતે પણ શદીદ થઈ ગયો.

✪આ રીતે દેશના અન્ય ભાગમાં પણ જ્યારે હિન્દુ મુસલમાન સૈનિકોને જાણ થઈ કે નવા કારતૂસો પર ગાય અને સુવરની ચરબી લાગેલી છે અને કારતૂસોને મોઢા વડે ખોલવા પડશે, ત્યારે અસંતોષ અને આક્રોશે ક્રાંતિનું સ્વરૂપ ધારણ કરી લીધું. દેશની સામાન્ય પ્રજા, ભારતના સૈનિકો ઉપરાંત રાજા મહારાજાઓ નવાબો સૌએ અંગ્રેજી રાજ્યને હટાવવા માટે ક્રાંતિમાં ભાગ લેવા તત્પર બન્યા અને ઠેર ઠેર ''સ્વધર્મની રક્ષા માટે અંગ્રેજો પર તૂટી પડો''નો કરવામાં આવેલો સાદ આ જ ધાર્મિક ભાવના અને ગૌભક્તિનો પરિચય કરાવી રહ્યો હતો. ભારતના ખેડૂતો, સિપાહીઓ અને દરેક વર્ગના લોકોમાં એ ભાવના પેદા થઈ ચૂકી હતી કે અંગ્રેજો અમારી ધાર્મિક સંસ્કૃતિની પ્રતીક સમાન ગૌમાતા પર પ્રહાર કરી અમારા ધર્મનો નાશ કરવા તત્પર છે. ત્યારે જ આ વિપ્લવની આગ ચરમ સીમા સુધી પહોંચી શકી હતી.

અનુસંધાન-૩

# ગાયની ભારતીય ઓલાદનો ખૂબ વ્યવસ્થિત રીતે નાશ કરવામાં આવી રહ્યો છે

## ૧. આજની આ ગૌસુધારણા નીતિ અને લુપ્ત પ્રાય થઈ રહેલી ભારતીય ગાયની ઓલાદઃ-

આજે આ ગૌસુધારણાની જે નીતિ ચાલી રહી છે, તે માત્ર દૂધના ઉત્પાદનમાં વધારો કરવાનો લક્ષ્ય રાખીને જ ચલાવવામાં આવી રહી છે. તેમાં માત્ર શહેરો સુધી દૂધ પહોંચાડવા સિવાય ગૌસુધારણા માટે બીજો કોઈ લક્ષ્ય છે જ નહીં. આ રીતે પશુપાલન પાછળ થતો મોટા ભાગનો ખર્ચ માત્ર શહેરોની સેવા કરવા નિમિત્તે કરવામાં આવી રહ્યો છે. ગામડાંના ખેડૂતની અને તેની ખેતીની તેમાં કોઈ ગણના જ નથી.

પશ્ચિમના દેશોએ પોતાના લક્ષ્યોની પૂર્તિ અનુરૂપ પોતાને ત્યાં એવા ગૌવંશનું સર્જન કર્યું છે, કે જે દૂધ તથા માંસ માટે જ પાળવામાં આવે છે. ત્યાં વાછડાંને તો કોઈ પાળતું જ નથી અને જન્મ થયાના એક અઠવાડિયા પછી તેને માંસ અને ચામડા માટે કતલખાને મોકલી આપવામાં આવે છે. ગાય જેવી નક્કી કરેલાં પ્રમાણ કરતાં ઓછા દૂધ પર આવી જાય છે, ત્યારે તેને પણ કતલખાને મોકલી આપવામાં આવે છે. કમનશીબે ઉપરોક્ત માનસિક સ્થિતિના આધારે પેદા કરવામાં આવેલ આપણી કેન્દ્ર સરકારની કહેવાતી પ્રગતિશીલ નીતિને આધિન ભારતમાં પાછલા ૪૦ વર્ષથી હોલિસ્ટિન, ફ્રિઝીયન, જર્સી વગેરે ઓલાદની ગાયો આયાત કરવામાં આવી રહી છે અને ગૌવંશની ભારતીય ઓલાદને ઉન્નત બનાવવાના નામે તથા વિકાસ કરવાના નામે ઉપરોક્ત વિદેશી જાતિની ગાયો ધ્વારા સંકર કરાવવામાં આવે છે. **પરિણામ સ્વરૂપે આલમબાદી, બિંઝર, ખાતિયાલી, પુલીપુલમ, બરગૂર, રાયચુરી તથા કેરાળાની વેચ્ચુર વગેરે ભારતીય જાતિની ગાયો હવે લુપ્ત થઈ છે. સ્થાનિક હવાપાણીની** અનુકુળતા અનુસાર એક જાતિનો વિકાસ કરવામાં ખૂબ લાંબો સમય લાગી જાય છે.

સરકારની નીતિ અંતર્ગત માત્ર વિદેશી ઓલાદ (ક્રોસબીડ)ની ગાયો માટે જ ધિરાણ કરી શકાય છે. બેંકમાંથી ધિરાણ પ્રાપ્ત કરવા માટે ડૉક્ટરો ધ્વારા એક પ્રમાણપત્ર આપવાનું હોય છે કે ગાય હૉલ્સ્ટીન છે, કે જર્સી. એનું પરિણામ એ આવી રહ્યું છે, કે આપણાં ખેડૂતો દેશી ઓલાદની ગાયોથી વિમુખ

થઈ રહ્યા છે. અગર જો ખેડૂતોને આ વિદેશી ઓલાદના ઢોરથી ખરેખર લાભ થતો હોત તો આ નીતિ સ્વીકાર્ય હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે વિદેશી ઓલાદની ગાયોથી ખેડૂતોને લગભગ નુકશાન જ થાય છે. પરંતુ આકર્ષણ તો માત્ર ધિરાણનું છે. રિઝર્વ બેંકની ધિરાણ નીતિને કારણે બે પ્રકારનું નુકશાન થઈ રહ્યું છે. સૌથી પહેલું કારણ એ છે, કે તેમાં ખેડૂત મુર્ખ બની રહ્યો છે. બીજું કારણ એ છે કે આપણી સદીઓથી ચાલી આવતી ગાયની શ્રેષ્ઠ ઓલાદ હવે લુપ્ત થઈ રહી છે.

## ક્રોસ બ્રીડિંગનું પરિણામઃ-

વિદેશી ઓલાદના સાંઢ સાથે કરવામાં આવતા બ્રીડિંગને ક્રોસ બ્રીડિંગ કહેવામાં આવે છે.આજે ક્રોસ બ્રીડિંગના જે પ્રયોગો ચાલી રહ્યા છે, તેનાથી એવો અનુભવ થઈ રહ્યો છે, કે દેશી વાછડીઓમાં દૂધ વધી જાય છે, પરંતુ વાછડાઓની ખેડાણ કરવાની શક્તિ ઘટી જાય છે. ભારતને દૂધ પણ જોઈએ અને ખેડાણ માટેની શક્તિ પણ જોઈએ. એટલા માટે જરૂરી એ છે, કે વિદેશી લોહીની અપેક્ષાએ ભારતીય લોહી આપવામાં આવે કે જેથી વાછડાંઓમાં ખેડાણ કરવાની શક્તિ કાયમ સચવાય રહે. કોઈપણ સ્થિતિમાં બળદની શક્તિ ઘટી જવી ભારત માટે અનુકૂળ ન હોય શકે.

## ૨.ભારતની ગાય તથા વિદેશી ગાય વચ્ચે ગુણાત્મક અંતરઃ-

**(૧)** વિદેશી ગાયને ખૂંધ ન હોવાથી પીઠ તથા ખભા સીધા હોય છે જેને કારણે વિદેશી ઓલાદના વાછડાંઓ ખેતીના કાર્યમાં તથા ભાર વહનનું કામ સારી રીતે કરી શકતા નથી. ભારતની ગાયના બળદો તથા સાંઢને ખૂંધ હોય છે જેથી સરળતાથી ધૂંસરું એના આધારે ટકી રહે છે.

**(૨)**વિદેશી ઓલાદના વાછડાંઓ મહેનતુ હોતા નથી તેઓ વધુ ગરમી સહન કરી શકતા નથી. અર્થાત્ દેશી બળદની જેમ તે વધુ સમય સુધી કામ કરી શકતા નથી. મે જૂનની વધારે ગરમીમાં તેમના માટે કામ કરવું મુશ્કેલ જ હોય છે. વિદેશી ઓલાદના વાછડાં, વાછડી વધુ ગરમી સહન ન કરી શકવાના કારણે તેઓ વધુ ગરમીમાં લગભગ મૃત્યુ પામે છે.

**(૩)** વિદેશી ઓલાદની હોલિસ્ટિન ગાય, અહીંના વાતાવરણ સાથે સરળતાથી તાલમેળ બેસાડી શકતી નથી. જેના કારણે તે તુરંત બિમાર પડી જાય છે અને તેની અહીં આવતાં જ દૂધ આપવાની શક્તિ પણ એટલી રહેતી નથી. તેની સેવા ચાકરી પણ ખૂબ મોંઘી પડે છે. તેને માટે બાંધેલું પાકું મકાન

જોઈએ, ફિનાઈલ છાંટી તેની નિયમિત સફાઈ થવી જોઈએ, લાલ દવાથી હાથ ધોઈ તેનું દૂધ કાઢવું જોઈએ. દુધાળુ ગાયને દરરોજ ૮ કિલો જેટલું કન્સનટ્રેશન (નક્કર આહાર) આપવું પડે છે. જ્યારે દેશી ગાયને આ બધી ચીજોની આવશ્યકતા પડતી નથી. દેશી ગાય ન તો પાકું મકાન માંગે છે, ન તો લાલ દવા કે ન તો કન્સનટ્રેશન તે અહીંના વાતાવરણ સાથે સરળતાથી ભળી જાય છે અને બિમાર પણ પડતી નથી.

**(૪)** વિદેશી ઓલાદની ગાયો પોતાની સાથે અનેક પ્રકારના રોગો લાવી છે, જે ભારતમાં ક્યારે પણ જોવા મળ્યા નથી અને ન તો સાંભળવા મળ્યા છે. જેમ કે ગર્ભનું પરિપકવ બન્યા પહેલાં ખરી પડવું, આકસ્મિક રીતે લાલ રંગનો પેશાબ કરવો અને મૃત્યુ પામવું.

**(૫)**વિદેશી ઓલાદની ગાયો બિમાર પડી જવાની પ્રવૃત્તિ ખૂબ વધારે છે તથા રોગોની પ્રતિરોધક શક્તિ ખૂબ ઓછી છે. દેશી ઓલાદની અપેક્ષાએ તેમનો મૃત્યુ દર ખૂબ વધારે છે.

**(૬)** વિદેશી ઓલાદની ગાયોના દૂધમાં પૌષ્ટિકતા, સાત્વિકતા અને સ્વાદ હોતો નથી, જે દેશી ઓલાદની ગાયોમાં હોય છે.

**(૭)** અગાઉના પ્રકરણમાં ભારતીય ગાયના દૂધમાં રહેલાં દિવ્ય ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે વિદેશી ગાયની ઓલાદમાં મળી આવતાં નથી. દેશી ઓલાદના ગૌવંશના છાણ અને ગૌમૂત્રમાં રહેલાં ગુણોનું પણ અગાઉના પ્રકરણમાં વર્ણન કરી દેવામાં આવ્યું છે. જે વિદેશી ગાયના છાણ તથા મૂત્રમાં હોતા નથી. દેશી ગાયના દૂધ, દહીં, ઘી, છાણ અને ગૌમૂત્રના મિશ્રણથી બનાવવામાં આવેલ પંચગવ્ય જ સંપૂર્ણ રીતે લાભદાયક છે.

## ૩.આપણી ગૌ સુધારાણા નીતિનો લક્ષ્ય શું હોયઃ-

### (૧) ગૌ સંવર્ધનનો લક્ષ્ય સર્વાંગી હોવો જોઈએઃ-

પ્રથમ તો એ નક્કિ કરવું જરૂરી છે, કે ભારતમાં ગાયના વિકાસનો લક્ષ્ય શું હોવો જોઈએ? વિદેશોમાં તો દૂધ અને માંસને લક્ષ્યમાં રાખી ગાયનો ઉછેર કરવામાં આવે છે. ભારતને દૂધ તથા ખેતરોના ખેડાણની આવશ્યકતા છે. આજે પણ આપણી ૭૫ ટકા ખેતી બળદો પર આધાર રાખે છે. નજીકના ભવિષ્યમાં બળદોની એથી પણ વધુ માંગ ઉઠશે. એટલા માટે ગાયના ઉછેરનો લક્ષ્ય સર્વાંગી ઓલાદ તૈયાર કરવાનો હોવો જોઈએ. અર્થાત્ વાછડી વધારે દુધાળુ હોય અને વાછડાં ખેતીવાડીને લાયક ઉત્તમ બળદ બને.

આજ સુધી તો લક્ષ્ય માત્ર દૂધનો વધારો કરવાનો રહ્યો છે. એના કારણે બળદની શક્તિ તરફ ધ્યાન આપવામાં આવતું નથી. ખરેખર તો એ થવું જોઈએ કે કરોડો ખેડૂતો રાખી શકે, એવી સર્વાંગી ગાયો પેદા કરવી જોઈએ. જે એક વેતરમાં ૧૦૦૦ લીટરથી ૨૦૦૦ લીટર દૂધ આપી શકે અને ઉત્તમ બળદો પણ આપે. ઉછેરની નીતિમાં એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે જે સર્વાંગી ઓલાદ છે અર્થાત્ દૂધ અને ઉત્તમ બળદ આપી શકે છે, એ ઓલાદને પસંદ કરી સંકરણ કરી શુધ્ધ રૂપે વિકાસ કરવો જોઈએ. જે ઓછા દૂધવાળી છે અથવા જે ગાય ખરાબ બળદો આપે છે, તેનો ક્રોસ કરી સર્વાંગી ગાય બનાવવી જોઈએ.

**(૨) અપગ્રેડિંગ (ભારતની ઓલાદ સાથે ક્રોસ કરવો):-**

ભારતના હવામાનની અનુકૂળ ઓલાદ તૈયાર કરવી હોય તો સિલેક્ટિવ બ્રીડિંગ અથવા અપગ્રેડિંગનો સહારો લેવો જોઈએ. આજે પણ સર્વાંગી ઓલાદના ઉત્તમ સાંઢ મળી શકે છે. તેની ઉપેક્ષા ન કરવી જોઈએ. તેના વિર્યનો સંગ્રહ કરીને પણ ઓલાદ વધારવી જોઈએ.

ઉપર જણાવ્યા પ્રમાણે વિદેશી ઓલાદ સાથે કરવામાં આવેલા બ્રીડિંગ ક્રોસ બ્રીડિંગ કહેવામાં આવે છે અને ભારતની ઓલાદના ક્રોસને અપગ્રેડિંગ કહે છે. પાછલાં અનેક વર્ષોથી મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ધોકસોંડ ગામે અપગ્રેડિંગનું કાર્ય ચાલી રહ્યું છે. તેના પરિણામો પણ ખૂબ જ ઉત્સાહ જનક આવ્યા છે. ખિલાર જાતિનો થારપાકર સાથે અપગ્રેડ કરાવવામાં આવ્યો. આ અપગ્રેડ કરવામાં આવેલ જાતિનું નામ ખિલાર જાતિનું નામ ખિલારધારી રાખવામાં આવ્યું. ખિલારનું દૂધ ૪ થી ૫ લીટર જેટલું હતું, વધુમાં વધુ દૂધ ૧૪ થી ૧૫ લીટર સુધી વધી ગયું. તેમાં ઘીનું પ્રમાણ પણ વધારે છે. ખેતી માટે બળદો પણ શ્રેષ્ઠ આવે છે. અર્થાત્ જ્યાં સુધી અપગ્રેડિંગથી કામ ચાલી શકતું હોય, ત્યાં અપગ્રેડિંગ જ કરવામાં આવે, પરંતુ ક્રોસ બ્રીડિંગ કરવામાં ન આવે.

**(3) માન્ય કરવામાં આવેલ ઓલાદ પર ક્રોસ બ્રીડિંગને સંપૂર્ણ પણ રોકવામાં આવેઃ-**

ભારતમાં પ્રાચીન સમયથી જ કેટલીક જાતિની ગાયો અસ્તિત્વ ધરાવી રહી છે. હજારો વર્ષના પ્રયત્નો અને હવામાનના કારણે કેટલીક જાતિની ગાયો સ્થિર થયેલી છે. તેમાંથી કેટલાક સ્થાયી ગુણો પણ જોવા મળ્યા છે. આ

જાતિની ગાયોમાં મુખ્યત્વે **ગીર, થારપાકર, હરિયાણા, કાંકરેજી, ઓંગાલ, કાગાયમ, દેવની વગેરે** ગાયો આવે છે. તેમાંથી મોટા ભાગની જાતિઓ સર્વાંગી છે. આ માન્ય કરવામાં આવેલ ઓલાદનો ભારતની ગાયની જાતિ સાથે સિલેક્ટિવ બ્રીડિંગ અથવા અપગ્રેડિંગ ધ્વારા વિકાસ કરવામાં આવે. તેનાથી તેમના સ્થાયી ગુણોને નુકશાન થયા વગર દૂધ અને બળદ શક્તિની બન્નેની વૃધ્ધિ કરી શકાશે.

આજે આપણી પાસે હરિયાણા, થરપાકર, કાંકરેજી, ઓંગોલ વગેરે ગાયો દર વેતર દીઠ ૨૦૦૦ થી ૨૫૦૦ લીટર દૂધ આપનારી અને સારી જાતિના બળદો આપનારી ગાયો અસ્તિત્વ ધરાવે છે. જેનાથી એ સ્પષ્ટ થાય છે, કે બે થી અઢી હજાર લીટર સુધી દૂધ અને ઉત્તમ જાતિના બળદો પેદા કરવા સંભવ છે. નિષ્ણાંતોએ પોતાની શક્તિને આ કાર્યની અંદર લગાડવી જોઈએ. માન્ય કરવામાં ગાયોની જાતિ પર ક્રોસ બ્રીડિંગ કરી તેમના કાયમી ગુણોનો નાશ કરવો ગૌવંશ તથા દેશ બન્ને માટે નુકશાનકારક છે.

**(૪) અંત્યોદય (ખેડૂતની ગાયનો વિકાસ કરવો):-**

શહેરોની કેટલીક ગાયોને ૩ થી ૪ હજાર લીટર દૂધ આપી શકે તેવી બનાવવાથી જ ભારતમાં દૂધના પૂરવઠાના પ્રશ્નનો નિકાલ નહીં આવે. જરૂરિયાત તો એ વાતની છે, કે ભારતમાં કરોડો ગાયો કે જે દરેક વેતરમાં ૫૦૦ લીટરથી ઓછી દૂધ આપનારી છે, તેનો વિકાસ કરી તેમાં દરેકમાં દર વેતરદીઠ ૧૦૦૦ થી ૨૦૦૦ લીટર સુધી દૂધ વધારવામાં આવે. ગાયના વિકાસના વિષયમાં અંત્યોદયનો સિધ્ધાંત લાગૂ કરવો પડશે. અર્થાત્ જે ગાયો સૌથી ઓછું દૂધ આપનારી છે, તેમનો પ્રથમ વિકાસ કરવામાં આવે. તેમના દૂધનું પ્રમાણ ત્રણથી ચાર ઘણું વધારવામાં કોઈ મુશ્કેલી નથી. ભારત જેવા વિશાળ દેશમાં ગામડાઓમાં વસનારા દેશ માટે આખરી ગાયને ઉઠાવવી અને સુધારવી તે પ્રથમ કર્તય હોવું જોઈએ.

**૪. એકાંગી તથા સર્વાંગી જાતિ:-**

(૧) જે ગાય દૂધ ખૂબ આપે છે, પરંતુ તેના વાછડા ખેતીના કામમાં તથા ગાડું ખેંચવાના કામમાં ઉપયોગી હોતા નથી તે ગાયને **દૂધ પ્રધાન એકાંગી જાતિ** કહેવામાં આવે છે.

(૨) જે ગાય દૂધ ખૂબ ઓછું આપે છે, પરંતુ તેના વાછડાઓ ખેતીવાડી

અને ગાડું ખેંચવા માટે ખાસ ઉપયોગી છે તે **''વત્સ (વાછડા) પ્રધાન એકાંગી જાતિ''** કહેવામાં આવે છે.

(૩) જે ગાયો દૂધ પણ વધારે આપે છે તથા વાછડા પણ બળવાન તથા ઉપયોગી હોય છે તે **''સર્વાંગી જાતિ''** કહેવામાં આવે છે.

ઉપરોક્ત વર્ગીકરણ અનુસાર કેટલીક ભારતીય ગાયોની જાતિની માહિતિ નીચેના કોઠામાં આપવામાં આવી રહી છે.

| દૂધ પ્રધાન એકાંગી | વત્સ પ્રધાન એકાંગી | સર્વાંગી |
|---|---|---|
| **(૧) સાહીવાલ-**તેની ગણત્રી ભારતની સર્વશ્રેષ્ઠ ગાયોમાં થાય છે.તે અફઘાન જાતિ તથા ઉત્તર ભારતની ગાયોના મિશ્રણથી બનેલી છે. **(૨) લાલ સિંધી-**તેની ગણત્રી ભારતની સૌથી વધુ દૂધ આપનારી ગાયોમાં કરવામાં આવી છે. આકારમાં નાની હોય છે, પરંતુ દૂધ આપવાની શક્તિ વધારે હોય છે. તે લાલ રંગની હોય છે અને કોઈપણ જગ્યાએ પાળી શકાય છે. | (૧) પંવાર (પીલીભીત) (૨) બૈરીગઢ (ખેરીગઢ વિસ્તાર) (૩) નાગોરી (જોધપુર) (૪) અંગોલ (મદ્રાસ રાજ્યનો અંગોલ વિસ્તાર) (૫) અમૃત મહલ (મૈસુર રાજ્ય)(૬) માલવી (ગ્વાલિયર વિસ્તાર) (૭) નિમાડી (૮) દજ્જલ (પંજાબનો દેરાગાંજીખાં વિસ્તાર) (૯) ભગનાડી (નારી નદીના કિનારાનો પ્રદેશ) (૧૦) ધન્ની (૧૧) મેવાતી (૧૨) ડાંગી (મહારાષ્ટ્રનો અહમદનગર નાસિક તથા ગુજરાતનો વાંસદા તથા ધરમપુર વિસ્તાર) (૧૩) ખિલ્લારી (મહારાષ્ટ્ર) (૧૪) બછૌર (બિહાર રાજ્યનો સીતા મઢી જિલ્લાનો બછૌર કોઈલપુર વિસ્તાર) (૧૫) આલમબાદી (મૈસુર રાજ્ય) (૧૬) બરગૂર (મદ્રાસનો કોયમ્બતૂર પાસેનો બરગૂર નામના પહાડ પર) (૧૭) હલ્લીકુર (મૈસુર રાજ્ય) | (૧) હાંસી-હિંસાર (હિંસાર જિલ્લામાં હાંસી નદીની આસપાસનો વિસ્તાર) (૨) હરિયાણા (હરિયાણા, ભરતપુર અલવર વિસ્તાર) (૩) થરપાકર (કચ્છ જોધપુર, જેસલમેર વિસ્તાર)(૪) કાંકરેજી (સૌરાષ્ટ્ર, વડોદરા, સુરત) (૫) દેવની (હૈદ્રાબાદ, મુંબઈ) (૬) ગાવલાવ (વર્ધા, નાગપુર) (૭) કૃષ્ણાવલ્લી (મુંબઈ, હૈદ્રાબાદ કૃષ્ણા નદીના કિનારા ની આસપાસ નો વિસ્તાર) (૮) રાઠ(૯) લોહાણી (પાકિસ્તાનનો બલૂચિસ્તાનની લોરાઈ એજન્સી, પર્વતાળ પ્રદેશોમાં ખૂબ ઉપયોગી ખૂબ જ ગરમી તથા ખૂબ જ ઠંડી સહન કરી શકે છે.(૧૦)સીરી કયાન (દાર્જીલિંગ, સિક્કિમ, ભૂતાનનો પર્વતાળ પ્રદેશ) (૧૧) ગીર |

અનુસંધાન-૪

# ભૂકંપનું મુખ્ય કારણ જીવ હત્યા જ છે

ભૂકંપ જેવી મહાવિનાશકારી દુર્ઘટનાનો સંબંધ પ્રાણીઓના સામૂહિક સંહાર સાથે છે, આ વાત કહેવા તથા સાંભળવામાં ઘણી વિચિત્ર અને ચોંકવનારી લાગે છે, પરંતુ દિલ્હી યુનિવર્સિટીના જાણીતા વિજ્ઞાની ડૉ.મદન મોહન બજાજે પોતાના બે સાથીદાર વિજ્ઞાનીની મદદથી એ વાત સાચી સાબિત કરી દીધી છે. ડૉ.બજાજે પોતાના ગૌરવશાળી સંશોધનનું નામ આપ્યું છે. ''**ઝેરી અસર**'' (વિષ પ્રભાવ) ડૉ.બજાજે પોતાના મહત્વના સંશોધનને ૧૯૯૫ના જૂન માસમાં રશિયાના મોસ્કો શહેરની નજીકમાં આવેલા સૂજડલ નામના શહેરમાં યોજાયેલાં એક આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનીઓના સંમેલન રજૂ કર્યું હતું. આ મહાન સંશોધન નિબંધે ન માત્ર વૈજ્ઞાનિક જગતમાં હાહાકાર મચાવ્યો, પરંતુ આજ સુધીના તમામ વૈજ્ઞાનિક ભૂકંપ સંબંધી ધારણાઓને હચમચાવીને રાખી દીધી. ખરી રીતે તો તેમના આ ક્રાંતિકારી મૌલિક સંશોધન પેપરે અહિંસા તથા સહઅસ્તિત્વના સિધ્ધાંતની વૈજ્ઞાનિક ધરતી પર સ્થાપના કરી એક નવા યુગનો આરંભ કરી દીધો. આ સંશોધન પેપરે જ્યાં એક બાજુ વિજ્ઞાન અને દર્શનનો અદ્‌ભૂત સમન્વયની સ્થાપના કરી છે, તો બીજી બાજુ એ રહસ્ય પણ ખુલી ગયું કે ભૂકંપ મનુષ્યની મૂર્ખતાઓથી પેદા થાય છે અને મનુષ્ય જો ઈચ્છે તો તેને રોકી શકે છે.

ડૉ.બજાજના સંશોધન નિબંધ ''બિસ પ્રભાવ''નું તાત્પર્ય છે ''બજાજ ઈબ્રાહિમ સિંહ'' અર્થાત્ મદન મોહન બજાજ, મૌહમ્મદ સૈયદ મૌહમ્મદ ઈબ્રાહિમ અને ડૉ.વિજય રાય સિંહના નામોનું સંક્ષિપ્ત રૂપ (ટૂંકુ નામ) છે.''વીસ અસર'' ખરી રીતે તો પ્રસિધ્ધ વિજ્ઞાની આઈસ્ટીનનું સંશોધન ''આઈસ્ટીનના દર્દ તરંગો'' Einstein pain waves ની અસરને આલેખે છે. એ સંશોધન પેપરમાં જણાવવામાં આવ્યું છે, કે વિજ્ઞાને તરંગોના બળ પર તમામ ચમત્કારો કરી દેખાડ્યા છે. રેડિયો,ટી.વી., ઉપગ્રહ એટલા સુધી એ અણુંબોંબ જેવા વિસ્ફોટો સુધ્ધા તરંગોથી સંચાલિત થાય છે. એટલું જ નહીં તરંગોના બળ પર જ રશિયાના વિજ્ઞાનીઓ લ્યૂનોખોદ નામના યંત્ર વડે પૃથ્વી પર બેઠા બેઠા ચંદ્રમા પરથી માટી ખોદીને લાવ્યા હતા. એજ રીતે દર્દ તરંગો ધ્વારા જ ભૂકંપોનો જન્મ થાય છે.

વિજ્ઞાનીઓના કથન અનુસાર આ પૃથ્વી પર ૩ પ્રકારના તરંગો સતત વહેતાં રહે છે. (૧) પ્રાથમિક તરંગો (૨) દ્વિતીય તરંગો અને (૩) ભૂગર્ભ તરંગો. પ્રાથમિક તરંગો ખૂબ તીવ્ર હોય છે અને દ્વિતીય સ્તરના તરંગો થોડા ધીમા. આ બન્ને તરંગો જીવોની હત્યાના સમયે પેદા થતા તેમના ભયંકર ચિત્કાર ધ્વારા ફેલાતા હોય છે. પ્રાણીઓની સતત થતી હત્યાથી આ પ્રકારના તરંગો ઉઠતા રહે છે અને તેનું સંકલન (ડેન્સીફાઇ) થતું રહે છે અને જ્યારે આ તરંગોની ઉર્જા શક્તિ વિસ્ફોટક સ્થિતિ સુધી વધી જાય છે, પૃથ્વી ભૂગર્ભમાં કંપન પેદા થાય છે.જેને આપણે ભૂકંપના નામે ઓળખીયે છીએ. આ સંશોધન ધ્વારા એ સાબિત કરવામાં આવ્યું છે, કે જ્યારે મોટા પ્રમાણમાં જીવોની હત્યા કરવામાં આવે છે, ત્યારે તેનાથી જે વેદના ઉત્પન્ન થાય છે. એ જ ઈ.પી.તરંગો Einstein pain waves હોય છે. ભલેને તે મનુષ્યની હોય કે પશુઓની આ તરંગોમાં એટલી તો જબરદસ્ત શક્તિ હોય છે, કે પૃથ્વી સુધ્ધા કાંપી ઉઠે છે; જેને સામાન્ય બોલચાલની ભાષામાં ભૂકંપ કહેવામાં આવે છે. આ સંશોધનમાં એ પણ જણાવવામાં આવ્યું છે, કે જીવહત્યાનો ભૂકંપ સાથે પરસ્પર સંબંધ બરાબર એવો છે, કે જેવી રીતે આહારના અતિરેક્તથી અજીર્ણ અને અપચો થાય છે,અહીં પર તર્ક એ છે, કે જ્યાં જીવ હત્યાઓ થઈ રહી છે, ત્યાં જ ભૂકંપ આવે એ જરૂરી નથી. એ તરંગોના પ્રભાવથી વિશ્વના કોઈપણ ખૂણામાં આ ભૂકંપ આવી શકે છે.

ડૉ.બજાજે પોતાના તારણમાં વિષ પ્રભાવના સંશોધન પેપરને જે વૈજ્ઞાનિક આધાર આપ્યો છે, તે આ પ્રમાણે છે. (૧) ભૂકંપના પ્રકાશનું અવલોકન (૨) ભૂગર્ભ જળમાં રેડાનમાં વધારો, (૩) ધ્વનીની ઈનાઈસોટ્રોપી (અસમાનતા)નું વધી જવું અને ખડકો પરના દબાણમાં વધારો.(૪) ઝેરી ગેસો(ફાસ્જીન વગેરે)નું બહાર ફેંકાવું.

અર્થાત્ ભૂકંપ આવતા પહેલાં જમીનના ભૂગર્ભ જળમાં રેડાનની ઘનતા (કંસન્ટ્રેશન) દસ ઘણી થઈ જાય છે. આ વાસ્તવિકતાનું સમર્થન ચીન જાપાન જેવા વિશ્વના સૌથી વધારે ભૂકંપ વાળા દેશોના વિજ્ઞાનીઓ કરી ચૂક્યા છે. જમીનમાંથી રેડાન ત્યારે જ બહાર ફેંકાય છે, કે જ્યારે ખડકોમાં તિરાડો પડે. આ તિરાડો ત્યારે પડે છે, કે જ્યારે એકાઉસ્ટિક એનાઈસોટ્રોપીમાં વધારાના કારણે ખડકો પર ખૂબ જ દબાણ વધી જાય છે. અહીં ધ્યાન આપવા યોગ્ય વાસ્તવિકતા એ છે, કે ઈ.પી. તરંગો Einstein pain waves જેમ જેમ

વધતાં જાય છે, તેમ તેમ એકાઉસ્ટિક એનાસોટ્રોપીમાં વધારો થતો જાય છે. કહેવાનો અર્થ એ છે, કે ઈ.પી.તરંગો જ ભૂકંપનું મુખ્ય કારણ છે. જે પ્રાણીઓની કતલ કરવાથી પેદા થાય છે. અહીં પર ભૂગર્ભના પરીક્ષણના આધારે સાબિત કરવામાં આવ્યું છે, કે પૃથ્વી પર પ્રાથમિક અને દ્વિતીય પ્રકારના તરંગો રૂપે દરેક સમયે જે ઈ.પી.વેબ્ઝ વહેતાં રહે છે. એટલા માટે આ તરંગોની ઉર્જા એકત્ર થઈને ધરતીના જુદાજુદા પડમાં શોષાતી રહે છે. અગર પૃથ્વીના પડની શોષણ કરવાની શક્તિ માત્ર ૧૦ ટકા માનીએ તો પણ ખૂબ વધારે છે. આ શોષણના પરિણામ સ્વરૂપે ઈ.પી.વેબ્ઝના ઉર્ધ્વગામી દબાણથી એકાઉસ્ટિક એનાઈસોટ્રોપીમાં વધારો થતો જાય છે. અને ભૂગર્ભમાં રહેલાં ખડકો પર દબાણ વધી જાય છે. એટલી હદ સુધી વધી જાય છે, કે પૃથ્વીના પડ દ્વારા શોષવામાં આવેલા ઈ.પી.વેબ્ઝની ઉર્જા ફોસજીન વગેરે અન્ય ગેસોસહિત ભયંકર વિસ્ફોટની સાથે પૃથ્વીના ખડકો વિંધી બહાર નીકળી આવે છે. એના દ્વારા પૃથ્વી પર કંપન પેદા થાય છે. એજ ભૂકંપ કહેવાય છે.

કારણ કે ઈ.પી. તરંગોનો સીધો સંબંધ પ્રાણીઓની કરવામાં આવતી કતલ સાથે છે, એટલા માટે એમાં કોઈ બે મત નથી કે જ્યાં કતલખાનાઓ વધુ હશે અથવા જ્યાં હત્યાઓ વધુ વધુ થતી હશે, ત્યાં આ પ્રકારના વિસ્ફોટોની શંકા પણ વધુ રહેશે. કતલખાનામાં કતલ બંધ થઈ જાય, હત્યાઓ બંધ થઈ જાય, તો ઈ.પી.તરંગોનું પ્રસારણ થવું આપોઆપ બંધ થઈ જશે. એટલા માટે જાનવરોની કતલ બંધ થવી એ હંમેશા માટે જરૂરી છે.

પોતાના સંશોધનમાં એ પણ જણાવવામાં આવ્યું છે, કે એવું નથી કે તમામ ભૂકંપો ઈ.પી.તરંગો દ્વારા જ આવે છે, પરંતુ ભૂગર્ભ અણુ ધડાકા, જ્વાળામુખીની પ્રક્રિયા, મોટા મોટા બંધોનું બાંધકામ અને ભૂગર્ભમાંથી ડીઝલ વગેરે લુબ્રીકેટ્સ ઓઈલનું સતત થતું દોહન જેવા બીજા અનેક એવા કારણો છે, કે જેનાથી પૃથ્વી પર ભૂકંપ આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે, કે પૃથ્વી પર આવનારા ભૂકંપોમાંથી મોટા ભાગના ભૂકંપો ઈ.પી.વેબ્ઝ દ્વારા આવે છે. જે પ્રાણીઓના ભયંકર કરૂણ ચિત્કારોથી વહે છે. કદાચ આ કારણે જ આજે સમગ્ર વિશ્વમાં ભૂકંપ દ્વારા રચાતી વિનાશ લીલાનો ક્રમ દર વર્ષે વધતો જઈ રહ્યો છે. આજે વિશ્વમાં જેટલા ભૂકંપો આવે છે, એટલા ભૂકંપો પહેલાં કોઈપણ યુગમાં આવ્યા નથી.

ભારતના ઋષિમુનિઓએ પ્રાચીન ગ્રંથોમાં માનવસમાજને દરેક પ્રાકૃતિક તથા દૈવી પ્રકોપથી બચાવવા માટે કોઈને કોઈ ઉપાય અવશ્ય બતાવ્યો છે. પરંતુ તેમણે ભૂકંપની વિનાશ લીલાનો ક્યાંય પણ ઉલ્લેખ કર્યો નથી. કદાચ એ દિવસોમાં ભૂકંપ આવતો જ નહીં હોય. અગર આવતો હશે તો પણ તેમણે પહેલાંથી જ તેને અટકાવવા માટે જાનવરોની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો હતો. આ જ કારણ છે, કે આપણાં ધાર્મિક ગ્રંથોમાં જીવ હત્યાને સૌથી મોટું પાપ જણાવ્યું છે અને ગાય જેવા પવિત્ર, પૂજ્ય પશુઓની હત્યાને તો સૌથી ઘૃણાસ્પદ, અધમ અને મહાપાપ તથા બ્રહ્મહત્યાનું પાપ બતાવ્યું છે. જો કે આજે વિશ્વના અનેક દેશો એવા છે,કે જે ગાય જેવા શુધ્ધ શાકાહારી પવિત્ર પશુના માંસનો જ ખાદ્ય સામગ્રી રૂપે વધુ ઉપયોગ કરે છે. તેની ભરપાઈ કરવા માટે દરરોજ હજારો ગાયોની સામૂહિક કતલ કરી નાખવામાં આવે છે. વિશ્વના મોટા ભાગના દેશો પૈસાની લાલચમાં દરરોજ નવા નવા કતલખાના ખોલાવી માંસની નિકાસ કરવામાં વિશ્વરેકોર્ડ તોડવાની હરિફાઈ કરી રહ્યા છે અને ભારત તે પૈકીનો એક દેશ છે. કતલ કરવાની હરિફાઈમાં લાગેલા દેશો એ નથી જાણતા કે આ ખોટા પ્રયત્નો સમગ્ર માનવતા માટે કેટલા ખતરનાક સાબિત થઈ શકે છે. તમામ પ્રાણીઓને જીવન જીવવાનો હક છે, તેમની હત્યા કરવાથી આપણું ક્યારે પણ કલ્યાણ ન થઈ શકે, સિવાય વિનાશ.

**અનુસંધાન-૫**

# આપણે ઉર્જા દુષ્કાળના મોઢામાં ધકેલાઈ રહ્યા છીએ

## (૧) ઉર્જાની વપરાશમાં વધારોઃ-

### ૧. ખેતીવાડીમાં ઉર્જાની વપરાશમાં વધારોઃ-

**(અ) <u>ખેતીમાં થતી સીધી વપરાશ</u>**

| | | |
|---|---|---|
| ☆૧૯૬૦માં | - | ☆કુલ ઉર્જાના વપરાશના ૧.૬% હતી. |
| ☆૧૯૯૦માં | - | ☆કુલ ઉર્જાના વપરાશના ૯.૨% થઈ ગઈ. તેના ૫૮% વપરાશ પેટ્રોલિયમ પદાર્થો પર આધાર રાખતી હતી. |
| ☆૧૯૯૬-૯૭માં | - | ☆કુલ હાઈસ્પીડ ડીઝલની વપરાશના ૨૦% |
| ☆આઠમી યોજનાના ખરડાના રેકોર્ડ અનુસાર અનુમાન | - | ☆કુલ વિજળીની ઉર્જાની વપરાશ ૨૩% (મુખ્યત્વે ટ્રેકટર અને પપિંગ સેટમાં) |

**(બ) <u>ખેતીમાં આડકતરી વપરાશઃ-</u>**

મુખ્યત્વે આ ઉપયોગ રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને મશીનના ઉત્પાદન સાથે સંબંધ ધરાવે છે.

**(૧)** નીચે જણાવેલ ઉત્પાદન માટે કુલ ઉર્જાના વપરાશની આવશ્યકતા

| | | |
|---|---|---|
| ☆નાઈટ્રોજન તત્વ | - | ☆દર કિલોદીઠ ૮૦ એમ. જે. |
| ☆ફોસ્ફેટિક તત્વ | - | ☆દર કિલોદીઠ ૧૨ એમ.જે. |
| ☆પોટાશ તત્વ | - | ☆દર કિલોદીઠ ૮ એમ.જે. |
| ☆પેસ્ટી સાઈડ | - | ☆દર કિલોદીઠ ૧૦૦ એમ.જે. |

**(૨)** અર્થાત્ ૧ કિલો નાઈટ્રોઈજન-ખાતરના ઉત્પાદન માટે ૨ કિલો કોલસો, ૧.૩ કિલો ઓઈલની જરૂરિયાત છે.

**(૩)** ખાતરની વપરાશમાં વધારો-

| | |
|---|---|
| ☆૧૯૫૦-૫૧માં વપરાશ હતી | -૬૫, ૬૦૦ મેટ્રિક ટન |
| ☆૧૯૯૫-૯૬માં થઈ ગઈ | -૧૩૮.૭ લાખ મેટ્રિક ટન (અર્થાત્ ૨૧૧ ઘણી વધી) |

## (૨) વ્યવસાયિક ઉર્જાની વપરાશમાં વધારોઃ-

| | |
|---|---|
| ☆૧૯૫૩-૫૪માં વપરાશ | -૧૯.૮ મેટ્રિક ટન ઓ.ઈ. હતી |
| ☆૧૯૯૦-૯૧માં | -૧૦૧.૫ મેટ્રિક ટન ઓ.ઈ. થઈ ગઈ |

☆દર વર્ષે વપરાશમાં વધારા દર - ૪.૫%

**(૩) પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની વપરાશમાં વધારોઃ-**

તેલ અને ગેસની વપરાશમાં ઘણી તીવ્રતાથી વધારો થયો છે.

(૧) છઠ્ઠી યોજના દરમ્યાન વધારા દર -૫.૪%

(૨) સાતમી યોજના દરમ્યાન વધારા દર -૬.૯%

(૩) પેટ્રોલિય પ્રોડક્ટ્સના પ્રમાણમાં વધારો-

☆૧૯૭૦-૭૧માં વપરાશ -૧.૭૯ કરોડ મેટ્રિક ટનમાં હતી

☆૧૯૯૫-૯૬માં વપરાશ -૭.૫ કરોડ મેટ્રિક ટન થઈ હતી

એક અનુમાન અનુસાર

૨૦૧૦-૧૧ સુધી -૧૬.૪૦ કરોડ મેટ્રિક ટન થઈ જશે.

**(૪) પેટ્રોલિય પ્રોડક્ટ્સના આયાત બિલમાં વધારોઃ-**

☆૧૯૬૦-૬૧માં વાર્ષિક આયાત બિલ -૭૦ કરોડ મેટ્રિક ટન હતું

☆૧૯૯૦-૯૧માં વધીને -૧૦૮.૭ કરોડ થઈ ગયું

☆૧૯૯૫-૯૬માં વધીને -૨૪૦.૯૫ કરોડ થઈ ગયું

☆૧૯૯૬-૯૭માં વધીને -૩૩૪.૨૦ કરોડ થઈ ગયું

**(૨) ઉર્જાના સાધનોના ભંડારોઃ-**

વિશ્વમાં સ્વતંત્ર ભારતમાં ઉર્જાના સાધનોના ભંડારો આ પ્રમાણે છેઃ-

☆વિશ્વની કુલ વસ્તીની -૧૬% વસ્તી ભારતની છે.

☆વિશ્વના કોલના કુલ અનામત ભંડારના -માત્ર ૫.૭% ભારતમાં છે.

☆વિશ્વના કુલ હાઈડ્રોકાર્બન અનામત ભંડારના -માત્ર૦.૪% ભારતમાં છે.

પરંતુ વિશ્વના ખેતીનું ઉત્પાદન કરવાવાળા દેશોની સરખામણીમાં ભારતમાં નવીની કરણ કરવા યોગ્ય Renew able energy ઉર્જા (માનવશ્રમ, પશુ અને વનસ્પતિ વગેરે) આધારિત સાધનો ઘણાં વધારે છે.

**(૩) ઉર્જામાં આત્મનિર્ભરતાનું સ્તર (India's self reliance Index of oil) :-**

દેશના તેલ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતાના સ્તરમાં વધારો થવાના બદલે સતત ઘટાડો નોંધવામાં આવ્યો છે.

☆૧૯૮૪-૮૫માં આત્મનિર્ભરતાનું પ્રમાણ -૭૦%

☆૧૯૯૨-૯૩માં આત્મનિર્ભરતાનું પ્રમાણ -૪૮%

☆૧૯૯૭-૯૮માં આત્મનિર્ભરતાનું પ્રમાણ -૩૫%

સૌથી મોટી વિડંબણા એ જ છે, કે સરકાર છેલ્લા ત્રણ દસકાથી તેલની શોધખોળ, ઉત્પાદન અને વિકાસમાં સંલગ્ન છે, પરંતુ આપણે આત્મનિર્ભર થવાના બદલે આત્મનિર્ભરતાની સ્થિતિથી દૂર હટતા જઈ રહ્યા છીએ. અત્યારે તો તેલનું ઘરગથ્થુ ઉત્પાદન માત્ર ૩૫ ટકા થઈ રહ્યું છે. એટલે કે બાકીના ૬૫ ટકા કાચા ઓઈલ માટે આપણે વિદેશો પર આધાર રાખીએ છીએઃ-એના સંદર્ભમાં કેટલીક નિચેની ધ્યાન આકર્ષક વાતો જાણવા યોગ્ય છેઃ-

**૧-** આઠમી યોજનાના સમયગાળા દરમ્યાન કાચા તેલનું ઉત્પાદન, હાઈડ્રો કાર્બન(કોલસા) ના ભંડારો. યોજનાના આખરી વર્ષ માટે ઉત્પાદન, રિફાઈનરીંગ શક્તિના આયાત ખર્ચના સંદર્ભમાં જે પણ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો હતો તે હાંસલ થઈ શક્યો નથી. ઉદાહરણ રૂપે જોઈએ તોઃ-

☆કાચા તેલના ઉત્પાદનનો લક્ષ્ય ૧૯ કરોડ ૭૦ લાખ ટન હતો, જ્યારે તેનું ઉત્પાદન ૧૪ કરોડ ટન થયું.

☆હાઈડ્રો કાર્બન (કોલસા)નો લક્ષ્ય ૧૩.૨૫ કરોડ ટનનો હતો, જ્યારે તેનું ઉત્પાદન માત્ર ૫ કરોડ ટન થયું.

☆આઠમી યોજનાના અંતિમ વર્ષમાં કાચા તેલના ઉત્પાદનનો લક્ષ્ય ૫ કરોડ ટન તેલનો હતો, જ્યારે તેનું વાસ્તવિક ઉત્પાદન માત્ર ૨.૫ કરોડ ટન થયું. તેલની આયાત માટે ૭૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવાની સીમા મર્યાદા નક્કી કરવામાં આવી હતી. જ્યારે તેની આયાત માટે ૯૫,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો.

**(૨)** અત્યારે તેલની રિફાઈનરીઓની રિફાઈનરીંગ શક્તિ ૬ કરોડ ટનની છે. જ્યારે જરૂરિયાત ૧૨ કરોડ ટનની છે. મળતી માહિતિ અનુસાર ''ઓફશોર'' ખાસ કરીને મુંબઈ હાઈ તથા નીલમ તેલ ક્ષેત્રમાં તેલના ઉત્પાદનમાં ઘણો ઘટાડો નોંધાયો છે. આ બન્ને જગ્યા પર આવેલા તેલના કુવાઓમાં પાણી ઘુસી ગયું છે અને ગેસનું પ્રમાણ વધી ગયું છે. તેના સિવાયના બાકીના બીજા કુવાઓ ઘણાં જુના થઈ ગયા છે તથા તેલના પ્રમાણનું સ્તર ઘણું ઓછું થઈ ગયું છે.

**(૩)** આપણી સરકારે નવમી યોજનાના અંત સુધી દેશના કાચા તેલના ઉત્પાદનનો વાર્ષિક લક્ષ્ય ૩ કરોડ ૭૦ લાખ ટન નક્કી કર્યો હતો. જ્યારે ઘરગથ્થુ માંગ વધીને ૧૨ કરોડ ટન સુધી પહોંચી જવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ રીતે લગભગ ૮.૫ કરોડ કાચા તેલની આયાત કરવી પડશે.

આજની આત્મનિર્ભરતાનું ૩૫% સ્તર ૯ મી યોજનાના અંત સુધી એનાથી પણ ઘટી જવાની સંભાવના છે. ૭૦ થી ૭૫% તેલની આયાત કરવી પડશે. જે આઠમી યોજનાના અંત સુધીમાં ૬૫% લગભગ થવા જશે.

દેશના કાચા તેલના ઉત્પાદનમાં વધારો ન થવાથી તથા દિવસે દિવસે કાચા તેલની માંગ અને તેના પુરવઠા વચ્ચેની ખાઈ વધતી જવાના કારણે દેશના હુંડિયામણના ભંડાર પર ભારે દબાણ પડવાની સંભાવના છે. ડોલરની સરખામણીમાં રૂપિયાનું જે તીવ્ર ગતિથી અવમૂલ્યન થઈ રહ્યું છે, એવી સ્થિતિમાં આગામી દિવસોમાં વિદેશી હુંડિયામણના ભંડાર પર કેટલી વ્યાપક અસર થવાની છે તેનું અનુમાન અત્યારથી જ કરી શકાય તેમ છે.

**(૪)** કાચા તેલ (Crude oil) ની આંતરરાષ્ટ્રીય કિંમતની આપણી કિંમત પર સીધી અસર થાય છે. આંતરરાષ્ટ્રીય કાચા તેલની કિંમત પર મધ્યપૂર્વની રાજકીય સ્થિતિ ઘણી અસર કરે છે. જ્યાં વિશ્વના ઓઈલના કુલ તેલ ભંડારોના ૬૪% અનામત ભંડારો આવેલાં છે તથા તે અમેરિકન સૈન્યના સીધા નિયંત્રણ હેઠળ છે. આવી સ્થિતિમાં આપણાં દેશના સંરક્ષણની દૃષ્ટિએ આપણી જરૂરિયાતોની આત્મનિર્ભરતા ઘટીને ૫૦% થી નીચે આવી જવી જોખમ ભર્યું છે. જે આપણને અસહ્યીય આયાત કિંમત લદાવવાની સ્થિતિમાં લાવી શકે છે.

## (૪) વિદ્યુત ઉર્જાની સ્થિતિઃ-

ખેતી તથા ઉદ્યોગ ધંધાઓને પડતર કિંમતથી ઓછા દરે વિજળી પૂરી પાડવામાં આવે છે. જેના કારણે વધારાના દરેક મેગાવોટ વિજળીના ઉત્પાદન પર ૫૦ લાખ રૂપિયાનું નુકશાન થાય છે. એનું પરિણામ એ આવે છે, કે વિજળી બોર્ડ પર સબસીડીનો બોજ વધતો જઈ રહ્યો છે. શું આવી સ્થિતિ વધારે દિવસ સુધી ચાલી શકે? અગર તે ચાલુ રહે તો આ દેશની અર્થ વ્યવસ્થા માટે અશુભ સંકેત છે.

વિજળી કાપ તથા અછતના કારણે જ્યાં દિલ્હી સહિતના સમગ્ર ઉત્તરના રાજ્યોને વિજળી અંગે અભૂતપૂર્વ સંકટનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી બાજુ કેન્દ્ર સરકારના વીજળી પ્રોજેક્ટો અને એકમોને વિજળીની ખરીદી તથા ભરપાઈની કિંમત સમયસર ન ચૂકવી શકવામાં ઉત્તરના રાજ્યો અન્ય રાજ્યોથી આગળ છે. કેન્દ્રના વિજળી એકમોના પ્રાદેશિક વિદ્યુત બોર્ડો પાસે લેણી રહેતી રકમમાં સમગ્ર દેશમાં ઉત્તર પ્રદેશ પ્રથમ છે. જ્યારે દિલ્હીને બીજું

અને હરિયાણાને ચોથું સ્થાન મળેલું છે, બિહાર ત્રીજા સ્થાને છે. આ રાજ્યો પાસેથી કેન્દ્ર સરકારના એકમોને ૬,૫૫૦ કરોડ રૂપિયા વસુલ કરવાના છે. રાજ્યના વિદ્યુત બોર્ડો પોતાની આર્થિક દશાનો આક્રંદ કરી સતત પોતાની ઉપર દેવાનો ભાર વધારતા જાય છે.

ખેતીના સેક્ટર માટે વિજળીનો ચાર્જ દર યુનિટ માત્ર ૩૩ પૈસા દીઠ 0.33/ K.H છે. તેના પુરવઠાની કિંમત એનાથી લગભગ દસ ઘણી છે.

**(૫) હવે તો ચેતો, આપણી અપેક્ષિત ઉર્જાશક્તિ પર ધ્યાન દઈએઃ-**

ઉપરોક્ત ચિંતાજનક ઉર્જાના દુષ્કાળની સ્થિતિ હોવા છતાં બીજી બાજુ આપણું પરંપરાગત દેશી પશુ ધન રૂપી ઉર્જાના સાધનો ઉપેક્ષિત તથા બેકાર (Under utili zed) પડ્યું રહે છે. ભારતમાં દૂધાળુ તથા ઉન આપનારા પશુઓ ૨૭.૨૫ કરોડ તથા માલસમાન ખેંચનારા ૮.૫ કરોડ ઢોર છે. Draught animals તથા જાનવરો ધ્વારા ચાલતા ૧.૫ કરોડ ગાડા છે. આ પશુઓ ભારતની ખેતી, ભારતનું અર્થશાસ્ત્ર Economy તથા પર્યાવરણ સંબંધી (Ecology) ગહનતા સાથે જોડાયેલા છે અને તેને માત્ર વહન શક્તિ Draught power પૂરી પાડે છે. બલકે તે દૂધ, છાણ, મૂત્ર રૂપે ખાતર તથા મૃત્યુબાદ અન્ય કિંમતી ચીજો આપણને પૂરી પાડે છે. આ પશુઓ ધ્વારા પ્રાપ્ત કરવામાં આવી રહેલી ઉર્જા ૪૦,૦૦૦ મેગાવોટની બરાબર છે. કુલ વાવવામાં આવેલ વિસ્તારમાંથી ૬૦% વિસ્તાર નાની ખેડનો છે, પશુધન ઉર્જા Draught animal પર જ નિર્ભર કરે છે.

અગર આપણે આપણાં આ અનંત ઉર્જાના સાધનો તરફ ધ્યાન આપીએ તો પશુધનનું રક્ષણ, ઉછેર તથા ઉર્જાનો સદુપયોગને દૃષ્ટિમાં રાખીને નીતિ નક્કી કરીએ અને સંશોધન કરીએ તો કોઈકારણ નથી કે આપણે ગ્રામ્ય ઉર્જા તથા ખેતીની ઉર્જાની સમસ્યાનો ઉકેલ આસાનીથી આણી ન શકીએ અને આપણી વરસાદ ઉપર આધારિત ખેતી તથા આર્થિક સ્વાવલંબનનો અસરકાર ઉપાય ન શોધી શકીએ. હવે આપણે એ અંગે ચેતી જવું જોઈએ એ સમયની આવશ્યકતા છે.

પરિશિષ્ટ-૫

# ગાયની રક્ષા કરવા માટે કરવામાં આવેલાં પ્રયત્નોનો સંક્ષિપ્ત ઈતિહાસ અને એ અંગેના પરિણામો

ભારતમાં ''ગૌહત્યાબંધી'' માટે કરવામાં આવેલાં પ્રયત્નોનો ઈતિહાસ ખૂબ જુનો છે અને લાંબો છે. બ્રિટિશ સામ્રાજ્યના સમયે તમામ ભારતના રાજકીય નેતાઓ અને મહાપુરુષો એ વાતને બહુ સારી રીતે જાણતા હતા તથા અનુભવ કરી રહ્યા હતા કે આપણી ગુલામીનું બહુ મોટું કારણ ગૌહત્યા અને ગ્રામોદ્યોગનો વિનાશ છે. એટલા માટે જ્યારે સ્વરાજ માટે આંદોલન શરૂ થયું. ત્યારે આપણો મુખ્ય લક્ષ્ય ''ગૌહત્યાબંધી''નો હતો. સન્ ૧૮૫૭નો સૈનિક વિપ્લવ પણ ગૌરક્ષાના મહાન લક્ષ્યને ધ્યાનમાં રાખીને થયો હતો. સ્વતંત્રા સંગ્રામમાં તમામ રાજકીય નેતાઓ, ધાર્મિક મહાપુરુષોએ ગૌરક્ષાના પ્રશ્નને મુખ્ય પ્રશ્ન માન્યો હતો અને પ્રજાને પણ વચન આપ્યું હતું, કે સ્વરાજ્ય મળતાં જ કાયદાથી ગૌહત્યાને બંધ કરી દેવામાં આવશે. એ દિવસોમાં મહર્ષિ દયાનંદજીએ ગાય પર ''ગૌકરૂણાનિધિ'' નામનું પુસ્તક લખ્યું અને ''ગૌહત્યાબંધી'' માટે લાખો હસ્તાક્ષરી કરાવી મહારાણી વિક્ટોરિયાને મોકલી આપ્યા હતા. લોકમાન્ય તિલકે કહ્યું હતું કે ''સ્વરાજ્ય મળતાં જ કલમના એક ઝાટકાથી ભારતભરમાં ગૌહત્યા બંધ કરી દેવામાં આવશે.'' મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે ''ભારતમાં ગાય બચી જશે તો જ મનુષ્યજાતિ પણ બચી જશે.'' ગાય આજે મૃત્યુના કિનારે આવીને ઉભી છે. અગર એનો જો નાશ થઈ ગયો તો તેની સાથે જ આપણે પણ અર્થાત્ આપણી સંસ્કૃતિ પણ નાશ પામશે. મારો કહેવાનો અર્થ આપણી અહિંસા પ્રધાન ગ્રામ્ય સંસ્કૃતિ સાથે છે.

✪**સન્ ૧૯૨૧**ના અસહકારના આંદોલન દરમ્યાન ગોકુળ અષ્ટમીના પવિત્ર તહેવારના દિવસે દિલ્હીના પટોડી હાઉસમાં મળેલાં ઐતિહાસિક સંમેલનમાં (જેના સ્વાગત પ્રમુખ તરીકે હકીમ અજમલખાં હતા તથા તેનું અધ્યક્ષ સ્થાન લાલા લજપતરાયે લીધું હતું.) એ સમયે મહાત્મા ગાંધીની હાજરીમાં સર્વસંમતિથી પસાર કરવામાં આવેલ ઠરાવમાં કહેવામાં આવ્યું હતું કે અંગ્રેજી રાજ્યમાં ગૌહત્યા થઈ રહી છે; અર્થાત્ એ રાજને સહકાર આપવામાં ન આવે.

✪ગાંધીજીએ **તા-૨૫ જુલાઈ ૧૯૨૮**ના દિવસે ભારતમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ ગૌસેવા થાય તેને માટે સાબરમતી આશ્રમ ખાતે અખિલ ભારતીય ગૌસેવા સંઘની સ્થાપના કરી હતી. તેના અધ્યક્ષ ગાંધીજી સ્વયં હતા તથા તેના સંચાલનની જવાબદારીઓ પોતાની નજીકના સાથીદાર શ્રી જમનાલાલ બજાજને સોંપી હતી.

આ 'ગૌસેવા સંઘે',ગૌપાલન, ઉછેર, ગૌરક્ષા વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર કાર્ય કર્યું. સંઘની સ્થાપનાના સમયે ગાંધીજીએ ગૌરક્ષા અંગે ગૌવ્રત દ્વારા પ્રથમ શરૂઆત કરી. દરેક સભ્યો માટે તેમણે ''ગૌવ્રત ધારણ કરવું ફરજિયાત બનાવી દીધું હતું.'' ગૌવ્રત અર્થાત્ ઉપયોગમાં લેવામાં આવતાં દૂધ ,દહીં, ઘી તથા તેની પેદાશ ગાયના દૂધમાંથી બનેલી હોવી જોઈએ. અગર જો ગાયના દૂધની બનાવટોનો ઉપયોગ થતો હશે, તો જ ગાયને અમારા ઘરનો ઘાસચારો, ખાણ મળશે અને તો જ ગાયની સેવા થશે.

✪ગાંધીજીએ **૧૯૪૨ના** ''ભારત છોડો'' આંદોલનના ઠરાવમાં ગૌસેવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. એ સમયના મૈસુર રાજ્યના મુખ્યમંત્રી મિરઝાઈસ્માલે પોતાના રાજ્યમાં ગૌહત્યા બંધી કાયદો બનાવવા માટે ગાંધીજી પાસે સલાહ માંગી હતી અને ગાંધીજીએ તેનું પૂરેપૂરું સમર્થન કર્યું હતું.

✪ભારતના લગભગ તમામ દેશી રાજ્યોમાં સંપૂર્ણ ''ગૌહત્યાબંધી'' હતી. માત્ર અંગ્રેજી શાસનવાળી રાજ્યવ્યવસ્થામાં જ ગાયની હત્યા કરવામાં આવતી હતી. આ રીતે સ્વરાજ્ય આંદોલનના આરંભથી જ ''ગૌહત્યાબંધી'' માટે દેશ વચનબધ્ધ રહ્યો છે. ખિલાફતની ચળવળ દરમ્યાન મુસ્લિમ નેતાઓએ પણ ''ગૌહત્યાબંધી'' માટે પોતાનું અનુમોદન આપ્યું હતું અને કોંગ્રેસે પણ ડૉ.રાજેન્દ્ર પ્રસાદના પ્રમુખ સ્થાને એક સમિતિની રચના કરી હતી. જેણે વિસ્તૃત અધ્યયન કરી ગૌહત્યાબંધી માટે પોતાનો રિપોર્ટ રજૂ કર્યો. સ્વરાજ્ય મળ્યા પછી જ્યારે દેશનું બંધારણ બન્યું ત્યારે બંધારણ સભામાં ''ગૌહત્યાબંધી''ના પ્રશ્ન પર વિચાર કરવામાં આવ્યો હતો. આ બંધારણ સભામાં તમામ ધર્મના, જાતિઓના, પક્ષો અને જુદી જુદી વિચારસરણી ધરાવતા લોકો હતા. તેમણે સર્વસંમતિથી **બંધારણની કલમ ૪૮ (પ્રકરણ-૪ પેરેગ્રાફ-૪૮)**અનુસાર આધુનિક તથા વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા ખેતીનો આરંભ કરવો તથા પશુધનની વ્યવસ્થા અંગે પ્રયત્ન કરવો, ખાસ કરીને પશુધનની ઓલાદનું રક્ષણ અને સુધાર માટે પગલાં ભરવાં તથા ગાય, વાછડાં,વાછડીઓ અને દુધાળુ ઢોરની હત્યા બંધ કરવા કાયદાકીય પ્રતિબંધ લગાવવા નીતિ નિર્દેશક સિધ્ધાંત **(Directive Principle)** નો સ્વીકાર કરવામાં આવ્યો.

✪**તા-૧૯ નવેમ્બર ૧૯૪૭માં** ભારત સરકારે સરદાર દાતારસિંહના પ્રમુખ સ્થાને પશુ રક્ષણ અને ઉછેરના નિષ્ણાતોની એક સમિતિની નિમણૂંક કરી હતી. આ સમિતિએ સમગ્ર દેશમાં માત્ર બે વર્ષમાં જ સંપૂર્ણ ગૌહત્યા બંધી લાદવાનું સૂચન કર્યું હતું. પરંતુ સરકારે સમિતિના સૂચનોનો આંશિક રૂપે જ સ્વીકાર કર્યો અને તેનો પણ સંપૂર્ણરૂપે અમલ ન કર્યો.

✪બંધારણના આદેશ અનુસાર અને સમિતિના સૂચનોને ધ્યાનમાં રાખી ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ,રાજસ્થાન અને બિહારમાં ''ગૌહત્યાબંધી''નો કાયદો બનાવવામાં આવ્યો. પરંતુ અન્ય રાજ્ય સરકારોએ આ દિશામાં કોઈ પહેલ ન કરી. એનું એક કારણ એ પણ હતું કે આ વિષય નીતિ નિર્દેશક સિધ્ધાંતોમાં છે, જેને લાગૂ કરવા માટે કોઈ સમય સીમા મર્યાદા નક્કી કરી નથી, જેથી કોઈપણ રાજ્ય સરકારને કાયદાકીય રીતે તેને લાગૂ કરવા માટે મજબૂર કરી શકાય નહીં. અર્થાત્ ગૌરક્ષામાં શ્રધ્ધા ધરાવતાં લોકો સામે આંદોલન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નહીં.

✪**સન્ ૧૯૫૧માં** ભારત સરકારે પ્રથમ પંચવર્ષીય યોજના તૈયાર કરી અને તેની ઉપર ચર્ચા કરવા માટે વિનોબાજીને આમંત્રણ પાઠવવામાં આવ્યું. ત્યારે વિનોબાજીએ અત્યંત વિનયપૂર્વક ''ગૌહત્યાબંધી''નો કાયદો બનાવવાની વાત રજૂ કરી.

✪**સન્ ૧૯૫૨માં** ગૌપ્રેમી વીર રામચંદ્ર શર્માએ આમરણ ઉપવાસ શરૂ કર્યા જે વિનોબાજીના પ્રયત્નોથી છૂટ્યા. એ દિવસોમાં વિનોબાજી બિહાર રાજ્યમાં ભૂદાન યજ્ઞના નિમિતે ''પદયાત્રા'' કરી રહ્યા હતા. બિહારના એ સમયના મુખ્યમંત્રી શ્રી કૃષ્ણસિંહજીએ બિહારમાં ''ગૌહત્યાબંધી''નો કાયદો બનાવ્યો. ત્યાર પટણાની હાઈકોર્ટમાં કસાઈઓના પ્રતિનિધિઓએ આ કાયદાને પડકાર ફેંક્યો. પરંતુ તેમની અપીલને રદબાતલ કરવામાં આવી અને બિહાર સરકાર ધ્વારા પસાર કરવામાં આવેલાં ઠરાવને કાયદેસર માનવામાં આવ્યો. પરંતુ કસાઈઓએ આ નિર્ણયની વિરૂધ્ધમાં સુપ્રિલ કોર્ટમાં અપીલ કરી. **સન્ ૧૯૫૮માં સુપ્રિમ કોર્ટે બંધારણના ૪૮માં પેરેગ્રાફની છણાવટ કરતાં નિચે મુજબનો નિર્ણય આપ્યોઃ-**

**(૧)** ગાયોની કતલ કરી ન શકાય અગર જો વૃધ્ધ તથા નકામી ગાયોની કતલ કરવા માટે છૂટ આપવામાં આવે તો સારી જાતની ગાયોને પણ નહીં બચાવી શકાય. ગાયની કતલ ન કરવા માટે સુપ્રિમ કોર્ટે તેના આર્થિક કારણોનું વિશ્લેષણ રજૂ કર્યું છે.

**(૨)** વાછડા તથા વાછડીઓની પણ કતલ કરી ન શકાય.

**(૩)** યુવાન અને કામ કરવા લાયક બળદો, સાંઢ અને દૂધ આપતી ભેંસોની પણ કતલ કરી ન શકાય.

**(૪)** ઘરડાં તથા નકામા બળદો, સાંઢો અને ઘરડી ભેંસોની કતલ કરી શકાયઃ-

આખરી આપવામાં આવેલી આંશિક છૂટનું પરિણામ એ આવ્યું કે અનેક પ્રદેશોમાં ''સંપૂર્ણ ગૌહત્યાબંધી''નો કાયદો નિરર્થક બની ગયો અને નકામા બની

ગયેલાં ઘરડાં તથા નકામા બળદોના નામે તંદુરસ્ત યુવાન અને શ્રેષ્ઠ બળદો તથા વાછડાઓની કતલ શરૂ થઈ ગઈ. આ નિર્ણયનું એ પણ પરિણામ આવ્યું કે ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં જ્યાં સંપૂર્ણ ''ગૌવંશની હત્યાબંધી''નો કાયદો બનેલો હતો, ત્યાં ત્યાં તેમાં સંશોધન કરી આંશિક કાયદો બનાવવો પડ્યા. એટલે સુધી કે જ્યાં ગાંધીજીની મંજુરીથી મિરઝાઈસ્માઈલે સંપૂર્ણ ગૌવંશ હત્યાબંધીનો કાયદો બનાવ્યો હતો, ત્યાં પણ તેમાં સંશોધન કરવું પડ્યું. માત્ર જમ્મુ તથા કાશ્મીર રાજ્યમાં કલમ ૩૭૦ના કારણે સંપૂર્ણ ''ગૌવંશની હત્યાબંધી''નો કાયદો ચાલી રહ્યો છે. ત્યાં ગાય બળદની કતલ કરવા બદલ ૧૦ સાલની સજાની જોગવાઈ છે.

✪સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલો આ ફેંસલો વિનોબા સહિત દેશના તમામ ગૌભક્તોને યોગ્ય ન લાગ્યો. **સન્ ૧૯૫૧માં** રાજસ્થાનમાં વિનોબાજીના સાનિધ્યમાં ગૌભક્તોની એક ખાસ બેઠક યોજવામાં આવી. તેમાં ભારત સરકારના ખેતીવાડી તથા પશુપાલન ખાતાના મંત્રી, સરકારી નિષ્ણાતો અને દેશના મુખ્ય ગૌસેવકોએ ભાગ લીધો. તેમાં વિનોબાજીને ફરીથી સંપૂર્ણ ''ગૌહત્યાબંધી''નો કાયદો બનાવવાની માંગ કરી.

✪ગૌહત્યા બંધી અંગે ભારત સરકારના કેટલાક કર્ણધારોની ભાવના શુધ્ધ ન હોવાના કારણે ગૌહત્યાનું ઘોર કલંક દેશ પર માત્ર લાગી જ ન રહ્યું, પરંતુ વિદેશી શાસનના સમયની અપેક્ષાએ ગૌહત્યા અનેક ઘણી વધી ગઈ. ધાર્મિક તહેવારો, દવાઓ બનાવવા અને ચિકિત્સાના નામ પર ગૌહત્યા ચાલૂ રાખવાનો હઠાગ્રહ પકડી રાખવામાં આવ્યો. તદ્ઉપરાંત કોંગ્રેસ સરકારે અનાજની અછતની ભરપાઈના નામ પર દેશની પ્રજામાં વેચાણ કરવામાં આવતાં માંસ, ચામડાં, હાડકાં, ચરબી વગેરેના પૂરવઠામાં વધારો કરવા ભારતના મુંબઈ, કલકત્તા, મદ્રાસ અને દિલ્હી જેવા ચાર મોટા શહેરોમાં વિશાળ યાંત્રિક કતલખાના ખોલવાનો નિર્ણય કર્યો અને સરકાર ધ્વારા મુંબઈ અને કલકત્તામાં વિશાળ જમીનના પ્લોટ પર કબજો જમાવવામાં આવ્યો. કલકત્તામાં તો લોકોના વિરોધના કારણે ત્યાંની હાઈકોર્ટે સરકાર ધ્વારા કબજે કરવામાં આવેલી જમીનને એ તર્ક પર ગેર કાયદેસર ઠરાવી કે ગૌમાંસ, હાડકાં વગેરેના વેચાણનું કાર્ય લોકહિતનું કાર્ય નથી. પરંતુ મુંબઈના દેવનાર નામના સ્થળ પર (જાહેર ક્ષેત્રમાં) વિશાળ યાંત્રિક કતલખાનું ખોલવાની યોજના તૈયાર કરવામાં આવી.

✪**૧૯૬૨ના એપ્રિલ માસમાં** ભારત સરકારની નિરંતર ગૌહત્યા માટે પ્રોત્સાહન આપવાની વૃત્તિને દૃષ્ટિમાં રાખતા હરિધ્વાર ખાતે યોજાયેલા કુંભ મેળાના પવિત્ર તહેવાર પર અખિલ ભારતીય ધર્મ સંઘની આગેવાની હેઠળ એક વિશાળ ''ગૌરક્ષા સંમેલન''નું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જ્યાંથી અખિલ ભારતીય

ગૌરક્ષા અભિયાનનું સંચાલન થયું. જાણીતા ગૌભક્ત લાલા- હરદેવસહાયજી, હિન્દુ મહાસભાના જાણીતા નેતા શ્રીરામનાથ કાળિયા, જાણીતા ગૌભક્ત શેઠ સીતારામજી ખેમકા વગેરેના સક્રિય સહકારથી **૧૯૬૨ના ૧૮ ઓક્ટોમ્બરના** વિજયા દશમીના દિવસે ગૌરક્ષા અભિયાનનો આરંભ કરતાં અકોલા (મહારાષ્ટ્ર) શહેરેખાતેથી વિશાળ માનવ મેદની સાથે મુંબઈમાં ખોલવામાં આવી રહેલાં દેવનારના વિશાળ કતલખાનાને અટકાવવા માટે પ્રયાણ કરવામાં આવ્યું. રસ્તામાં આવતાં શહેરો અને ગામડાઓમાં જનજાગૃતિ આણતાં આ કૂચ **૨૩ ઓક્ટોમ્બર ૧૯૬૨ના દિવસે** મુંબઈ પહોંચી. શહેરના જુદા જુદા વિસ્તારમાં જોરદાર સભાઓ યોજીને કતલખાનું ખોલવાની યોજના રદ કરાવવા માટે લોકમત જાગૃત કરવામાં આવ્યો. કમનસીબે એ સમયે ચીન ધ્વારા કરવામાં આવેલાં આક્રમણના કારણે પંડિત નહેરુની અપીલ પર ગૌરક્ષા અભિયાનને સ્થગિત કરી દેશના રક્ષણને ધ્યાનમાં રાખતાં ગૌહત્યા અંગે લોકજાગૃતિ આણવાનું કાર્ય બંધ કરવામાં આવ્યું.

✪**૧૯૬૨માં** ચીન ધ્વારા કરવામાં આવેલા હુમલા પછી આપણાં દેશમાં આર્થિક સમસ્યાઓ શરૂ થઈ. એ સમયે વિદેશી હુંડિયામણ કમાવવા સલાહ આપવા માટે સરકારી અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવી. એ સમિતિએ એવો રીપોર્ટ આપ્યો કે માંસની નિકાસ કરી વિદેશી હુંડિયામણ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ એ સમયના વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીએ એ વાતનો અસ્વીકાર કર્યો. **૧૯૬૯થી** (જે વર્ષ ગાંધી જન્મ શતાબ્દિનું વર્ષ પણ હતું) ભારત દેશમાંથી માંસની નિકાસ ચાલૂ થઈ. ધીરે ધીરે વિદેશી હુંડિયામણનો લોભ વધતો ગયો અને દેશમાં જ જાનવરોની કતલ કરવા માટે નવા નવા આધુનિક કતલખાનાઓ ખુલવા લાગ્યા તથા ઝડપથી ગાય બળદની કતલ શરૂ થઈ ગઈ અને દિવસે દિવસે તેનું પ્રમાણ વધતું જ ગયું.

**૧૯૬૫ના ૨૪ ઓક્ટોમ્બરના** દિવસે અખિલ ભારત ધર્મસંઘના માર્ગદર્શનમાં સ્વામી નરેન્દ્રતીર્થની આગેવાની હેઠળ દેશના અગ્રગણ્ય નાગરિકોનું એક પ્રતિનિધિમંડળ વડાપ્રધાન સ્વ.લાલબહાદુર શાસ્ત્રીને મળ્યું, જેણે સમગ્ર ભારત દેશમાં કોઈપણ પ્રકારનો વિલંબ કર્યા વગર દેવનારના કતલખાનાના બાંધકામને રોકવા માટે અપીલ કરવામાં આવી. વડાપ્રધાનશ્રીએ આ પ્રતિનિધિ મંડળ સાથે સહાનુભૂતિ પૂર્વક વાતચીત કરી અને બન્ને કતલખાના (કલકત્તા તથા મુંબઈ)ના બાંધકામને તુરંત અટકાવી દેવાનું સ્પષ્ટ વચન આપ્યું. એ ઉપરાંત ઉત્તરોત્તર ગૌવંશના થઈ રહેલાં હ્રાસને અટકાવવા કાયદા ધ્વારા સંપૂર્ણ રીતે ગૌહત્યાબંધીનો કાયદો લાગૂ કરવાનો પ્રયત્ન કરવાનું વચન પણ આપ્યું. એ દરમ્યાન ભારત તથા પાકિસ્તાન વચ્ચે યુધ્ધ ફાટી નિકળતાં દેશ પર ફરીથી સંકટના વાદળો છવાયા, દેશનો વિજય

થયો પરંતુ તાશ્કંદ ખાતે શ્રી શાસ્ત્રીના થયેલાં આકસ્મિક અવસાન પછી તેમના ધ્વારા આપવામાં આવેલા વચનનો સરકારે અમલ ન જ કર્યો.

✪**૧૯૬૬માં** ''રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે'' ગૌહત્યા બંધી માટે લોકોનું સમર્થન મેળવવા માટે સમગ્ર દેશમાં સહી ઝુંબેશ ચલાવી અને લગભગ કરોડ લોકોના હસ્તાક્ષરો એકઠાં કરી સરકારને સોંપ્યા.

✪**૧૯૬૬માં** સંપૂર્ણ ''ગૌહત્યા બંધી''ની માંગને જાણીતા ગૌભક્ત હિન્દુ સભાના નેતા મહાત્મા રામચંદ્ર વીરે ૮૦ દિવસ સુધી આમરણાંત ઉપવાસ કરવાનો સંકલ્પ લીધો. જેનો ૧૯૬૬ના ૧૦ ઓગસ્ટના દિવસે મધ્યપ્રદેશના સાગર શહેર ખાતે આરંભ કરવામાં આવ્યો. ૩૨ દિવસ પછી ૨૦ સપ્ટેમ્બર ૧૯૬૬ના દિવસે પોલિસ ધ્વારા આત્મહત્યા કરવાના કહેવાતા ગુના બદલ ધરપકડ કરી તેમને જેલમાં મોકલી આપવામાં આવ્યા. ત્યારબાદ એમની તબિયત કથળતા તેમને દિલ્હીની ગોવિંદ વલ્લભ પંત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતાં એ ઉપવાસ ૧૯૬૬ની તારીખ ૭ નવેમ્બર સુધી ચાલુ રહ્યા. એના પહેલાં અનેકવાર ગૌ હત્યાનું કલંક નિવારવા માટે મહાત્મા રામચંદ્ર ઉપવાસ કરી ચૂક્યા હતા.

✪**૫ સપ્ટેમ્બર ૧૯૬૬ના** દિવસે દિલ્હીમાં સંસદભવનની સમક્ષ ગૌહત્યાબંધી માટે અભૂતપૂર્વ વિરાટ દેખાવો કરવામાં આવ્યા. આ દેખાવો સનાતન પ્રતિનિધિ સભાના મંત્રી સ્વામીગણેશાનંદની આગેવાની હેઠળ ચલાવવામાં આવી રહેલાં ગૌરક્ષા મહાઅભિયાનના આવેદન પત્ર પર હસ્તાક્ષર કરનારા તમામ નેતાઓના સહકારથી કરવામાં આવ્યા હતા. આ રેલી રાજધાનીના જુદાજુદા વિસ્તારોમાંથી પસાર થતી સંસદ ભવન પર પહોંચી અને ગૌહત્યા બંધીના સંબંધમાં ગૃહપ્રધાન ગુલઝારીલાલ નંદાને એક આવેદન પત્ર આપ્યું હતું.

✪**૭ નવેમ્બર ૧૯૬૬ના** દિવસે સર્વપક્ષી ગૌરક્ષા મહાભિયાન સમિતિની આગેવાની હેઠળ દિલ્હીના સંસદભવન સમક્ષ એવા વિરાટ અને ભવ્ય દેખાવો કરવામાં આવ્યા કે જેમાં લગભગ ૧૫ થી ૨૦ લાખ લોકોએ ભાગ લીધો હતો. એને ''ગૌકુંભ મહાપર્વ'' એવું નામ આપવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક દેખાવોના પ્રસંગે સંસદભવન સમક્ષ એક વિશાળ મંચ પર બેઠેલી મહાન વ્યક્તિઓમાં જ્યોતિષપીઠના જગદગુરુ શંકરાચાર્ય, શ્રી કૃષ્ણાબોધાશ્રમજી, પુરી પીઠના શંકરાચાર્ય સ્વામી શ્રી નિરંજન દેવ તીર્થજી, સ્વામી કરપાત્રીજી મહારાજ, સ્વામી રામેશ્વરાનંદજી શ્રી હનુમાનપ્રસાદ પોદાર, શ્રી અટલબિહારી બાજપેયી, શ્રી પ્રકાશવીર શાસ્ત્રી તથા શેઠ ગોવિંદ દાસજીના નામો ઉલ્લેખ કરવા જેવા છે.

મંચ પર જ્યારે નેતાઓનું પ્રચવન ચાલી રહ્યું હતું ત્યારે એ સમયની કોંગ્રેસ સરકારે આ મહાન ઐતિહાસિક દેખાવોને નિષ્ફળ બનાવવા માટે ગુંડાઓ અને

અસામાજિક તત્વો ધ્વારા ઉપદ્રવ ફેલાવી દેખાવો કરનારાઓ પર લાઠી ચાર્જ કરાવ્યો, જેથી ત્યાં ભાગદોડ મચી ગઈ અને ચારેબાજુ અવ્યવસ્થા ફેલાઈ ગઈ. અહિંસક અને હથિયાર વિહોણાં લોકો પર અશ્રુગેસના ટોટા અને રાયફલોમાંથી ગોળીઓનો વરસાદ વરસાવી પોલિસે અસંખ્ય ગૌભક્તોને એવી ક્રુરતાથી માર્યો, કે જેનાથી ત્યાં જલિયાવાળા બાગના હત્યાકાંડ જેવી પરિસ્થિતિ બની ગઈ. સંસદ ભવનના રસ્તાઓ ગૌભક્તોના લોહી નિગળતા શબોથી લાલ રંગે ખરડાયી ગયા હતા. સરકારે સાચી પરિસ્થિતિ છુપાવવા માટે કર્ફ્યુ લાદી તમામ શબોને વિજળીથી સંચાલિત ભઠ્ઠીમાં સળગાવી દીધા. અનેક નેતાઓને કેદ કર્યા તથા સમગ્ર શહેરમાં ભીષણ હાહાકાર મચી ગયો આ સરકારી દમનચક્રથી ''ગૌરક્ષા આંદોલન''ને બહુ મોટો ફટકો પડ્યો.

✪ સરકારની દમન કારક નીતિ અને ''ગૌહત્યાબંધી કાયદો'' ન બનાવવાના હઠાગ્રહની વિરૂધ્ધમાં પુરીના શંકરાચાર્ય શ્રી નિરંજનદેવ તીર્થજીએ આમરણાંત ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરી દીધી અને **૨૦ નવેમ્બર ૧૯૬૬**ના ગોકુળ અષ્ટમીના પવિત્ર દિવસે ૭૩ દિવસ માટેના ઉપવાસનો આરંભ કરી દેવામાં આવ્યો. તેમની સાથે સાથે અનેક સાધુસંતોએ પણ ઉપવાસો કર્યા અને ગૌરક્ષા માટે સત્યાગ્રહ બરાબર ચાલતો રહ્યો. આ આંદોલન દરમ્યાન લગભગ ૧ લાખથી પણ વધારે ગૌભક્તોએ જેલયાત્રા કરી. એ સમયે વિનોબાજીએ શ્રી હનુમાન પ્રસાદ પોદારજીને પત્ર લખીને કહ્યું કે :-

''ભારતમાં ગૌવંશની પૂરેપૂરી રક્ષા થાય એ હેતુથી શ્રી શંકરાચાર્યજી તથા પ્રભુદત્તજી ઉપવાસ કરી રહ્યા છે, એનાથી મને ઘણી ચિંતા થઈ રહી છે. તેમના આ પવિત્ર હેતુ પ્રત્યે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. મૃત્યુ જ્યારે થવાનું હોય છે, ત્યારે જ થાય છે. ખાતોપીતો તંદુરસ્ત મનુષ્ય પણ હાલતાં ચાલતાં મૃત્યુ પામે છે. પરંતુ આ લોકો એક પવિત્ર લક્ષ્ય લઈને મરવા જઈ રહ્યા છે. અર્થાત્ તેમના મૃત્યુની મને ચિંતા નથી. મને દુ:ખ સરકારના વલણ તરફ છે. પરંતુ મને પ્રાર્થના પર પૂરો વિશ્વાસ છે. હું પ્રાર્થના કરી રહ્યો છું, જૂઓ ભગવાન કેવી સદ્બુધ્ધિ આપે છે.''

ત્યારે શ્રી જયપ્રકાશજીએ પણ રસ્તો કાઢવાનો પ્રયત્ન કર્યો. આખરે સરકારે જનતાની આ પ્રબળ માંગ સમક્ષ ઝુકી જવાનું નાટક રચ્યું અને ગૌહત્યાબંધીની માંગનો સૈધ્ધાંતિક રીતે સ્વીકાર કરવાની જાહેરાત કરી તથા વચન આપ્યું કે ૩ માસની અંદર ''ગૌહત્યાબંધી''નો કાયદો બનાવી દેવામાં આવશે. શંકરાચાર્યજીના ઉપવાસના ૭૩ માં દિવસે ભારત સરકારે ''ગૌહત્યાબંધી'' લાગૂ કરવાની પધ્ધતિ પર વિચાર કરવા માટે નિષ્ણાતોની એક સમિતિ બનાવી અને આ સમિતિની સલાહ માનવાનું વચન આપ્યું. ત્યારે જ શંકરાચાર્યજીએ પોતાના ઉપવાસ છોડ્યા.

માંગ હતી સંપૂર્ણ ગૌવંશની હત્યા બંધ કરવાની, પરંતુ આ સમિતિએ પોતાના છેલ્લા રીપોર્ટમાં લખ્યું કે સમગ્ર દેશમાં સુપ્રિમકોર્ટની મર્યાદામાં રહી તુરંત ગૌરક્ષા માટે કાયદો બનાવવો જોઈએ. પરંતુ સરકારે પોતાના એ વચનનું પાલન ન કર્યું અને સમિતિની આખરી સલાહને પણ લાગૂ ન કરી. જો કે સરકારે ૫ જાન્યુ-૬૭ તથા બાદમાં ૧૨ માર્ચ-૭૦ના સંસદમાં સમિતિની સલાહનો અમલ કરવાના વચનનું ફરીથી રટણ કર્યું.

✪**સન્ ૧૯૭૪માં** ઈંદિરાગાંધી જ્યારે વિનોબાજીને પવનાર આશ્રમમાં મળ્યા ત્યારે વિનોબાજીએ તેમની સમક્ષ ''ગૌહત્યાબંધી''ની વાત રાખી. પરંતુ સરકાર પ્રતિજ્ઞા અને આપવામાં આવેલાં વચનથી ન માત્ર પાછી હટતી ગઈ, પરંતુ ગૌહત્યા ચાલૂ રાખવાની દિશામાં આગળ વધતી રહી. ત્યારે **૧૯૭૬ના મે માસમાં** વિનોબાજીએ જાહેરાત કરી કે ''દેશના તમામ રાજ્યોમાં સુપ્રિમ- કોર્ટના નિર્ણયની મર્યાદામાં રહી ગૌરક્ષાનો કાયદો બનાવવામાં નહીં આવે તો, તેઓ જાતે ૧૧ સપ્ટેમ્બર-૧૯૭૬થી આમરણાંત ઉપવાસ પર બેસી જશે.'' ત્યારે આપણાં દેશના વડાપ્રધાન ઈંદિરાગાંધીએ વચન આપ્યું કે ૩૧ ડિસમ્બર-૧૯૭૬ સુધી કેરાલા તથા પશ્ચિમ બંગાળાને છોડી સમગ્ર દેશમાં ''ગૌહત્યાનો કાયદો'' બનાવી દેવામાં આવશે. કેરાલા તથા પં.બંગાળ માટે તેમણે એક વર્ષનો સમય માંગ્યો. આ શબ્દો પર વિશ્વાસ રાખી વિનોબાજીએ ઉપવાસ કરવાના નિર્ણયને રોક્યો. આપવામાં આપેલા વચન અનુસાર સુપ્રિમ કોર્ટના નિર્ણયની મર્યાદામાં રહી બે રાજ્યોને છોડી તમામ રાજ્યોમાં ગૌરક્ષાનો કાયદો બનાવી દેવામાં આવ્યો.

✪બંગાળા અને કેરળમાં કાયદો ન બનાવવાના કારણે સમગ્ર દેશનું ગૌધન આ પ્રદેશોમાં જઈ કપાવા લાગ્યું. આ બન્ને રાજ્યોએ પોતાના વચનનું પાલન ન કર્યું અને આંશિક કાયદો પણ ન બનાવ્યો. જ્યારે ખૂબ પ્રયત્નો કરવા છતાં પણ આ બન્ને રાજ્યોમાં કાયદો બનાવવામાં જ ન આવ્યો ત્યારે વિનોબાજીએ **૧૯૭૯માં ૨૨ એપ્રિલ**ના દિવસથી આમરણાંત ઉપવાસ કરવાની જાહેરાત કરી દીધી તથા ૨૨ એપ્રિલ ૧૯૭૯ના દિવસથી વિનોબાજીના ઉપવાસ શરૂ થયા જે પાંચ દિવસ સુધી ચાલ્યા. પાંચમા દિવસે વડાપ્રધાને સંસદમાં જાહેરાત કરી કે ''બંધારણમાં સંશોધન કરી આ વિષયને સમવર્તી યાદીમાં સમાવી લેવામાં આવશે તથા ગૌરક્ષા માટે કેન્દ્ર ધ્વારા કાયદો બનાવી દેવામાં આવશે.'' આ હૈયાધારણથી વિનોબાજીએ ઉપવાસ છોડ્યા. તદ્અનુસાર સંસદમાં બંધારણમાં સુધારાનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો, પરંતુ આ સત્રમાં અવિશ્વાસનો ઠરાવ આવવાના કારણે સરકારમાં પરિવર્તન થઈ ગયું અને લોકસભાનો ભંગ થઈ જવાના કારણે સુધારા ઠરાવ પસાર ન થઈ શક્યો. સન્ ૧૯૮૦માં શ્રીમતી ઈંદિરા ગાંધીની આગેવાની હેઠળ કોંગ્રેસ સરકાર

ફરી બની. તેની સમક્ષ અનેકવાર પ્રયત્ન કરવામાં આવ્યા અને સરકાર દ્વારા આપવામાં આવેલા વચનને પણ યાદ કરાવવામાં આવ્યું, પરંતુ તેણે પહેલ કરી નહીં. અંતમાં સન્ ૧૯૮૦માં શ્રી જ્ઞાનચંદ્રજી મહારાજે દિલ્હીમાં ઉપવાસની હારમાળા શરૂ કરી અને આમરણાંત ઉપવાસનો આરંભ કરી દીધો, ત્યારે સરકારે તેમને જબરદસ્તીથી આહાર આપવાની, રીત અપનાવી. પછી તેમણે વિનોબાજીના કહેવાથી પોતાના ઉપવાસ છોડ્યા.

✪૧૯૮૧ના ડિસેમ્બર માસમાં પાવનાર ખાતે ''અખિલ ભારતીય ગૌરક્ષા સંમેલન''નું આયોજન રાખવામાં આવ્યું હતું. તેમાં દેશભરમાંથી આવેલાં ગૌપ્રેમી અને સ્વયંસેવકોએ ભાગ લીધો. સંમેલન પૂરું થયા પછી ગૌરક્ષાના કાર્યમાં લાગેલા ગૌસેવકોએ આગળની વ્યૂહરચના માટે વિનોબાજી સાથે ચર્ચા કરી. એના ઉપરાંત ૧૯૮૨ના જાન્યુઆરી માસમાં વિનોબાજીએ તેમને લખ્યું અને સલાહ આપી કે દેશમાં કોઈપણ ઉંમર ધરાવતા ગાય તથા બળદ કપાવવા ન જોઈએ, એને માટે મુંબઈમાં સત્યાગ્રહ કરો. એનો આરંભ શાંતિ સૈનિકો કરે. વિનોબાજીએ પોતાના આશ્રમના અંતેવાસી તથા ભારતીય શાંતિસેનાના સંયોજક શ્રી દેશપાંડેને દેશના ૧૭ સેવકો સાથે મુંબઈમાં સત્યાગ્રહ શરૂ કરવાનો આદેશ આપ્યો.

આ રીતે **૧૧ જાન્યુઆરી-૧૯૮૨માં** મુંબઈના દેવનાર ખાતે આવેલાં એશિયાના સૌથી વિશાળ કતલખાના સમક્ષ સત્યાગ્રહ શરૂ થયો. વિનોબાજીના સૂચન અનુસાર આ સત્યાગ્રહ સત્ય, પ્રેમ, કરૂણાની મર્યાદામાં રહી અહિંસક, બિન સાંપ્રદાયિક અને બિન રાજકીય દૃષ્ટિને ધ્યાનમાં રાખી આજે પણ ચલાવવામાં આવી રહ્યો છે.

**દેવનારના ગૌરક્ષા સત્યાગ્રહની બે માંગણીઓ છેઃ-**

**(૧)** ખેતી પ્રધાન ભારતમાં કોઈપણ ઉંમર ધરાવતા ગાય તથા બળદની કતલ પર કાયદાકીય પ્રતિબંધ લગાવવામાં આવે. એના માટે કેન્દ્ર દ્વારા કાયદો બનાવવામાં આવે.

**(૨)** ભારતમાંથી વિદેશોમાં મોકલવામાં આવતા તમામ પ્રકારના માંસની નિકાસ બંધ કરવામાં આવે.

૧૧ જાન્યુઆરી-૧૯૮૨થી દેવનાર ખાતેનો ગૌરક્ષા સત્યાગ્રહ સતત, અખંડ, થંભ્યા વગર ૨૪ કલાક ચાલી રહ્યો છે. સત્યાગ્રહનું સ્વરૂપ એવું છે, કે નક્કી કરવામાં આવેલી સંખ્યા અનુસાર સ્વયં સેવકોની ટુકડીઓ કતલખાનાના દરવાજા પર ઉપવાસ માટે બેસે છે, કે જ્યાંથી બળદને કતલખાને મોકલવામાં આવે છે. આ ટોળીઓ ગૌવંશને કતલખાને જતા રોકે છે. એનાથી કતલખાનાના કામમાં અવરોધ ઉભો થાય છે. તેમને મદદ કરવા માટે પોલિસ આવી સત્યાગ્રહીઓની ધરપકડ કરે છે અને પછી તેમને પોલિસ થાણે લઈ જવામાં આવે છે અને બળદને કતલખાનામાં

મોકલી આપવામાં આવે છે. ૧૯૯૪ સુધી ૧૨ વર્ષના સમયગાળામાં સમગ્ર દેશમાંથી લગભગ ૩ લાખ લોકોએ આ સત્યાગ્રહમાં ભાગ લીધો છે.

**✪રોકો ભાઈ રોકો આંદોલનઃ-**

૧૯૭૧માં ગૌહત્યાબંધીનું આંદોલન ગતિ પકડે ,એટલા માટે કતલખાને જતી ગાયોને રોકવા માટે ''રોકો ભાઈ રોકો'' સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો. સૌ પ્રથમ ગૌસેવા સંયુક્ત સમિતિએ કોસીકલાં ખાતે ''રોકો ભાઈ રોકો'' આંદોલનનો આરંભ કર્યો. એ દિવસોમાં બહોળા પ્રમાણમાં ગાયોને કતલ કરવા માટે કલકત્તા ખાતે મોકલવામાં આવતી હતી. આ આંદોલનના પરિણામ સ્વરૂપે માત્ર બે મહિનાની અંદર કોસીકલાના ઢોર બજારમાંથી કલકત્તા ખાતે મોકલવામાં આવતી ગાયો ઓછી થઈ ગઈ. કોસીકલાની ચારેબાજુ અને ગામડાંઓમાં પણ આ વિચારો ફેલાયા, ત્યારે ગામડાંઓના અનેક લોકો ગાયોને રોકવા લાગ્યા. સ્કૂલના વિદ્યાર્થીઓમાં પણ જોશ આવ્યું. એક દિવસે તો વિદ્યાર્થીઓએ બજારને જ ઘેરી લીધું ત્યારે સરકારને ગોળીબાર કરવો પડ્યો.

છેલ્લા અઢાર વર્ષથી સમગ્ર દેશના અનેક સ્થળો પર ''રોકો ભાઈ રોકો'' આંદોલન ચાલી રહ્યું છે અને સેંકડો જગ્યા પર કતલ માટે લઈ જવાતી ગાયોને રોકવામાં આવી રહી છે. જેમની ગાયોને રોકવામાં આવે છે, તે લોકો કોર્ટમાં જઈ કેસ કરે છે. કોર્ટ કચેરી પાછળ લોકોનું કેટલુંએ નાણું વેડફાતું હોય છે. દેવનારનો સત્યાગ્રહ પણ ''રોકો ભાઈ રોકો'' આંદોલનનો એક પ્રકાર જ છે.

**ગૌહત્યાબંધીના પ્રયત્નો તથા પરિણામોઃ-**

**(૧)** જો કે દેવનાર ગૌરક્ષા સત્યાગ્રહ માટે અતૂટ પ્રયત્નો કરવા છતાં ''ગૌહત્યા બંધી'' માટે કેન્દ્રિય કાયદો બનાવવાનો મુખ્ય હેતુ પાર ન પડયો, છતાં પણ ગયા વર્ષોમાં રાજ્ય સરકારોએ પોતપોતાના પ્રદેશોમાં ગૌરક્ષા સંબંધી કાયદાઓમાં સુધાર કર્યો છે. આ સમયે દેશના ૯ રાજ્યો **(જમ્મુ, કાશ્મીર, હિંમાચલ પ્રદેશ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી, ગુજરાત તથા ઉત્તર પ્રદેશ)**માં સમગ્ર ગૌવંશની કતલ રોકવા માટે કાયદો બનેલો છે.

મધ્યપ્રદેશમાં કાયદાની વિરૂધ્ધમાં કસાઈઓએ જબલપુરની હાઈકોર્ટમાં અપીલ કરી હતી, પરંતુ હાઈકોર્ટ તેમની અરજી નામંજુર કરી રદ કરી અને સંપૂર્ણ ગૌવંશ હત્યાબંધીના કાયદાને બંધારણ સંમત માન્ય કર્યો. હાઈકોર્ટે આપેલા ચુકાદામાં જણાવ્યું કે બળદની ઉપયોગિતાના સંબંધમાં જૂની માન્યતામાં ઘરમૂળથી અંતર આવી ગયું છે. હવે સેંદ્રિય ખાતરનું મહત્વ વધારે વધી ગયું છે. કારણ કે એ સાબિત થઈ ચૂક્યું છે, કે રાસાયણિક ખાતરથી જમીનની ફળદ્રુપતાને નુકશાન

પહોંચે છે. રાસાયણિક જંતુનાશક દવાઓથી જમીન, પાણી અને ખાદ્યપદાર્થો પ્રદૂષિત થઈ જાય છે તથા દિવસે દિવસે છાણ તથા ગૌમૂત્ર ધ્વારા પ્રાપ્ત થતા ખાતર અને જંતુનાશક દવાનું મહત્વ સમજાય રહ્યું છે. બળદ પોતાના જીવનના આખરી સમય સુધી છાણ તથા ગૌમૂત્ર આપતો રહે છે, જે ખેતી તથા જમીનની ફળદ્રુપતા કાયમ જાળવી રાખવા માટે જરૂરી છે.

**(૨)** આજ સુધી કરવામા આવેલા તમામ પ્રયત્નો કેન્દ્ર ધ્વારા ગૌહત્યા બંધીનો કાયદો બને તેને માટે કરવામાં આવ્યા છે. ''રોકો ભાઈ રોકો'' આંદોલન પણ ગાય તથા બળદની કતલ થતી રોકવા માટે ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ અનુભવ બતાવે છે, કે કતલથી બચી ગયેલી ગાયોને ક્યાં રાખવામાં આવે? આ સવાલ બરાબર ચિંતા પેદા કરતો રહે છે. જોકે કેટલાયે ગૌભક્તો મહેનત કરી ગાયોથી લદાયેલી ટ્રકો, ટ્રેઈનોને આંતરે દિવસે રોકતા રહે છે, આ ગાયોને કેટલીક ગૌશાળાઓ અથવા ગ્રામજનોમાં વહેંચીને પાળવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ આ સમસ્યા હંમેશા જળવાય જ રહેશે, કે જ્યાં સુધી એનો વ્યવહારિક અને યોગ્ય નિરાકરણ શોધવામાં નહીં આવે.

**(૩)** મહારાષ્ટ્ર રાજ્ય કે જ્યાં મુંબઈના દેવનારના કતલખાનામાં ૧૯૮૨થી અખંડ સત્યાગ્રહ ચાલી રહ્યો છે, ત્યાં આંશિક રૂપે ''ગૌહત્યાબંધી''નો કાયદો છે, કે ઉપયોગી બળદની કતલ કરવામાં ન આવે. છતાં પણ ૭૫ થી ૮૦ ટકા ઉપયોગી બળદો કપાઈ રહ્યા છે. સરકારના નીચેથી ઉપર સુધીના તમામ અધિકારીઓ અને મંત્રીઓ એ વાત સારી રીતે જાણે છે, કે ઉપયોગી બળદની કતલ કરવામાં આવે છે.

મહારાષ્ટ્રમાં ''પશુ પરીક્ષણ'' કાયદો છે. અહીં વેટનરી ડૉક્ટરોની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ તપાસ કરી પ્રમાણપત્ર આપી દે છે, કે અમુક ઢોર કતલ કરવા યોગ્ય છે. કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે, કે ભારવહન, પ્રજનન, ખેતી અને દૂધ માટે બિન ઉપયોગી ઢોરની જ કતલ કરી શકાય. પરંતુ આ કાયદાનું પાલન બિલકુલ થતું નથી. એના કારણે ભ્રષ્ટ્રાચાર પણ ખૂબ થાય છે.

સમગ્ર મહારાષ્ટ્રમાં ગૌવંશની ગેરકાયદેસર કતલ ચાલૂ છે. સ્પષ્ટ છે, કે કાયદો હોવા છતાં કતલ રોકાતી નથી. ગેરકાયદેસર કતલ ચાલૂ છે. કારણ કે દાનત સાફ નથી અને ગૌસેવાનો ભાવ પણ નથી.

પરિશિષ્ટ-૬

# ગૌરક્ષા અંગે મહાપુરુષોના વિચારો અને કથન

એને આપણું દુર્ભાગ્ય જ કહેવું જોઈએ કે પશ્ચિમની સંસ્કૃતિ અને ભૌતિક સુખોની આંધળી દોડમાં આપણે ગૌમાતાને ભૂલાવી દીધી છે. જેના દુષ્પરિણામે આપણી જર્જરિત થતી દેશની આર્થિક સ્થિતિ અને કુપોષણ કારણે બગડતાં આપણાં આરોગ્ય રૂપે તેને ભોગવી પણ રહ્યા છીએ. આપણાં યુગપુરુષો, સમાજસુધારકો સંતોએ ગાયનું મહત્વ સમજ્યું તથા તેના રક્ષણ અને ઉછેર પર ભાર મુક્યો હતો. અહીં જાણકારી માટે કેટલાંક મહાપુરુષોના વિચારો રજૂ કરવામાં આવી રહ્યા છે.

**૧. યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યઃ-**

દરેક દૃષ્ટિએ ગૌવંશનું રક્ષણ કરવું જરૂરી છે. ગૌરક્ષાના પ્રશ્ન અંગે ભાવનાત્મક અને આર્થિક બન્ને દૃષ્ટિએ વિચાર કરવો પડશે અને તેનું યોગ્ય નિરાકરણ કાઢવું પડશે. ભારતીય પરંપરામાં ગાયની તુલના બ્રાહ્મણ સાથે કરવામાં આવી છે. આપણાં ધાર્મિક ગ્રંથોમાં અનેક જગ્યાએ ગૌ અને બ્રાહ્મણનો એક યુગ્મરૂપે સાથે સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બ્રાહ્મણની ઉપયોગિતા તેની સાધના તથા સેવાની શ્રેષ્ઠતાને દૃષ્ટિમાં રાખીને જ સ્વીકાર કરવામાં આવી છે એના આધારે જ એને સમાજમાં ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. આ વાત ગાયના સંબંધમાં પણ છે. તેને જે સન્માન આપવામાં આવ્યું છે, તે કોઈ કારણ વગર નહીં.

ગાયના દૂધમાં જ આરોગ્યવર્ધક તત્વો મળી આવે છે, એ તત્વો અન્ય પ્રાણીઓના દૂધમાં નથી. ચિકાશ તો ભેંસ અને ઘેટાંના દૂધમાં પણ વધારે હોય છે. પરંતુ જે વિટામીનો, ખનિજક્ષારો ગાયના દૂધમાં છે તે કોઈ બીજા પ્રાણીઓમાં નથી. ચિકાશ સ્વાદની દૃષ્ટિએ અથવા ચરબી વધારવાની દૃષ્ટિએ ઉપયોગી નિવડી શકે, પરંતુ અન્ય દૃષ્ટિએ તેનું વધુ પ્રમાણ નુકશાનકારક જ છે. મનુષ્યને ચરબીની મર્યાદિત પ્રમાણમાં જ જરૂરિયાત છે. તેનું પ્રમાણ વધવાથી સ્થુળતા, બ્લડપ્રેસર, હૃદયરોગ વગેરે અનેક પ્રકારના રોગો શરીરને જકડી લે છે. માત્ર ચિકાશ માટે દૂધ, ઘીની આફત વહોરવાની જરૂરિયાત નથી, કારણ કે તે તેલમાંથી પણ પ્રાપ્ત કરી શકાય. દૂધ તો એ ઉપયોગી જીવન તત્વો માટે પિવામાં આવે છે, કે જેને માતા પછીના બીજા સાધન રૂપી ગાયથી જ પ્રાપ્ત કરી શકાય. આ કારણે જ સમગ્ર જગતનો વિચારશીલ વર્ગ દૂધ માટે ગાયનો જ ઉપયોગ કરે છે. ભેંસ તો માત્ર આફ્રિકા જેવા પછાત દેશોમાં જ્યાં ત્યાં પાળવામાં આવે છે, એક તો ઘેટી તથા બકરીઓમાં દૂધનું પ્રમાણ બહુ ઓછું હોય છે. બીજું તેમાં પણ એ ગુણ નથી જે ગાયના દૂધમાં હોય છે.

ગાયના દૂધનો સાત્વિકતા વર્ધક ગુણ એ શારીરિક પોષણ, આરોગ્ય અને સ્વાસ્થ્ય વર્ધકતાથી વધારે મહત્વનો છે. દરેક પદાર્થને પોતાનો સૂક્ષ્મ ગુણ હોય છે. મરચું-મસાલા જો કે ખાવામાં સ્વાદિષ્ટ હોય છે, પરંતુ તેમાં તમોગુણી વૃત્તિઓને ભડકાવાનો અવગુણ છે, આ નુકશાનને જોતાં તેની નિંદા કરવામાં આવી છે. નશામાં ચા, કોફી, ભાંગ, અમુક હદ સુધી આરોગ્ય માટે લાભદાયક જણાવવામાં આવે છે. પરંતુ તેમાં તામસી સ્વભાવ છે. જેથી તેનાથી માનસિક અને ભાવનાત્મક સ્તર ઘટે છે. આ નુકશાન શારીરિક તંદુરસ્તીની ક્ષતિથી પણ વધુ ભયંકર છે. એટલા માટે વિચારશીલ લોકો આ નશીલી ચીજોને તૂચ્છ તથા નુકશાનકારક માને છે.

ગાયનું ભાવનાત્મક સ્તર મનુષ્ય જેવા જીવોમાં સૌથી વધારે વિકસિત છે. તેના સ્વભાવમાં કરૂણા, મમતા, શાલીનતા અને સંતોષ જેવી શ્રેષ્ઠ વૃત્તિ બહોળા પ્રમાણમાં હોય છે. તેમામાં અન્ય પ્રાણીઓની સરખામણીમાં ઉત્સાહ, સ્ફૂર્તિ, બળ અને સહનશીલતા વધુ હોય છે. મગજ પણ અપેક્ષા કરતા વધારે વિકસિત હોય છે આ બધાં ગુણો ગાયના દૂધમાં જ રહે છે. એને પીવાવાળાની માનસિક સ્થિતિ અને વૃત્તિ પણ એ જ બીબામાં ઢળે છે. ભેંસનું પાડુ મંદબુધ્ધિનું અને આળસુ હોય છે. જ્યારે ગાયનું વાછડું સ્વાભાવિક રીતે ચંચળ તથા સ્ફૂર્તિ વાળું હોય છે. તત્વદર્શીઓએ ગાય અને તેનું સાનિધ્ય, સેવા ચાકરી તથા દૂધના સેવનને ભાવનાત્મક બૌધ્ધિક વિકાસના ક્રમને સાત્વિકતા તરફ લઈ જવા યોગ્ય જણાવ્યું છે. વ્રત, ઉપવાસ, પૂજા, હવન શુધ્ધિ, પ્રાયશ્ચિત વગેરે કાર્યોમાં ગાયના દૂધનો એટલા માટે ઉપયોગ કરવામાં આવે છે, કે તેમાં સમાયેલી સાત્વિકતાનો લાભ મળે અને આત્મિક પ્રગતિના પથ પર સફળતા મળે. આ લાભને શારીરિક લાભથી વધારે મહત્વનો સમજી ગાયને તેની આંતરિક સ્થિતિ અનુરૂપ બ્રાહ્મણ-દેવતાનો દરજ્જો આપવામાં આવ્યો છે.

શારીરિક અને માનસિક લાભ ઉપરાંત ત્રીજો લાભ છે-આર્થિક. ભારત ખેતી પ્રધાન દેશ છે. વસ્તી વધારાના કારણે ખેતરોનું કદ નાનું બની ગયું છે. અર્થાત્ ખેડ ટૂંકા ગાળાની બની ગઈ છે. અહીં મોટા મોટા ફાર્મ તો ત્યારે જ ચાલી શકે, કે જ્યારે ખેતીનું રાષ્ટ્રીયકરણ થઈ જાય. પરંતુ આજની સ્થિતિમાં નાના નાના ખેતરોને જ ફળદ્રુપ રાખવા પડશે. એવી સ્થિતિમાં તેમાં વપરાતી શક્તિની ભરપાઈ બળદ ધ્વારા જ કરી શકાશે. ટ્રેકટરોને લાયક વિશાળ જમીનના ટુકડાઓ બહુ ઓછા છે. પછી ટ્રેકટરમાં થતી તૂટ ફૂટ, ચલાવવાની કુશળતા. મોટી મૂડીનું રોકાણ, એ મૂડીનું વ્યાજ અને મશીનનો ઘસારો, આ વાતનો યોગ્ય રીતે જો તારણ કાઢવામાં આવે તો ટ્રેકટર બળદ કરતાં મોઘું પડે છે. પછી બળદ માત્ર ખેતર

જ ખેડતો નથી. સિંચાઈ માટે કુવામાંથી પાણી કાઢવું, ગાડું ચલાવવું વગેરે બીજા કામ પણ કરે છે. દરેક જગ્યાએ ટ્રેક્ટર વડે થોડા પ્રમાણમાં કામ કરવું સંભવ નથી, સાથે સાથે ટ્રેક્ટર છાણ પણ આપતું નથી. અગર બળદને હટાવી ટ્રેક્ટર રાખવામાં આવે તો છાણના ઉપયોગી ખાતરથી વંચિત રહેવું પડશે અને જમીન ધીરે ધીરે નિર્બળ બનતી જશે. રાસાયણિક ખાતરના ઉત્સાહમાં અમેરિકા પોતાની લાખો એકર જમીન વેરાન બનાવી ચુક્યું છે. સારૂં ખાતર તો છાણનું જ હોઈ શકે.

આ રીતે આર્થિક દૃષ્ટિએ પણ ગાયનો ઉપયોગ આ દેશ માટે અત્યંત ઉચ્ચ કોટિનો છે. આપણાં દેશમાં બે તૃત્યાંશ આવક પશુપાલનથી થાય છે અને તેમાં સૌથી મોટો ફાળો ગાયનો છે. આ બધી વાતોને ધ્યાનમાં રાખતા ગૌપાલન, ગૌસેવા અને ગાયની રક્ષા દરેક દૃષ્ટિએ લાભ દાયક અને જરૂરી બની જાય છે. તેને ઉંચી ધાર્મિક માન્યતા ભાવાવેશમાં મળી નથી, પરંતુ તેની ઉપયોગિતાના આધારે મળી છે.

ગાયની રક્ષા માટે સૌથી મહત્વનું પગલું એ છે, કે અગર લોકોને ગાયના દૂધના ઉપયોગનું મહત્વ સમજાવવામાં આવે અને તેના સેવન કરવા માટે ભાર મુકવામાં આવે તો ગાયના દૂધની ખપત વધવાથી તેને પાળવાનું તથા તેની ઓલાદ સુધારવાનું આકર્ષણ અનાયાસ વધતું જશે અને ગાયોને વધારે પ્રમાણમાં તથા વધુ ધ્યાન રાખી પાળવામાં આવશે. ગાયના શુધ્ધ દૂધ તથા ઘીના વેચાણ માટે ઠેરઠેર દુકાનો ચલાવવામાં આવે. જેવી રીતે અન્ય ઉદ્યોગોમાં પૈસા લગાવવામાં આવે છે. એજ રીતે ગાયની ડેરીઓ ચલાવવામાં આવે. ઓલાદ સુધારવા માટે સારી જાતિના સાંઢની વ્યવસ્થા કરવામાં આવે. આજે તો એના સંબંધમાં સૌથી મોટી કમનશીબી એ છે, કે લોકો ગાયના ગુણો તરફ ધ્યાન ન આપતાં ભેંસના દૂધને પસંદ કરે છે અને ખરીદે છે. ફળ સ્વરૂપે ગૌપાલનનો ધંધો લાભવગરનો બનતો જાય છે અને દર વર્ષે પેદા થતા વાછડા વાછડીને કસાઈખાને જવું પડે છે. વિદેશોમાં જ્યાં ગાયના દૂધનું પ્રચલન છે, ત્યાં માંસ માટે ગાયને મારવામાં આવતી નથી. ગાયના દૂધની ઉપેક્ષા કરવી તે એક પ્રકારે તેને બિનઉપયોગી સાબિત કરીને કસાઈ ખાને ધકેલી દેવા જેવું કહી શકાય.

અગર આપણે પશુ પાલનની સાથે અહિંસાનું પાલન કરવું છે, તો એવા ઢોરોનું પાલન કરવું પડશે કે જેના બચ્ચાં પણ ઉપયોગી હોય. એ દૃષ્ટિએ માત્ર ગાય જ સાચી ઠરે છે. ગાયના દૂધની માંગ વધી જાય અને ધાર્મિક કાર્યોમાં ગાયના ઘીનો ઉપયોગ થવા લાગે તો સ્વાભાવિક રૂપે ગૌપાલનનો ધંધો લાભદાયક બની જશે, તેની ઓલાદ સુધરશે અને લોકો તેને હસતાં હસતાં પાળશે. એવી સ્થિતિમાં વાછડાં, વાછડી પણ વધારે પ્રમાણમાં અને સારી ઓલાદના મળશે અને તેને ન

મળવાના કે વધુ મોંઘા મળવાના કારણે ખેતીના કામમાં જે અડચણો આવી રહી છે, તે આપોઆપ દૂર થઇ જશે.

ગાયને પેંશન, પ્રોવીડન્ટ ફંડની જેમ કામ બંધ કરવાનું બંધ કરી દીધા પછી પણ એક વર્ષ ઘરે બેસાડી ખવડાવવાનો ખર્ચ તેની આજીવન કમાણીમાંથી બાદ કરવામાં આવે તો પણ ગૌપાલન ધંધો લાભદાયક સાબિત થશે. ખાસ કરીને ગાય, બળદ, દૂધ આપવા અથવા કામ કરવાનું બંધ કરી દેવાથી હંમેશા માટે અયોગ્ય બની ગયા પછી તે ઢોર એક વર્ષથી વધુ જીવતું નથી. આ સમયમાં પણ તે છાણ રૂપે કિંમતી ખાતર આપતું રહે છે અને મૃત્યુ પામ્યા પછી માંસ તથા હાડકાંનું ખાતર તથા કિંમતી ચામડું આપીને એક વર્ષ સુધી બેસીને ખાવાના નુકશાનની ભરપાઈ કરી જાય છે અને જો થોડી ત્રુટિ પડે તો જે રીતે આપણે વૃધ્ધ માં-બાપને બેસાડીને ખવડાવીએ છીએ, એ જ રીતનો વ્યવહાર ગાય, બળદ સાથે પણ કરી શકાય અને ગાય તથા તેની ઓલાદને કસાઈખાને જવાથી બચાવી શકાય.

ગૌવંશના રક્ષણ માટે આપણે નવેસરથી ગાયના દૂધના સેવનની પ્રથા પ્રચલિત કરવી જોઈએ. દૂધ ભેંસનું પીવું અને જય ગાયની બોલવી આ બેઢંગી ચાલ માત્ર મુશ્કેલી જ બની રહેશે અને તેનાથી મૂળ પ્રશ્નનો નિકાલ નહીં આવે. ગાયના દૂધનું પ્રચલન વધારવું એ ભૌતિક તથા ભાવનાત્મક બન્ને પક્ષોનું નિરાકરણ હોય શકે.

**૨. મહાત્મા ગાંધીઃ-**

આપણાં દેશમાં અસંખ્ય ઢોર છે, જેની તરફ આપણે ધ્યાન ન આપીને ગુનો કર્યો છે. ગાયની રક્ષા મનુષ્યના સમગ્ર વિકાસ ક્રમમાં સૌથી અલૌકિક વસ્તુ જણાઈ છે.

''ગૌમાતા જન્મ આપનારી માતા કરતાં પણ વધીને છે. માં તો એક,બે વર્ષ દૂધ પિવડાવીને પછી આપણી પાસે આખું જીવન સેવાની આશા રાખે છે. પરંતુ ગૌમાતાને તો દાણ-ખાણ અને ઘાસચારા સિવાય કોઈ સેવાની જરૂરિયાત પડતી નથી. બિમારીના સમયે માતાની તો આપણે સેવા ચાકરી કરવી પડે છે. બલ્કે ગૌમાતા જીવનપર્યંત માત્ર આપણી અતૂટ સેવા જ કરતી નથી, પરંતુ તેના મૃત્યુ પામ્યા પછી પણ આપણે તેના ચામડાં, હાડકાં, શિંગડાં વગેરેમાંથી અનેક પ્રકારનો લાભ ઉઠાવીએ છીએ. આ બધી વાતો હું જન્મદાતા માતાનો દરજ્જો ઓછો કરવા માટે કહી રહ્યો નથી, પરંતુ એ દેખાડવા માટે કહી રહ્યો છું, કે ગૌમાતા આપણાં બધા માટે કેટલી પૂજનીય છે.''

''મને એ જોઈને આશ્ચર્ય થાય છે, કે આપણે ભેંસના દૂધ તથા ઘી તરફ કેટલો પક્ષપાત કરીએ છીએ. અસલમાં તો આપણે નજીકના સ્વાર્થને જોઈએ છીએ. દૂરના લાભનો વિચાર કરતાં નથી. નહીં તો એ વાત સાફ છે, કે અંતમાં તો ગાય

જ વધુ ઉપયોગી નિવડે છે. ઘી અને માખણમાં એક ખાસ પ્રકારનો પીળો રંગ હોય છે. જેમાં ભેંસના માખણ કરતાં અનેક ઘણું વધારે કૌરોટિન અર્થાત્ વિટામીન એ રહે છે. તેમાં એક પ્રકારનો ખાસ સ્વાદ પણ હોય છે. મને મળવા આવનાર વિદેશી મુસાફરો સેવાગ્રામમાં રહેતી ગાયોનું દૂધ પીને ખુશ થઈ જાય છે. યુરોપમાં તો ભેંસના ઘી અને માખણ અંગે કોઈ જાણતું પણ નથી. હિન્દુસ્તાન જ એક એવો દેશ છે, કે જ્યાં ભેંસના દૂધને અને ઘીને આટલું પસંદ કરવામાં આવે છે. તેનાથી ગાયની દુર્દશા થઈ જશે. એટલા માટે હું કહું છું કે અગર આપણે જો ગાય ઉપર જ ભાર નહીં આપીએ તો ગાય નહીં બચી શકે.''

''ગૌરક્ષાના પ્રશ્નનો જેમ જેમ વધુને વધુ અભ્યાસ કરું છું, તેમતેમ મારો અભિપ્રાય દૃઢ બની જાય છે, કે ગામડાઓ અને તેમાં વસતી પ્રજાનું રક્ષણ ત્યારે જ થઈ શકે, કે જ્યારે ઉપર ચિંધવામાં આવેલી દિશામાં સતત પ્રયત્ન કરવામાં આવે.''

**૩.આચાર્ય વિનોબા ભાવેઃ-**

''ભારત એ ખેડૂતોનો દેશ છે. ખેતીવાડીની શોધ પણ ભારતમાં થઈ છે. ગાય બળદની સારી રીતે સેવા ચાકરી પણ ભારતની ખેતીવાડી નિર્ભર કરે છે. ભારતની સંસ્કૃતિનું નામ જ ગૌસેવા છે, પરંતુ આજે ભારતમાં ગાયની દશા એ દેશો કરતાં પણ વધુ ખરાબ છે, જેમણે ગૌસેવાનું નામ લીધું નથી. આપણે નામ તો લીધું પરંતુ કામ કર્યું નહીં. જે થવાનું હતું તે થયું, પરંતુ હવે તો ચેતી જાવ.''

**૪.મહામના મદન મોહન માલવીયાઃ-**

''અગર આપણે ગાયોનું રક્ષણ કરીશું તો ગાયો પણ આપણી રક્ષા કરશે. ગામડાંઓની આવશ્યકતા અનુસાર દરેક ઘરમાં તથા ઘરોના દરેક સમૂહમાં એક ગૌશાળા હોવી જોઈએ. દૂધ ગરીબ તથા અમીર સૌને મળવું જોઈએ. કુટુંબ કબીલાવાળી વ્યક્તિઓને પૂરતા પ્રમાણમાં ગૌચર જમીન મળવી જોઈએ. ગાયોને વેચાણ માટે મોકલવાનું બિલકુલ બંધ કરી દેવું જોઈએ. કારણ કે એનાથી કસાઈઓને ગાયો ખરીદમાં સગવડતા રહે છે. ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે કરવામાં આવતા સૂચનોને અગર જો કાર્યમાં રૂપાંતર કરવા માટે ગ્રામપંચાયતોની રચના કરવી અત્યંત જરૂરી છે.''

**૫. ભારતરત્ન ડૉ૦રાજેન્દ્રપ્રસાદઃ-**

આપણાં દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ૦રાજેન્દ્ર પ્રસાદજી મહાન ગૌભક્ત હતા. તેમણે બિહાર રાજ્યમાં પટણા ખાતે યોજાયેલાં ગૌશાળા પાંજરાપોળના સંમેલનના સમયે કહ્યું હતું કે ''ઢોરો ધ્વારા આપણને જેટલી આવક થાય છે, એટલી આવક કોઈ બીજા માર્ગ ધ્વારા થતી નથી. દેશમાં જેટલી ડાંગર થાય છે,

તેની કિંમત ઢોરો દ્વારા થતી આવકનો ૧/૩ અને ઘઉંની કિંમતનો ૧/૪ છે. એનાથી જ સમજી શકાય તેમ છે, કે કેવી રીતે દેશમાં ફેલાયેલો ગૌવંશ વરસાદના ટીંપાની જેમ કામ કરે છે. ગાય દૂધ આપે છે, બળદ હળ હાંકે છે અને વજન ખેંચવાનું કામ કરે છે. બન્ને માત્ર ઘાસચારોને ખાણ ખાય છે અને તે ઘાસચારાની કિંમત ઘી,દૂધ,ઘી,દહીં રૂપે પાછી આપે છે.મરી ગયા પછી ચામડું આપે છે અને હાડકાં વગેરે બધું જ ખાતર રૂપે વળી પાછું જમીનમાં પાછું જાય છે.''

ઓલાદ સુધારવા માટે તેમણે કહ્યું, ''એવી ઓલાદ પસંદ કરવામાં આવે કે જે દૂધ પણ આપે અને વાછડાઓ પણ આપે. અંગ્રેજોને પોતાના લશ્કર માટે માંસ તથા વ્યાપાર માટે ચામડું જોઈએ. એ મેળવવા માટે તેમણે એકાંગી (માત્ર દૂધ અથવા માત્ર વાછડા આપનારી) ઓલાદની ઉપયોગિતાનો પ્રચાર કરી આપણાં દેશના લોકોને ભૂલભૂલામણીમાં નાખ્યા છે.''

મોટર,ટ્રેક્ટર વગેરે મશીનો દ્વારા ખેતી કરવાના સંબંધમાં તેમનો વિચાર હતો કે - ''હું સમજું છું કે જે હાલત આજકાલ ભારતની છે, તેમાં આ પ્રકારની ટેકનિકથી થોડે દૂર સુધી કામ ચાલી શકે છે, પરંતુ બળદની જરૂરિયાત તો હંમેશા રહેશે. બળદ વગર આપણી કારીગરી નહીં ચાલી શકે.''

**૬. લાલા લજપતરાયઃ-**

પંજાબ કેશરી લાલા લજપતરાય કે જેઓ દેશની એ મહાન વ્યક્તિઓમાંથી એક છે કે જેમણે દેશને આગળ વધારવા અને ગુલામીમાંથી મુક્તિ અપાવવા તથા એના અવાજને સમગ્ર દેશમાં ગુંજવવા માટે શંખનાદ કર્યો હતો અને એમનો અંત પણ ''સાઈમન કમીશનના આગમન સમયે સૂત્રોચ્ચાર કરતાં પોલિસના લાઠીચાર્જથી થયો હતો.'' ૧૯૨૧માં દિલ્હીના શહીદ હૉલમાં હિન્દુ તથા મુસલમાનો વચ્ચે એકતા સ્થાપવા માટે જે સંયુક્ત ગૌરક્ષા સંમેલન યોજાયું હતું, તેમાં લાલાજીનો જ સૌથી મોટો ફાળો હતો અને તેઓ જાતે પણ એ સંમેલનના પ્રમુખ હતા અને તેમણે જોરદાર શબ્દોમાં એ વાત કહી હતી કે ''અંગ્રેજોના રાજ્યમાં ગાયની હત્યા થઈ રહી છે અને ગાય સૌને ઘી દૂધ આપીને બળવાન બનાવે છે, એટલા માટે આપણે સૌએ કે જેઓ પોતાના દેશને સ્વતંત્ર કરાવવા તૈયાર છે અને અંગ્રેજોને અહીંથી ભગાડવા ઈચ્છે છે, તો તેમણે અંગ્રેજો સાથે અસહકાર કરવો જોઈએ.''

**૭. પુરુષોત્તમદાસ ટંડનઃ-**

''સંભવ છે કે બીજાઓ માટે રૂપિયા, પૈસા, સોનું અને ચાંદીની વધુ કિંમત હોય પરંતુ ભારત માટે ગાયજ મુખ્ય ધન છે. અહીં તો ગૌધનનું જ મહાત્મય છે. આપણા ધાર્મિક શાસ્ત્રો તથા પુરાણોમાં લાખ-લાખ ગાયોના દાનનું વર્ણન આવે છે.

ગૌદાન એ અહીંનું મુખ્ય ધાર્મિક કાર્ય છે. એટલે તમામ પ્રકારના પ્રયત્નથી ગૌધનની રક્ષા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.''

તેઓએ ચામડાંની વસ્તુનો બહિસ્કાર કરવા માટે ભાર મુકતાં ટંડનજીએ ચામડાની વસ્તુઓ બનાવવા માટે કેટલી ક્રુરતા અને નિર્દયતાની સાથે નિર્દોષ ગાયો તથા તેના ગર્ભમાં રહેલા વાછડાં વાછડી સુધ્ધાને મારવામાં આવી રહ્યા છે તેનું તેમણે હૃદયદ્રાવક ચિત્ર ખેચ્યું. જેનાથી ત્યાં હાજર રહેલાં લોકોની આંખમાં આંસુ આવી ગયા. તેમણે કહ્યું કે ''ફેશનના ચક્કરમાં પડી જેઓ ચામડાની વસ્તઓનો ઉપયોગ કરે છે, તેઓ ગૌહત્યા માટે એટલા જ જવાબદાર છે, જેટલા ગૌમાંસ ખાનારાઓ''. ખરેખર મોટા ભાગની ગાયો આ ચામડાની વસ્તુઓ બનાવવા માટે કાપવામાં આવે છે. તેમણે મહિલાઓને આવાહન કરતાં જોરદાર શબ્દોમાં કહ્યું કે ''બહેનો ચામડાની બેગ, બિસ્તરો, પર્સ, પેટીઓ અને જોડાઓ પહેરવાનું છોડી દે તથા તેને પોતાના પતિ તથા પુત્રોને પણ તૈયાર કરે.''

### ૮. મહર્ષિ દયાનંદઃ-

મહર્ષિ દયાનંદે નીચેના શબ્દોમાં ગાયનું આર્થિક મહત્વ બતાવ્યું હતુંઃ-

''ગાયની હત્યા કરી એક સમય પર મત્ર ૨૦ વ્યક્તિઓને ખવડાવી શકાય, જ્યારે એ ગાય પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના દૂધ વડે ઓછામાં ઓછા ૨૦,૦૦૦ વ્યક્તિઓને અમૃત સમાન તૃપ્તિ આપી શકે છે.''

### ૯. જવાહરલાલ નહેરૂઃ-

બીજા વિશ્વયુધ્ધ પહેલાં એ સમયની અંગ્રજ સરકારે કરોડો રૂપિયાના ખર્ચે લાહોરમાં એક વિશાળ કતલખાનું ખોલવાની યોજના બનાવી હતી. આ ક્રુર લોહિયાળ યોજનાનો દેશના લોકોએ પ્રબળ વિરોધ કર્યો. દેશવાસીઓના અવાજમાં આવાજ મેળવતા યુગપુરુષ જવાહરલાલ નહેરૂએ કહ્યું હતું કે -''હું કસાઈખાનાઓને બિલકુલ પસંદ કરતો નથી. જ્યારે હું એ કતલખાનાઓ પાસેથી પસાર થવું છે ત્યારે મારો જીવ રૂંધાય છે. પશુઓ આપણાં દેશનું ધન છે. તેના હ્રાસને ક્યારેય પણ પસંદ નહીં કરું. સરકારે લાહોર ખાતે જે કતલખાનું ખોલવાનો નિશ્ચય કર્યો છે, હું એનો સખત વિરોધી છું. તેના વિરોધમાં દેશવાસીઓ જે પગલાં ભરશે, હું એની સાથે રહીશ.''

પરિશિષ્ટ-૭

# ગૌશાળા કેવી હોવી જોઈએ?

વ્યવસ્થિત રીતે ગૌપાલન કરવા માટે ગૌશાળા સુંદર, સ્વચ્છ હવાની અવરજવરવાળી તથા ઠંડી, ગરમી તથા વર્ષા ઋતુથી બચાવ કરવા માટે યોગ્ય વ્યવસ્થા ધરાવતી હોવી જોઈએ. જેથી ઢોર સુખ શાંતિથી રહી શકે તથા તંદુરસ્તી જાળવી રાખે. તેને માટે પાકું મકાન બાંધી શકાય તો તે વધુ સારું છે, પરંતુ નાણાંકીય સ્થિતિ સારી ન હોય તો સામાન્ય ઘાસ વાળું છાપરું બનાવી વિધિવત્ રીતે બનાવામાં આવેલી કાચી અને સસ્તી ગૌશાળામાં ગાયો આરામથી રહી શકે છે. ગૌશાળાના સંબંધમાં કેટલાક માર્ગદર્શક મુદ્દાઓ નિચે આપવામાં આવી રહ્યા છે.

**(૧) ગૌશાળા બાંધવા માટેની જગ્યા (લોકેશન):-**

✪જ્યાં સુધી સંભવી શકે ત્યાં સુધી ગાયોને રહેવાવાળી જગ્યા શાંત, ખુલ્લી જગ્યામાં માનવ વસ્તીથી દૂર એકાંતમાં હોય તો વધુ સારું છે. એનાથી ગાડાની અવરજવર, પાણીના નાળાઓની ગંદકી તથા ગૌશાળાની ગાયોની અવરજવરથી કોઈને ડર ન રહે. અહીંથી તે સ્વચ્છંદતાપૂર્વક અવર જવર કરી શકશે.

✪ગૌશાળા સમતલ તથા ઉંચી જગ્યા પર હોવી જોઈએ, જેથી આસપાસનું પાણી એકઠું થઈ શકે નહીં. તેની આસપાસમાં ગંદા પાણી યાતો કૂડા કચરાથી ભરેલાં ખાડા ન હોવા જોઈએ, કે જેથી મચ્છર, માખી વગેરેનો ત્રાસ ન રહે.

✪ગૌશાળાથી થોડે દૂર અગર તેની પાસે કોઈ જળાશય, સરોવર અથવા વહેતી નદી હોય તો તે ખૂબ જ સારું છે, સાથે સાથે તે સગવડતા જનક પણ છે, કારણ કે ત્યાં જઈ ઢોર સારી રીતે પાણી પી શકે તથા ત્યાં તેને સારી રીતે નવડાવી પણ શકાય. મોટી ગૌશાળા માટે ઉપયોગી જગ્યા એ છે, કે જે માનવવસ્તીથી દૂર, ઉંચી સમતળ જગ્યા પર તથા નદીની નજીકમાં હોય.

**૨. ગૌશાળા માટે મકાનઃ-**

**(અ) કાચી ગૌશાળાઃ-**

✪ગૌશાળાની ચારે બાજુ કાચી માટીની દિવાલ બનાવી તૈયાર કરવામાં આવે. કાંટાની વાડથી ઢોરને વાગી જવાનો ભય બની રહે છે.

✪ગાયોની સંખ્યાના પ્રમાણમાં લાંબો ઓટલો બનાવી લેવામાં આવે તથા તેની ઉપર સિમેન્ટનું પાકું તળિયું બનાવી લેવામાં આવે. અગર જો નાણાંની

અછત હોય તો લાકડાના ગોળ થાંભલાના આધારે ઘાસનું છાપરું બનાવી લેવામાં આવે.

✪ઓટલા ઉપર એકબાજુ અથવા વચ્ચે (અગર ગાયોને સામ સામે બાંધવી હોય તો) ગમાણ બનેલી હોવી જોઈએ. જ્યાં સુધી સંભવી શકે ત્યાં સુધી ગમાણ પાકી જ બનાવો, નહીં તો છાણ માટી તથા ઘઉંનું ડુર, ડાંગરના ફોતરાં કે બાજરીના ઢુંઢા નાખી બનેલી કાચી ગમાણ ચાલી શકે છે.

✪ગૌશાળા માટેનું તળિયું માત્ર કાચી માટીનું જ રાખવામાં આવે તો માટી રેતાળ હોવી જોઈએ, જેથી ત્યાં તુરંત કિચડ ન થાય. નહીં તો યોગ્ય તો એ છે, કે ઈંટના ઝીણાં રોડા-ટુકડાંને કુટી તળિયાને પાકું તથા સમતલ બનાવી લેવું જોઈએ. દરેક બીજા ત્રીજા દિવસે નવી માટી પાંદડા પાથરી, પ્રથમ દિવસે પાથરવામાં આવેલા પાંદડા તથા માટીને કંપોસ્ટ ખાતર બનાવવાના કામમાં ઉપયોગ કરવામાં આવે.

✪દૂધ પીતા નાના વાછડા કે વાછડીને રાખવા માટે વાંસ-વળીઓ વડે વાડો બનાવી લેવામાં આવે. તેને માટે ઓછી ઉંચાઈ વાળો અવાડો અથવા માટીની કોઠીને અડધી ફોડી તેના નીચેના ભાગનો ઉપયોગ કરી વાછડાઓને પાણી પિવા માટે વ્યવસ્થા કરવી જોઈએ.

✪ભૂંસુ, દાણ, ખાણ, ખોળ, જુવાર બાજરીના પૂળા તથા દૂધ રાખવા માટે અને ગોવાળિયાને રહેવાની જગ્યા અલગ અલગ છાપરામાં હોવી જોઈએ.

**(બ) પાકી ગૌશાળાઃ-**

**૧. માપઃ-**જરૂરિયાત અનુસાર ગૌશાળા લાંબી પહોળી અને ખૂબ ખુલ્લી હોવી જોઈએ. ગૌશાળાની વચ્ચે ખુલ્લું આંગણું હોવું જોઈએ, જેથી ગાયો સવારે ને સાંજે ખૂલ્લી જગ્યામાં બેસી શકે. એક ઢોરને ઉભા રહેવા માટે છાપરાંવાળી જગ્યામાં ઓછામાં ઓછી ૫' X ૧૦' ફૂટ જગ્યા જોઈએ.

**૨. ચાર દિવાલઃ-**બહારની ચાર દિવાલો ૬ થી ૭ ફૂટ ઉંચી હોવી જોઈએ, જેથી બહારથી આવવાવાળાઓની દૃષ્ટિ ગૌશાળાની અંદર ચાલતા કામકાજ પર ન પડે તથા તેની સલામતી જળવાય રહે. દરવાજો ખૂબ પહોળો અને યોગ્ય ઘાટ વાળો હોવો જોઈએ. તેમાં કોઈ પણ ચીજ વસ્તુ તિક્ષ્ણ અને અણીદાર ન હોવી જોઈએ.

**૩.ગૌશાળાનો ઓરડોઃ-**ગાયોની સંખ્યાના હિસાબે ઓરડો ૮ થી ૯ ફૂટ પહોળો અને લાંબો બનાવવામાં આવે. એક ગાયને બાંધવા માટે ૫ થી ૧૦ ફૂટ

જગ્યા ઘણી થઈ પડે છે.

**૪. ઘાસચારા માટેની ગમાણઃ-**ઘાસચારો નિરવા માટે ગમાણને ઓરડાની અંદર એકબાજુ બનાવવી જોઈએ અથવા ગાયોને સામસામે બાંધવી હોય તો ગમાણને ઓરડાની વચ્ચોવચ્ચ બનાવવી જોઈએ.

✪ગમાણની ઉંચાઈ ૨.૫ ફૂટ જેટલી પૂરતી છે. એક ઢોર માટે ગમાણની લંબાઈ પહોળાઈ ૨-૧.૫ ફૂટ તથા ઉંચાઈ ૨.૫ ફૂટ હોવી જોઈએ. ઢોરોની સંખ્યા અનુસાર ગમાણની લંબાઈ હોવી જોઈએ. ઢોરને એક બાજુ બાંધવા હોય અથવા સામસામે બાંધવા હોય તદ્અનુસાર લંબાઈ પહોળાઈ નક્કી કરવી જોઈએ.

✪ગમાણમાં એક બાજુ છેદ હોવો જોઈએ. જેથી તેને દાટો મારી બંધ કરી શકાય તથા ગમાણને સાફ કરતી વખતે ખોલી શકાય.

**૫. ગૌશાળાનું છાપરુઃ-**ટીન-લોખંડના પતરાનું છાપરું (છત) ઉનાળામાં તડકાથી તપવાના કારણે તથા શિયાળાની ઋતુમાં ઠંડુ થઈ જવાના કારણે તે યોગ્ય નથી. વાંસ, વળિયો તથા નળિયાનું છાપરુ પણ ઉપયોગી નથી, કારણ કે તેમાં સાપ, વીંછી જેવા જીવજંતુ ભરાઈ રહેવાનો ડર રહે છે. અર્થાત્ તે યોગ્ય નથી. સિમેન્ટના ધાબાવાળું મકાન અથવા એસ્બેસ્ટોસ સીટનું છાપરું સર્વશ્રેષ્ઠ છે.

**૬. ગૌશાળાનું તળિયું:-**સિમેન્ટનું તળિયું બનાવતી વખતે એ વાત ધ્યાન રાખવી જરૂરી છે, કે તે ચિકણું અથવા સુવાળું ન હોવું જોઈએ, કારણ કે તેનાથી લપટણું બની જવાથી ગાય લપસી પડવાનો ભય રહે છે. તળિયાને સારી રીતે કુટી મજબૂત તથા સમતલ બનાવવું જોઈએ. વચ્ચે વચ્ચે ખાડા રહેવાથી તેની સાફ સૂફી કરવામાં મુશ્કેલી પડશે.

આ તળિયા પર પાછળની તરફ ઢાળ રાખવો જોઈએ જેથી ગાયનું મૂત્ર વહીને ખાઈમાં ચાલ્યું જાય અને સાફસૂફી માટે ખાળ, ગટર પણ રાખવી જોઈએ.

**૭. પ્રસૂતિ માટેનો ઓરડોઃ-**ગાયને વિયાવા માટે મોટો તથા સ્વચ્છ હવાની અવર જવર વાળો એક ઓરડો હોવો જોઈએ. તેમાં નરમ, સ્વચ્છ અને સૂકું ઘાસ પાથરી દેવામાં આવે. જેથી વિયાતી વખતે ગાયને આરામ રહે. બાદમાં તેને ઉઠાવી ખાતર બનાવવા માટેના કૂવામાં નાખી દેવામાં આવે.

**૮. અન્ય ઉપયોગ માટેના ઓરડાઓઃ-**ગૌશાળામાં ભુંસુ(ડૂર, પરાળ) ખોળ, કપાસિયા, જુવાર બાજરીના પૂળા રાખવા તથા તેને કાપવાનું મશીન રાખવા તથા દૂધને રાખવા માટેના ઓરડાઓ અલગ અલગ બનાવવામાં આવે.

તેનાથી જરા દૂર હટીને એક બે ઓરડા એવા હોવા જોઈએ કે બિમાર ઢોરને અલગ રાખી શકાય તેની પાસે દવાને સાચવી રાખવા માટે એક નાની ઓરડી પણ હોવી જોઈએ.

**૯. ફાંસ (Cattle crush):-**આ લાકડામાંથી બનાવવામાં આવે છે. એ દવા રાખવાના ઓરડાની પાસે હોવો જરૂરી છે. તેની વચ્ચે ઢોરને ફસાવી સરળતાથી ઉભું રાખી શકાય અને તેના રોગની તપાસ કરવામાં સરળતા રહે.

**૩. પાણીની વ્યવસ્થાઃ-**

ગૌશાળામાં સૌથી પ્રથમ તો ગાય બળદ વાછડા વાછડી માટે પાણી પીવા માટે વ્યવસ્થા કરવી જરૂરી છે. દરેક સમયે નળ ધ્વારા જમીનમાંથી પાણી ખેંચવાની વ્યવસ્થા રહેવી જોઈએ. અગર ૨૪ કલાક વહેતું પાણીનું ઝરણું, સ્ત્રોત યા સતત ટપકતા નળની વ્યવસ્થા રાખવામાં આવે તો તે વધુ ઉત્તમ છે. કુવાથી પણ કામ ચાલી શકે, પરંતુ તે ઢાંકેલો હોવો જોઈએ તથા તે ઉંચો હોવો જોઇએ. ઢોરની ગમાણ પાસે નજીકમાં એક અવાડો (હવાડો) હોવો જોઈએ. જેનું પાણી પણ હંમેશા સ્વચ્છ રાખવું જોઈએ અને તે હંમેશા ભરેલો રહેવો જોઈએ. જેથી ઢોરને તરસ લાગે ત્યારે તે પેટ ભરી પાણી પી શકે. ગૌશાળામાં હંમેશા પાણી જરૂરિયાત હોય છે, એટલા માટે પાણીની વ્યવસ્થા કરવા ઉપર ખાસ ધ્યાન રાખવું જોઈએ.

**૪. કસરત (હરવા ફરવા) માટે ગૌચર અથવા વાડોઃ-**

દરેક પ્રાણીની જેમ ગાયને પણ તંદુરસ્ત રહેવા માટે શારીરિક પરિશ્રમની જરૂરિયાત હોય છે. શરીરના સંચાલનથી તેના દરેક અવયવો સારી રીતે કામ કરતાં રહેશે. ગાય જો તંદુરસ્ત રહેશે તો તેનું દૂધ પણ એટલું જ સારું હશે અને તેના વાછડા વાછડી પણ એટલાં જ તંદુરસ્તી રહેશે. સામાન્ય રીતે એક ગાય દરરોજનું ૪ થી ૫ કિલોમીટર જેટલું હરીફરી લે છે. સાંઢ તથા વાછડા વાછડીઓને પણ હરવું ફરવું જરૂરી છે. હરવા ફરવાથી તે મજબૂત તથા તંદુરસ્ત બની રહે છે.

બંધ ગૌશાળામાં સતત ગાયને બાંધી રાખવાથી ગાયની પાચન શક્તિ ક્ષીણ થઈ જાય છે, એના કારણે તે દૂધ ઓછું આપવા લાગે છે. પાચન શક્તિ વ્યવસ્થિત ન હોવાથી તેને અનેક પ્રકારના રોગો થવાની પણ સંભાવના હોય છે. બાંધી રાખવામાં આવેલી ગાય આનંદમાં રહેતી નથી.

સ્વતંત્ર રીતે ધીમીધીમી ગતિથી પોતાની ઈચ્છાઅનુસાર ફરી ફરી ચરવાથી

ગાય ખૂબ ખુશ રહે છે. સતત બાંધી રાખવાથી તે સંકુચિત વૃત્તિવાળી બની જાય છે. ગૌશાળાની બહાર હરવા ફરવાથી ગાયને ખુલ્લી અને સ્વચ્છ હવા મળે છે. સૂર્યના કિરણો ગાયને તંદુરસ્ત રહેવા અને તેની દૂધ આપવાની શક્તિનો વિકાસ કરવા માટે ખૂબ જરૂરી છે. તેમાંથી વિટામીન ડીનો સંચાર થાય છે.

✪અગર ગામમાં ગૌચરની વ્યવસ્થા હોય તો ખૂબ સારું છે, નહીં તો ગૌચરની વ્યવસ્થા બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. અગર જો ગૌચર નદીના કિનારે હોય તો ખૂબ સારું છે.

✪અગર ગૌચરની વ્યવસ્થા નથી તો આગળ જતાં વ્યવસ્થા થશે, પરંતુ ગૌશાળા પાસે એવા વાડાની વ્યવસ્થા અવશ્ય હોવી જોઈએ કે જેમાં ગાયને હરવા ફરવા માટે ખુલ્લી છોડી શકાય.

**૫. સફાઈની વ્યવસ્થાઃ-**

ગૌશાળા હંમેશા સ્વચ્છ રહેવી જોઈએ. ત્યાં બકરા બકરી, કુતરાં કે મરઘાં બતકાં વગેરેને ઘુસવા દેવામાં ન આવે. કારણ કે તે ગાયના ખાણને બગાડી અશુધ્ધ કરી દે છે.

✪ગૌશાળાની ખાળને સવારેને સાંજે પાણીથી ધોઈ સાફ રાખવી જોઈએ. ગૌશાળાની બહારની તરફ જ્યાં મોટી ખાળ કે ગટર નિકળતી હોય છે, ત્યાં મોટો હોજ બનાવી તેમાં વાસણ રાખી દેવામાં આવે. જેથી તેમાં ઢોરોનું મૂત્ર અને ગૌશાળાના ધોવાણનું પાણી એકત્ર થતું રહે. આ વાસણ ભરી ગયા પછી એ પાણીને કંપોસ્ટ ખાતર બનાવવા માટે બનાવવામાં આવેલા ખાડા કે હોજમાં નાખી દેવું જોઈએ.

✪ગૌશાળાને ક્યારેક ક્યારેક ફિનાઈલ વડે ધોવી જોઈએ.

✪ગૌશાળાને માખી, મચ્છર, ડાંસ વગેરે જીવજંતુથી બચાવ કરવા માટે લીમડાના પાંદડા અથવા લોબાનનો ધુમાડો જરૂર કરવો જોઈએ.

✪રાત્રિના સમયે ગૌશાળામાં અજવાળું રહે તો તે વધુ સારું રહે છે. ગૌશાળાના આંગણામાં લીમડા યા પિપળાનું ઘટાદાર ઝાડ હોવું ખૂબ જરૂરી છે. કારણ કે તે આરોગ્ય વર્ધક છે તથા ઉપયોગી પણ છે. ઠંડી તથા ગરમીની ઋતુમાં હંમેશા જાનવરોને આરામ આપે છે.

✪દર વર્ષ ગૌશાળાની દિવાલો ચૂના વડે રંગી નાખવી જોઈએ.

પરિશિષ્ટ-૮

# ગાયનું દૂધ જ શા માટે?

આજે ભારતના લોકોના મગજમાં દૂધની ક્વોલીટી જાણવા માટે તેમાં ચિકાશનું પ્રમાણ કેટલું છે, એના ઉપરથી આંકવાની એક મોટી ભ્રાંતિ ઘર કરી ગઈ છે અને આ ભૂલામણીમાં ફસાઈને ગાયના બદલામાં ભેંસ પાળવાની પ્રથાનો આરંભ થઈ ગયો. એટલે સુધી કે ગાયનું દૂધ નિમ્ન કોટિનું સમજી સસ્તું વેચાય છે અને મળે પણ છે. આ ભ્રમણાના પરિણામ સ્વરૂપે ભેંસના પાલનને પોષણ અને પ્રોત્સાહન મળતાં ભારતની આર્થિક સ્થિતિ અને લોકોના આરોગ્ય ઉપર પ્રતિકૂળ અસર થઈ છે. એનાથી વિપરીત સમગ્ર જગતના ઉન્નત અને પ્રગતિશીલ કહેવાતા દેશો પૈકી અમેરિકા, રશિયા, ડેનમાર્ક અને સ્વિટઝરલેંડ આ તમામ દેશોમાં જોવા મળતી નથી. અનેક પશ્ચિમના દેશોએ તો ગૌપાલનના ધંધાને જ, એક માત્ર વિકલ્પ રૂપે ગાયનું યોગ્ય રીતે પાલન પોષણ કરે છે અને ભેંસ તો અનેક દેશોએ તો ગૌપાલના જ પોતાની આર્થિક વ્યવસ્થાનો આધાર માની લીધો છે. પોતાના જે અમૃત સમાન ગુણોના કારણે આજે ગાયનું દૂધની સમગ્ર વિશ્વમાં આહારના મુખ્ય અંગ રૂપે વપરાય છે. તેની તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવું જરૂરી છે.

**૧.** આહાર શાસ્ત્રીઓએ ગાયના દૂધને સંપૂર્ણ આહાર માન્યો છે. અગર જો મનુષ્ય માત્ર ગાયના દૂધનું સેવન કરતો રહે તો તેનું શરીર તથા જીવન ન માત્ર સરળતાથી ચાલતું રહે છે, પરંતુ તે અન્ય લોકોની અપેક્ષાએ સશક્ત અને રોગપ્રતિરોધક શક્તિ ધરાવતો થઈ જાય. એમાં માનવ શરીર માટે જરૂરી તમામ પોષક તત્વો હોય છે. તેમાં પ્રોટિન ૦.૯૪, સ્નિગ્ધતા ૧.૦૯, ક્ષાર ૧.૬, કેલેરી ૧.૮, ચારે પ્રકારના (જીવનતત્વ) વિટામીન ૧.૨૫ ટકા હોય છે. ગાયના એક પૌંડ દૂધમાંથી આટલી શક્તિ મળે છે, જેટલી કે ૪ ઇંડા અને ૨૫૦ ગ્રામ માંસમાંથી પ્રાપ્ત થતી નથી.

**૨.** ભેંસના દૂધમાં સ્નિગ્ધતા (ચિકાશ) વધારે હોય છે. જેના કારણે તે પચવામાં ભારે હોય છે. એને કઠોર મહેનત કરનાર વ્યક્તિ જ તેને પચાવી શકે છે. સામાન્ય મહેનત કરનારી વ્યક્તિ, સ્ત્રીઓ, બાળકો, વૃધ્ધો, રોગીઓ તથા નિર્બળ વ્યક્તિઓને તે પોષણ આપવાના બદલે નુકશાન કરે છે. પરંતુ ગાયના દૂધમાં મળતી ચિકાશ એવી રીતે સમતોલ છે, કે મનુષ્ય શરીરને

અનુકૂળ અને પાચન ક્રિયામાં સહાયક તથા શારીરિક અંગ અવયવોને ઉત્તમ સ્નિગ્ધતા અને બળ પૂરું પાડે છે.

**૩.** નવજાત બાળકને માતાના દૂધ સિવાય એક માત્ર વિકલ્પ રૂપે ગાયનું દૂધ જ ઉપયોગી છે. તે બાળક માટે માતાના દૂધની જેમ જ ગુણકારી હોવાના કારણે તેના બદલામાં ઉપયોગ કરી શકાય. ગાયના દૂધમાં ક્ષાર વધારે હોય છે તથા પાચક રસોનો પૂરતા પ્રમાણમાં સમાવેશ હોય છે. બાળકના કોમળ પાચન તંત્રમાં સરળતાથી પચી જાય છે. માતાના દૂધની જેમ જ પોષક દૂધ આપવાના કારણે જ એને ગૌમાતા માનવામાં આવી છે.

**૪.** ગાયના દૂધમાં મળી આવતું પ્રોટિન શ્રેષ્ઠ કોટિનું હોય છે. જે શરીરના વિકાસ તથા તૂટફૂટ માટે અત્યંત જરૂરી છે. જીવો ધ્વારા પ્રાપ્ત થતાં પ્રોટિનોમાં ગાયના દૂધનું અનન્ય સ્થાન છે. ગાયના દૂધમાં ૨૧ પ્રકારના એમિનો એસિડ મળી આવે છે. જે પ્રોટિનને વધુ ગુણકારી બનાવે છે. ૯૭ ટકા પ્રોટીનનો ભાગ પાચનતંત્ર ધ્વારા પચાવી લેવામાં આવે છે.

**૫.** દૂધની ઉપયોગિતા અને શ્રેષ્ઠતા ચિકાશના કારણે નહીં, પરંતુ તેમાં મળી આવતા ખનિજો, ક્ષારો અને રાસાયણિક તત્વોના કારણે હોય છે. ગાયના દૂધમાં નીચે જણાવેલા શક્તિવર્ધક તત્વો મળી આવે છે. જેના કારણે પોષણની દૃષ્ટિથી સર્વશ્રેષ્ઠ આહાર માનવામાં આવે છે.

**(અ)** ૨૧ પ્રકારના એમિનો એસિડ, ૧૧ પ્રકારના ફેટીએસિડ, ૬ પ્રકારના વિટામિન, ૮ પ્રકારના બેકટેરિયા, ૨૫ પ્રકારના ધાતુ તત્વ, ૨ પ્રકારની સુગર, ૪ પ્રકારના ફોસ્ફોરસ ઘટકો, ૧૮ પ્રકારના નાઈટ્રોજન તત્વો મળી આવે છે. તેમાં મળતા મુખ્ય ખનિજોમાં કૈલ્શિયમ, ફોસ્ફરસ, લોખંડ, તાંબુ, આયોડીન, ફલોરિન, સિલિકોન વગેરે.

**(બ)** મળી આવતા મુખ્ય એન્ઝાઈમમાં પેરિવિકટેજ, રિટકટેડ, લાઈપેજ, પ્રોટિએજ, લેકટેજી, ફૉસ્ફેટેઝ, ઓલિનેજ, ગેટાલેજ વગેરે.

**(ક)** વિટામીન એ-૧, કેરોટિન ડી.ઈ, ટોકોકેરાલ, વિટામીન બી-૧, બી-૨, રિવોફ્લેવિન, બી-૩, બી-૪ તથા વિટામીન-સી છે.

**૬.** ગાયનું દૂધ એ માત્ર આહાર જ નથી, પરંતુ આયુર્વેદમાં એને પ્રકૃતિ ધ્વારા પ્રદાન કરવામાં આવેલ રસાયણ (ટોનિક) માનવામાં આવ્યું છે. જે નિર્બળ, દુર્બળ તથા રોગીઓને નવજીવન બક્ષે છે.

**(અ)** પ્રસુતિ પહેલાં જ્યારે બાળકનું માતાના પેટમાં ઘડતર શરૂ થાય છે,ત્યારે એ સમયે બાળકના શરીરની તથા સંસ્કારોની વૃધ્ધિ માટે સગર્ભા સ્ત્રીને જો ગાયનું દૂધ આપવામાં આવે તો એ બાળકના શરીર પર તથા તેના આરોગ્ય પર સારી અસર થાય છે. પ્રસુતિકાળ પછી સ્નતપાનના સમયે બાળકની માતાને ગાયના દૂધનું સેવન કરાવવામાં આવે તો સ્તનપાનથી શરીરમાં જે તત્વોની ઉણપ હોય, તેની સારી રીતે ભરપાઈ થઈ જાય છે.

**(બ)** લોહીની ઉણપ, સંગ્રહણી, પાંડુરોગ, પિત્ત તથા ટી.બી. વગેરે રોગો પર દવાની સાથે સાથે આહાર રૂપે ગાયના દૂધનું સેવન કરાવવાથી તુરંત લાભ થાય છે.

**(ક)** તેના નિયમિત સેવનથી શરીરમાં વિજાતીય દ્રવ્યો વધુ પ્રમાણમાં પેદા થતા નથી તથા રોગોના હુમલાના સમયે શરીરની રક્ષણ વ્યવસ્થા મજબૂત હોવાથી એ રોગો અસર કરી શકતા નથી. એ કફ, વાત જન્ય રોગોનું શમન કરે છે. બળ તથા ઓજસ વધારવા, મગજ તથા જ્ઞાનતંતુને પોષણ આપવા માટે ગાયનું દૂધ અદ્ભૂત અને અનુપમ છે.

આયુર્વેદ શાસ્ત્રીઓના કથન અનુસાર ગાયનું દૂધ ખાસ કરીને રસ તથા પાકમાં મધુર, શીતળ, દૂધને વધારનાર, વાત, પિત્ત તથા રક્તવિકારનો નાશ કરે છે. દોષ, ધાતુ, મળ તથા નાડીઓને કંઈક પુષ્ટ કરનાર સેવન કરનારાના તમામ પ્રકારના રોગો તથા વૃધ્ધાવસ્થાનો નાશ કરે છે.

| | | |
|---|---|---|
| કાળી ગાયનું દૂધ | - | વાતનાશક અને વધારે ગુણવાળુ હોય છે. |
| પીળી ગાયનું દૂધ | - | પિત્ત તથા વાતનો નાશ કરનાર હોય છે. |
| સફેદ ગાયનું દૂધ | - | કફ કરનાર અને ભારે હોય છે. |
| લાલ તથા કાબરચિતરી ગાયનું દૂધ | - | વાતનો નાશ કરનારું હોય છે. |
| બાખડી ગાયનું દૂધ | - | ત્રણે દોષોનો નાશ કરનારું, તૃપ્તિકારક તથા બળ આપનારું હોય છે. |

તેનાથી તદ્દન વિપરિત ભેંસનું દૂધ પચવામાં ભારે, ઉંઘ લાવનાર અને કફકારક હોય છે.

**૭.** ડૉ.પિપલ્સ ધ્વારા દૂધ પર કરવામાં આવેલા પ્રયોગો ધ્વારા એ જાણવા મળ્યું છે, કે ગાય અગર જો કોઈ ઝેરી પદાર્થ ખાય તો પણ એ ઝેરી

પદાર્થની અસર તેના દૂધ પર પડતી નથી. તેના શરીરમાં સામાન્ય ઝેરને પચાવી જવાની અદ્‌ભુત શક્તિ છે. અન્ય દૂધાળું ઢોરોમાં એવું હોતું નથી. ન્યુયોર્કની વિજ્ઞાન એકેડેમીની એક બેઠકમાં બીજા વિજ્ઞાનીઓએ પણ ડૉ.પિપલ્સના આ કથનને અનુમોદન આપ્યું.

**૮.** ગાય સ્વભાવની દ્રષ્ટિએ સંવેદશીલ, કર્મઠ, ભરાવદાર હોય છે. નાનકડી માખી પણ શરીર પર બેસે તો પોતાના શરીર પરની ચામડીને હલાવી ઉડાડી દે છે. ભેંસ સુસ્ત, આળસુ અને મંદબુધ્ધિની હોય છે. જેવી રીતે માતાના સંસ્કારો એનું દૂધ પીતા બાળકમાં આવે છે. બરાબર એ જ રીતે ભેંસના સંસ્કારો પણ હસ્તાંતરિત થાય છે. ગાયનું દૂધ શારીરિક અને માનસિક તંદુરસ્તીને વધારે છે. ભેંસનું દૂધ શરીરને ભલે જાડું બનાવતું હોય તે બુધ્ધિને પણ જાડી બનાવે છે.

**પરિશિષ્ટ-૯**

# યોગીરાજ શ્રીકૃષ્ણની સંપૂર્ણ ક્રાંતિ હવે આ સ્વરૂપે

સ્વામી વિવકાનંદ, યોગીરાજ શ્રી અરવિંદ ઘોષ જેવા દિવ્ય દૃષ્ટિ ધરાવતા મહાપુરુષોએ ખાત્રી દાયક ભવિષ્યવાણી કરી છે કે આગામી દિવસોમાં ભારત દેશ ફરીથી પોતાનું મહાન પદ પ્રાપ્ત કરશે. ભારતે ફરીથી સમગ્ર વિશ્વનું આધ્યાત્મિક માર્ગદર્શન કરવાનું છે. એને માટે તેણે પોતાને પ્રભાવશાળી સ્થિતિમાં લાવવા માટે આર્થિક તેમજ સૈનિક શક્તિ રૂપે પણ ઉપસી આવવું પડશે. પરંતુ તેની વાસ્તવિક ભૂમિકા તો આધ્યાત્મિક જ છે. આર્થિક પ્રગતિ માટે મોટા પ્રમાણમાં કરવામાં આવતા ઔદ્યોગિકરણથી પર્યાવરણ માટે તથા આંતરરાષ્ટ્રીય કંપનીઓનું વર્ચસ્વ વધવાથી ભારતની આત્મનિર્ભરતા માટે ભય પેદા થયો છે. આ અર્થ પ્રધાન યુગમાં આર્થિક પરાવલંબનનો અર્થ કંઈક પરતંત્રતા જેવો જ થાય છે. પ્રકૃતિને માતા કહેનારા ભારત દેશમાં પર્યાવરણની સ્વચ્છતા તથા સંપૂર્ણ બંધન મુક્તિને જીવનનો લક્ષ્ય માનનારાઓ માટે આત્માવલંબન આ બન્ને અત્યંત જરૂરી છે. તો શું કરવામાં આવે? એના સંદર્ભમાં ''મહાનભારત''ની સ્થાપના માટે મહાભારત રચનારા યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા દર્શાવવામાં આવેલાં કેટલાક મુદ્દાઓ ઘણા ઉપયોગી નિવડે શકે.

## કલેવરને સજાવો, આત્માને ભૂલો

ભારતના વિકાસ માટે સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, શ્રી અરવિંદ, મહામના મદન મોહન માલવીયાજી, લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી, સંત વિનોબા ભાવે, ડૉ.રાધાકૃષ્ણ, લોકનાયક જયપ્રકાશ વગેરેએ પશ્ચિમના ઔદ્યોગીકરણને પણ એક સીમા સુધી અપનાવવા માટે સંમતિ આપી છે, પરંતુ ભૌતિક પ્રગતિના સંમોહનથી ભારતના આત્માને ભૂલાવી ન દેવા માટે વારંવાર સાવધાન પણ કર્યા છે. ભારતની મૂળ સંપત્તિ તેને ઋષિઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલ આધ્યાત્મિક જીવન શૈલી છે. તેમાં કાયા કલેવર તથા બુદ્ધિ કૌશલ્યની સાથે સાથે આંતરિક ઉર્મીઓને સંતુલિત પ્રમાણમાં જાળવી રાખવા પૂરેપૂરો ભાર મુક્યો છે.

આજે ભૌતિક વિજ્ઞાન રૂપે ભૌતિક સાધનોના વિકાસને અપ્રાસંગિક ન કહીં શકાય, પરંતુ તેને ભૌતિક કલેવરથી વધારે મહત્વ પણ ન આપવું જોઈએ. આ ભૌતિકતાના ચક્રમાં ભારતના આત્માની અવહેલના પણ ન કરવી જોઈએ.

ભગવાન કૃષ્ણ યોગીરાજ હતા. તેમણે પોતાના સમયમાં ભૌતિક પ્રગતિની સાથે ભાવનાત્મક વિકાસનો સુંદર સુમેળ કરી દેખાડ્યો હતો. તેમણે ભારતના સર્વાંગી વિકાસ માટે સંપૂર્ણ ક્રાંતિની યોજના ઘડી કાઢી હતી. યુગનિર્માણ મિશનના સૂત્રધાર પરમ પૂજ્ય ગુરુદેવે બૌધ્ધિક, નૈતિક તથા સામાજિક ક્રાંતિના જે ત્રણ અનિવાર્ય સોપાનની વાત કરી છે, તે ભગવાન શ્રીકૃષ્ણની સંપૂર્ણ ક્રાંતિનું પણ એક અંગ હતી.

✪(ભગવાન કૃષ્ણ) જ્ઞાન ક્રાંતિના ઉદ્‌ઘોષક રૂપે ગીતાકાર છે.સમગ્ર જગત તેમના આ જ્ઞાનના પ્રખર તથા પ્રબળ પ્રવાહના પ્રભુત્વનું સ્વીકાર કરતું હતું.

✪નૈતિક ક્રાંતિ, ભાવનાત્મક નવનિર્માણ માટે ભક્તિ રસના સંચારકર્તા છે. તેમના લોકકલ્યાણ માટે સમર્પિત ભાવનો કોઈ ભક્ત ઈન્કાર કરી શકે નહીં.

✪સામાજિક ક્રાંતિના નાયક રૂપે તેમણે વ્રજમાં દૂધના સત્યાગ્રહથી લઈને મહાભારતના યુધ્ધ સુધીની તમામ ક્રાંતિનું સંચાલન કર્યું. આ બધાની પાછળ તેમની અસામાજિક પ્રવૃત્તિઓની નાબુદીની ઈચ્છાઓ તથા શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનો વિસ્તાર અને વિકાસ તથા યુગધર્મની સ્થાપનાનો દૃઢ સંકલ્પ કાર્ય કરતો દેખાય છે. સામયિક કાર્યક્રમો રૂપે તેમણે અનેક અભિયાન ચલાવ્યા, પરંતુ ભારતના સામાજિક, આર્થિક વિકાસના સ્થાયી સિધ્ધાંતો રૂપે તેમણે કઈ તરફ ઈશારો કર્યો, તે આ બન્ને ભાઈઓ ધ્વારા અપનાવવામાં આવેલા સંબંધોથી પ્રગટ થાય છે.

## હળધર ગોપાલની જોડી

ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ બળદેવ હળધર તરીકે ઓળખાતા હતા તથા ભગવાન કૃષ્ણ જાતે પણ ગોપાલ કહેવડાવતા. આ ઉપનામ અપનાવવાની પાછળ તેમની વિશેષ ઈચ્છા ઝળકે છે. ભારત ખેતી પ્રધાન દેશ છે. અહીંની ફળદ્રુપ જમીનમાં ફળથી લઈ જડીબુટ્ટીઓ, ભાતભાતની વનસ્પતિઓની અખૂટ સંપદા ઉપજતી રહે છે. આ સંપદા પર્યાવરણના સમતોલન માટે જરૂરી છે. આ આ સંપત્તિને વિકસિત કરવાની સાધનાનું નામ ખેતી છે તથા એ સાધનામાં નિષ્ઠાપૂર્વક લાગી રહેનારા સાધકનું નામ ખેડૂત છે. ખેડૂતનું પ્રતિક હળધર છે. ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ બળદેવજીએ હળધર કહેવડાવાનું પસંદ કર્યું. તેઓ ખેતીના વિકાસ માટે સમર્પિત વ્યક્તિ રહ્યા.

ભારતને ખેતી પ્રધાન દેશ માની ખેતીના ઉત્કર્ષની વાત વિચારવી યોગીરાજના સામાજિક ઉત્કર્ષના નિયમોનો એક જ પક્ષ થયો. આમ તો એ પણ એકાંગી છે, છતાં પણ તેને કોઈપણ રૂપે સ્વીકાર તો કરવામાં આવ્યો જ છે, પરંતુ સ્વયં કૃષ્ણનું પ્રિય ઉપનામ 'ગોપાલ' તો સંપૂર્ણ રીતે ઉપેક્ષામાં રહી ગયું છે, પરંતુ વાસ્તવિકતા એ છે, કે જેવી રીતે શ્રીકૃષ્ણ વગર બલરામ અપૂર્ણ હતા, એ જ રીતે ગોપાલ વગર હળધર પણ અધૂરા રહી જાત. આજે સ્થૂળ પર્યાવરણ અને સૂક્ષ્મ માનવીની સંવેદના બન્નેના રક્ષણ તથા વિકાસ માટે ગોપાલવૃત્તિ જરૂરી બની ગઈ છે. આપણે ગોપાલના ગૂઢ મહત્વને ભૂલી ગયા તથા પ્રથમ દૂધનો વ્યાપાર અને પછી માંસના વ્યાપારથી સમૃધ્ધ બનવાનો ક્રુર પ્રયત્ન કરવા લાગ્યા છીએ. આ ક્રમમાં આપણે પશુધન પ્રત્યે ક્રુર તો બન્યા , પરંતુ પર્યાવરણ અને મનુષ્યની સંવેદનાના હનનમાં પણ આપણને કોઈ સંકોચ રહ્યો નથી.

## ગોરસ આંદોલન

ભગવાન કૃષ્ણે સૌ પ્રથમ વ્રજમાં ધનના લોભમાં દૂધ વેચનારાઓની વિરૂધ્ધમાં સત્યાગ્રહ આંદોલન શરૂ કર્યું હતું. ધનના લોભમાં વાછડાઓ અને બાળકોને દૂધથી વંચિત કરી આ દૂધ રાક્ષસોને પૂરુ પાડવાનો તેમણે કડક વિરોધ કર્યો હતો. વાછડાઓને દૂધ પિવા માટે ચુપચાપ છોડી દેવાથી લઈને છુપાઈને બાળકો ધ્વારા દૂધ વેચવા જનારાઓની માટલી ફોડી નાખવી વગેરે તેમના આ આંદોલનનું એક અંગ હતું.

## ક્રુરતાનો માર્ગ

ધનના લોભમાં દૂધ વેચવામાં આવે છે, ત્યારે ક્રુરતા પેદા થાય છે. પ્રથમ વાછડાઓનો હક છીનવાય છે, પછી વધુ દૂધ નિચોવવા ફૂંકણી લગાવવાથી લઈને હોરમોન્સના ઈજેકશનો આપી ક્રુર છેડછાડ કરવામાં આવે છે. જ્યારે દૂધ ઓછું મળવા લાગે છે, ત્યારે લોકો માંસમાંથી રૂપિયા વસુલ કરવાની હદ સુધી પહોંચી જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણે ક્રુરતાના આ ષડયંત્રને તોડવા માટે જ આંદોલન ચલાવ્યું હતું. તેમણે ધનના લોભમાં દૂધ વેચવાનો વિરોધ પણ કર્યો તથા ગોવર્ધન તથા ગાયના ઉછેરનું આંદોલન ચલાવ્યું. એ સમયના હિસાબે તેમણે ગૌપૂજન જેવી ભાવનાત્મક પરંપરા શરૂ કરી હતી. આજની પરિસ્થિતિઓમાં એ વાસ્તવિકતાને કંઈક ભિન્ન પ્રકારથી સમજવું તથા સમજાવવી પડશે.

દૂધ તથા માંસ વેચીને રૂપિયા કમાવવાની અપેક્ષાએ એના વગર પશુધન, ગૌધનની ઉપયોગિતા સાબિત કરવી પડશે.

## પશુધનના પક્ષમાં

અગર આપણે મનુષ્યની સંવેદનાઓ તથા પર્યાવરણની રક્ષા કરવાને આપણું કર્તવ્ય સમજીએ છીએ તો આપણે આપણી વિચાર સરણીમાં કંઈક આધારભૂત પરિવર્તન કરવું પડશે આપણે વધુ ધન કમાવવું હોય તો, તેને માટે વધુ પ્રમાણમાં પશુપાલન અપનાવવું જોઈએ, આ વિચાર બદલવો પડશે. એ માનવું પડશે કે આપણે મનુષ્યની સંવેદનાઓ તથા પર્યાવરણ માટે પશુઓ સાથે સારો વ્યવહાર કરવાનો છે. તેમનું રક્ષણ આપણાં માટે આર્થિક બોજરૂપ ન બને એ સ્તર સુધી જરૂર વિચાર કરવો જોઈએ. આ દૃષ્ટિએ ઘણું બધુ સમજી તથા કરી શકાય તેમ છે.

## નિર્દોષ ઉર્જા સ્ત્રોત

આજે દેશમાં ઉર્જાની સૌથી મોટી સમસ્યા છે. વિજળી રૂપે ઉર્જાની ખૂબજ ઊણપ અનુભવાય છે. ડીઝલ, લાકડાં, કોલસા વગેરે વડે ઉર્જા પેદા કરવાની પ્રતિક્રિયા રૂપે હવામાં પ્રદૂષણ ખૂબ વધતું દેખાય છે. આ દૃષ્ટિથી ઢોરો ધ્વારા પ્રાપ્ત થતી ઉર્જા સૌથી વધારે સલામત છે.

ઘાસ, ખડ, ખોળ, ડૂર, જુવારના પૂળા વગેરે ખાઈને ઢોર પૂરતા પ્રમાણમાં ઉર્જા આપી શકેછે. ઉપરોક્ત પદાર્થો વડે કોઈ અન્ય પ્રકારે આટલી ઉર્જા પ્રાપ્ત કરી શકાય નહીં. એક સર્વે ધ્વારા લગાવવામાં આવેલા એક અનુમાન અનુસાર આજની કંગાળ સ્થિતિમાં પણ બળદના માધ્યમથી મળતી ઉર્જા ૪૦ હજાર મેગાવોટ બરાબર છે.

મશીનો વડે ઉર્જા મેળવવા માટે ઉર્જાના ઉત્પાદનની સાથે પ્રદૂષણ જ વધે છે, પરંતુ પશુ ઉર્જા આ દુર્ગુણથી મુક્ત છે. ઢોરો, ઘાસ, તણખલાં ખાઈને ઉર્જા આપે જ છે. ઘાસના આહારથી પૂરતા પ્રમાણમાં ઉર્જા આપ્યા પછી એનું છાણ વગેરે ઉપયોગી બાયોગેસ, કિંમતી ખાતરનું ઉત્પાદન કરવા માટે શક્તિશાળી છે. અગર તેનો સારી રીતે ઉપયોગ કરવાનો ક્રમ બનાવી લેવામાં આવે તો તેનાથી પર્યાવરણ બગડવાના બદલે પર્યાવરણના સુધારનો લાભ ઉઠાવી શકાય.

છાણ તથા ગૌમૂત્રમાં તણખલાં કે ઘાસને જૈવ ખાતરમાં રૂપાંતર કરી દેવાની અદ્‌ભૂત શક્તિ હોય છે. તે પોતાનાથી ૧૦ ઘણાં ઘાસને ઉપયોગી ખાતરમાં  બદલી શકે છે. આજે દરેક ક્ષેત્રમાં રાસાયણિક ખાતરોની જગ્યાએ જૈવ ખાતરના મહત્વનો સ્વીકાર કરી શકાય તેમ છે.

## ગાય તથા તેની ઓલાદનું વિશેષ મહત્વ

પશુપાલનમાં ગાય તથા તેની ઓલાદને એમ જ ખાસ મહત્વ આપવામાં આવ્યું નથી. યોગીરાજ કૃષ્ણે પોતાના માટે 'ગોપાલ' ઉપનામનો અનાયાસ જ સ્વીકાર કર્યો ન હતો. ગાયના દૂધ, દહીં, ઘીથી લઈ છાણ, ગૌમૂત્ર, ચામડું અને હાડકાં સુધ્ધામાં દવાનો ગુણ મળી આવે છે. ગૌવંશના સ્પર્શ માત્રથી વાતાવરણમાં શારીરિક અને માનસિક તંદુરસ્તી વધારવાનો ગુણ વધી જાય છે. અગર આપણે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ચિંધવામાં આવેલાં આદર્શો તરફ ધ્યાન આપતા તેમના યુગની અનુકૂળ ઉપયોગની દિશામાં થોડું સંશોધન કાર્ય કરી લઈએ તો દેશનું પર્યાવરણ આર્થિક સ્વાવલંબન, આરોગ્ય, ખેતીનો વિકાસ, મનુષ્યની સંવેદનાનું રક્ષણ તથા વિસ્તારની દિશામાં મહત્વના લાભો પ્રાપ્ત કરી શકીએ.

## ગ્રામોત્થાન તથા ગ્રામોદ્યોગ

દેશ તથા વિદેશોના વિવિધ વિષયોના નિષ્ણાતો એ નિષ્કર્ષ પર પહોંચવા લાગ્યા છે, કે ભારત જેવા દેશમાં વિકાસ માટે શહેર ઉન્મુખ થવાના બદલે ગ્રામ્ય ઉન્મુખ જીવન પધ્ધતિ જ વધારે લાભદાયક સાબિત થશે. પર્યાવરણનું રક્ષણ, મનુષ્યની લાગણીઓનું પોષણ, પછાત વર્ગની ઉન્નતિ વગેરે માટે ગ્રામોત્થાન અને ગ્રામોદ્યોગના વિકાસને જ મુખ્ય આધાર બનાવવો પડશે.

ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓ પર પોતાના વિચારો પ્રગટ કરતાં પૂજ્ય ગુરુદેવે એ વાત સ્પષ્ટ કહી છે, કે સામાજિક સમતોલન માટે શહેરને દુબળા કરવામાં આવશે તથા ગામડાંઓને સમૃધ્ધ બનાવવામાં આવશે. એ એટલા માટે જરૂરી છે, કે ગ્રામોત્થાન અને ગ્રામોદ્યોગની દિશામાં પ્રતિશાળીઓને લગાડવામાં આવે. ગામડાંના લોકો શહેરી રોજગારની શોધમાં શહેર તરફ ભાગે છે અને લાચાર બને છે. ત્યાં તેઓ આવક તો મેળવી લે છે, પરંતુ વ્યસનીઓ પણ બની જાય છે. વ્યસનો, ગંદકી અને અસમતોલન જીવન પધ્ધતિની લપેટમાં તેઓ તંદુરસ્તી ગુમાવી દે છે. ગુનેગાર પ્રવૃત્તિઓમાં સંડોવાઈ સમાજને પણ મુશ્કેલીમાં મૂકી દે છે.

## ગ્રામ્ય ઉન્મુખ કેવી રીતે થવાય?

આ શહેરો ઉન્મુખ થવાની ભૂલ છે. જીવનને ગ્રામોન્મુખ બનાવીને જ ઉપરોક્ત તમામ મુશ્કેલીઓથી પીછો છોડાવવો તથા પર્યાવરણથી લઈને

મનુષ્યની સંવેદનાઓના પોષણમાં સફળતા મેળવવી સંભવ બની શકે છે.

વર્તમાનમાં આ દિશામાં બુધ્ધિજીવી વર્ગના પ્રયત્નો વિભિન્ન રીતે ચાલી રહ્યા છે. તેમના સેંકડો નિષ્કર્ષ એ દિશામાં ફરતાં દેખાઈ રહ્યા છે, કે આ દેશમાં ''ગૌપાલકો'' વધવા જોઈએ, ગ્રામોદ્યોગમાં ગૌપાલનને મુખ્ય ધરી રૂપે સ્થાપી શકાય તેમ છે. તેની સાથે અનેક ગ્રામોદ્યોગના તાણાવાણા પણ સરળતાથી વણી શકાય તેમ છે.

## ગ્રામોત્થાન ધ્વારા જ સંપૂર્ણ ક્રાંતિ

ભૂતપૂર્વ કેન્દ્રના સચિવ, ઋચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા પરમ પૂજ્ય ગુરુદેવના અનન્ય શિષ્ય શ્રી જગદીશચંદ્ર પંતજીએ પોતાના 'ગ્રામોત્થાનથી સંપૂર્ણ ક્રાંતિ' વાળા શોધ નિબંધમાં ગૌશાળા કેન્દ્રિત ગ્રામોદ્યોગ પર ખૂબ સારગર્ભિત યોજના રજૂ કરી છે. આ યોજનાના થોડાક મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે.

✪દરેક ૧૦ થી ૧૨ ગામડાં વચ્ચે એક એવી ગૌશાળા હોવી જોઈએ, કે જ્યાં ગૌવંશને દૂધ અને માંસનો વ્યાપાર કર્યા વિના ઉપયોગી સાબિત કરી શકાય. તેને માટે તેમના છાણ, ગૌમૂત્ર, પશુ ઉર્જા, કુદરતી મૃત્યુ પછી ચામડું તથા હાડકાં વગેરેના ઉપયોગથી આર્થિક સ્વાવલંબનું ચક્ર ચલાવવાની અનેક યોજનાઓ છે. આ દિશામાં કેટલીક સર્વોદયવાદી સંસ્થાઓએ ઘણું બધુ સંશોધનનું કાર્ય કરી લીધું છે.

✪ગૌશાળામાં જે દૂધનું ઉત્પાદન થાય, તેને વેચવામાં ન આવે અને એ દૂધને ગામની સગર્ભા મહિલાઓને, ગરીબ બાળકોને તથા રોગીઓને પૂરું પાડવામાં આવે. આ વ્યવસ્થા દરેક ગૌશાળા સાથે સંકળાયેલ મહિલા મંડળ બનાવે.

✪ગૌશાળા સાથે જોડાયેલા કાર્યકર્તા તથા સમયદાની ગૌસેવકો, ગ્રામોદ્યોગ, પાણીની સાચવણી તથા વનસંપદાના ઉછેર, વિકાસ તથા વિસ્તાર માટેના અનેક કાર્યો રૂપે ચલાવે.

પરિશિષ્ટ-૧૦

અનુસંધાન-૧

# યુગઋષિના વિચારો સમજો

## (૧) પાંચ અનામત જે ઈશ્વરના કાર્યોમાં લગાવવામાં આવે.

ઈશ્વર દ્વારા પ્રદાન કરવામાં આવેલ પાંચ પ્રકારની સંપત્તિ આ પ્રમાણે છે. (૧) ભાવના (૨) વિદ્યા (૩) વ્યક્તિત્વ (૪) સરસ્વતી (વાણી) અને (૫) ધન. આ પાંચે સંપત્તિ જ્યાં પણ છે, જેની પણ પાસે છે, તેણે એવો અનુભવ કરવો જોઈએ કે તેના ઉપર ભગવાનના કંઈક વિશેષ વરદાનની, કે વિશેષ કૃપાની વર્ષા થઈ છે. એમાંજ એણે પોતાનું સૌભાગ્ય તથા ભગવાનની કંઈક વિશેષ પ્રસાદ માનવો જોઈએ, કારણ કે આ કૃપા અન્ય લોકો પર વરસી નથી. આ બધુ તેને વિશેષ વારસા રૂપે અથવા વિશેષ વરદાન રૂપે મળ્યું છે. કારણ કે તેને એને માટે યોગ્ય સમજવામાં આવ્યો છે, આ સંપત્તિ દરેક વ્યક્તિને આપી શકાય તેમ ન હતી, જે તેને પોતાની અંગત વ્યક્તિ સમજી આપવામાં આવ્યું છે. તેણે તો ભગવાનની દૃષ્ટિમાં તેની પાત્રતાને ચઢિયાતી માનવામાં આવી છે એવું સમજી તેણે ખુશ થવું જોઈએ.

વસ્તુઓનું કોઈ મહત્વ નથી કારણ કે તે તો બીજાઓને પણ મળેલી છે. સર્પના માથા પર મણિ, છીપના પેટમાં મોતી અને જમીનના ગર્ભમાં સુવર્ણનો ભંડાર ભરેલો પડ્યો છે. ધન પર માલિકી હક કોઈના ગૌરવનું પ્રતીક નથી. પુસ્તકાલયોમાં વિદ્યાનો ભંડાર ભરેલો પડ્યો છે. પ્રેસના મશીનો સતત અનેક પ્રકારના ગ્રંથો છાપતાં જ રહે છે. વિદ્યાનું પદાર્થ રૂપે શું મહત્વ છે? વાઘ સિંહનું વ્યક્તિત્વ તો જોતજોતામાં બની જાય છે. ઉદાર તો વૃક્ષ અને વાદળો પણ છે. કળાની દૃષ્ટિએ મોરની સમગ્ર કાયા કલાકારીથી છવાયેલી હોય છે, તેને કેટલું સુંદર નૃત્ય કરતાં આવડે છે. ભ્રમરનું ગુંજન અને કોયલની કિલકારી કવિઓના મનમાં વસેલી છે. કલાકાર બનવું તેમાં કોઈ મોટી વાત નથી. અગર કોઈ વ્યક્તિને એમાંથી કંઈ મળી ગયું તો તે પોતાની સમૃધ્ધિનો ગર્વતો કરી શકે છે અને તેનાથી સદુપયોગનો લાભ પણ ઉઠાવી શકે છે, પરંતુ તે ઉંડાણમાં પ્રવેશ કરે તો આ વસ્તુઓના સંગ્રહથી પણ મોટું સૌભાગ્ય એ વાતમાં જણાવશે, કે તેને જ ભગવાને આ સંપત્તિઓને પાત્ર ગણ્યો છે. કારણ કે અસંખ્ય વ્યક્તિઓ એ સંપત્તિઓથી વંચિત છે અને એને માટે તરસે છે. અહીં

એવું વિચારવાની ભૂલ ન કરવી જોઈએ કે ''આ સુવિધા અનાયાસ જ મળી ગઈ છે અને મન ઈચ્છે ત્યાં ઉપયોગ કરી શકે છે.'' પરંતુ તેણે એવું વિચારવું જોઈએ કે આ જે કંઈ મળ્યું છે, તે એવી રીતે મળ્યું છે, કે જેવી રીતે ખજાનચીને ધનનો ભંડાર અથવા સેનાપતિને શસ્ત્રોનો ભંડાર મળ્યો છે. એ બધુ એમના અંગત ઉપયોગ માટે હોતું નથી. અંગત ખર્ચ માટે તો તેમને નક્કી કરેલાં વેતન પર જ નિર્વાહ કરવો પડે છે. એ ધન યા તો શસ્ત્ર તો સરકારી ઉપયોગ માટે અનામત રૂપે રાખવામાં આવે છે. ખજાનચી યા તો સેનાપતિને એટલું જ સૌભાગ્ય માનવું જોઈએ કે જે સંપત્તિ હરકોઈ વ્યક્તિને સોંપવામાં આવતી નથી તે સંપત્તિ તેને સોંપવામાં આવી છે અને તેને પ્રમાણિક અને વિશ્વાસુ સમજવામાં આવ્યો છે. બીજા લોકોની સરખામણીમાં પોતાની સમૃધ્ધિ પર ગૌરવ કરી શકે છે અને પોતાના આત્માની અંદર સંતોષ અનુભવ કરી શકે છે. પરંતુ તેને એ ન સમજી લેવું જોઈએ, કે આ વિશેષ સંપત્તિ મને વ્યક્તિગત રૂપે સુખ ઉપભોગ માટે સંગ્રહ કરવા માટે અથવા એમાં તલ્લીન પોતાના નાનકડા કુટુંબ સુધી મર્યાદિત રાખવા માટે મળી છે. અગર જો એવું કરવામાં કે માની લેવામાં આવ્યું હોય તો સમજવું જોઈએ કે આ સમૃધ્ધિ, દરિદ્રતાની સ્થિતિમાં રહેવાથી પણ વધુ મોંઘી પડશે.

જેને સંપત્તિ મળી છે, તેમને માટે તેમના સૌભાગ્યની સાથે દુર્ભાગ્ય પણ જોડાયેલું રહે છે. સંપત્તિ હંમેશા પોતાની સાથે એક કુટેવ લાવે છે. એટલા માટે તેને દારુની કે મદિરાની ઉપમા આપવામાં આવી છે. દારૂ પીને મનુષ્ય ઉન્મત્ત બની જાય છે, હોશ ગુમાવી દે છે, શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ પણ યાદ રહેતું નથી અને કઢંગી ચાલ ચાલવા લાગે છે. બરાબર આ જ હાલત એ લોકોની થાય છે, જે ઈશ્વરની કૃપાનું કારણ સમજી શકતા નથી અને તેની સાથે જોડાયેલી જવાબદારી તરફ ધ્યાન આપતા નથી. તેમને એવું લાગતું હોય છે, કે મને જે કંઈ મળ્યું છે, તે પોતાના અંગત વિલાસની વૃધ્ધિ માટે છે. અગર એવું જો હોત તો ઈશ્વર કોઈ આપવાનો અને કોઈને ન આપવાનો પક્ષપાત ન કરતા. તેને સૌ પોતાના પુત્ર જેવા જ વ્હાલા છે. જે આપવું જ હોત તો સૌને સરખી રીતે આપતો. પરંતુ જો કોઈને તેણે વધારામાં આપ્યું છે, તો તેનું કારણ ન તો કોઈ પક્ષપાત છે, ન તો અંધેર, ઈશ્વરની સૃષ્ટિમાં દરેક કામ ખૂબ વ્યવસ્થિત રીતે ચાલતું હોય છે. જીવન નિર્વાહની સગવડત દરેક પ્રાણીને મળે છે. પરંતુ જેને એનાથી વધારે મળ્યું છે, તેણે એ સગવડતાને વિશુધ્ધ રૂપે

અનામત માનવી જોઈએ અને એ પરમ પવિત્ર થાપણનો ઉપયોગ એના નિમિત્તે કરવો જોઈએ કે જે જેને માટે તે મળી છે.

દરેક સંપત્તિવાન વ્યક્તિએ એ સમજવું જોઈએ કે તેનો અંગત ઉપયોગ સામાન્ય નિર્વાહના ક્રમથી વધારે ન થઈ શકે. અગર તે એવું ઈચ્છે તો પણ પ્રકૃતિ એવું નહીં કરવા દે. કોઈ ન તો ૨૦ શેરની રોટલી ખાય શકે છે, કે ન તો કોઈ પચાસ ગજ કાપડનો ઝભ્ભો પહેરી શકે છે. ન તો કોઈ ત્રીસ ફૂટ લાંબી પથારીનો ઉયપોગ કરી શકે છે. પ્રકૃતિ નક્કી કરાયેલાં કોટાની અંતર્ગત જ ઉપયોગ કરવા દે છે. વધારાનો ખર્ચ યા સંગ્રહ તો મનુષ્ય તૃષ્ણા યા તો મોહમાં ડૂબીને કરે છે. મળેલી સંપત્તિનો સદુપયોગ કરી મનુષ્ય વધારાના લાભ રૂપે યશ અને સંતોષ આ બે શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરી શકે છે. તેણે પોતાના આ કર્તવ્યને હજારવાર સમજવું જોઈએ અને જે મળ્યું છે તેને વધારતાં રહેવું, સંગ્રહ કરતાં રહેવું તથા પોતાના અને કુટુંબ માટે ઉપયોગ કરતાં રહેવામાં મગ્ન ન રહેવું જોઈએ.

બાપની સંપત્તિની દેખરેખ મોટા છોકરાને એટલા માટે સોંપવામાં આવે છે, કે તે પોતાના નાના ભાઈ બહેનોના સુખદુઃખનું ધ્યાન રાખે અને જે ધન તેને સોંપવામાં આવ્યું છે, તેની સાથે સંકળાયેલાં ભાઈબહેનો માટે પણ ખર્ચ કરે. અગર કોઈ છોકરો એવું સમજે કે બાપની કમાણી માત્ર તેના પોતાના એકલાના ખર્ચ માટે મળી છે અને તેનો મોજમજા માણવા માટે સ્વચ્છંદ રૂપે ઉપયોગ કરવાનો પૂરેપૂરો અધિકાર છે અને તે પોતાની બહાદુરીથી એવું કરી પણ શકે છે, પરંતુ તે ખરી રીતે અન્યાય છે. એનાથી તેના પિતાનો આત્મા દુઃખી થશે અને તે પોતાની સાથે તથા પોતાના બાળકો સાથે એક વિશ્વાસઘાત જ માનશે. બરાબર એ જ વાત એ સંપદા પર લાગૂ પડે છે, જે તેને વિશેષ કૃપા રૂપે મળેલી છે, માત્ર તે પોતાનો પુરુષાર્થ નથી, કોઈ અજ્ઞાત શક્તિની કૃપા પણ છે.

તીવ્ર બુધ્ધિ કોણ પોતાની જાતે પેદા કરી લે છે? વ્યક્તિત્વ જન્મજાત ચાલ્યું આવે છે, આરોગ્ય અને સૌંદર્ય પોતાના હાથમાં ક્યાં છે? પોતાની જાતે મીઠું સુરીલું ગળું કોણ બનાવી શકે છે? અગર આ વિશેષતાઓને પોતાની રીતે ઉપાર્જિત કરી શકવાની મૂળ શક્તિ જન્મજાત રૂપે મળી ન હોત તો કોણ કેટલી સફળતા પ્રાપ્ત કરી શકતો? એ સાચું છે, કે જીવનમાં પરિશ્રમના મહત્વનું સ્થાન છે, પરંતુ તે એટલું છે જેટલું હીરાને ઘાટ આપવાનું. અગર એવું જો ન

હોત તો મુનિમ બુધ્ધિશાળી અને મહેનતું હોવા છતાં સમાન્ય કર્મચારી બની રહે છે અને માલિક શા માટે જલ્દીથી વિશાળ સંપત્તિનો સ્વામી બની જાય છે. નિ:શંક મનુષ્ય પાસે જે વિશેષ વ્યક્તિત્વ છે. ઈશ્વર દ્વારા જ તેનો મૂળભૂત આધાર પ્રદાન કરવામાં આવેલો છે.

ઘરની મોટી વ્યક્તિ એકલી બેઠી બેઠી દૂધ પરથી મલાઈ ચાટતી રહે અને ઘરના તથા બહારના બાળકોને તેમાંથી એક ગ્રામ પણ ન મળે અને તેના મોઢાં તરફ તાકી રહે અને તેમને તેમાંથી એક ગ્રામ પણ ન મળે અને તેમને ભૂખ્યાં સૂઈ જવું પડે તો આ નિષ્ઠુરતાને ધિક્કારવામાં જ આવશે. આવું નિષ્ઠુર આચરણ કોઈ હૃદયવિહોણી વ્યક્તિ જ કરી શકે છે. સંપદા જેની મુઠ્ઠી છે અને તેઓ તેનો લાભ એકલાં જ ઉઠાવતા રહે છે, તો તેમને બીજાનું પછાતપણું, દુ:ખ-મુશ્કેલીઓ દેખાતી કે સૂઝતી નથી, તેમને આંખ હોવા છતાં પણ સંવેદનાના ક્ષેત્રમાં આંધળો જ કહેવામાં આવશે.

સરકારી કાયદાની દૃષ્ટિએ જેણે કમાણી કરી છે અથવા એને કોઈ જગ્યાએથી મળ્યું છે, તે એ સંપત્તિને જેમ ઈચ્છે તેમ ખર્ચ કરી શકે છે. પોતાના મોજ શોખ પાછળ ઉડાડતો રહી શકે છે. તેને રોકવા માટે કોઈ બંધન નથી, પરંતુ ઈશ્વરનો કાયદો એનાથી ભિન્ન છે. તેઓ કહે છે, કે ઈશ્વરે વિના મૂલ્યે શરીર, બુધ્ધિ, ઈંદ્રિયો, સ્ત્રી, બાળકો તથા અનેક પ્રકારની સાધન સગવડતા આપી છે. તેની ઉદારતાને યાદ રાખવામાં આવે અને કૃતઘ્નત વ્યક્ત કરવા માટે એ અખૂટ વરદાનનો એક ભાગ સમાજની સુખ-શાંતિ સગવડતા માટે પાછો આપવામાં આવે. ઈશ્વરનો કાયદો આ છે. એને તોડી શકાય છે, સરકારી કાયદો તોડવામાં પણ લોકો ક્યાં ચૂકે છે? પરંતુ એ વાતનું ધ્યાન રાખવામાં આવે કે સરકારી દંડમાંથી બચી શકાય છે, પરંતુ ઈશ્વરના દરબારમાં ન તો ચાલાકી ચાલી શકે છે અને ન તો કોઈ ભૂલ છુપાઈ શકે છે. તેની વહીવટી વ્યવસ્થામાં જ્યાં અખૂટ પ્રેમ અને વરદાનની જગ્યા છે, ત્યાં અત્યંત કઠોર અને નિર્દયી દંડની જોગવાય પણ છે.

ઈશ્વર માત્ર ઉદાર અને દયાળુ જ નથી અને ન તો ક્રુર કઠોર અને નિર્દયી છે. તેનો પ્રેમ સહૃદયતા સાથે જોડાયેલો છે, પરંતુ જે નિર્લજ નિષ્ઠુરની રીતભાત અપનાવી રાખે છે, તેણે એ યાદ રાખવું જોઈએ કે પૂજા પાઠ કે ઘંટડી ખખડાવવી ઈશ્વરને ફોસલાવા માટે પૂરતું નથી. તેને ફોસલાવામાં નહીં પરંતુ તેને સંતુષ્ઠ કરવામાં આવે.

પ્રાર્થના કે સ્તુતી કરવાથી માત્ર ફોસલાવાનો હેતુ પાર પડી શકે છે. પરંતુ તેને સંતુષ્ઠતો માત્ર આપણાં પોતાના દિવ્ય આચરણથી જ કરી શકીએ છીએ. દયા, ઉદારતા, સેવા અને પરમાર્થના કાર્યોમાં પોતાની પ્રવૃત્તિઓનો પરિચય આપવાથી જ આ દિવ્ય આચરણ સાબિત થાય છે.

આ પાંચે વિભૂતિઓ એક પ્રકારે ટીમ જીતી ગઈ ના રનિંગ શીલ્ડ જેવી છે. જેણે પૂર્વ જન્મમાં પોતાની ઉદારતાનો પરિચય આપ્યો છે, તેને તે બક્ષિસ રૂપે મળેલું છે. પરંતુ તેની સાથે એ શરત પણ જોડાયેલી છે, કે આ પુરસ્કારને આગામી વર્ષ પાછો આપવો પડશે અને તે અન્ય વિજેતા ટીમને આપવામાં આવશે. એ શીલ્ડને એક વર્ષ સુધી સંભાળીને રાખવો પડે છે, તેને તૂટવા ફુટવા દેવામાં આવતો નથી અને બીજા વર્ષે તેને જેવોને તેવો પાછો આપી દેવામાં આવે છે. પાછલા દિવસોમાં ઉદારતાનો પરિચય આપવા માટેના ફળ સ્વરૂપ આ બક્ષિસ, શિલ્ડ વિભૂતિ રૂપે મળ્યો છે. એ હંમેશા માટે મળ્યો નથી પરંતુ તે થોડાક દિવસો માટે જ છે? એટલા માટે પાછલી વખતના જેવી ઉદારતાનો અને એથી પણ વધારે પ્રમાણમાં એથી વધારે તત્પરતા પૂર્વક પરિચય આપી શકાય અને એના આધારે આધ્યાત્મિક મહાનતાનો વિકાસ કરતાં ઈશ્વરની કૃપા વરદાન એથી પણ વધારે પ્રમાણમાં પ્રાપ્ત કરી શકાય. જે લોકો આ વાસ્તવિકતાને ભૂલી જાય છે અને સંપત્તિના મદમાં મોહાંધ બની તેને ભોગવિલાસ, અહંકારને પૂરો કરવા માટે ઉપયોગ કરે છે, તેઓ આ પ્રકારનો અનર્થ કરવા તત્પર થાય છે.

સંપદા આપણી માતા છે. તેના આગમન પર આપણે આપણાં કર્તવ્ય તથા ધર્મનું જ સ્મરણ કરવું જોઈએ. તેનો પત્નિની જેમ ઉપભોગ ન કરવો જોઈએ. બાળક માતાનું દૂધ પી શકે છે, તુરંત તેનો અધિકાર પિતા જેવો નથી. સંપત્તિ(લક્ષ્મી) ઈશ્વરની પત્નિ છે અને મનુષ્યની તે માતા છે. માતા પાસેથી માત્ર પોતાના નિર્વાહ પૂરતું લેવામાં આવે અને બાકીનું તેને અન્ય બાળકોને સંભાળવા આપવામાં આવે. આપણી પાસે માતા રહે છે, તે યોગ્ય છે, પરંતુ તેની ઉપર પોતાના માટે જ મર્યાદિત રાખવાનું બંધન લાદવું ન જોઈએ. જે આપણી પાસે છે, તે આપણાં ઉપભોગ માટે જ છે. આ આસુરી ભાવના છે. જેની આ મનોવૃત્તિ હોય છે, તે અસુર છે. દેવતા તથા અસુરનું અંતર આકૃતિથી નહીં, પરંતુ પ્રકૃતિથી હોય છે. આકૃતિથી તો લગભગ એક સમાન હોય છે.

આપણે ઉપયોગ કરવાની વાતને ઉપાર્જન કરવાની લાલસાથી અસંખ્ય ઘણું મહત્વ આપવું જોઈએ. જોવું જોઈએ કે ભારતના સામાન્ય નાગરિકની અપેક્ષાએ પાંચે સંપદામાંથી કોઈનો કંઈપણ અંશ વધારાનો પોતાના ઉપયોગ માટે મળ્યો છે શું? સરાસરી ભારત વાસીની સરખામણીમાં પોતાને બુધ્ધિ, વ્યક્તિત્વ, વિદ્યા, સંવેદના અને શક્તિ કંઈક વધારે પ્રમાણમાં મળી છે, તો યોગ્ય એ છે, કે વધારાના અંશને વિશ્વમાનવની પવિત્ર થાપણ સમજી તેના જ ચરણોમાં અર્પણ કરવાનો નિશ્ચય કરો. આ નિશ્ચયમાં કોઈ ખોટ નથી, માત્ર મોટાઈ વેચી તેના બદલામાં મહાનતાને ખરીદવામાં આવે. આ ગધાડું, વેચી ગાય ખરીદવા જેવી બુધ્ધિમાની છે. આવું સાહસ ખેડવું કંઈ ગુમાવા જેવું નથી, પરંતુ તે ચક્રવૃધ્ધિ વ્યાજ સહિત અનેક ઘણું પાછું કરનારી પ્રમાણિક બેંકમાં જમા કરાવવા જેવી માત્ર દિર્ઘદૃષ્ટિ દેખાડવા જેવું જ છે. આજે તેને થાપણ રૂપે રાખવામાં આવી છે, આ વિષમ વેળામાં તેને છુપાવવી જોઈએ નહીં અને ન તો છુપાવવા દેવી જોઈએ.

એટલા માટે પણ આવશ્યક છે, કે મહાકાળની સરકાર આ પાંચે પ્રકારની સંપદાનું રાષ્ટ્રીય કરણ કરવાની છે. આવી સમાજ વ્યવસ્થા તુરંત ઉભી થશે. જેમાં આ પાંચે પ્રકારની સંપદાને વ્યક્તિગત સ્વાર્થ માટે ઉપયોગ કરવા દેવામાં નહીં આવે. આવું જો થતું રહે છે, તો અણુશક્તિના ભંડારમાં વિસ્ફોટ જેવો અકસ્માત હશે. વિનાશ યા વિકાસ આ પાંચે સંપદાના દુરુપયોગ તથા સદુપયોગ પર નિર્ભર છે. સારું તો એ છે, કે વિવેક અને ન્યાયના સાદથી દ્રવિત થઈને પોતાનો વ્યવહાર બદલી નાખીએ, નહીં તો પરિવર્તનતો થવાનું જ છે. આ સંપત્તિને લગાવવાની છે, તો નવસર્જનમાં એ બરબાદ કરવામાં ન આવે, આત્માનો અવાજ જ એ સમય રહેતાં સમૃધ્ધ કરી દેવો, એ જ યોગ્ય છે. આ ઔચિત્ય માટે આપણે પોતાની જાતસહિત દરેક પ્રતિભાશાળીને ઢંઢોળવા જોઈએ અને નિષ્ઠુરતાને ઉદારતામાં બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અનુસંધાન-૨

# ૨.ધનને દુઃખી માનવતાએ સાદ કર્યો છેઃ-

આજના દિવસોમાં આ પાંચ પ્રકારની સંપત્તિઓમાં ધનને પ્રથમ સ્થાન મળ્યું છે. ખરેખર તો એ પ્રથમ સ્થાન તેને માટે નથી. પ્રથમ સ્થાન ઉદાર ભાવનાઓને છે, તે જેની પાસે છે, તે દેવતા છે. મહામાનવોને ઋષિ તથા તપસ્વીઓને ત્યાગી બલિદાનીઓને દેવસમાન ગણવામાં આવે છે. તેઓ દીપકની જેમ સળગીને સર્વત્ર પ્રકાશ ફેલાવે છે. આ જગતમાં જેટલું ચેતનાત્મક વર્ચસ્વ છે, તેને ઉદારભાવનાઓનો વૈભવ જ કહેવો જોઈએ. બીજું સ્થાન વિદ્યાનું છે, તેને બાહ્ય તત્વ કહી શકીએ. ત્રીજી સંપત્તિ છે વ્યક્તિત્વ, તેને ક્ષત્રિયપણું કહી શકાય. ત્યારબાદ ચોથું સ્થાન ધનનું છે.

એ મનુષ્ય જાતિનું દુર્ભાગ્ય છે, કે આજે ધનને સર્વ પ્રથમ સ્થાન અને સન્માન મળી ગયું છે. એનું ખોટું પરિણામ એ આવ્યું છે, કે મનુષ્ય વધુને વધુ ધનનો સંગ્રહ કરી મોટામાં મોટી સન્માનનીય વ્યક્તિ બનવા ઈચ્છે છે. જ્યારે ધનનો ઉપયોગ તેને અટકાવ્યા કે રોક્યા વગર સતત શ્રેષ્ઠ કાર્યોમાં કરતાં રહેવું જ હોય શકે. ખાડામાં એકઠું કરવામાં આવેલું પાણી તથા પેટમાં અટકીને પડેલું અનાજ સડે છે અને અનેક પ્રકારના વિકારો પેદા કરે છે. તિજોરીમાં બંધ નોટો પોતાનો સંગ્રહ કરનારને ગાંડો બનાવી દે છે અને સમગ્ર સમાજમાં ગંધ મારતો રોગચાળો ફેલાવે છે. એટલા માટે ધનના ઉપાર્જનની પ્રશંસાની સાથે સાથે એ વાસ્તવિકતા પણ જોડાયેલી છે, કે સમાજની મહત્વની દરેક આવશ્યકતાને પૂરી કરવા માટે તેનો તાત્કાલિક ઉપયોગ કરવામાં આવતો રહે.

નવનિર્માણ માટે ધનની હંમેશા જરૂરિયાત છે. પ્રચારાત્મક, રચનાત્મક અને સંઘર્ષાત્મક વગેરે વિવિધ કાર્યક્રમોના દરેક મોરચા પર લડવા માટે ભાવના સુઝબુઝ અને વ્યક્તિત્વની જેમ પૈસા પણ જોઈએ. તેને માટે ધનને આવાહન કરવું જોઈએ અને તેને દોડીને આવવું જોઈએ. કોઈ એક સમયે ઋષિવિશ્વામિત્ર નવી દુનિયાનું સર્જન કરવામાં લાગેલા હતા, ત્યારે તેમને પૈસાની જરૂરિયાત ઉદ્ભવી. એ સમયે તેમના મુખ્ય શિષ્ય હરિશ્ચંદ્રે ન માત્ર પોતાનું રાજપાટ સોંપી દીધું, પરંતુ પોતાનું, પોતાની પત્નીનું તથા પોતાના બાળકનું શરીર વેચીને પણ જરૂરિયાત પૂરી કરી. સંત સુદામાનું ગુરુકૂળ ડગમગી રહ્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણે એ સ્થિતિને સમજી અને ધનના કારણે આવેલી મુશ્કેલીને દૂર કરી દીધી. રાણા પ્રતાપનું સ્વતંત્રતા માટેનું યુધ્ધ શિથિલ પડતું જઈ રહ્યું હતું, ત્યારે ભામાશાહ આવ્યા અને પોતાની ત્રીસ લાખ રૂપિયાની મૂડી તેમની સામે રાખી દીધી. બુધ્ધનું મિશન સમગ્ર વિશ્વમાં પોતાનો ફેલાવો કરવા તૈયાર હતું પરંતુ પ્રચારકોને તૈયાર કરી બહાર મોકલવા માટે ધનના અભાવના કારણે એ બધું અટકી પડ્યું હતું,ત્યારે સમ્રાટ અશોકે પોતાનું સમગ્ર સામ્રાજ્ય એ

મિશનને સોંપી દીધું. એ એનું ફળ એ આવ્યું કે એક સમયે બૌધ્ધ ધર્મ સમગ્ર એશિયાખંડનો સર્વનો સ્વીકારેલો ધર્મ બની ગયો હતો.

વૈદિક ધર્મની સ્થાપના માટે જગદ્‌ગુરુ શંકરાચાર્યે જવાનું હતું, આ કાર્યને પૂરું કરવા માટે રાજા માંધાતાની સેના અને રાજ્યના ખજાનામાં રહેલો ધનનો ભંડાર અર્પણ કરી દેવામાં આવ્યો. ગાંધીજીએ જમનાલાલ બજાજને પોતાનો ધર્મનો પૂત્ર માનતા હતા અને તેમણે પોતાની આવકનો ઘણો બધો ભાગ ગાંધીજીના કાર્યો માટે સોંપી દીધો. બર્માના મોરચે સુભાષ ચંદ્ર બોઝને સોનાથી તોલવામાં આવ્યા હતા, જેથી આઝાદ હિન્દની ફોજની આવશ્યકતાઓ પૂરી કરવામાં અવરોધ ઉત્પન્ન ન થાય. પ્રાચીન સમયમાં દરરોજની એ પ્રથા હતી, કે રાજા કર્ણે દરરોજ વહેલી સવારે પોતાની આવકનો ઓછામાં ઓછો ભાગ પોતાના નિર્વાહ માટે રાખી, બાકીની બચતનો ભાગ દાન કરી દેતા હતા.

એ દિવસોમાં ધન કમાવવા માટે ખૂબ જ ઉત્સાહ હતો. લોકો બચત કરવા માટે ખૂબ જ સાવચેતી રાખતા હતાં અને સંગ્રહ કરવામાં આવેલ ધનને યોગ્ય સમય પર લોકઉપયોગી કાર્યો કરવા માટે પ્રમાણિક વ્યક્તિ યા બ્રાહ્મણને સોંપી દેતા હતા. પ્રમાણિક હોવાના કારણે એ જે વ્યક્તિને સોંપવામાં આવતું તે વ્યક્તિને તેના સદુપયોગની જવાબદારી પણ સોંપી દેવામાં આવતી હતી. દરેક કર્મકાંડ પછી બ્રાહ્મણને દાન, સિધ્ધુ સામાન આપવાના વિધાનની પાછળ આ જ મુખ્ય મહાત્તમ હતું. એ જમાનામાં દાન વિશુધ્ધરૂપે લોકકલ્યાણ માટે આપવામાં આવતું હતું. નિસ્પૃહી બ્રાહ્મણોએ કરકસર અપનાવી પોતાના ખાવાપીવા તથા ઓઢવા પહેરવા પર કડક પ્રતિબંધ લગાવી રાખ્યો હતો. તેમને અંગત રૂપે ન તો તેના ઉપયોગની કોઈ આવશ્યકતા હતી કે ન તો ખર્ચ કરવાની આવશ્યકતા હતી. બ્રાહ્મણને મળેલા દાનનો એકેએક પૈસો તાત્કાલિક વિશુધ્ધરૂપે લોકકલ્યાણના કાર્યોમાં વપરાતો હતો.

અગર જો આ ધન બીજાઓની સરખામણીમાં કેટલીક વ્યક્તિઓ પાસે વધારે રહેશે, તો અસામાનતાની ખાઈ પહોળી રહેશે, જેથી પરસ્પર રાગ, ધ્વેશ અને ઈર્ષા વધશે અને લૂંટફાટ હત્યા વગેરે રૂપે ઝઘડા પેદા થશે. જેની પાસે વધારે હશે તે અહંકાર અને વિલાસમાં ડૂબીને પોતાનો વિનાશ જ કરશે અને બીજાઓને પણ ઈર્ષ્યાળુ અને ગુનેગાર બનાવશે. એટલા માટે એ જ પ્રથા રહેતી કે દેશના સરાસરી નાગરિક જેટલો ખર્ચ કરીને બાકીનું બચેલું ધન શ્રેષ્ઠ કાર્યોને આગળ વધારવા માટે દાન રૂપે તેને પાછું આપી દેવામાં આવતું હતું. તેમાં મનુષ્યને પોતાના પુરુષાર્થનો અને ઉદાર અંતઃકરણનો બેવડો યશ મળતો હતો. એવી સ્થિતિમાં મૂડીનો વ્યક્તિગત સંચય પણ ઉપયોગી ગણવામાં આવતો હતો. જ્યારે લોકો તેનો દુરુપયોગ કરે તો તેને વિવશ થઈ તેને બળપૂર્વક છીનવી લેવા સિવાય બીજો કોઈ ઉપાય બાકી રહેતો નથી.આગળ વધી રહેલી સામ્યવાદી આંધી ખરેખર તો સ્વાર્થી અને લોભી મૂડીપતિઓની

સંકુચિત વૃત્તિનું જ પરિણામ છે. જેના પ્રવાહમાં ન માત્ર સંપત્તિ વહી જશે, પરંતુ તેની સાથે આસ્તિકતા જેવું દર્શન પણ પદભ્રષ્ટ થશે. એનો દોષ જેટલો આજના સંકુચિતવૃત્તિ ધરાવતા મૂડીપતિઓને આપવામાં આવશે. એટલો જ કોમ્યુનિષ્ટોને નહીં, કારણ કે પોતાની દીનતાના કારણે તેમણે મૂડીપતિઓની વિરૂધ્ધમાં આગ ભડકાવી છે. અગર પહેલાંની જેમ મનુષ્ય ઉદાર બની રહે તો પોતાની ગૌરવશાળી પરંપરાનો શ્રેય મળતો રહે. ધનવાન અને દાનવીર રૂપે તેની પ્રશંસા થતી રહે અને વ્યક્તિગત મૂડી રાખવાની છૂટ રહેતી. પરંતુ આ ક્રમને અગર જો તોડવામાં આવે તો પછી તેની પ્રતિક્રિયા રૂપે બળપૂર્વક છીનવી લેવા સિવાય બીજું શું થઈ શકે?

અર્થાત્ આ ધનને ટ્રસ્ટીની જેમ સંભાળી રાખવું અને વધારે ઉપાર્જનને લોક ઉપયોગી કાર્યોમાં વાપરતા રહેવાની પ્રથા જ સર્વોત્તમ હતી. પરંતુ તેનો તો આ મૂડીપતિઓ જ પોતાની કુપાત્રતાના કારણે પોતાના હાથો વડે જ ગુમાવી રહ્યા છે. અગર તેમણે પોતાની ઉદાર વૃત્તિને ગુમાવીજ ન હોત તો સંભવ છે, કે આધ્યાત્મિક સામ્યવાદ જગતની સર્વોત્તમ અર્થવ્યવસ્થા સમજવામાં આવતી. આજે પણ તેની ઉપયોગિતાની ઓળખ ઉદારવૃત્તિ ધરાવતા મૂડીપતિઓ આપતા રહે છે અને વિચારવામાં માટે આ તક છોડી શકે છે, કે મૂડીપતિઓને અગર ઉદાર બનાવી શકાય તો તેનો સ્વેચ્છાથી કરેલો ત્યાગ પોતાના તથા સમગ્ર સમાજ માટે કેટલો બધો ઉપયોગી સાબિત થઈ શકે છે? સામ્યવાદનો આ વિકલ્પ વ્યવહારિક છે.

જ્યાં ધનનો સંગ્રહ થાય છે, ત્યાં વિશ્વાત્માનો, માનવ સમાજનો આ સાદ પણ ઓળખવો જોઈએ. આ ઈશ્વરની સંપદા વિશ્વમાનવના જીવન મરણની સમસ્યા ઉકેલવા માટે જરૂરી છે. આ સંગ્રહ ગૌ ગ્રાસ છે. તેને ગાયના મુખમાં જ પહોંચાડી દેવામાં આવે. લોભ તથા મોહની સાંકળ વડે લક્ષ્મીમાતાના હાથ પગ બાંધી તેને ઉલટી લટકાવવામાં ન આવે. શરીરની વિલાસિતા માટે નહીં, મનનો અહંકાર વધારવા માટે નહીં, કુટુંબીજનોને હરામની કમાણીમાંથી મોજ લૂંટવા માટે નહીં, ઈશ્વર ધ્વારા પ્રદાન કરવામાં આવેલી સંપત્તિનો ત્યાં ઉપયોગ કરવામાં આવે કે જ્યાં યુગનો આત્મા એના વગર મૃતપ્રાય સ્થિતિમાં મૂર્છિત પડ્યો હોય. લોભવશ ધનને વધારતા જ જવું. તેને મોહવશ ગણ્યા ગાંઠ્યા લોકોને વહેંચતા રહેવું, એ એક પ્રકારે શ્રેષ્ઠ પ્રવૃત્તિઓને તરફડી તરફડી મરી જવા માટે મજબૂર કરવા જેવું છે. મૂડીપતિઓ એ આ વાસ્તવિકતા સમજવી જોઈએ. જે સૂઝબૂઝથી તેમણે કમાણી કરી છે, તેને બુધ્ધિમત્તાની સાથે તેમણે તેના ઉપયોગનો પણ નિર્ણય કરવો જોઈએ.

દરેક મૂડીપતિએ આ કડવા સત્યને સમજી લેવું, સ્વીકારી લેવું જોઈએ, કે આગામી દિવસોમાં મૂડીપતિઓ અપમાનિત જ નહીં થાય, પરંતુ સમાજની દુર્દશા તરફ મોઢું ફેરવી લેનારા પાષાણ હૃદયના, ક્રુર-નિષ્ઠુર અને કંજુસ કહી તેમનો તિરસ્કાર કરવામાં આવશે. આંધી તોફાનની જેમ આગળ વધતી એ સમાજ વ્યવસ્થા

નજીક આવી પહોંચી છે. જેની અંદર સંપત્તિ પર કોઈ વ્યક્તિનો નહીં સમાજનું સ્વામિત્વ હશે. લોકોએ શક્તિઅનુસાર પરિશ્રમ ખેડવો પડશે અને જરૂરિયાત અનુસાર લેવું પડશે. વ્યાજ તથા ભાડાના આધારે એકત્ર કરવામાં આવેલી મૂડીના સહારે કોઈને બેસીને ખાતા રહેવાની તક નહીં મળે. પુત્રો અને પ્રપોત્રોને પણ નહીં. સરકાર અત્યારથી જ મૃત્યુ ટેક્સ, સુપર ટેક્સ વગેરેના નામે ધીરે ધીરે સંપત્તિથી તેના વારસદારોને વંચિત કરતી જઈ રહી છે, આગળ જતા આ વ્યવસ્થા એથી પણ વધારે કડક કરવામાં આવશે અને કમાઈ શકવાની શક્તિ ન ધરાવનાર સ્ત્રી અને બાળકોને છોડી કોઈ શક્તિશાળી વંશજો બાપદાદાની મિલકતના ઉત્તરાધિકારી નહીં બની શકે. પ્રાચીન સમયમાં શ્રાધ્ધના નામે સમર્થ વંશજોએ પૂર્વજોની મિલકત(કમાણી)ને સમાજના ઉપયોગ માટે પાછી આપી દેતા હતા અને પોતાની મહેનતના બળ પર પેટનું પોષણ કરતા હતા. આવતા સમયમાં આ વ્યવસ્થા બળપૂર્વક લાદી દેવામાં આવશે. કોઈપણ સ્થિતિમાં કોઈના વારસદારો હરામની કમાણી પર જીવતા નહીં રહે. જેને સગવડતા મળી છે, તે વ્યસની અને વિલાસી બની પોતાના વ્યક્તિત્વ અને પ્રમાણિકતાનો નાશ જ કરતા રહ્યાં છે. કોઈ વાલી પોતાના બાળકોને નકમા બનાવવા માટે આ મુર્ખતા શા માટે અપનાવે?

આ વાસ્તવિકતાને મૂડીપતિ વર્ગ સમજી શકે તો તેમાં એક મૌલિક સૂઝબૂઝ પેદા થઈ શકે છે, કે સંપત્તિને નિરંતર વધારતા રહેવું એટલું જરૂરી નથી, કે જેટલું આજ સુધીની કમાણીને સદુપયોગ માટે વાપરી નાખવી. જ્યાં આ વિવેક જાગૃત થશે, ત્યાં લોભ તથા મોહની સાંકળ ઢીલી પડશે. અને લોકકલ્યાણની મહત્વની વાસ્તવિકતા ભગવાનની જેમ હાથ ફેલાવતી ઉભી હોય તેમ જણાશે. અગર જો ઉદાર ભાવનાઓનો એક કણ પણ જીવતો થશે તો પછી ભગવાનને નિરાશ થઈ પાછા ફરવું નહીં પડે.

જેનામાં દીર્ઘ દૃષ્ટિ છે, તેણે ભામાશાહ જેવી સમજ શક્તિની ઓળખ આપવી જોઈએ. દિર્ઘ દૃષ્ટિ જે કોઈ ધનવાનના હૃદયમાં અસ્તિત્વ ધરાવતી હોય, તેને ઢંઢોળવા જોઈએ અને કહેવામાં આવે કે આજના આ કપરા સમયમાં આપની કંજૂસવૃત્તિ અસહ્ય છે. આવી યુગપરિવર્તનની ક્ષણોમાં રીંછ વાનર ખાલી હાથે હોવા છતાં પોતાના જીવને હથેળીમાં રાખી દોડી આવ્યા હતા. આજે દસ મોંઢાવાળા રાવણ સામે, સૌ કુટુંબીજનોવાળા કૌરવો સામે નહીં, હજાર ભૂજાવાળા સહસ્ત્રબાહુ સામે નહીં, પરંતુ અંધશ્રધ્ધાઓ, કુરિવાજો, અસામાજિક પ્રવૃત્તિઓ તથા શૂદ્ર વિચારો રૂપે અબજોની માનવવસ્તી ધરાવતા મનુષ્યસમાજ પર સર્વવ્યાપી મહાઅસુર સામે ઝઝુમવાનું છે. જેની પાસે જે કંઈ પણ હોય તે લઈને તેણે આગળ આવવાનું છે.

નવ નિર્માણ માટે ધનની ઘણી જરૂરિઆત છે. પ્રચારાત્મક-જ્ઞાનયજ્ઞ પ્રક્રિયા માટે અસંખ્ય નાના મોટા આયોજનો કરવા પડશે. પ્રચારના સાધનોની અને પ્રચારકોની પણ જરૂરિયાત ઉદ્દભવશે. દરેક ભાષામાં પ્રચુર પ્રમાણમાં યુગસાહિત્ય જોઈએ, યુગનિર્માણની શાખાઓના નાના નાના મકાનો-મંદિરો બનવાના છે. તેમાં વિવિધ પ્રકારના પ્રચારાત્મક સાધનો જોઈએ. ઠેરઠેર વ્યાયામ શાળાઓની સ્થાપનાઓ પણ થવાની છે. ધર્મતંત્રની નવેસરથી સ્થાપના કરવાની છે. કળા મંચનું પુનર્ગઠન કરવાનું છે. શિક્ષણને જનતા સુધી પહોંચાડવાની વિશાળકાય યોજના છે. સર્જન સેનાનાને સુસજ્જ કરી બહુમુખી, ભાવનાત્મક નવનિર્માણના યુધ્ધના મોરચે લગાવવાની છે. દુષ્ટવૃત્તિ અને જડતા પાસેથી ઈંચેઈંચ જમીન છીનવી લેવા જોરશોરથી લડવાનું છે. તેમાં એંસી ઘા ખાનારા રાણાસાંગાઓ વાદળોની જેમ ઉમટી રહ્યા છે, તેમના માટે મલમ પાટાઓ પણ ક્યાંકથી પ્રાપ્ત કરવા જ પડશે. આ બધાં કામ એવા છે, કે જેમાં પૈસા જોઇએ. આ રેઢિયાળ જડ વિસ્તારમાંથી તે નહીં મળી શકે. આ જરૂરિયાત તો જાગૃત આત્માઓની ઉદાર ભાવનાઓ જ પૂરી કરશે. એવો ભાવ ધરાવતા નરનારાયણ અગર લક્ષ્મી પણ ધરાવતા હોય તો તેમનું પવિત્ર કર્તવ્ય એજ થઈ જાય છે, કે આ અનામત આડા સમયમાં ઉદારતા તથા ઈમાનદારી પૂર્વક સમાજને પાછી આપી દે. યુગના નારાયણે આ મહત્વની ક્ષણોમાં લક્ષ્મીને સાદ કર્યો છે, તે જ્યાં પણ હોય તેને આવવા દેવામાં આવે. આ કપરા સમયમાં કોઈ તેને બાંધી રાખવાનો પ્રયત્ન ન કરે.

યુગનિર્માણ પરિવારનો દરેક સભ્ય પોતાની ઉદારતાનું સ્તર એથી પણ ઉપર ઉઠાવવું જોઈએ. આરંભના સમયમાં દરરોજના દસ પૈસા અને એક કલાકનો સમય પ્રતીકપૂજા હતી. આદત પાડવા માટે આટલા નાના પ્રમાણમાં શ્રીગણેશ કરાવવામાં આવ્યા હતા. તે આખરી નથી, પરંતુ તે ઓછામાં ઓછું હતું. પેટ પૂરતું પ્રાપ્ત કરનારાઓ એ પણ મહિનામાં એક દિવસની કમાણી આપવી જોઈએ, જેથી તેના બદલામાં એક કાર્યકર્તા તેમાંથી પોતાના પેટ પોષણ કરી સર્વવ્યાપી અસુરતા સામે લડવા માટે ઉભો રહી શકે. પ્રશ્ન પૈસાની તંગીનો નથી પરંતુ ટુંકા હૃદયનો છે. આપણે આપણાં હૃદયમાં જરા જેટલી પણ વિશાળતા લાવી શકીએ તો જણાય છે, કે નિર્ધન કહેવાતી વ્યક્તિ પાસે પણ ઘણું બધું અસ્તિત્વ ધરાવે છે.

યુગનિર્માણ પરિવારના પરિજનોએ ઘરેણાં જમીન માલમિલકત બનાવવાની નહીં, પરંતુ વિશ્વના નવનિર્માણની યોજના બનાવવી જોઈએ. એવું કરવાથી યુગસેનાની યુગ ઘડવૈયાની અનુરૂપ પ્રતિષ્ઠા રહેશે.

અનુસંધાન-૩


# યુગઋષિની સ્પષ્ટ ચેતવણી

''હું યુગના સાદનો વારંવાર ઉદ્‌ઘોષ કરી રહ્યો છું. યોગ્ય તો એ છે, કે સમય રહેતાં યુગના સાદને સાંભળી લેવામાં આવે. અગર જો સાંભળવામાં નહીં આવે તો વધારે તો શું કહું-માત્ર ચેતવણી આપી રહ્યો છું. કે આગામી દિવસોમાં મહાકાળ પ્રતિભાશાળીઓને વ્યક્તિગત સ્વાર્થ સાંધવામાં લાગી રહેવાથી છોડાવી લેશે. કોઈપણ વ્યક્તિ ધનનો મન માન્યો દુર્વ્યય નહીં કરી શકે. કોઈની પણ બુદ્ધિ વ્યક્તિગત તૃષ્ણા પૂરી કરવામાં લાગી નહીં રહે. કોઈની શક્તિને વાસના પૂરી કરવામાં સંલગ્ન નહીં રહેવા દેવામાં આવે.

નોંધ કરનારા એ વાતની નોંધ કરી લે જેને હું સ્વેચ્છાએ સજ્જનતાથી દાન રૂપે માંગી રહ્યો છું, અગર તે લોકોથી આપી શકવું સંભવ ન બન્યું તો એ દિવસ દૂર નથી કે જ્યારે દરેક કંજુસ વ્યક્તિ આ દૈવી સંપતિને મહાકાળ લાત મારી ઓકાવી લેશે અને ત્યારે અનેક દિવસો સુધી પીડાકારક વેદના સહન કરવી પડશે. આજે એ ત્યાગ, ઉદારતા, આત્મસંતોષ અને ઐતિહાસિક યશની સાથે કરી શકવાનો પ્રસંગ છે.

આગામી કેટલાક વર્ષોમાં સમગ્ર જગતમાંથી એક પણ વ્યક્તિ ધનવાન નહીં રહે. પૈસા વહેંચાઈ જશે. પૂંજી પર સમાજનું નિયંત્રણ હશે અને લોકો માત્ર પોતાના નિર્વાહ પૂરતું ધન મેળવી શકશે. આજના દિવસોમાં મહાકાળ પ્રતિશાળીઓને યુગના નેતૃત્વ માટે સાદ કરી રહ્યો છે. સુયોગ તથા સૌભાગ્યનો અનુપમ પ્રસંગ સામે જ છે, વાસના, તૃષ્ણા અને અહંકારના કુચક્રને તોડી જે લડવૈયો, સર્જન સૈનિક આગળ વધશે, તે દિવ્ય વરદાનોનો ભાગીદાર બનશે. જે તેની સાથે ચોટી રહેવાનો પ્રયત્ન કરશે તે બેવડું નુકશાન ઉઠાવશે. મહાકાળ એ કુચક્રને પોતાના પ્રચંડ પ્રહાર વડે તોડશે, ત્યારે તેની સાથે ચોટી રહેનારાઓ પર શું વિતશે, એનું અત્યારે કોઈ અનુમાન નહીં લગાવી શકે.

''સારું તો એ છે, કે લોકો વિવેકની વાતનો સ્વીકાર કરે. ભીષણ પશ્ચાતાપ અને પીડાથી બચે અને અનુપમ સૌભાગ્ય, યશના ભાગીદાર બને.''



# ગૌ-સંવર્ધન

નઈ સદી કા શંખ બજ ગયા, અપના ફર્જ નિભાના હૈ,
ગોપાલન- સંવર્ધન કરકે, ઉન્નત રાષ્ટ્ર બનાના હૈ.
છોડ દિયા જબ ગોપાલન તો, દશા હમારી દીન હુઈ,
ગૌવોં કી ભી દુર્ગતિ હો ગઈ, ઉર્વર ધરતી ક્ષીણ હુઈ.
હુઆ પ્રદુષિત અન્ન-વાયુ-જલ, મિલકર ઉસે બચાના હૈ,
ગોપાલન-સંવર્ધન કરકે, ઉન્નત રાષ્ટ્ર બનાના હૈ.
કહતે હૈં ગૌ-માતા કી જય, પર વિક્રય કર કત્લ કિયા,
ગોબર-ધન કા મૂલ્ય ન સમજા, કેવલ પય કા લાભ લિયા.
ઈસીલિએ સૂના હર આંગણ, ફિર સે ઉસે બસાના હૈ,
ગોપાલન-સંવર્ધન કરકે, ઉન્નત રાષ્ટ્ર બનાના હૈ.
કરેં અથક શ્રમ બહે પસીના, જડતા માર ભગાયેં હમ,
સ્વયં સમૂહ બના કર ફિર, ગૌ-સેવા મેં લગ જાયેં હમ.
પંચગવ્ય કી પવિત્રતા સે, માનવ દેવ બનાના હૈ,
ગોપાલન-સંવર્ધન કરકે, ઉન્નત રાષ્ટ્ર બનાના હૈ.
આઓ ખંડહર ગોશાલા કા, મિલકર જીર્ણોદ્ધાર કરેં,
હર સશક્ત પશુ આશ્રય પાયે, ઐસા ભાવ ઉદાર કરેં.
'ગૌ ઘટ' ઘર-ઘર સ્થાપિત કર, માઁ કા આશીશ પાના હૈ,
ગોપાલન-સંવર્ધન કરકે, ઉન્નત રાષ્ટ્ર બનાના હૈ.
ઉજડા ગાઁવ બસેગા ફિર સે, કોયલ કુહૂ કૂં કૂકેગી,
બંજર ધરતી હરી-ભરી હોકર, નિત સોના ઉગલેગી.
જગદ્ગુરુ, સોને કી ચિડિયા, ફિર હમકો કહલાના હૈ,
ગોપાલન-સંવર્ધન કરકે, ઉન્નત રાષ્ટ્ર બનાના હૈ.

❖ વિમલા અગ્રવાલ
શાંતિકુંજ, હરિદ્વાર

गावः श्रेष्ठा पवित्राश्च पावना जगदुत्तमाः ।
ऋते दधि घृताभ्यां च नेह यज्ञः प्रवर्तते ॥
गावो लक्ष्म्याः सदा मूले गोषु पाप्मा न विद्यते ।
मातरः सर्वभूतानां गावः सर्व सुख प्रदाः ॥

ભાવાર્થઃ-ગાય સર્વશ્રેષ્ઠ, પવિત્ર, પૂજનીય અને સમગ્ર સંસારમાં શ્રેષ્ઠ પ્રાણી છે. આ સંસારમાં તેના ઘી, દૂધ, દહીં અને ગવ્ય વગર યજ્ઞ પૂરો થતો નથી. 'ગાય'માં હંમેશા લક્ષ્મીવાસ કરે છે. ગાયો જ્યાં રહે છે, ત્યાં પાપ વાસ કરતું નથી, એ પ્રાણી માત્રને સુખસંપત્તિથી સમૃધ્ધ કરતી રહે છે. ગાયને સમગ્ર પ્રાણીઓની માતા તથા **'धनं च गोधनं धान्यं स्वर्णादयो वृथैव हि'** જણાવીને ગૌવંશને અર્થશાસ્ત્રનો મૂળ આધાર નક્કી કર્યો છે.

(મહાભારત)